દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 145 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ સુદ-૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 June 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૨૦ જૂન ૨૦૨૬, (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u












# મિડલ-ઈસ્ટ શાંતિ કરાર ઢચુપચુ

## ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે શસ્ત્રવિરામની જાહેરાત પછી અમેરિકા અને ઈરાન વચ્ચે મોકૂફ રહેલી શાંતિ મંત્રણા ફરી શરૂ થવાની શક્યતા

ઝ્યુરિકઃ અમેરિકા અને ઇરાન વચ્ચેનું યુદ્ધ રોકવા સમજૂતી સાધીને વિવિધ વણઉકેલાયેલા મુદ્દે દ્વિપક્ષી મંત્રણા શરૂ થવાની હતી ત્યારે ઇઝરાયલના લશ્કરે શુક્રવારે લેબેનોનમાંની પૂર્વ બેક્કા વૅલી ખાતે મોટા પાયે હુમલા કરતા વૉશિંગ્ટન અને તહેરાન વચ્ચેની શાંતિ મંત્રણા મુલતવી રાખવાની ફરજ પડી હતી. ઇઝરાયલે કરેલા હુમલામાં લેબેનોનમાંનો એક લેફ્ટેનન્ટ કર્નલ સહિત ઓછામાં ઓછા ૧૮ જણ માર્યા ગયા હતા. ત્રણ ઉચ્ચ અધિકારીએ દાવો

(જુઓ પાનું ૨) ▶▶

**બેસ્ટ કરાવે વેઠઃ** મુંબઈગરાના ગરમીમાં ગઈ કાલે હાલહવાલ થયા હતા કારણ કે બેસ્ટના બેમુદત હડતાળ પર ઊતરી ગયા હતા. ટેક્સી અને રિક્ષા માટે કાળઝાળ ગરમીમાં મુંબઈગરાએ રીતસરની આજીજીઓ કરી હતી અને બધે લાંબી લાઈન જોવા મળતી હતી. મુંબઈના રસ્તાઓ પર બેસ્ટની ૨,૭૬૬ બસોમાંથી માત્ર ૪૮ બસ જ ગઈ કાલે દોડી હતી. મલાડમાં ટેક્સી માટે કતારબંધ ઊભેલા લોકો તસવીરમાં દેખાય છે.

અહેવાલ, ફોટો 3



# ટેલિગ્રામને ઝટકો, કેન્દ્ર સરકારનો પ્રતિબંધ હટાવવાનો દિલ્હી હાઇ કોર્ટનો ઇનકાર

નવી દિલ્હીઃ ટેલિગ્રામ પરનો કામચલાઉ પ્રતિબંધ યથાવત્ રહેશે. દિલ્હી હાઈ કોર્ટે મેસેજિંગ પ્લેટફોર્મ ટેલિગ્રામ પરના અસ્થાયી પ્રતિબંધને પડકારતી અરજીને ફગાવી દીધી છે. કોર્ટે કહ્યું કે કેન્દ્ર સરકારે માહિતી ટેકનોલોજી અધિનિયમની કલમ ૬૯એ હેઠળ કાર્યવાહી કરતી વખતે નિર્ધારિત કાનૂની પ્રક્રિયાનું પાલન કર્યું હતું અને પ્લેટફોર્મની ઍક્સેસને બ્લોક કરવાનો અધિકાર હતો. કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું કે કેસમાં કટોકટીની પરિસ્થિતિને

(જુઓ પાનું ૨) ▶▶

# ઈરાન જહાજો પાસેથી ચાર્જ વસૂલ કરશે?

## જહાજોનું રજિસ્ટ્રેશન કરાવવા માટેનો આદેશ આપ્યો

### ટ્રમ્પે મજબૂરીમાં ભલભલા દાવપેચ અજમાવ્યાઃ મોજતબા

નવી દિલ્હીઃ અમેરિકા અને ઇરાન વચ્ચે યુદ્ધ સમાપ્ત કરવાના કરાર પછી ઇરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામનેઇએ એવો દાવો કર્યો છે કે અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે આ કરાર કરાવવા માટે મજબૂરીમાં આવીને તમામ પ્રકારના દબાણ અને દાવપેચનો ઉપયોગ કર્યો હતો. સાથે જ

(જુઓ પાનું ૨) ▶▶

દુબઈઃ હોર્મુઝ ખાડીમાંથી જહાજોની મુક્ત અવરજવર પર નજર રાખવા ઇરાને રચેલા નવા સત્તામંડળ 'પર્સિયન ગલ્ફ સ્ટ્રેટ ઑથોરિટી'એ આ સામુદ્રધુનીમાંથી પસાર થતાં જહાજોને પોતાની પાસે રજિસ્ટ્રેશન (નોંધણી) કરાવવાનો આદેશ આપ્યો હતો અને તેને લીધે ઇરાન આ જળવિસ્તારમાંથી પસાર થતાં જહાજો પાસેથી ચાર્જ વસૂલ કરવાનો ઇરાદો ધરાવતું હોવાનું લાગે છે.

ઇરાનની સમાચાર સંસ્થાએ પર્સિયન ગલ્ફ સ્ટ્રેટ ઑથોરિટી દ્વારા બધાં જહાજોને સંબંધિત નોટિસ અપાઇ હોવાનો દાવો કર્યો

(જુઓ પાનું ૨) ▶▶

# 'મેલોનીએ ફોટો માટે ભીખ માગી' એવા ટ્રમ્પના વિધાનથી ઇટલી લાલચોળ

રોમઃ વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ તાજેતરના જી-૭ સમિટ દરમિયાન તેમની સાથે ફોટો માટે કરગરી હતી, એવા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના દાવાની ઇટાલિયન સરકારે શુક્રવારે ટીકા કરી હતી, જે એક એવો જવાબ હતો જે સૂચવે છે કે લાંબા સમયથી ટ્રમ્પના બડાઈ મારવાની આદતથી ઇટલી કંટાળી ગયું છે. ઇટલીના વિદેશ પ્રધાન એન્ટોનિયો તાજાનીએ આ સપ્તાહના અંતે અમેરિકાની આયોજિત યાત્રા અચાનક રદ કરી હતી અને ટ્રમ્પના દાવાઓને મેલોની અને સમગ્ર ઇટાલી પ્રત્યે ગંભીર અને અપમાનજનક ગણાવ્યા હતા.

મેલોની તરફથી, મેલોનીએ ટ્રમ્પના દાવાઓને સંપૂર્ણપણે બનાવટી ગણાવતો એક વિડિઓ પોસ્ટ કર્યો, જેનો અંત તેમણે આ રીતે કર્યોઃ ઇટલી અને હું કરગરતા નથી.ટ્રમ્પે શુક્રવારે સવારે પ્રસારિત થયેલા

(જુઓ પાનું ૨) ▶▶

# રામ મંદિર ભંડોળની ઊચાપતનું સત્ય 'સિટ' બહાર લાવશેઃ યોગી આદિત્યનાથ

લખનઊઃ અયોધ્યાસ્થિત રામ મંદિરના ભંડોળનાં ગેરવહીવટને મામલે તપાસ કરવા રચવામાં આવેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સિટ)ના અહેવાલમાં સત્ય ઉજાગર થશે, એમ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે શુક્રવારે કહ્યું હતું.

તેમણે એમ કહીને તમામ પક્ષોને આ મામલે પાયાવિહોણા નિવેદન કરવાથી દૂર રહેવા જણાવ્યું હતું કે તેને કારણે શ્રદ્ધાળુઓની લાગણી દુભાઈ શકે છે.

કોઈની પણ પાસે કેસ સંબંધિત

(જુઓ પાનું ૨) ▶▶

# પાકિસ્તાન ત્રાસવાદી દેશ છેઃ ભારત

### સિંધુ જળ સંધિઃ યુએનને પત્ર લખ્યો પાકિસ્તાને, ભારત સામે ઝેર ઓક્યું

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન ઇશાક ડારે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદને આગ્રહ કર્યો છે કે તે સિંધુ જળ સંધિના કથિત ઉલ્લંઘન મામલે ભારત વિરુદ્ધ પગલાં લે. ૧૯૬૦માં વર્લ્ડ બૅન્ક દ્વારા મધ્યસ્થી કરાયેલી આ સંધિ એપ્રિલ ૨૦૨૫માં પહલગામ આતંકવાદી હુમલા બાદ સ્થગિત કરવામાં આવી હતી. આ હુમલામાં ૨૬ નાગરિકોના મોત થયા હતા. આ સંધિ ૧૯૬૦થી ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ નદી અને તેની સહાયક

(જુઓ પાનું ૨) ▶▶

### સિંધુ જળ કરાર કાળગ્રસ્ત થઇ ગયો છે

સંયુક્ત રાષ્ટ્રસંઘઃ ભારતે અહીં પાકિસ્તાનને 'ફ્રેંકેસ્ટાઇન રાષ્ટ્ર' ગણાવ્યું હતું અને જણાવ્યું હતું કે પાકિસ્તાન દ્વારા સર્જાયેલો રાક્ષસ પોતાને (પાકિસ્તાનને) જ કરડે છે ત્યારે ઇસ્લામાબાદ આંચકો અનુભવે છે. પાકિસ્તાન ત્રાસવાદીઓને આશ્રય, તાલીમ આપે છે અને ભારતમાં ઘુસાડે છે. ભારત સિંધુ જળ કરાર અંગેનું પોતાનું વલણ નહિ બદલે. આ કરાર 'કાળગ્રસ્ત' થઇ ગયો છે. પાકિસ્તાન અને ઓર્ગેનાઇઝેશન ઑફ ઇસ્લામિક કોઓપરેશન (ઓઆઇસી) દ્વારા સંયુક્ત રાષ્ટ્રસંઘના હાઇ કમિશનરના વાર્ષિક અહેવાલ પરની ચર્ચા દરમિયાન જમ્મુ અને કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો ત્યારે સંયુક્ત રાષ્ટ્રસંઘમાંના ભારતના કાયમી મિશનમાંનાં ફર્સ્ટ સેક્રેટરી અનુપમા સિંહે ઇસ્લામાબાદ પર ત્રાસવાદ ફેલાવાનો આરોપ મૂક્યો હતો.

અહીં નોંધનીય છે કે લેખિકા મેરી શેલી દ્વારા ૧૮૧૮માં લખાયેલી નવલકથા 'ફ્રેંકેસ્ટાઇન'માં વિક્ટર 'ફ્રેંકેસ્ટાઇન

(જુઓ પાનું ૨) ▶▶

# બૅન્કો-લૉન ડિફોલ્ટર્સની 'સાઠગાંઠ'ની ઝાટકણી કાઢતી સુપ્રીમ કોર્ટ

## કેન્દ્ર અને રિઝર્વ બૅન્કને નોટિસઃ જનતાના નાણાંના દુરુપયોગનો આક્ષેપ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે બૅન્કો, એસેટ રિકન્સ્ટ્રક્શન કંપનીઓ અને કરજ લેનારાઓ વચ્ચેની 'ઘણી ઊંડી સાઠગાંઠ'ની શુક્રવારે આકરી ટીકા કરતા જણાવ્યું હતું કે બૅન્કો કરદાતાઓના નાણાં લૉન તરીકે આપે છે, પરંતુ આ કરજની રકમ પાછી મેળવવા ઘણી વખત અસરકારક પગલાં નથી લેવાતા. આ બાબત અસ્વીકાર્ય છે. દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ વી. મોહનની બૅન્ચે જણાવ્યું હતું કે જનકલ્યાણાર્થે વાપરવા માટેની જનતાની રકમનો દુરુપયોગ ચિંતાજનક છે.

સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર, ભારતીય રિઝર્વ બૅન્ક (આરબીઆઇ) અને અન્યને કારણદર્શક નોટિસ પાઠવી હતી.

અરજદારે દાવો કર્યો હતો કે જાહેર ક્ષેત્રની બૅન્કોએ આપેલું રૂપિયા ૧,૫૩૭ કરોડનું કરજ બે એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની દ્વારા માત્ર રૂપિયા ૭૩.૫૦ કરોડમાં સેટલ કરાયું હતું એટલે કે માંડવાળ કરાયો હતો. બૅન્ચે બૅન્કો દ્વારા વસૂલી કરી નહિ શકાયેલા કરજનો માંડવાળ કરવાની બાબત અંગે કેસની સુનાવણી વખતે ચિંતા વ્યક્ત

(જુઓ પાનું ૨) ▶▶

# અમરનાથ યાત્રા સામેનાં આતંકવાદી કાવતરાનો પર્દાફાશ, વિસ્ફોટકો જપ્ત

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ અમરનાથ યાત્રા સામેનાં આતંકવાદી કાવતરાંનો પર્દાફાશ કર્યો હોવાનો સુરક્ષા દળે દાવો કર્યો છે. આ કાવતરાંને કારણે અમરનાથ યાત્રામાં મોટું જોખમ ઊભું થઈ શકે એમ હતું કેમ કે પકડી લેવામાં આવેલા ત્રણ ઑવર ગ્રાઉન્ડ વર્કર્સ પાસેથી એવા પ્લાસ્ટિક વિસ્ફોટક કબજે કરવામાં આવ્યા હતા જે કોઈ સ્કેનરમાં પણ નથી પકડી શકાતા. કિશ્તવારમાં પણ આતંકવાદીના બે મદદગારને પકડી પાડવામાં આવ્યા હતા.

અધિકારીઓના જણાવ્યા અનુસાર શોપિયાં જિલ્લામાં સુરક્ષા દળને મોટી સફળતા મળી છે. જમ્મુ-કાશ્મીર પોલીસે

(જુઓ પાનું ૨) ▶▶

# પીએમ-વીબીઆરવાય હેઠળ ૭૦ લાખ નોકરીઓનું સર્જનઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે પ્રધાનમંત્રી વિકાસ ભારત રોજગાર યોજના (પીએમ-વીબીઆરવાય) હેઠળ ૧૫ લાખથી વધુ લાભાર્થીઓને ૨,૪૦૦ કરોડ રૂપિયાની પ્રોત્સાહન રકમ આપવામાં આવી હતી. આ રકમ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી) મારફતે તેમના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે આયોજિત આ કાર્યક્રમમાં વડાપ્રધાને યુવાનો અને તેમને નોકરી આપનારા ઉદ્યોગસાહસિકો સાથે પણ વાતચીત કરી હતી

વડા પ્રધાને આ રકમ એવા યુવાનોના ખાતામાં જમા કરાવી હતી જેઓ પહેલી વાર રોજગારી મેળવે છે અને લગભગ છ મહિનાથી નોકરી જઈ રહ્યા છે. વડાપ્રધાન મોદીએ આ યોજના હેઠળ યુવાનોના ખાતામાં સીધા

(જુઓ પાનું ૨) ▶▶


AMITY UNIVERSITY MUMBAI

B.TECH

Powering Progress

**Placements That Power Your Future**
- Top recruiters in last years include Accenture, Capgemini, TCS, Cognizant, Tata Power, Shell, Hewlett Packard, Bajaj Auto, General Technologies, Godrej Properties...
- Highest CTC offered by Nifco (Japan): ₹44 Lpa
- 67 Student start-ups incubated at Amity Incubator

**Where Industry Meets Education**
- Strategic collaborations with Tata Technologies, Drone Entry-Thailand, Univ of Surrey-USA, Sunbeam-Japan...
- Student innovations include Self-Balancing & Surveillance Robots, Human-Powered Vehicles, Go-Karting Cars...
- Live industry projects & workshops with leaders from IBM, Oracle, Sun Microsystems, CA Technologies...

**Cutting Edge Research & Discovery**
- 39 Research projects undertaken including those funded by CSIR, DST, BRNS, ANRF...
- 30+ Hi-tech labs with state-of-the-art equip
- Scopus H-Index 57 & 119 patents filed by faculty

**Experts Leading Your Learning Journey**
- World's top 2% scientists list by Stanford Research includes 3 faculty members
- University ranked #1 in Maharashtra (Pvt & Govt) - THE Interdisciplinary Science '26
- University ranked amongst top 3 in Maharashtra (Pvt) - QS Southern Asia '26

**ENGINEERING**
- B.TECH
  - AI&ML# • Data Sc# • CSE#
  - ECE# • Mechanical# • Civil#
  - Cloud Comp & Cyber Security#
  - Aerospace Engg#
  - Aeronautical Engg*#
  - Automobile Engg*#
- M.TECH
  - CSE • Defence Tech • ME

3C/Intl options in select B.Tech/M.Tech

OTHER PROGRAMMES OFFERED UNDER SCIENCE (MATHS) STREAM

**COMPUTER SCIENCE / IT**
- BCA# • B.Sc-IT#
- MCA • M.Sc-Cyber Security

**APPLIED SCIENCES**
- B.Sc#-Phy / Maths / Chem / Stats
- M.Sc-Applied (Phy / Maths / Chem)

*In collaboration with TATA Technologies
#(Hons/Hons with Research)

| Scholarships* | 100% | 50% | 25% |
| --- | --- | --- | --- |
| UG Programmes | | | |
| 12th (agg.) | 93% | 88% | 75% |
| PG Programmes (Non-MBA) | | | |
| 12th (agg.) | 93% | 88% | - |
| Graduation (agg.) | 80% | 75% | - |
| MBA | | | |
| CAT/MAT (%ile) | 90 | 85 | 75 |
| GMAT/GRE (Score) | 650/161 | 600/157 | 450/149 |

*Offered in 97+ progs across various disciplines

To apply visit: amity.edu/mumbai
by: 24th June 2026
7303-396-396

Amity University Mumbai, Mumbai-Pune Expressway, Post-Somathne, MMR | E: admissions@mum.amity.edu

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સંજયભરોસે ચાલતી ઉદ્ધવની શિવસેનામાં કોણ રહે?

**મહારાષ્ટ્રમાં** હમણાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનામાં ઘમસાણ મચ્યું છે. ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ઉદ્ધવની શિવસેનાના મહારાષ્ટ્રમાંથી કુલ ૯ સાંસદો ચૂંટાયા હતા ને તેમાંથી ૬ સાંસદોએ ઉદ્ધવની શિવસેના છોડી દેવાનું એલાન કરી દીધું છે. પક્ષપલટા ધારાની જોગવાઈ પ્રમાણે બે તૃતિયાંશ સાંસદો કે ધારાસભ્યો પક્ષ છોડે તો તેમને પક્ષપલટા ધારા હેઠળ ગેરલાયક ના ઠેરવી શકાય તેથી ત્રણ-ચાર દિવસ લગી ભારે ખેંચતાણ ચાલી. ઉદ્ધવના જૂથે પોતાની સાથે ૪ સાંસદો હોવાનો દાવો કરીને દિલ્હીમાં પત્રકાર પરિષદ કરેલી.

બળવાખોર ૬ સાંસદોને પક્ષપલટા ધારો લાગુ પડે એમ નથી તેથી નવા જૂથ તરીકે માન્યતા મળવાની ઘડીઓ ગણતરી ગણાઈ રહી છે. આ ૬ સાંસદો એકનાથ

શિંદેની શિવસેનામાં જશે, ભાજપમાં જશે કે પછી અલગ જૂથ તરીકે અસ્તિત્વ ટકાવશે એ નક્કી નથી પણ તેમના પગલે શિવસેનાના ધારાસભ્યોમાં પણ ફાટફૂટ પડી છે. મહારાષ્ટ્ર વિધાનસભામાં શિવસેના પાસે ૨૪ ધારાસભ્યો છે તેમાંથી ૧૯ ધારાસભ્યો બળવો કરીને અલગ થવાની ફિરાકમાં હોવાના સમાચાર છે. ધારાસભ્યોની ફાટફૂટના સમાચાર સાચા પડશે તો ઉદ્ધવ ઠાકરેની શિવસેનાનું અસ્તિત્વ ખતરામાં આવી જશે. પાંચ ધારાસભ્યો ને ૩ લોકસભાના સભ્યો સાથેની પાર્ટીની કિંમત શું હોય એ કહેવાની જરૂર નથી.

શિવસેનાએ ભાજપ પોતાના સાંસદોને તોડી રહ્યો હોવાના આક્ષેપો કર્યા છે. ભાજપે દરેક સાંસદને ૧૫-૧૫ કરોડ રૂપિયા ઓફર કર્યા હોવાનો દાવો ઉદ્ધવના ખાસ મનાતા સંજય રાઉતે કર્યો છે. ભાજપ તોડફોડમાં પાવરધો છે ને નાણાંની તેની પાસે કમી નથી તેથી ભાજપે આ ખેલ પાડ્યો હોવાની રાઉતની વાત સાચી હોઈ શકે છે પણ સવાલ એ છે કે, ઉદ્ધવના સાંસદો વેચાવા માટે કેમ તૈયાર છે? ભાજપ અનૈતિકતા આચરી રહ્યો છે તો આ સાંસદો પણ અનૈતિકતા જ આચરી રહ્યા છે. ભાજપને તો લોકસભા ને રાજ્યસભામાં પોતાની સ્પષ્ટ બહુમતી કરવી છે તેથી તૃણમૂલ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, આમ આદમી પાર્ટી, શિવસેના એમ બધેથી સાંસદોને તોડી રહ્યો છે પણ આ બધા સાંસદો પોતાની કિંમત નક્કી કરીને તૂટી રહ્યા છે એ પણ વાસ્તવિકતા છે ને?

આપણે બીજા બધા પક્ષોની વાત હમણાં બાજુ પર મૂકીએ ને માત્ર ઉદ્ધવ ઠાકરેની શિવસેનાની જ વાત કરીએ. ઉદ્ધવ ઠાકરેની શિવસેનામાંથી સાંસદો તૂટી રહ્યા છે કેમ કે તેમને ઉદ્ધવ ઠાકરેની સાથે પોતાનું રાજકીય ભાવિ સલામત નથી લાગી રહ્યું. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર પછી ઉદ્ધવ ઠાકરે સાવ નિષ્ક્રિય છે અને શિવસેનાને ફરી બેઠી કરવા માટે કશું નથી કરી રહ્યા. બાળાસાહેબ ઠાકરેએ શિવસેનાની એક ઈમેજ ઉભી કરી હતી અને એક રાજકીય તાકાત બનાવી હતી. ઉદ્ધવ ઠાકરે બાપાની જૂની મૂડી પર ટકી રહેવા માગે છે.

ઉદ્ધવ પાસે પોતાની કોઈ રાજકીય વિચારધારા નથી કે શવિસેનાને ફરી લોકપ્રિય બનાવવા માટેની કોઈ વ્યૂહરચના નથી. ઉદ્ધવ પોતાના દીકરા આદિત્યને રાજકીય વારસ બનાવવા માગે છે પણ આદિત્ય ઠાકરે પણ લાંબા સમયથી રાજકીય મોરચેથી ગાયબ છે તેથી ઉદ્ધવ ઠાકરેની શિવસેનાનો કારભાર સંજયભરોસે ચાલે છે.

સંજય રાઉત જેવા ઉદ્ધવ ઠાકરેની ચમચાગીરી કરી ખાનાર મનફાવે એ રીતે વર્તે છે તેના કારણે શિવસેનાનું ધોવાણ ઝડપી બન્યું છે તેથી સૌને પોતાના રાજકીય અસ્તિત્વની ચિંતા થઈ રહી છે. આ કારણે બધા ઉધ્ધવનો સાથ છોડી રહ્યા છે. ઉદ્ધવે આ ધોવાણ અટકાવવું હોય તો સતત સક્રિય રહેવું પડે, પોતાના નેતા અને કાર્યકરો સાથે સંવાદ કરવો પડે, પ્રજા સાથે સંવાદ કરવો પડે.

ઉદ્ધવ ઠાકરેએ સંજય રાઉતને પણ કાબૂમાં રાખવા જોઈએ ને શક્ય હોય તો ખંખેરી જ નાખવા જોઈએ કેમ કે રાઉત ઉદ્ધવ માટે બોજ બની ગયા છે. સંજય રાઉતે પહેલાં બફાટ પર બફાટ કરીને ઉદ્ધવની બુંદ બેસાડી દીધેલી. રાજકારણીઓનું બૌદ્ધિક સ્તર ઊંચું હોય એવી અપેક્ષા નથી હોતી તેથી બફાટ કરે એ હજુ ચલાવી લેવાય પણ રાઉત હવે ગાળાગાળી પર ઉતરી આવ્યા છે. બે દિવસ પહેલાં રાઉતે ઉદ્ધવનો સાથ છોડી જવા માગતા સાંસદોને જાહેરમાં ગાળાગાળી કરી હતી. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતાં રાઉતે શિવસેનાના પત્રકારોને 'સાલે' જેવા શબ્દોથી તો નવાજેલા જ પણ બીજા પણ ખરાબ શબ્દો વાપરેલા.

આઘાતની વાત એ છે કે, સંજય રાઉતને પોતે કરેલી ગાળાગાળીનો જરાય અફસોસ પણ નથી. ગાળાગાળી અંગે સવાલ કરાયા ત્યારે રાઉતે એવો વાહિયાત બચાવ કર્યો કે, આ ગાળો નથી ને મહારાષ્ટ્રમાં તો લોકો આ રીતે જ બોલે છે. કયા મહારાષ્ટ્રમાં આવી ભાષા બોલાય છે તેની રાઉતને જ ખબર કેમ કે મહારાષ્ટ્રના બીજા નેતા કે સામાન્ય લોકોને જાહેરમાં મીડિયા સામે આવી ભાષામાં બોલતા કોઈને સાંભળ્યા નથી. પાનના ગલ્લે ઊભા રહીને ચાર દોસ્તાર એકબીજા સાથે વાત કરતા હોય ત્યારે આવી ભાષા બોલતા હશે, બાકી બીજા કોઈ આ ભાષા નથી બોલતા.

રાઉતને પત્રકાર પરિષદ અને પાનના ગલ્લાની ભાષામાં ભેદ ના જણાતો હોય તો એ તેમનો સ્તર બતાવે છે. વધારે આઘાતની વાત એ છે કે, રાઉતે બે દિવસ પછી ફરી આ જ ભાષા વાપરીને શિવસેનાના સાંસદોને ભાંડ્યા છે. રાઉતને સવાલ કરવાનો મતલબ નથી કેમ કે તેમનો જવાબ આપણે પહેલાં જ સાંભળી લીધો છે પણ આ બીજી વારની ગાળાગાળી પછી ઉદ્ધવે વિચારવું જોઈએ કે, સંજય રાઉત જેવા લોકોની તેમને જરૂર છે કે પછી મીડિયા સામે સૌમ્ય રીતે રજૂ થાય એવા માણસની જરૂર છે? રાઉત જેવા લોકોના ભરોસે ઉદ્ધવ ઠાકરે પાર્ટી ચલાવવા માગે છે અને પોતાના સાંસદો કે ધારાસભ્યોને સાચવી રાખવા માગે છે?

ઉદ્ધવે પહેલી વાર રાઉતને કશું કહ્યું નહીં એ જોતાં અત્યારે પણ એ કશું કહે એવી આશા ના રખાય ને આ જ વલણ શિવસેનાના સાંસદો કેમ ભાગી રહ્યા છે તેનો જવાબ છે. રાઉત જાહેરમાં આ રીતે વર્તતા હોય ને પ્રજાએ જેમને ચૂંટીને મોકલ્યા છે એ સાંસદોને ગાળો દેતા હોય તો ખાનગીમાં તો તેમની સાથે કેવો વ્યવહાર કરતા હશે? ઉદ્ધવ રાઉતના બકવાસ સામે આંખ આડા કાન કરી રહ્યા છે તેના પરથી તો એવું લાગે કે, ઉદ્ધવની શિવસેનામાં આ જ પ્રકારનું કલ્ચર છે. આ કલ્ચરમાં ટકવું અઘરું છે તેથી સાંસદો કે ધારાસભ્યો ઉદ્ધવને છોડીને જાય તેમાં નવાઈ નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ/દક્ષિણાયન – સૌર ગ્રીષ્મ ઋતુ/ વર્ષાઋતુ શનિવાર, તા. ૨૦-૬-૨૦૨૬, આરોગ્ય ષષ્ઠિ, સ્કંદ ષષ્ઠી, મહારાણી લક્ષ્મીબાઈ નિર્વાણદિન

- ભારતીય દિનાંક ૩૦, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ સુદ -૬
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ સુદ-૬
- પારસી શહેનશાહી રોજ ૧૦મો આવા, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૦મો આવા, માહે ૧૨મો સ્પેન્દાર્મદ સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૪થો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૫મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- નક્ષત્ર મઘા સવારે ક. ૦૯-૨૫ સુધી, પછી પૂર્વાફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટદ્ર

- ભરતી : સાંજે ક. ૧૬-૦૪, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૩૧ (તા. ૨૧)
- ઓટઃ સવારે ક. ૦૯-૩૪, રાત્રે ક. ૨૨-૫૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, નિજ જયેષ્ઠ શુક્લ – ષષ્ઠી. આરોગ્ય ષષ્ઠિ, સ્કંદ ષષ્ઠી, અરણ્ય ષષ્ટિ, જામાત્રા ષષ્ઠી (બંગાળ), વિંધ્યવાસિની પૂજા, મહારાણી લક્ષ્મીબાઈ નિર્વાણદિન (ઝાંસી) મંગળ વૃષભમાં ક. ૨૩-૫૯, સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષ વાહન, દેડકો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાત, મઘા જન્મ જન્મક્ષત્ર શાંતિ પૂજા, પિતૃપૂજન, વડનું પૂજન, મુંડન કરાવવું નહિ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બી વાવવું, ધાન્ય ઘરે લાવવું, ઘર-ખેતર, જમીન, મકાન લેવડદેવડ, શ્રી ગણેશ, શ્રી સૂર્યનારાયણ પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, માલ વેંચવો, નૌકા બાંધવી, વિદ્યારંભ, ધાન્ય ઘરે લાવવું, સ્થાવર લેવડદેવડ.
- આચમનઃ હર્ષલ-રાહુ ચતુષ્કોણ જિદ્દી.
- ખગોળ જ્યોતિષઃ હર્ષલ-રાહુ ચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-મેષ/ વૃષભ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કર્ક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# કોલકાતા એરપોર્ટ પર ઈન્ડિગોની ફ્લાઈટ પર વીજળી પડી

કોલકાતાઃ કોલકાતા એરપોર્ટ પર શુક્રવારે વાવાઝોડા દરમિયાન અગરતલા જઇ રહેલી ઇન્ડિગોની એક ફ્લાઇટ પર વીજળી પડી હતી. આ જાણકારી એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા(એએઆઇ)ના એક અધિકારીએ આપી હતી.આ ઘટના વાવાઝોડા અને વરસાદ દરમિયાન બની હતી. જેના માટે એરપોર્ટ ઓપરેશન્સ કંટ્રોલ સેન્ટર(એઓસીસી)એ હવામાન સંબંધિત એલર્ટ જારી કર્યા હતા. આ ઘટનામાં કોઇ મુસાફરને ઇજા થઇ નથી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીએ જણાવ્યું કે ઇન્ડિગોની ફ્લાઇટ ૬ઇ૬૦૬૮(વીટી-આઇપીડબ્લ્યુ) એરોબ્રિજ ૫૬એલ પર ઊભી હતી ત્યારે સવારે લગભગ ૯-૩૦ વાગ્યે તેના પર વીજળી પડી હતી. વીજળી પડવાથી વિમાનની પાવર સિસ્ટમને અસર થઇ હતી. જેના લીધે અચાનક વીજળી ગુલ થઇ હતી.

આ ઘટના દરમિયાન એ૩૨૦ વિમાનમાં ૧૪૧ મુસાફરો અને છ ક્રૂ સભ્યો સવાર હતા. એરલાઇને સાવચેતીના ભાગરૂપે મુસાફરોને વિમાનમાંથી ઉતાર્યા હતા. જે પછી એ૩૨૧(વીટી-આઇસીડી) વિમાનમાં રવાના થયા હતા.ઇન્ડિગોના જણાવ્યા અનુસાર બે ગ્રાઉન્ડ સ્ટાફને સામાન્ય અસર થઇ હતી. તેમને સારવાર માટે હોસ્પિટલ લઇ જવામાં આવ્યા હતા. જો કે તબીબી તપાસ બાદ તેમને તરત રજા આપવામાં આવી હતી. કોલકાતા અને આસપાસના જિલ્લાઓમાં શુક્રવાર સવારથી ગાજવીજ સાથે વાવાઝોડું અને વરસાદ પડી રહ્યો છે. પરિણામે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે અને ટ્રાફિક ખોરવાયો છે.

# મલયેશિયાએ બે વૉન્ટેડ ખાલિસ્તાની ભારતને સોંપ્યા

ચંડીગઢઃ પ્રતિબંધિત ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સ(કેઝેડએફ) સાથે જોડાયેલા બે વૉન્ટેડ આતંકવાદીઓને મલયેશિયાથી ભારતને સોંપવામાં આવ્યા બાદ દિલ્હી એરપોર્ટ ખાતે તેની ધરપકડ કરવામાં આવી હતી. આ જાણકારી પંજાબ પોલીસે શુક્રવારે આપી હતી.

કેન્દ્રીય એજન્સીઓ અને રોયલ મલેશિયા પોલીસની મદદથી અંબાલાના ગુરવિંદર સિંહ અને પટિયાલાના મનજીત સિંહને ડિપોર્ટ કરવામાં પંજાબ પોલીસને સફળતા મળી હતી. બંનેને બુધવારે દિલ્હી લાવવામાં આવ્યા હતા.

પોલીસ મહાનિર્દેશક(ડીજીપી) ગૌરવ યાદવે એક્સ પર જણાવ્યું કે ગુરવિંદર અને મનજીત મલયેશિયા સ્થિત કેઝેડએફ-સમર્થિત આતંકવાદી મોડ્યુલના મુખ્ય સભ્યો હતા. જે પંજાબમાં ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર લાઇન સહિત મહત્વપૂર્ણ રેલવે ઇન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવામાં સામેલ હતા.

તેમણે જણાવ્યું કે નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પહોંચતા જ પંજાબ પોલીસે આરોપીઓની ધરપકડ કરી હતી અને વધુ તપાસ માટે તેમને પંજાબ લાવવામાં આવ્યા હતા. અગાઉ પંજાબ પોલીસે ૨૩ જાન્યુઆરીના રોજ ફતેહગઢ સાહિબના સરહિંદ નજીક રેલવે ફ્રેઇટ કોરિડોર લાઇન પર આઇઇડી વિસ્ફોટ અને ૨૭ એપ્રિલના રોજ પટિયાલાના શંભુ નજીક તે જ કોરિડોર પર વિસ્ફોટના પ્રયાસ માટે જવાબદાર આતંકવાદી મોડ્યુલનો સફળતાપૂર્વક પર્દાફાશ કર્યો હતો.

ડીજીપીએ જણાવ્યું કે તપાસ દરમિયાન ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. તેમજ તેમની પાસેથી ભારે માત્રામાં હથિયારો જપ્ત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તપાસમાં આ આંતરરાષ્ટ્રીય કાવતરામાં મલયેશિયાથી કાર્યરત કેઝેડએફના હેન્ડલર્સ અને ફાઇનાન્સિયલ ફેસિલિટેટર્સની ભૂમિકા બહાર આવી હતી.

# નીટ-યુજી ફેરપરીક્ષા સંબંધે તાકીદે સુનાવણીનો સુપ્રીમનો ઈનકાર

નવી દિલ્હીઃ ૨૧મી જૂને યોજાનારી નીટ-યુજી ફેરપરીક્ષા સંબંધિત અલગ અલગ અરજીની તાકીદે સુનાવણી કરવાનું સુપ્રીમ કોર્ટે શુક્રવારે નકારી કાઢ્યું હતું.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ વી. મોહાનેની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે ન્યાયાધીશ પી. નરસિંહાના વડપણ હેઠળની ખંડપીઠ દ્વારા જુલાઈમાં આ અરજીની સુનાવણી કરવામાં આવશે જ્યારે સુપ્રીમ કોર્ટ આંશિક કાર્યદિવસો બાદ ફરીથી નિયમિત કામગીરી શરૂ કરશે. એક વકીલે આ અરજીની સુનાવણી તાકીદે હાથ ધરવાની માગણી કરી હતી ત્યારે મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું કે 'નીટ' સંબંધિત તમામ અરજીઓની સુનાવણી જસ્ટિશ નરસિંહાની ખંડપીઠ કરશે. પેપર લીકના આક્ષેપોને પગલે નેશનલ ટૅસ્ટિંગ એજન્સી (એનટીએ)એ ત્રણ મેએ યોજાયેલી 'નીટ-યુજી' પરીક્ષા ૧૨ મેએ રદ કરી હતી. (એજન્સી)

# સ્ટાર્મરને મોટો પડકારઃ બર્નહેમ ઈંગ્લૅન્ડની સંસદમાં પ્રવેશ્યા

લંડનઃ ગ્રેટર માંચેસ્ટરના હાલના મેયર અને લેબર પાર્ટીના નેતા એન્ડી બર્નહેમે સંસદની ખાસ ચૂંટણીની બેઠક જીતી લેતા તેઓ હવે વડા પ્રધાન કીર સ્ટાર્મરને દેશના નેતૃત્વ માટે પડકારવાની સ્થિતિમાં આવ્યા છે.

એન્ડીએ વાયવ્ય ઈંગ્લૅન્ડની મેકરફિલ્ડના બેઠક એન્ટિઈમિગ્રેશન પાર્ટી રીફોર્મના રોબ કેન્યોનને હરાવીને આસાનીથી જીતી લીધી હતી. આ વિજયથી કિંગ ઑફ નોર્થના હુલામણા નામે ઓળખાતા ૫૬ વર્ષના રાજકારણી એન્ડી લેબર પાર્ટીના નેતા અને વડા પ્રધાન સ્ટાર્મરના મજબૂત હરીફ તરીકે ઉપસ્યા છે. બારથી વધારે ઉમેદવાર ધરાવતી ચૂંટણીમાં એન્ડીએ પંચાવન ટકાથી વધારે મત મેળવીને તેમના નિકટના હરીફ કેન્યોનને ૯,૦૦૦થી વધારે મતથી હરાવ્યા હતા.

તેમના વિજયથી એવી કોઈ શંકા રહી નથી કે તેઓ દેશનું સુકાન સંભાળવા માગે છે અને ૬૫૦ બેઠકવાળી આમ સભામાં સામાન્ય સભ્ય રહેવા માગતા નથી. આમ સભામાં મજૂર પક્ષ ૪૦૦થી વધારે સાંસદો ધરાવે છે.

તેમણે કહ્યું હતું કે દરેક જણ જાણે છે કે રાજકારણ કામ કરી રહ્યું નથી. દરેક જણને લાગે છે કે દેશ જ્યાં હોવો જોઈતો હતો ત્યાં નથી. આજની રાત કદાચ ટર્નિંગ પોઈન્ટ હોઈ શકે. સ્ટાર્મરે એન્ડીને અભિનંદન આપ્યા હતા. તેમણે કહ્યું હતું કે મતદાતાઓએ વિભાજન અને નફરતની જગ્યાએ આશા અને આશાવાદની પક્ષની ઝુંબેશની પસંદગી કરી છે. જોકે તેમણે વધુમાં કહ્યું હતું ક હું મને કાઢી નાખવાના પ્રયાસોની સામે લડીશ. હું મેદાન છોડીશ નહીં. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### મિડલ-ઈસ્ટ

કર્યો હતો કે ઇઝરાયલ અને ત્રાસવાદી સંગઠન - હિઝબુલ્લાહ યુદ્ધવિરામ માટે સહમત થયા છે. અગાઉ, ઇઝરાયલના લેબેનોન પરના હુમલાથી ઇરાન અને અમેરિકા વચ્ચેની શાંતિ મંત્રણામાં વિઘ્ન ઊભું થયું હતું અને તે મુલતવી રાખવી પડી હતી. બે પ્રાદેશિક અધિકારી અને અમેરિકાના એક અધિકારીએ ઇઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે યુદ્ધવિરામ થયો હોવાનો દાવો કર્યો હતો. ઇઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચેની લડાઇ અટકાવવા કતાર, અમેરિકા અને ઇરાન મધ્યસ્થી કરી રહ્યું હોવાનું કહેવાય છે. આમ છતાં, ઇઝરાયલ અને હિઝબુલ્લાહે આ સંબંધમાં તાત્કાલિક કોઇ નિવેદન નહોતું આપ્યું. આણ શાંતિ કરાર હાલ ઢચુપચુ છે પણ શસ્ત્રવિરામની જાહેરાત પછી શાંતિ મંત્રણા ફરી શરૂ થવાની શક્યતા છે.અમેરિકાના ઉપપ્રમુખ જે. ડી. વેન્સ અને અમેરિકાના અન્ય ઉચ્ચ અધિકારીઓ સ્વિટ્ઝર્લૅન્ડના ગામ ઓબ્બર્ગનમાંની પર્વત પર આવેલા રિસોર્ટમાં ઇરાનના ઉચ્ચ અધિકારીઓને મળીને શાંતિ મંત્રણા શરૂ કરવાના હતા ત્યારે ઇઝરાયલ દ્વારા લેબેનોન પર વ્યાપક હુમલા શરૂ કરાતા આ મંત્રણા હાલ પૂરતી મોકૂફ રાખવાનો નિર્ણય છેલ્લી ઘડીએ લેવાયો હતો અને વેન્સ વૉશિંગ્ટનમાં જ રહ્યા હતા.ઇરાને પણ પોતાનું પ્રતિનિધિમંડળ સ્વિટ્ઝર્લૅન્ડ મોકલવાનું થોડા સમય માટે મુલતવી રાખ્યું છે.દરમિયાન, ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ જણાવ્યું હતું કે ઇઝરાયલને સલામતીના હેતુસર જ્યાં સુધી યોગ્ય લાગશે, ત્યાં સુધી પોતાના લશ્કરને દક્ષિણ લેબેનોનમાંના 'સિક્યોરિટી ઝોન'માં રાખશે. (એજન્સી)

### રામ મંદિર

પુરાવા હોય તો ચકાસણી માટે તે 'સિટ' સમક્ષ રજૂ કરવાની તેમણે વિનંતી કરી હતી અને કહ્યું હતું કે આ મામલે જે કોઈપણ દોષી સાબિત થશે તેને બક્ષવામાં નહીં આવે અને જે તે વ્યક્તિના હોદ્દાને ધ્યાનમાં લીધા વિના તેની વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે.

યોગી આદિત્યનાથે શુક્રવારે અયોધ્યામાં આ નિવેદન કર્યું હતું જ્યાં ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા રચવામાં આવેલી ત્રણ સભ્યની બનેલી 'સિટ' રામ મંદિર ભંડોળનાં ગેરવહીવટને મામલે તપાસ કરી રહી છે. (એજન્સી)

### ટેલિગ્રામને

ધ્યાનમાં રાખીને સરકારે આપેલાં કારણો પૂરતા હતા. ફક્ત એટલા માટે આદેશને પડકારી શકાય નહીં કે કારણો સંબંધિત પક્ષોને જાણ કરવામાં આવી ન હતી. કોર્ટે કહ્યું કે સરકારનો નિર્ણય યોગ્ય અને સંજોગોમાં કાયદેસર રીતે વાજબી હતો. નોંધનીય છે કે સરકારે નીટ-યુજી પરીક્ષાને ધ્યાનમાં રાખીને ટેલિગ્રામ પર કામચલાઉ પ્રતિબંધ લાદ્યો છે.

દિલ્હી હાઈકોર્ટે કહ્યું હતું કે આ પગલું ખૂબ કડક વલણ નથી કારણ કે આ મેસેજિંગ એપ મોટી માત્રામાં કન્ટેન્ટના ''ઓટોમેટેડ રીતે પ્રસાર'' ને સરળ બનાવી શકે છે. હાઈ કોર્ટે તેના ૩૯ પાનાના ચુકાદામાં માહિતી ટેકનોલોજી કાયદાની કલમ ૬૯એ હેઠળ ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના નિર્ણયને સમર્થન આપ્યું હતું જેથી ૨૧ જૂને યોજાનારી નીટ યુજીની ન્યાયી પુનઃપરીક્ષા સુનિશ્ચિત કરી શકાય. નોંધનીય છે કે ૧૨ રોજ નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ પેપર લીકના આરોપો વચ્ચે મેડિકલ પ્રવેશ માટે ત્રીજી મેના રોજ યોજાયેલ નીટ-યુજી પરીક્ષા રદ કરી દીધી હતી.

જસ્ટિસ તેજસ કરિયાની વેકેશન બેન્ચે બે પ્રશ્નો પર વિચાર કર્યો હતો. શું વાંધાજનક આદેશ વિચાર્યા વિના આપવામાં આવ્યો હતો અને શું ટેલિગ્રામ પ્લેટફોર્મને અસ્થાયીરૂપે અવરોધિત કરવાથી પ્રમાણસરતાની જરૂરિયાત સંતોષાઈ હતી. પ્રશ્નોના જવાબ આપતા બેન્ચે ઠરાવ્યું કે, આદેશો હેઠળ પ્રતિવાદી નંબર ૧ (કેન્દ્ર) દ્વારા અપનાવવામાં આવેલા પગલાં જણાવેલ ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવા માટે ઓછામાં ઓછા પ્રતિબંધક પગલાં છે તે મુજબ ટેલિગ્રામ પર જાહેર ઍક્સેસને અસ્થાયીરૂપે અવરોધિત કરવાની કેન્દ્ર સરકારની કાર્યવાહીને અપ્રમાણસર ગણી શકાય નહીં.

### અમરનાથ યાત્રા

શુક્રવારે પુડસુ વિસ્તારમાં ચલાવેલા વિશેષ અભિયાન દરમિયાન ત્રણ ઑવર ગ્રાઉન્ડ વર્કર્સ (ઓજીડબ્લ્યુ)ની ધરપકડ કરી હતી. વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર મળેલી બાતમીને આધારે શોપિયાં પોલીસે પુડસુ વિસ્તારમાં ચલાવેલા તપાસ અભિયાન દરમિયાન ત્રણ શંકાસ્પદ ઓજીડબ્લ્યુની ધરપકડ કરી હતી અને તેમની પાસેથી બે હૅન્ડ ગ્રેનેડ, ૨.૫ કિલો પ્લાસ્ટિક વિસ્ફોટક સામગ્રી, ચાર મોબાઈલ અને પ્રતિબંધિત આતંકવાદી સંગઠન હિજબુલ મુજાહિદ્દીન સાથે સંકળાયેલા ચાર પૉસ્ટર કબજે કર્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર ધરપકડ કરાયેલા ત્રણે યુવાન ૩૧મે ૨૦૨૬થી પોતાના ઘરેથી ગાયબ હતા. આ ત્રણે આતંકવાદી સંગઠન સાથે જોડાઈ ગયા હોવાની શંકા છે. આ મામલે તપાસ ચાલી રહી હોવાને કારણે પોલીસે હજુ સુધી આ ત્રણેની ઓળખ જાહેર નથી કરી.

પ્રાથમિક તપાસમાં આ ત્રણે વિસ્ફોટક સામગ્રીનો ઉપયોગ અમરનાથ યાત્રાને ક્ષતિ પહોચાડવા માટે કરવા ઈચ્છતા હતા. દરમિયાન કિશ્તવાડ જિલ્લામાં આતંકવાદીઓને સહાય કરવાના આરોપસર બે જણની ધરપકડ કરવામાં આવી હતી જેમાં વનવિભાગના એક કર્મચારીનો પણ સમાવેશ થાય છે. આરોપીઓને તારિક અહમદ ગિનુ અને મોહંમદ ઈકબાલ તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હતા.

### ઈરાન જાહાજો

હતો.ઇરાન અને અમેરિકા વચ્ચેના ચાર મહિનાના યુદ્ધનો અંત લાવવા માટેના કરારના ભાગરૂપે હોર્મુઝ ખાડી ખોલાઇ છે.અગાઉ, લડાઇ દરમિયાન આ સામુદ્રધુની બંધ હોવાથી દુનિયાભરમાં ખનિજ તેલ અને કુદરતી ગૅસની અછત ઊભી થઇ હતી અને ઈંધણનો ભાવ બહુ જ વધી ગયા હતા. હોર્મુઝ સામુદ્રધુની સામાન્ય જહાજોની અવરજવર માટે ખોલવાની જોગવાઇ ધરાવતા સમજૂતી કરાર પર અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને ઇરાનના નેતા મસૂદ પેઝેશ્કિન દ્વારા સહીસિક્કા કરાયા હતા. (એજન્સી)

### પીએમ-વીબીઆરવાય

રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. આ પ્રસંગે બોલતા તેમણે જણાવ્યું હતું કે, ''પ્રધાનમંત્રી વિકાસ ભારત રોજગાર યોજના હેઠળ અત્યાર સુધીમાં આશરે ૭૦ લાખ નોકરીઓનું સર્જન થયું છે. પ્રથમ વખત કર્મચારીઓને સામાજિક સુરક્ષા કવચ પણ પૂરી પાડવામાં આવ્યું છે.'' વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ''લગભગ ૨૦ લાખ યુવાનોએ તેમની નવી નોકરીઓમાં છ મહિના પૂર્ણ કર્યા છે અને તેમાંથી ૧૦ લાખ લોકોને આ યોજનાના લાભાર્થી તરીકે ઈન્સેન્ટિવ મળ્યું છે.'' વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે, ૨૦૦૦ કરોડથી વધુ રૂપિયા સીધા તેમના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. આ રકમ ફક્ત નાણાકીય સહાય નથી. તે તેમની મહેનતનું સન્માન છે. આ તેમના ઉજજવળ ભવિષ્યમાં દેશના વિશ્વાસની અભિવ્યક્તિ છે. આ યોજના પહેલી વાર નોકરી શોધનારાઓ યુવાનો અને ઈન્ડસ્ટ્રીઝ વચ્ચે સેતુનું કામ કરે છે. આ મારફતે આપણે ભવિષ્ય માટે એક મજબૂત કાર્યબળ બનાવી રહ્યા છીએ.

### બૅન્કો-લૉન

કરી હતી. બૅન્ચે જણાવ્યું હતું કે બૅન્કો, લૉન લેનારા લોકો અને એસેટ રિકન્સ્ટ્રક્શન કંપનીઓ વચ્ચે ઘણી સારી 'સાઠગાંઠ' લાગે છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે બૅન્કોની 'વેપારી હોશિયારી'ના ક્ષેત્રે દખલ દેવામાં અમારી પાસે મર્યાદા રહેલી છે. તમે (બૅન્કો) કરદાતાના નાણાં ભેગા કરીને જનતાના આ નાણાં અમુક લોકોને વિચાર્યા વિના કરજ તરીકે આપી દો અને આ રકમ પાછી ન આપે તો તેને પરત મેળવવા અસરકારક પગલાં પણ નથી લેતા. આ બાબત માની અને સ્વીકારી શકાય એવી નથી. (એજન્સી)

### સિંધુ જળ કરાર

નામના વિજ્ઞાનીનો ઉલ્લેખ છે, જે બહુ શક્તિશાળી રાક્ષસ બનાવે છે, પરંતુ અંતે આ રાક્ષસ જ વિજ્ઞાનીનો નાશ કરે છે. તેના પરથી આ શબ્દ (ફ્રૅંકેસ્ટાઇન) રાક્ષસો (ત્રાસવાદીઓ) તૈયાર કરનારા લોકો માટે વપરાય છે.અનુપમા સિંહે જણાવ્યું હતું કે પાકિસ્તાન અને ઓર્ગેનાઇઝેશન ઑફ ઇસ્લામિક કોઓપરેશન દ્વારા જમ્મુ અને કાશ્મીરનો મુદ્દો ઉઠાવાયો હોવાથી ભારતને તેનો જવાબ આપવાની ફરજ પડી છે. પાકિસ્તાન દ્વારા કરાતા પાયાવિહોણા અને ખરાબ હેતુવાળા આક્ષેપને ભારત નકારી કાઢે છે. (એજન્સી)

### ટ્રમ્પે મજબૂરીમાં

તેમણે જણાવ્યું કે તેઓએ અમેરિકા સાથે થયેલા આ કરારને મંજૂરી આપી દીધી છે, જોકે તેમણે એવું પણ કહ્યું કે આ મુદ્દા પર તેમનો અલગ અભિપ્રાય હતો. તેમણે આ બાબતે વધુ વિગતો આપી ન હતી. તેમણે કહ્યું કે તેમણે આ કરારને આગળ વધવા દીધો કારણ કે ઇરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયને તેમને ભરોસો આપ્યો હતો કે તેઓ ઇરાનના અધિકારોનું રક્ષણ કરશે.

### સિંધુ જળ

નદીઓના પાણીના વિતરણ અને ઉપયોગને નિયંત્રિત કરે છે.

યુએનમાં પાકિસ્તાનના કાયમી પ્રતિનિધિ અસીમ ઇફ્તિખાર અહમદે જણાવ્યું હતું કે તેમણે ઇસ્લામાબાદની ચિંતાઓને ઉજાગર કરવા માટે ડાર તરફથી યુએનએસસી પ્રમુખ લિયોનોર ઝાલાબાતા ટોરેસને પત્ર લખ્યો છે. 'એક્સ' પર એક પોસ્ટમાં અસીમે કહ્યું હતું કે આ પત્ર ''ચિનાબ નદી સાથે જોડાયેલા બે ભારતીય માળખાકીય પ્રોજેક્ટ્સ પર યુએનએસસીનું તાત્કાલિક ધ્યાન આકર્ષિત કરે છે. હું યુએનએસસીના પ્રમુખને દક્ષિણ એશિયાની એકંદર પરિસ્થિતિ વિશે પણ માહિતી આપી હતી. ડારે એપ્રિલમાં યુએનએસસીના પ્રમુખને આવો જ પત્ર લખ્યો હતો.

### મેલોનીએ

એક ઇન્ટરવ્યૂમાં આ ટિપ્પણીઓ કરી હતી.

સંવાદદાતાએ ટ્રમ્પને યુક્રેન વિશે પૂછ્યું હતું, પરંતુ ટ્રમ્પે મેલોનીને મુદ્દો ઉઠાવ્યો હતો અને વાતચીત ફ્રાન્સના એવિયન-લેસ-બેન્સમાં તાજેતરમાં પૂર્ણ થયેલી જી-૭ બેઠક દરમિયાન વિડીયોમાં કેદ થયેલી તેમની બેઠક તરફ વળી ગઈ હતી.

મેલોની અને ટ્રમ્પને નાના સોફા પર એકલા બોલતા અનેક બિંદુઓ પર ફિલ્માવવામાં આવ્યા હતા.લા૭ મુજબ, ટ્રમ્પે કહ્યું કે મેલોનીએ તેમને ફોટો-ઓપ માટે વિનંતી કરી હતી.

ટ્રમ્પે કહ્યું કે તેઓ તે કરવા માટે બંધાયેલા નથી પરંતુ તેમને તેના માટે દિલગીરી છે અને તેઓ સંમત થયા હતા, તેવું તેમણે જણાવ્યું હતું.

બ્રોડકાસ્ટર પાસે વાતચીતનું ઓનલાઈન ડબ વર્ઝન છે, મૂળ અંગ્રેજી ઓડિયો નહીં.

તેના વીડિયોમાં, મેલોનીએ કહ્યું કે તે ટ્રમ્પના દાવાઓનો જવાબ આપી રહી છે કારણ કે ચોક્કસ બાબતો તાત્કાલિક પ્રતિભાવને પાત્ર છે.

# બેસ્ટ કર્મચારીઓની હડતાળથી મુંબઈગરા બેહાલ

**મુંબઈ આખામાં ફક્ત ૪૮ બસ દોડી**













**હાલાકીની તસવીર...:**

*બેસ્ટની હડતાળને કારણે સંપૂર્ણ મુંબઈમાં શુક્રવારે લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ટેક્સી-રિક્ષા માટે લાંબી લાઈનો લાગી હતી, જ્યારે અમુક લોકોએ તો પગપાળા જ ગંતવ્ય સુધી જવાનું પસંદ કર્યું હતું. મેટ્રોમાં લોકોની ભીડ વધી હતી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાયો હતો. (અમય ખરાડે)*

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ના કર્મચારીઓએ તેમની લાંબા સમયથી પડતર માગણીઓ માટે ગુરુવાર મધરાતથી અનિશ્ચિત હડતાળ પર ઉતરી જતા શુક્રવારે સવારના પીક અવર્સમાં ઓફિસે જનારા મુંબઈગરા હેરાન-પરેશાન થઈ ગયા હતા. બસની ગેરહાજરીમાં ઓટોરિક્ષા અને ટેક્સીવાળાઓની દાદાગીરી વચ્ચે મુંબઈના રસ્તાઓ પર બેસ્ટની ૨,૭૬૬ બસોમાંથી માત્ર ૪૮ બસ જ દોડી હતી.

લાંબા સમયથી પોતાની માગણીઓ પૂરી કરવા માટે કર્મચારીઓ પ્રશાસન સાથે ચર્ચા કરવાનો પ્રયાસ કરી રહ્યું હતું પણ તેમની માગણીઓ પ્રત્યે દુર્લક્ષ કરવામાં આવતું હોવાને કારણે છેલ્લે ગુરુવારે મધરાતથી બેસ્ટના કર્મચારીઓ હડતાળ પર ઉતરી ગયા હતા.

બેસ્ટની બસને મુંબઈની બીજી લાઈફલાઈન ગણવામાં આવે છે ત્યારે દિવસ દરમ્યાન રસ્તા પર એકે પણ નહીં દેખાતા સામાન્ય નાગરિકોને ભારે હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો.

બેસ્ટ ઉપક્રમના જણાવ્યા અનુસાર કર્મચારીઓની હડતાળ દરમ્યાન શહેરના વિવિધ ડેપોમાંથી ફક્ત ૪૮ બસ જ બહાર રસ્તા પર નીકળી શકી હતી. બસ બહાર નીકળતા હડતાળ પર રહેલા કર્મચારીઓ દ્વારા જ બસ પર પથ્થરમારો કરાતા ૧૦ બસ પાછી ખેંચવાની ફરજ પડી હતી. ત્રણ બસના ટાયરમાંથી હવા કાઢવાની અને ત્રણ બસના મિરર તોડી નાખવાના બનાવ પણ નોંધાયા હતા.


બેસ્ટના કર્મચારીઓની હડતાળને કારણે સવારના ધસારાના સમયે હજારો મુસાફરો અટવાઈ ગયા હતા. અનેક મુંબઈગરાને બેસ્ટની હડતાળ વિશે જાણ ન હોવાથી શહેરના બસ સ્ટોપ પર લાંબી કતારો જોવા મળી હતી. હડતાળની ખબર પડતા મુસાફરાએ બાદમાં ઉપનગરીય ટ્રેનો, મેટ્રો સેવાઓ, ઓટોરિક્ષા, ટેક્સી અને એપ-આધારિત કેબ જેવા પરિવહનના વૈકલ્પિક માધ્યમો પર આધાર રાખવાની ફરજ પડી હતી. તો બેસ્ટની ગેરહાજરીને કારણે હજારો લોકોએ તેમની ઓફિસ અને શૈક્ષણિક સંસ્થાઓ સુધી પહોંચવામાં વિલંબ થયો હોવાની ફરિયાદ કરી હતી.

ગુરુવાર મધ્યરાત્રિ પછી શરૂ થયેલી અનિશ્ચિત હડતાળ ૧૨ યુનિયન ધરાવતી સંયુક્ત કાર્યવાહી સમિતિ, બેસ્ટ સંયુક્ત કામગાર કૃતિ સમિતિ દ્વારા જાહેર કરવામાં આવી હતી કર્મચારીઓની મુખ્ય માગણીઓમાં બેસ્ટના બજેટનું મુંબઈ મહાનગરપાલિકા સાથે વિલિનીકરણ, નિવૃત્ત કર્મચારીઓના લિગલ ડ્યુઝનું એક વખતનું સમાધાન, ૨૦૧૬-૨૦૨૬ સમયગાળા માટે સાતમા પગાર પંચની ભલામણોનો અમલ, પરિવહન અને વીજળી વિભાગોમાં કરારબદ્ધ વ્યવસ્થા નાબૂદ કરવી અને વેટ-લીઝ બસ કામદારોને બેસ્ટમાં સમાવિષ્ટ કરવા શામેલ છે.

ઈન્ડસ્ટ્રિયલ કોર્ટ દ્વારા કર્મચારીઓને હડતાળ પર જવાથી રોકવા માટે પસાર કરાયેલા એડ-ટર્મ આદેશ અને મહારાષ્ટ્ર સરકારે મહારાષ્ટ્ર એસેન્શિયલ સર્વિસીસ મેન્ટેનન્સ એક્ટ (મેસ્મા) લાગુ કરવા છતાં હડતાળ પડી હતી, જે આવશ્યક સેવાઓમાં વિક્ષેપને પ્રતિબંધિત કરે છે. બેસ્ટ ઉપનગરીય રેલવે નેટવર્ક પછી મુંબઈનો બીજો સૌથી મોટો જાહેર પરિવહન ઓથોરિટી છે અને તેની બસ સેવાઓ દ્વારા દરરોજ લગભગ ૨૫ લાખ મુસાફર પ્રવાસ કરે છે. એ સિવાય દક્ષિણ અને મધ્ય મુંબઈમાં ૧૦ લાખથી વધુ ગ્રાહકોને વીજળી પણ પૂરી પાડે છે.

બેસ્ટ ઉપક્રમ પાસે હાલમાં ૨,૭૬૬ થી વધુ બસ છે, જેમાંથી મોટાભાગની ખાનગી ઓપરેટરો પાસેથી વેટ-લીઝ ધોરણે ભાડે લેવામાં આવે છે. આ દરમ્યાન બેસ્ટ કર્મચારીઓની હડતાળને પગલે મુંબઈ પોલીસે ચેતવણી આપવાની ફરજ પડી હતી કે જાહેર પરિવહન સેવાઓમાં અવરોધ ઊભો કરનાર, બેસ્ટની મિલકતને નુકસાન પહોંચાડનાર અથવા તૈયાર કર્મચારીઓને ફરજ પર હાજર થવાથી રોકવાવાળા કોઈપણ વ્યક્તિ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## ગુજરાતી રંગભૂમિની પ્રતિષ્ઠામાં પણ વધારો કરનાર નાટક 'તથાસ્તુ'




ગુજરાતી રંગભૂમિએ સમયાંતરે અનેક એવી કૃતિઓ આપી છે જેણે પોતાની કલાત્મક રજૂઆત અને તકનિકી સમૃદ્ધિના કારણે દર્શકોનાં મન પર અમીટ છાપ છોડી છે. આવી યાદગાર નાટ્યકૃતિઓની યાદીમાં ભરત નારાયણદાસ ઠક્કરના ''કાનજી વિરુદ્ધ કાનજી'', ''કોડમંત્ર'', ''સફરજન અને એકલવ્ય'' જેવા સર્જનો વિશેષ સ્થાન ધરાવે છે. આ નાટકો માત્ર લોકપ્રિય જ નથી બન્યા, પરંતુ તેમણે ગુજરાતી રંગભૂમિની પ્રતિષ્ઠામાં પણ વધારો કર્યો છે.

પ્રસ્તુતકર્તા વિશાલ ગોરડિયાના સહકારથી અમરદીપ પ્રોડક્શન્સે સતત એવાં નાટકો રજૂ કર્યાં છે, જે વિષયની દૃષ્ટિએ અલગ હોવા ઉપરાંત રજૂઆતની દૃષ્ટિએ પણ વિશિષ્ટ રહ્યાં છે. આ પ્રકારનાં બ્રાન્ડેડ પ્રોડક્શન્સે ગુજરાતી નાટ્યજગતમાં નવી ઊર્જા ભરી છે. આધુનિક સાધનો, અદ્યતન ટેક્નિકલ વ્યવસ્થા અને આકર્ષક મંચસજ્જાના કારણે નાટકો વધુ પ્રભાવશાળી બન્યાં છે. ભરત, વિશાલ અને વિપુલ દરેક કૃતિમાં ગુણવત્તા જળવાઈ રહે તે બાબતે અત્યંત સજાગ રહે છે.

તેથી આ નાટકના નિર્માતાઓનો એવો આગ્રહ છે કે સારા કામની કદર દરેક કદરદાન પ્રેક્ષકો તથા પ્રતિષ્ઠિત સંસ્થાઓએ કરવી જોઈએ પૂરા દામ અને સન્માન સાથે બિરદાવું જોઈએ.

પરિણામે નવી પેઢીમાં પણ રંગભૂમિ પ્રત્યે ઉત્સુકતા વધી છે.

આ સફળ સર્જનાત્મક ત્રિપુટી હવે ''તથાસ્તુ'' નામનું નાટક લઈને આવ્યા છે. આ કૃતિ બે વર્ષ અગાઉ ઈન્દોરમાં બનેલી એવી સત્ય ઘટના પર આધારિત છે, જેણે તે સમયે અખબારો, ઇલેક્ટ્રોનિક મીડિયા અને સમાજના વિવિધ વર્ગોમાં ભારે ચર્ચા જગાવી હતી.

નાટકનો કેન્દ્રબિંદુ ક્ષિતિજ નામનો યુવાન છે, જે પોતાના જીવનમાં એક ખાસ ધ્યેય સિદ્ધ કરવા માગે છે. એ દરમિયાન તેની મુલાકાત અનુજ સાથે થાય છે. અનુજ તેને ખાતરી આપે છે કે તેની ઇચ્છા પૂર્ણ થઈ શકે છે, પરંતુ તે માટે એક ચોક્કસ શરત માનવી પડશે. ક્ષિતિજ તે શરત સ્વીકારી લે છે, પરંતુ ત્યારબાદ ઘટતી ઘટનાઓ એક પછી એક રસપ્રદ વળાંકો લે છે. હાસ્ય, ઉત્કંઠા અને અણધાર્યા સંજોગોથી ભરપૂર આ કથાપ્રવાહ પ્રેક્ષકોને સતત જોડાયેલા રાખે છે.

''તથાસ્તુ''ને વિશેષ બનાવતાં અનેક તત્ત્વો છે. ચાર અલગ-અલગ સ્થળોની અનુભૂતિ કરાવતો ભવ્ય સેટ તેની વિશેષતાઓમાંનો એક છે. જાણીતી અભિનેત્રી અમી ત્રિવેદી અને મેહુલ બૂચ અને સ્મિત ગણાત્રા અસરકારક અભિનયક્ષમતા નાટકને વધુ મજબૂત બનાવે છે. આ ઉપરાંત નાટકો અને ફિલ્મોના ક્ષેત્રમાં લાંબો અનુભવ ધરાવતાં વિપુલ મહેતાએ આ કૃતિનું લેખન અને દિગ્દર્શન સંભાળ્યું છે.

હાલના સમયમાં જ્યાં મનોરંજનપ્રધાન કોમેડી નાટકોની સંખ્યા સતત વધી રહી છે, ત્યાં ''તથાસ્તુ'' માત્ર હાસ્ય પૂરતું સીમિત રહેતું નથી. તે સમકાલીન સમાજને સ્પર્શતા પ્રશ્નો તરફ ધ્યાન દોરે છે અને જીવનને વધુ હકારાત્મક દૃષ્ટિએ જોવાનો સંદેશ આપે છે. આ રીતે નાટક મનોરંજનની સાથે વિચારપ્રેરણા પણ પૂરું પાડે છે. આ નાટકના અન્ય કલાકારો રિષભ જોશી, શ્યામ માખેચા, અક્ષર જોશી, તનીષા શાહ, ગૌરવ રાવલ, નિરવ કટકીયા, હિતેન છેડા, અજય દોત્રે અને પ્રણવ ત્રિપાઠી પોતાના દમદાર અભિનયથી નાટકને ગતિશીલ બનાવામાં સફળ રહે છે. મૂળકૃતિઃ સંજય જામખંડી, કલાઃ સંદેશ બેન્દ્રે આ રવિવાર, તા. ૨૧ જૂન સાંજે ૭.૩૦ ક. નહેરૂ સેન્ટર ઓડિટોરિયમ, વર્લી ખાતે અને આવતો રવિવાર તા. ૨૮ જૂન રાત્રે ૯ ક. પ્રબોધન ઠાકરે ઓડિટોરિયમ, બોરીવલી (વેસ્ટ) ખાતે ભજવાશે, જેનું બુકિંગ થિયેટર પ્રેમીઓ અને બુક માય શો પર ચાલુ છે.

## મુંબઈ મેટ્રોએ સર્વિસમાં વધારો કર્યો

બેસ્ટ હડતાળને કારણે મુંબઈગરાએ પર્યાયી સેવા ગણાતી મેટ્રો રેલ તરફ વળવું પડ્યું હતું. હડતાળને કારણે મેટ્રો સ્ટેશન પર ભીડ થવાની શકયતાને મેટ્રો રેલ સેવામાં વધારો કરવામાં આવ્યો હતો. મુંબઈ મેટ્રો વનના પ્રવક્તાના જણાવ્યા મુજબ બેસ્ટ હડતાળને કારણે મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો કારણ કે મોટી સંખ્યામાં મુસાફરોએ મેટ્રો સેવાઓને તેમના પસંદગીના પરિવહન માધ્યમ તરીકે પસંદ કરી હતી. બેસ્ટ હડતાળથી ઊભી થયેલી મુસાફરોની વધતી માગને પહોંચી વળવા માટે મુંબઈ મેટ્રો વન દ્વારા ૪૮૬ ટ્રિપ્સ એટલે કે ૧૦ વધારાની ટ્રિપ્સ ચલાવવાની યોજના બનાવી હતી.

સામાન્ય વર્કિંગ ડેના નોંધાયેલા મુસાફરોની સંખ્યાની સરખામણીમાં મુંબઈ મેટ્રો વનમાં શુક્રવારે સાંજે ૫.૩૦ વાગ્યા સુધી આશરે ૩૮,૦૦૦ વધારાના મુસાફરો મુસાફરી કરી શક્યા હતા અને મોડી રાત સુધીમાં લગભગ ૬૦,૦૦૦ વધારાના મુસાફરો મુસાફરી કરે તેવી અપેક્ષા મેટ્રો-વને વ્યક્ત કરી હતી. હાલમાં મેટ્રો સેવા સવારે ૫.૩૦ થી રાત્રે ૧૧.૫૦ વાગ્યા સુધી ઉપલબ્ધ છે. ■

### પ્રાર્થના સભા

ઘોઘારી દશાદિશાવળ વણિક



સનખડા નિવાસી
હાલ સાન્તાક્રુઝ (ઉ.વ. ૭૬)

**શ્રી. પ્રદીપભાઈ કનાણી**

અમે દુઃખ સાથે જણાવીએ છીએ કે ગુરૂવાર, તા. ૧૮.૬.૨૦૨૬ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.

**પ્રાર્થના સ્થળ:** જલારામ હોલ, જે.વી.પી.ડી. સ્કીમ, વિલેપાર્લે (વેસ્ટ).
**સમય:** રવિવાર, તા. ૨૧.૬.૨૦૨૬ નાં સાંજના, ૫ થી ૭ કલાકે રાખેલ છે.

**શોકાતુર: સમસ્ત કાનાણી અને શાહ પરિવાર**

**રૂપાલી એન્ટરપ્રાઈઝ**
સાંન્તાક્રુઝ (વેસ્ટ)

### દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન મરણ



**નરેન્દ્ર (મનુભાઈ) ધીરજલાલ ઘેલાણી**

બરવાળા બાવીશી નિવાસી સ્વ. વલ્લભજી નરભેરામ ઘેલાણીના પૌત્ર નરેન્દ્ર (મનુભાઈ) ધીરજલાલ ઘેલાણી(ઉં ૯૦ વર્ષ) સ્વ. જ્યોત્સનાબેનના પતિ, સ્વ. પ્રકાશના મોટા ભાઈ, જનક, જગત તથા જુલીબેનના પિતા, નિતાબેન તથા સુનિતભાઈના સસરા, કાશવી તથા દિયાના દાદા, જિનીતના નાના, તથા અમરાપુર નિવાસી સ્વ. ચત્રભુજ સુંદરજી દોશીના જમાઈ, તા. 19-06-2026 ના રોજ અરિહંત શરણ પામેલ છે. પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**નિવાસ સ્થાન:** 440, આફ્રિકા કોટેજ, શ્રદ્ધાનંદ ક્રોસ રોડ, માટુંગા, મુંબઈ – 400019


કાલે 3.30 ભવન બુ. ૯-૧૨, ૪-૭. Ph. 9930652094
નિર્માતા જીતેન્દ્ર જોશી-ક્રિષ્ના શાહ કવીર સરવૈયા-ડૉ. ઉદય મોદી
લીલા આર્ટસ (ગૌતમ જોષી) સર્જન
એક સાથે ગુજરી જવા માંગતા કપલની કુદરતી કોમેડી
ચિત્રક શાહ કિરણ માલવણકર પ્રસ્તુત
જીવતો રહેજે જાન્યુઆરી સુધી
સંગીત-લેખક-દિગ્દર્શક વિનોદ સરવૈયા
★ કિંજલ ભટ્ટ, કૃપા મિશ્રા, જન્મેજય તૈલંગ, ધનવીર સોની તથા સૌનીલ દરૂ અને સંદિપ મહેતા
Online Bkg. book my show SHOW CONTACT: 9819131990 - 9321144944
KAAJAL ADS

કાલે સાંજે ૭ રોયલ ઓપેરા હાઉસ
MUST WATCH PLAY FOR EVERY INDIAN
TALK OF THE TOWN !
TICKETING PARTNER: book my show
પરિતોષ પેન્ટર પ્રસ્તુત
લેખક-દિગ્દર્શક: ભરત દાભોળકર
નિર્માતા: સેજલ દીપક પેન્ટર
ગુજરાતી રૂપાંતર: ચિંતન નરેશ શાહ
મૂળકૃતિ: પ્રદીપ દળવી
IDEAS
નથુરામ ગોડસે એ મરવું જ પડશે
Show Contact & Other Enquiry: 7506732495 / 9773253726
Deepak Somaiya

પ્રેક્ષકોનો પ્રેમ અને સંસ્થાઓનો સાથ...
મે: ૧૬ નહેરુ JJC પેડર રોડ •૧૭ નહેરુ જાહેર પ્રયોગ (હાઉઝફુલ) •૧૯ દીનાનાથ JSG પાર્લે પ્લેટિનમ • ૨૧ તેજપાલ વાડાસિનોર સાંસ્કૃતિક મંડળ • ૨૪ તેજપાલ જાહેર પ્રયોગ • ૩૦ ઝવેરબેન ઘાટકોપર સ્ત્રી નિકેતન. જૂન: ૧ ઠાકરે કલરવ આર્ટ્સ •૧ ઝવેરબેન JJC નોર્થ વેસ્ટ • ૨ વાશી JJC વાશી • ૩ ઝવેરબેન JJC નોર્થ ઇસ્ટ • ૪ કાલિદાસ JSG મુલુંડ • ૮ ઠાકરે શ્રી કચ્છી જૈન સોશિયલ ગ્રુપ • ૯ ઝવેરબેન JJC રોયલ જગડુશા • ૧૦ ઝવેરબેન JJC જેમ જગડુશા અને JJC પિંક પંતનગર • ૧૧ ઝવેરબેન પ્રગતિ સેંટર અને JJC ભાંડુપ વિક્રોલી • ૧૪ તેજપાલ જાહેર પ્રયોગ • ૧૪ પ્રબોધન ઠાકરે જાહેર પ્રયોગ •૧૬ પ્રબોધન ઠાકરે કલરવ આર્ટસ • ૧૭ અસ્પી JJC લેડીઝ wing બોરીવલી • ૨૧ ભવન જાહેર પ્રયોગ • ૨૬ દીનાનાથ JJC પારલા અને JSG અંધેરી માતૃ સંસ્થા • ૨૭ અસ્પી સન્નારી આર્ટસ કપલ ગ્રુપ. જુલાઈ: ૨ ઠાકરે શ્રીજી અનેરી કપલ ગ્રુપ • ૫ ઝવેરબેન જ્વેલ સિનિયર • ૯ દીનાનાથ નિરાંત ગ્રુપ •૧૧ ઝવેરબેન જ્વેલ પરિવાર • ૧૨ નહેરુ JJC સાયન માટુંગા • ૧૨ તેજપાલ જાહેર પ્રયોગ •૧૩ કાશીનાથ ઘાણેકર - જૈન સોશિયલ ગુજરાતી ફાઉન્ડેશન • ૧૮ અને ૧૯ ચેન્નાઈ • ૨૬ ઠાકરે જાહેર પ્રયોગ. ઓગસ્ટ: ૯ અસ્પી જાહેર પ્રયોગ • ૧૧ વાશી - JJC નવી મુંબઈ • ૧૩ ઠાકરે JSG મીડ ટાઉન
કાલે સાંજે ૭.૩૦ ભવન બુ. ૯-૧૨, ૪-૭. Ph. 9930652094 FREE VALET PARKING
બાલીવાલા થિયેટર્સ નીલેશ દવે પ્રસ્તુત
ફિરોઝ ભગત - અપરા મહેતા અભિનીત
આદિલ ભગત નિર્મિત પંકજ ત્રિવેદી લિખિત
ચાલ "Honey" Moon પર જઈએ
CHAL HONEY, MOON PAR JAIYE
ફિરોઝ ભગત દિગ્દર્શિત
★ પૃથ્વી પંચોલી, મધુરા રાઉત, હીર રાભડીયા, મનીષ ગોધનીયા અને તપન ભટ્ટ
Show contact: 9699270184 - 9821195796 Online Bkg. book my show
KAAJAL ADS

દેવિન્દ્રા આર્ટસ સર્જિત
નિમેષ શાહ પ્રસ્તુત
સુશીલા શાહ મલ્લિકા શાહ આવટે નિર્મિત
નિમેષ શાહ લિખિત-દિગ્દર્શિત
★ નિમેષ શાહ, જિજ્ઞા ત્રિવેદી વૈદ્ય, અંકિતા રાવલ, પ્રિતમ દરજી તથા પિયુષ અઢિયા અને મલ્લિકા શાહ






કાલે રાતે ૯ પ્રબોધન ઠાકરે બોરિવલી, બુ. ૯-૧૨, ૫-૮. Ph. 9022265381
Show Contact: 9820242726
KAAJAL ADS





PARAS

# ડીઆરઆઈના અધિકારીને દાઉદ ગેન્ગ સાથે કડી ધરાવતા શખસ, શંકાસ્પદ દાણચોરે આપી ધમકી

પુણે: ડીઆરઆઇના વરિષ્ઠ અધિકારીને દાણચોરી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા શખસ અને અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમની ગેન્ગ સાથે કડી ધરાવતી વ્યક્તિ તરફથી ધમકી આપવામાં આવી છે. પુણે સ્થિત ડીઆરઆઇના આસિસ્ટન્ટ ડિરેક્ટર રેન્કના અધિકારી દ્વારા દાખલ ફરિયાદ અનુસાર તેમને ત્રીજી મેના રોજ મુશ્તાક શેખ નામના શખસે કૉલ કર્યો હતો, જેણે રિપોર્ટર તરીકે કામ કરવામાં રસ દાખવ્યો હતો અને તેમની સાથે વાત કરવા માગતો હોવાનું જણાવ્યું હતું.

થોડા દિવસ બાદ કૉલરે ફરી અધિકારીનો સંપર્ક સાધ્યો હતો અને જણાવ્યું હતું કે તે દુબઇથી પાછો આવી રહ્યો હતો ત્યારે મુંબઈ એરપોર્ટ પર કસ્ટમ્સ દ્વારા લેપટોપ અને મોબાઇલ ફોન જપ્ત કરાયા હોવાથી તેને છોડાવવામાં મદદ કરવા માટે વિનંતી કરી હતી. અધિકારીએ વિનંતી નકારી કાઢી હતી, જે પછી કૉલરે અધિકારી અને તેમના પરિવારના સભ્યોને વારંવાર વૉટ્સઍપ વોઇસ મેસેજ મોકલી ધાકધમકી આપી હતી. તાજેતરમાં દાખલ ફરિયાદમાં ડીઆરઆઇના અધિકારી દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે કૉલરે દાવો કર્યો હતો કે તે છેલ્લાં ૩૦ વર્ષથી દાણચોરી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો છે અને ગુનેગારો સાથે ઘરોબો ધરાવે છે. કૉલરે અધિકારીને પાઠ ભણાવવાની ચેતવણી આપી અને તેના પરિવાર પર નજર હોવાનું પણ જણાવ્યું હતું. અન્ય એક વ્યક્તિએ છઠ્ઠી મેના રોજ અલગ મોબાઇલ નંબર પરથી કૉલ કર્યો હતો અને દાવો કર્યો હતો કે તે છેલ્લા ત્રણ દાયકાથી દાઉદ ઇબ્રાહિમની ડી-કંપનીની સિન્ડિકેટ માટે કામ કરે છે. તેણે એમ પણ જણાવ્યું હતું તેના એન્ટિ-ટેરરિઝમ સ્કવોડમાં કોન્ટેક્ટ છે. અધિકારીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે આ ધમકી તેના પરિવાર સાથે સંપૂર્ણ ડીઆરઆઇ પુણે પ્રાદેશિક યુનિટને પણ આપવામાં આવી રહી છે.

## સંસ્થા સમાચાર

### પારસધામ ઘાટકોપરમાં ચાતુર્માસ માટે રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પધાર્યા



પારસધામ ઘાટકોપરમાં આગામી આત્મ આરાધ્ય ચાતુર્માસ અર્થે પધારી રહેલાં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવના નગર પ્રવેશનો અવસર યોજાયો હતો. પરાગભાઈ શાહની ઓફિસ એમ. આય. સી. એલ ઓફિસથી પ્રારંભ થયેલી સ્વાગત યાત્રામાં અનેક અગ્રણીઓ જોડાયા હતા. ઘાટકોપર સ્થિત ભાનુશાલી બેન્કવેટ ખાતે આમંત્રણ આલેખન અવસર યોજાયો હતો. આ અવસરે ગોંડલ સંઘાણી સંપ્રદાયના પૂજ્ય શ્રી પંથકમુનિ મહારાજ સાહેબ, ગોંડલ સંપ્રદાયના વિરલપ્રજ્ઞા પૂ. શ્રી વિરમતીબાઈ મ. આદિ ઠાણા, પૂ. કિરણબઈ મ., પરમ સૌમ્યાજી મ. આદિ ઠાણા, પૂ. સુતિર્થિકાજી મ.; જશ પરિવારના પૂ. હસ્મિતાબાઈ મ., પૂ. રૂપલબાઈ મ. આદિ ઠાણા; બોટાદ સંપ્રદાયના સાધ્વીરત્ના પૂ. રાજુલાબાઈ મ., પૂ. વંદનાબાઈ મ. આદી ઠાણા; લીંબડી ગોપાલ સંપ્રદાયના પૂ. નિમ્જ્ઞાબાઈ મ.; અજરામર સંપ્રદાયના પૂ. ઝંખનાબાઈ મ., પૂ. તારીણીબાઈ મ., પૂ. નિયતિબાઈ મ. તથા આઠ કોટિ મોટી પક્ષના મહાસતીજી આદિ ૭૫થી વધુ સંયમી આત્માઓની પાવન ઉપસ્થિતિમાં અંતરીક્ષમાં બિરાજમાન પરમ ઉપકારી આરાધ્ય ગુરુ ભગવંતો તેમજ ઉપકારી આત્માઓને કેસર છાંટણે ભાવથી ચાતુર્માસનું આમંત્રણ આપવામાં આવતાં સર્વત્ર હર્ષ આનંદ પ્રસરાવીને આ અવસર સહુ માટે યાદગાર બનીને ચાતુર્માસના શુકનવંતા પડઘમ વગાડી ગયો હતો.

# ૧૫ ઓગસ્ટ સુધી મરાઠી પ્રમાણપત્ર મેળવો નહીં તો...

### મહારાષ્ટ્ર પરિવહન વિભાગની ચેતવણી

મુંબઈ : મહારાષ્ટ્રમાં જે બિન-મરાઠી ઓટો-રિક્ષા અને ટેક્સી ડ્રાઇવરો ૧૫ ઓગસ્ટ સુધીમાં મરાઠી ભાષા પ્રમાણપત્ર મેળવવામાં નિષ્ફળ જશે તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે, એમ રાજ્ય પરિવહન વિભાગે શુક્રવારે જણાવ્યું હતું. વિભાગે બધા બિન-મરાઠી ઓટો-રિક્ષા અને ટેક્સી ડ્રાઇવરો માટે પહેલી જૂનથી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ વચ્ચે ચાર કલાકનો 'મરાઠી ભાષા સંવાદ પાઠ્યક્રમ' પૂર્ણ કરવાનું ફરજિયાત બનાવ્યું છે. મહારાષ્ટ્ર રાજ્ય મરાઠી ભાષા વિભાગ, કોંકણ મરાઠી સાહિત્ય પરિષદ અને મુંબઈ મરાઠી સાહિત્ય સંઘને મફતમાં અભ્યાસક્રમ ચલાવવા માટે અધિકૃત સંસ્થાઓ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ફક્ત આ સંસ્થાઓ દ્વારા જારી કરાયેલા પ્રમાણપત્રોને પરિવહન વિભાગ દ્વારા માન્યતા આપવામાં આવશે. પરિવહન વિભાગના સંયુક્ત કમિશનર રવિ ગાયકવાડે જણાવ્યું હતું કે મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં ૭૧ તાલીમ કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે અને કોંકણ મરાઠી સાહિત્ય પરિષદ સાથે સંકળાયેલા લગભગ ૪,૫૦૦ શિક્ષકોને જોડવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે આરટીઓના અધિકારીઓ પણ ડ્રાઇવરોને નોંધણી અને અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટે સહાય પૂરી પાડી રહ્યા છે. ૧૫ ઓગસ્ટ,૨૦૨૬ પછી, જે બિન-મરાઠી ડ્રાઇવરો પાસે પ્રમાણપત્ર નહીં હોય તેમની સામે કાયદેસર અને દંડનીય કાર્યવાહી કરવામાં આવશે, એવી ચેતવણી આપવામાં આવી હતી.ગાયકવાડે જણાવ્યું હતું કે, આનો હેતુ ડ્રાઇવરોને દંડ કરવાનો નથી, પરંતુ તેઓ મફત તાલીમનો લાભ લે અને નિર્ધારિત સમયગાળામાં પ્રમાણપત્ર મેળવે તે સુનિશ્ચિત કરવાનો છે.

(પીટીઆઈ)

## પારસી મરણ

રોહીન્ટન રતન પટેલ તે મરહુમ રતન તથા આલુ પટેલના દીકરા. તે મરહુમ ખુશરૂ પટેલના ભાઇ. તે કેટી ગબ્બા તેમ જ જેસ્મીન મીરઝાના ભાઇ. તે ફરઝીન, રશીદ, હોરમઝયાર અને ઝીનીયાના મામાજી. તે ઉરવક્ષના કાકાજી. (ઉં. વ. ૭૪) રે. ઠે. પી બ્લોક, રૂમ નં. ૨૩, નવરોઝ બાગ, ડો. એસ. એસ. રાવ રોડ, ગણેશ ગલીની સામે, લાલબાગ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા : લાલબાગની અગિયારીમાં તા. ૨૦-૬-૨૬ના ૩.૪૫ સાંજના કરવામાં આવશેજી.

સાઇરસ હોશંગ સુનાવાલા તે મરહુમ મની અને મરહુમ હોશંગ સુનાવાલાના દીકરા. આબાન કેકી શ્રોફ તે મરહુમ સાઇરસના મામીજી. તે કેટી દારા પલસેટીયા, વીસ્પી બહાદુર ભરૂચા, હુતોક્ષી શીરોય રાઇટર, ફિરોઝા પરસી ભાઠેના, બીનાઇફર ખુશરૂ જીજીના, મલકમ કેકી, શ્રોફ, હવોવી ગાંધી તથા મરહુમ ફરીદા નોશીર જાલનાવાલાના કઝીન. (ઉં. વ. ૭૧) રે. ઠે. જમશેદ મેન્શન , રૂસ્તમ પેલેસ, બી બ્લોક, ફલેટ નં.૭, ૨૨૨૬, તારદેવ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : હોડીવાલા બંગલીમાં તા. ૨૦-૬-૨૬માં કરવામાં આવશેજી.

કેટી મેરવાનજી વાનીયા તે મરહુમો મેરવાનજી અને લીલી વાનીયાના દીકરી. તે ડો. રોશન વાનીયા, પેરીન હીરજી કાકા તથા મરહુમો ફલી, ધન તથા દોસાભાઇના બહેન. તે રોદાબે વાનીયા, મીનોચેરના ફૂઇ. તે શેરીયા, નેવીલ, લીલી તથા હીલ્લાના માસી. (ઉં. વ. ૯૫) રે. ઠે. ખુશરૂ બાગ, બ્લોક-ડી, નંબર-૫, શહીદ ભગતસિંહ રોડ, કોલાબા કોઝવે, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા તા. ૨૧-૬-૨૬ના સાંજે ૩.૪૦ એ કરાની અગિયારીમાં છેજી.

પરવેઝ હોરમસજી તાંત્રા તે હોમાઇ પરવેઝ તાંત્રાના ધણીયાની. તે મરહુમો દીનામાય હોરમસજી તાંત્રાના દીકરા. તે ફરઝીન નાશા જસાવાલાના બાવાજી. તે નાશા રૂસી જસાવાલાના સસરા. તે મરહુમો ફિરોઝ, ખોરશેદ, જર, ગુલ, સામ અને સોલીના ભાઇ. તે જાલ અને કરીના મમાવાજી. (ઉં. વ. ૭૯) રે. ઠે. ૭, કેટી ટેરેસ, નોશીર ભરૂચા માર્ગ, ગ્રાન્ડ રોડ, પોસ્ટ ઓફિસ નજદીક, મુંબઇ : ૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૧-૬-૨૬ને દીને સાંજે ૩.૪૦ શેઠનાની અગિયારીમાં કરવામાં આવશે જી.

બચામાઇ ધનજીશા ધનીદાઉના તથા તે મરહુમ ધનજીશા ધનીદાઉના તથા મરહુમ માણેકબાઇ અને મરહુમ મંચેરજી ભાઠે નાના દીકરી. તે પરસી એસ. ભાઠેના અને પરીઝાદ અને જેનીફરના ફૂઇ. (ઉં. વ. ૯૬) રે. ઠે. રૂમ. નં. ૨૬ બીજે માળે, પ્લોટ નંબર ૧૯૧, નવરોઝ બાગ, ડો. એસ. એસ. રાવ રોડ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૦-૬-૨૬ના દીને ૩.૪૦ એ ગોદાવરાની અગિયારીમાં કરવામાં આવશેજી.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. કિશોરભાઇ જમનાદાસ શાહના ધર્મપત્ની ભાવનાબેન (ધનીબેન) તા. ૧૮-૬-૨૬ ગુરુવારના અવસાન પામેલ છે. તે ધર્મેશ, હેમાલી દેવાંશકુમાર સંઘવી, સોનાલી અમીશકુમાર દોશીના માતુશ્રી. ખુશ્બુના સાસુ. રીયાંશ અને રીદાનના દાદી. પિયર પક્ષે વડવીયાલા (ઊના) નિવાસી હાલ મુંબઇ સ્વ. દોશી પાનાચંદ વીરજીના દીકરી. તે પ્રિયાંક અને નિધીશના નાની. ચક્ષુદાન અને ત્વચાદાન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બરવાળા બાવીશી નિવાસી સ્વ. વલ્લભજી નરભેરામ ઘેલાણીના પૌત્ર નરેન્દ્ર (મનુભાઇ) ધીરજલાલ ઘેલાણી (ઉં. વ. ૯૦) સ્વ. જ્યોત્સનાબેનના પતિ. સ્વ. પ્રકાશના મોટાભાઇ. જનક, જગત તથા જુલીબેનના પિતા. નિતાબેન તથા સુનિતભાઇના સસરા. અમરાપુર નિવાસી સ્વ. ચત્રભુજ સુંદરજી દોશીના જમાઇ તા. ૧૯-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૪૪૦, આફ્રિકા કોટેજ, શ્રદ્ધાનંદ ક્રોસ રોડ, માટુંગા, મુંબઇ-૧૯.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગુંદાલાના ચિ. રિકી શાંતિલાલ ભાણજી સતરા (ઉં. વ. ૪૧) તા. ૧૭.૬.૨૬ ના અવસાન પામેલ છે. સ્વ. પ્રેમીલાબેન શાંતિલાલ ભાણજી સતરાના સુપુત્ર. સ્વ. માતુશ્રી લક્ષ્મીબેન ભાણજી શીવજીના પૌત્ર. સ્વ. જેકી ના ભાઈ. લુણીના માતુશ્રી મણીબેન નાનજી રાજપાર દેઢિયાના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. ફોન સંપર્ક /મેસેજ રૂબરૂતુલ્ય ગણશોજી. ઠે. અમૃતલાલ ભાણજી સતરા : ૨૧૦૧, લુઈસાન્દ્રા (૨૧ મે માળે), એચ.ડી.એફ.સી. બેંકની ઉપર, ગોખલે રોડ, દાદર (વેસ્ટ), મુંબઈ-૨૮.

મોટા આસંબિયાના શ્રી મનોજ છેડા (ઉં. વ. ૬૩) તા. ૧૮-૬-૨૬ ના દેહત્યાગ કરેલ છે. ઇલાના પતિ. હંસાબેન વસનજી ભાણજીના સુપુત્ર. નિધિ, ચાર્મી, ગૌતમના પિતા. મુકેશ, રાજેશ, બારોઇ કસ્તુર તલકશી, મોટી વરંડી પુષ્પા વિનોદ, નાના ભાડીયા લતા ધીરજ, ભુજપુર સંગીતા નિલેશ ના ભાઈ. ગુંદાલા જયાબેન ચાંપશી પ્રેમજી સતરા ના જમાઈ. પ્રા. શ્રી લખમશી નપુ હોલ, ચંદાવરકર રોડ, માટુંગા (ઈ) સે. રેલ્વે, મું-૧૯. ટા. : ૪ થી ૫.૩૦

લુણીના હર્ષાબેન લક્ષ્મીચંદ ગલિયા (ઉં. વ. ૬૮) તા. ૧૮-૦૬-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. જવેરબેન ઉમરશી ગલિયાના પુત્રવધૂ. સ્વ. લક્ષ્મીચંદ ઉમરશી ગલિયાના પત્ની. ફોરમ અને સમીરના માતા. નાના ભાડિયાના માતુશ્રી. મંજૂલાબેન લખમશી મારૂના પુત્રી. ગેલડાના રીટા મહેન્દ્ર, તથા ધીરેન, પંકજના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહિ. નિ. ફોરમબેન ગલીયા, શ્રી બલરામ મંગલ, રૂમ નં. ૨૦૨ બીજે માળે, ન્યુ આરે રોડ, ડોંબીવલી (ઇ).

ડેપા હાલે દૌંડના શ્રી હસમુખ રાંભિયા (ઉં. વ. ૭૪) તા. ૧૭/૬ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી તેજબાઇ નાગશીના સુપુત્ર. નિર્મળાના પતિ. હરેશ, નિકીતાના પિતા. અશોક, મોહન, હરિલાલ, રૂક્ષ્મણી, જ્યોતીના ભાઇ. મોટા આસંબિયા માતુશ્રી લક્ષ્મીબેન ગાંગજી ભારમલ ગાંધીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. નિર્મળા રાંભીયા, લલિત એપાર્ટમેન્ટ, શિવાજી ચોક, દૌંડ (પુના) ૪૧૩૮૦૧.

મોટા લાયજાના માતુશ્રી વિમળાબેન હરખચંદ છેડા (ઉં. વ. ૮૫) તા. ૧૮.૬.૨૦૨૬ના દેહપરિવર્તન કરેલ છે. હીરબાઈ કાનજી ડુંગરશીના પુત્રવધુ. હરખચંદ કાનજીના પત્ની. યોગેશ, ચેતન, તરલા, રેખા, જયશ્રીના માતા. ડોણ વેલબાઈ ડુંગરશી હરશી દેઢિયાના સુપુત્રી. સુંદરબેન, તલકશી, ભાણબાઈ, હરખચંદના બેન. પ્રા. 'આજે' શ્રી માનવ સેવા સંઘ, સાયન. ટા. સવારના ૧૦ થી ૧૧.૩૦, નિ. ચેતન છેડા : ૧૪૦૧ 'રૂસ્તમજી', એલ.એન. રોડ, માટુંગા-સે.રે., મું-૧૯.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

જામકંડોરણા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. લહેરચંદ ભગવાનજી મહેતાના પુત્ર રમેશભાઈ દિનુભાઈ (ઉં. વ. ૮૩) ૧૭/૬/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે રસીલાબેનના પતિ. સંજય, મનીષ તથા નિશા જીગ્નેશકુમારના પિતા. સરલાબેન રમેશકુમાર દોશી, પદમીની અશોકકુમાર ગાંધી, નરેશભાઈ, નરેન્દ્રભાઈ, પ્રદીપભાઈના મોટાભાઈ. સાસરાપક્ષે વર્ધા નિવાસી સ્વ. દલિચંદ મુલચંદ વોરાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. એફ ૪૧૬, કમલાનગર એમ જી રોડ, પટેલ નગરની સામે કાંદિવલી વેસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા જૈન**

લીંબડી નિવાસી હાલ કાંદિવલી, સ્વ. લીલાવતી બાબુલાલ અજમેરાના પુત્રી માલતીબેન (ઉં. વ. ૭૮) ૧૭/૬/૨૬ના અરિહંતશરણ પામેલ છે. આનંદના માતુશ્રી. ભાવિનાના સાસુ. હિમાંશી હર્ષના દાદી. દિલીપભાઈ, સ્વ. મયુરભાઈ, સ્વ અજયભાઇ, સ્વ. પારૂલબેનના બહેન. હંસાબેન નવનીતભાઈ ગાંધીના વેવાણ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દેરાવાસી જૈન**

સ્વ. રમેશભાઈ તથા પુષ્પાબેન વનમાલીદાસ મહેતાના સુપુત્ર પ્રાણવભાઇ રમેશભાઈ મહેતા (ઉં. વ. ૬૦) અમદાવાદ ૧૫.૦૬.૨૬ના અવસાન થયેલ છે. તે પૌલીનાના પતિ. જયનાના પિતાશ્રી. સોનલ મનીષ પુનાતર અને હિરેનના ભાઈ. સ્વ. હસમુખલાલ દોશી અને ઇન્દુમતી હસમુખલાલ દોશીના જમાઈ, રોનકના બનેવી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દાઠા નિવાસી હાલ મુલુંડ, શશીકાંતભાઇ મણીલાલ શાહ (ઉં. વ. ૭૯) સ્વ. ચંપાબેન મણીલાલ શાહના પુત્ર. જ્યોતિબેનના પતિ. તે મયુર, ભાવિના પિતા. નિધિ અને સંજયકુમારના સસરા. સ્વ. ડો. આર. એમ. શાહ, સ્વ. રસીલાબેન ચંદ્રકાંતભાઈ શાહ, સ્વ. વિમળાબેન નગીનદાસભાઈ વોરા, સ્વ. દેવીબેન કિરણભાઈ શાહના ભાઈ. શ્વસૂરપક્ષે ચંપાબેન કપુરચંદ શામજી પારેખ (અગિયાણીવાળા)ના જમાઈ. ગુરુવારે તા. ૧૮/૦૬/૨૦૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જસપરા નિવાસી હાલ મુલુંડ, ગુણવંતીબેન હીંમતલાલ શાહ (ઉં. વ. ૭૨) તે (સ્વ.) હિંમતલાલ મનસુખલાલ શાહના ધર્મપત્ની, દીપક, કુમાર, અલ્પા વૈભવ દોશી, માયા હિરેન શાહના માતુશ્રી. દિના, નિધિના સાસુ. સ્વ. ચુનીલાલ, સ્વ. ચંદ્રકાંતભાઈ, સૂર્યકાંતભાઈ, સ્વ. પ્રતાપભાઈ, હર્ષદભાઈ, દિનેશભાઈ, ભરતભાઈ, જયેશભાઈ, કળાબેન પ્રવિણચંદ્ર ગાંધી, ઉષાબેન ઉપેન્દ્ર શાહના ભાભી. પિયરપક્ષે પ્રેમચંદ જગજીવનદાસ શાહ (મોટી વાવડી) ના દીકરી, તા. ૧૭.૬.૨૬, બુધવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ જૈન**

પાટણ નિવાસી, કોકાના પાડાના શ્રીમતી તરૂણબાળાબેન (ઉં. વ. ૮૪) સ્વ. કુમારપાળ નટવરલાલ શાહના ધર્મપત્ની, તા. ૧૮ જૂન, ૨૬, ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે સરસ્વતીબેન ભોગીલાલના દીકરી. જયેશ, અવની, બિરેન, સોનાલી અને રૂપાલીના માતુશ્રી. રાજેશભાઈ, નમિતાબેન, સ્વ. ડિમ્પલબેન અને સ્વ. સલિલભાઈના સાસુ. દિશાલી-કુનાલ, ધ્રુવ અને આયુષના દાદી. પ્રિયંક-સુવિધા, ભવ્ય-નૈસર્ગી અને માનસના નાની. લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠ વીશાશ્રીમાળી જૈન**

જામકંડોરણા નિવાસી હાલ મુલુંડ (વેસ્ટ ) સ્વ. મધુબેન પ્રાણલાલ મહેતાના પુત્રવધૂ તૃપ્તિબેન હિમાશુ મહેતા (ઉં વ. ૬૩) તા : ૧૮/૦૬/૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. તેઓ સ્વ. પ્રીતિબેન ભરતભાઈ મહેતાના દેરાણી. સ્વ. નયનાબેન રાજેશભાઈ મહેતાના જેઠાણી. જયશ્રીબેન નરેશકુમાર મહેતાના ભાભી. તથા પિયર પક્ષે વાડોદર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. પ્રભાબેન છગનલાલ વોરાના સુપુત્રી. સ્વ. નરેન્દ્રભાઈ, સ્વ. હરકિશનભાઈ, સ્વ. કનકભાઈ, સ્વ. કિશોરભાઈના બેન. લૌકીક વ્યવહાર બંધ છે.

## હિન્દુ મરણ

ગામ કુકડીયા હાલ બોરીવલી કુસુમબેન રમેશચંદ્ર ત્રિવેદી (ઉં. વ. ૭૯) તા. ૧૬-૬-૨૬ના અક્ષરધામ પામ્યા છે. તે મનીષ, સ્વ. મિતેશ અને હિના રાજેશ મહેતાના માતુશ્રી. સ્વ. રૂક્ષ્મણીબેન જગન્નાથ વ્યાસ (બ્રહ્મપુરી)ના દીકરી. ભાનુબેન નરેન્દ્રભાઇ જાનીના નાનાબહેન. નુપુરના દાદી. જીનલ અને પૂજનના નાની. ભાનુબેન હરિશ્ચંદ્ર ત્રિવેદીના જેઠાણી. પ્રાર્થનાસભા તા. ૨૨-૬-૨૬ સોમવારના સાંજે ૫થી ૭. ઠે. સોની બેન્કવેટ હોલ, સોનીની વાડી, શિંપોલી ક્રોસ રોડ, બોરીવલી (વેસ્ટ).

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ માણાવદર હાલ દહીંસર કેશવલાલ ડાયાલાલ રૂપારેલીયા (ઉં. વ. ૮૨) તે સ્વ. કુંદનબેનના પતિ. મનીષા અને વિજયના પિતાશ્રી. તે મનીષકુમાર જોબનપુત્રાના સસરાજી. સ્વ. ચંપાબેન કાંતિલાલ રાજાણીના જમાઇ. તે રૂપાબેનના સસરાજી તા. ૧૮-૬-૨૬ને ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગ્યારશે બ્રાહ્મણ**

ગામ ટીમાણા, સ્વ. જશુમતી છોટાલાલ દેસાઈના દીકરી બીના જયપ્રકાશ ગુપ્તા (ઉં. વ. ૬૨) તે જયપ્રકાશ ગુપ્તાના ધર્મપત્ની, મનાલી અરૂણ ચાગંતીના માતુશ્રી. હિરેન, હિતેન રાજેશના બહેન. નીતા હિતેન દેસાઈના નણંદ. સૂર્યકાન્ત જયંતીલાલ મહેતાના ભાણેજ. ૧૭/૬/૨૬ના રોજ કૈલાશવાસી થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સાદડી ૨૦/૬/૨૬ના રોજ રાખેલ છે.

**વિશા નાગર વણિક**

સ્વ. દીપક જયંતીલાલ મહેતાના ધર્મપત્ની જયશ્રી મહેતા (ઉં. વ. ૬૮) ૧૭/૬/૨૬ના દેવલોક પામેલ છે. તે પ્રતીક તથા મૌલીકના માતુશ્રી. મનાલી તથા રીતંભરાના સાસુ. માએશા તથા વિવાનના દાદી. પ્રાર્થનાસભા ૨૦/૬/૨૬ના રોજ ૪ થી ૬. વર્ધમાન સ્થા જૈન સંઘ મોટો ઉપાશ્રય પારેખ લેન કોર્નર એસ વી રોડ કાંદિવલી વેસ્ટ.

**નાથાળિયા ઉનેવાળ બ્રાહ્મણ**

ગામ મોઠા/બોરીવલી, અ.સો. દમયંતીબહેન હરજીવન પાઠક (ઉં. વ. ૭૩) તે હરજીવનભાઈ કરશનજીભાઈ પાઠકના પત્ની. દિલીપ, અલ્પેશ, દક્ષા ચેતન ઓઝા, રેખા કિરણ ઓઝાના માતુશ્રી, કુ. હેતાલી, દિવ્યા, દૃષ્ટિના દાદી, સ્વ અંજવાળી ભાણજી પ્રાગજી ઓઝા (તડ) ના પુત્રી. તા. ૧૮/૦૬/૨૬ ગુરુવારના કૈલાસવાસી થયા છે. તેમની પ્રાર્થનાસભા તા ૨૦/૦૬/૨૦૨૬ શનિવારના ૫ થી ૭. સ્થાનઃ ડાયમોડા ( બી.એ.પી.એસ) સ્વામિનારાયણ સંસ્કાર કેન્દ્ર,પેટ્રોલ પંપની બાજૂમા, દહિસર ઈસ્ટ.

**દશા મોઢ વણિક**

મૂળ ઉંમરગામના, હાલ મુંબઈ કિરીટભાઈ (શરદ) મનહરલાલ ગાંધી (ઉં. વ. ૭૫) તે સ્વ. કુસુમબેન મનહરલાલ ગાંધીના સુપુત્ર. સ્વ. સુમિત્રાબેન અરૂણકુમાર રાણાના જમાઈ. મિલનબેનના પતિ. ચિરાગ તથા વિરાજ (પિંકી)ના પિતા. રાજુભાઈ, ડૉ. અજીતભાઈ, સ્વ. કિરણભાઈ, સરયૂ (ડોલીબેન) સંજાણવાલાના ભાઈ સોમવાર, તા ૧૫-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૦-૦૬-૨૬ના, ૫ થી ૭ દરમ્યાન જાનકીબાઈ હૉલ, અંધેરી રિક્રેશન ક્લબની સામે, અંધેરી (પ).

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ સુપેડી હાલ કાંદિવલી, સ્વ. મણિલાલ છગનલાલ ઠક્કર અને સ્વ. કુમુદબેન ઠક્કરની સુપુત્રી કુ.માલાબેન (ઉં. વ. ૭૦ ) તે સ્મિતાબેન નિરંજનભાઇ મોટલા, દીપકભાઈ, અભયભાઈ અને પ્રશાંતભાઈના બેન. મીનાબેન, આશાબેન અને ગીતાબેનના નણંદ. પાયલ અને પુજાના માસી. ભાવીન, વિશાલ, નિયતી, મિહિર અને જીગરના ફૈબા. તા. ૧૮-૦૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર તા. ૨૦-૦૬-૨૬ના સાંજે ૪ થી ૬. સ્થળઃ પાવન ધામ, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

કરાચીવાળા હાલ ઘાટકોપર સ્વ. કનુભાઇ ડાહ્યાલાલ મગીયાના પત્ની મંજુલાબેન (ઉં. વ. ૮૬) તે ભૂપેન્દ્ર, દેવેશ, કરુણા પુલિનકુમાર કાપડીયાના માતા. રક્ષા, મોનલના સાસુ. લક્ષ્મીબેન ડુંગરશી કારિયાના દીકરી. દિશા, દર્શિકા, મેઘનાના દાદી તા. ૧૭-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

નાના રાજકોટવાળા હાલ સાંતાક્રુઝ સ્વ. શાંતાબેન છોટાલાલ વળીયાના પુત્ર ભૂપતભાઇ (ઉં. વ. ૮૮) તા. ૧૭-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ચારુલતાબેનના પતિ. જ્યોતિબેન, હર્ષદભાઇ અને દીપકભાઇના પિતા. હેમંતભાઇ, દર્શનાબેન અને હેમાંગી બેનના સસરા. મનાલી પ્રતીક પારેખ, મીરા ધવલ મહેતા, ચિંતન તથા રોશનીના દાદા. જાફરાબાદવાળા સ્વ. ગંગાદાસ દામોદરદાસ મહેતાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૧-૬-૨૬ રવિવારના સાંજે ૫થી ૭. ઠે. વિશ્વકર્મા હોલ, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ).

# એમ્બ્યુલન્સ સમયસર ન પહોંચતા દીકરીને જન્મ આપ્યા બાદ માતાનું મૃત્યુ

### મહારાષ્ટ્રના દુર્ગમ ગામોની અવદશા

નાગપુરઃ મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લામાં એક દુઃખદ ઘટના બની હતી. ચંદ્રપુરમાં દૂર દૂર સુધી કોઈ માર્ગ પરિવહનની વ્યવસ્થા ન હોવાથી એક ગર્ભવતી મહિલાનું મોત નીપજ્યું હતું. ગામમાં રસ્તો ન હોવાના કારણે એમ્બ્યુલન્સ સમયસર પહોંચી શકી નહોતી. તેવા સમયે બાળકને જન્મ આપ્યા બાદ ૨૫ વર્ષીય સંગીત ગેડામનું મૃત્યુ થયું હતું. આ ઘટના બાદ સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં શોકની લાગણી ફરી વળી હતી. આ ઘટનાને પગલે ફરી એક વાર ગામને માર્ગથી જોડવાની માગ કરવામાં આવી હતી. સ્થાનિકોનો આરોપ છે કે ગામમાં માર્ગ ન હોવાથી બાળકની માતાને સમયસર સારવાર ન મળતા બાળકના જન્મ બાદ તેનું મૃત્યુ થયું હતું. નાગપુરથી ચંદ્રપુરનું અંતર આશરે ૧૫૦ કિલોમીટર જેટલું છે.

મળતી વિગતો મુજબ આ ઘટના જીવતી તાલુકાના ઘોદાનખાપ્પી ગામમાં બની હતી. આ ગામની પચીસ વર્ષીય સંગીત તુલસીરામ ગેડામને ૧૪ જૂનના પ્રસુતિ પીડા શરૂ થઈ હતી. ગ્રામજનોના જણાવ્યા મુજબ સંગીતાને હોસ્પિટલ લઇ જવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પણ યોગ્ય માર્ગ પરિવહન વ્યવસ્થાના અભાવથી એમ્બ્યુલન્સ ગામ સુધી પહોંચી શકી નહોતી. અમુક મહિલાઓ દ્વારા ગર્ભવતી મહિલાને ઈલાજ માટે પહાડી રસ્તેથી પગપાળા લઇ જવાના પ્રયત્નો પણ કરવામાં આવ્યા હતા. બાદમાં અસહ્ય પ્રસુતિ પીડાના કારણે તેઓને ઘરે પરત ફરવું પડ્યું હતું. ત્યારબાદ સંગીતાએ પોતાના ઘરે જ એક સ્વસ્થ બાળકીને જન્મ આપ્યો હતો. સંગીતાને પ્રસુતિના થોડા સમય બાદ જ વધારે બ્લિડિંગ થતા તેની તબિયત લથડી હતી. આરોગ્ય વિભાગની એક ટીમે તાત્કાલિક ગામમાં પહોંચીને સંગીતાની સારવાર શરૂ કરી હતી, પણ બાદમાં ડોક્ટરોએ તેની સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલ લઇ જવાનો નિર્દેશ કરતા તેને એક માલવાહક વાહનમાં શંકરપથ્થર વિસ્તાર સુધી લઈ જવામાં આવી, જયા એમ્બ્યુલન્સ રાહ જોઈ રહી હતી. પણ હોસ્પિટલ પહોંચતા પહેલા જ સંગીતાનું મોત થયું હતું.

### પ્રી-વેડિંગ ટ્રેકનો આનંદ માતમમાં ફેરવાયો

# લોહગડ કિલ્લા પર ફોટા પાડતી વખતે ૪૦૦ ફીટ ઊંડી ખીણમાં પડતાં યુવકનો જીવ ગયો

પુણેઃ પુણે જિલ્લામાં ઐતિહાસિક લોહગડ કિલ્લાની આહ્‌લાદક, ધુમ્મસિયા પાર્શ્વભૂમાં તસવીરો પાડવાના પ્રયાસમાં ૪૦૦ ફીટ ઊંડી ખીણમાં પડતાં લગ્નનાં ઓરતા મનમાં ભરીને પ્રી-વેડિંગ ટ્રેક પર નીકળેલા ૨૬ વર્ષના કેતન વિશાલ અગરવાલનું મૃત્યુ થયું હતું. પ્રી-વેડિંગ શૂટ તો ખરું જ સાથે ફિયાન્સેના આગામી જન્મદિવસની ઉજવણી કરવા કિલ્લા પર ટ્રેકિંગનો પ્લાન બનાવ્યો હતો, પણ તેનો આનંદ માતમમાં ફેરવાયો હતો.

પોલીસે જણાવ્યું હતું કે પુણેમાં ગહુંજે ખાતે રહેનારો કેતન અગરવાલ પરિવારની રિયલ એસ્ટેટ કંપનીનો ડિરેક્ટર હતો. ગુરુવારે સવારે કેતન ફોટા પાડી રહ્યો હતો ત્યારે ભારે પવનને કારણે તે સંતુલન ગુમાવી બેઠો હતો.

કેતનની ફિયાન્સીના આગામી જન્મદિવસની ઉજવણી કરવા માટે કેતન, તેની ફિયાન્સી અને બે મિત્ર કિલ્લા પર ગયાં હતાં.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર સવારે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ ખડક નજીક કેતનનો પગ લપસી ગયો હતો અને તે ૪૦૦ ફીટ ઊંડી ખીણમાં પડી ગયો હતો.

લોનાવલા ગ્રામીણ પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર દિનેશ તાયડેએ જણાવ્યું હતું કે આ ઘટના બની ત્યારે ભારે પવન ફૂંકાતો હતો. કેતનનાં લગ્ન નવેમ્બરમાં નિર્ધારિત હતાં અને પરિવારજનોએ લગ્ન માટે રાજસ્થાનના ઉદયપુરમાં પેલેસ બૂક કરાવી રાખ્યો હતો.

દરમિયાન ખીણમાં યુવક પડ્યો હોવાની માહિતી મળતાં પોલીસ અને શિવદુર્ગ મિત્ર ઇમરજન્સી રેસ્ક્યુ ટીમના સભ્યોએ ત્રણ કલાકની ભારે જહેમત બાદ મૃતદેહ કપરા માર્ગ અન ઘન વનસ્પતિઓ વચ્ચેથી શોધી કાઢ્યો હતો.

મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો અને તેના અહેવાલની રાહ જોવાઇ રહી છે, એમ પોલીસે જણાવ્યું હતું.

લોહગડ કિલ્લો મરાઠા સામ્રાજ્યના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજના ઇતિહાસ સાથે કડી ધરાવે છે. તે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે લિસ્ટેડ રાજ્યમાં ૧૨ કિલ્લામાંથી એક છે.

(પીટીઆઇ)

# 'સહાનુભૂતિ આપી શકીએ, પણ કોઈ મદદ નહીં'

### સાયકોલોજીની વિદ્યાર્થિનીને રાહત આપવાનો હાઈ કોર્ટનો ઈનકાર

મુંબઈ: બોમ્બે હાઈકોર્ટે ડિપ્રેશન અને વ્યક્તિત્વ વિકારથી પીડાતી મનોવિજ્ઞાનની વિદ્યાર્થીનીને રાહત આપવાનો ઇનકાર કર્યો છે અને નોંધ્યું છે કે તે ફક્ત સહાનુભૂતિ આપી શકે છે, પરંતુ કોઈ મદદ કરી શકશે નહીં.

૧૬ જૂનના રોજ પસાર કરાયેલા આદેશમાં ડિવિઝન બેન્ચે નોંધ્યું હતું કે શૈક્ષણિક બાબતોમાં ન્યાયિક હસ્તક્ષેપ મર્યાદિત છે અને શૈક્ષણિક ધોરણો અને હાજરીની આવશ્યકતાઓનું નિયમન કરવા માટે શૈક્ષણિક સંસ્થાઓ સૌથી યોગ્ય છે. આદેશની નકલ શુક્રવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. જસ્ટિસ આર.આઈ. ચાગલા અને ફરહાન દુબાશની બેન્ચે ભારપૂર્વક જણાવ્યું હતું કે તે વિદ્યાર્થીનીની પરિસ્થિતિ પ્રત્યે અસંવેદનશીલ નથી અને કહ્યું કે તેના અને તેના પરિવાર પ્રત્યે ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરે છે. બેન્ચે વિદ્યાર્થીની ની રાહત માટેની અરજી ફગાવી દેતા કહ્યું કે તેને યુનિવર્સિટીના નિર્ણયમાં દખલ કરવાનું કોઈ કારણ મળતું નથી. ત્રીજા વર્ષની બેચલર ઇન સાયન્સ (એપ્લાઇડ સાયકોલોજી)ની વિદ્યાર્થીનીએ પોતાની અરજીમાં મુંબઈ સ્થિત યુનિવર્સિટી દ્વારા ૧૫ એપ્રિલના રોજ ઓછી હાજરીને કારણે આપવામાં આવેલા પ્રતિબંધ પત્રને રદ કરવાની માગ કરી હતી. અરજીમાં યુનિવર્સિટીને વિનંતી કરવામાં આવી હતી કે તેની અસાધારણ તબીબી પરિસ્થિતિઓને ધ્યાનમાં લેવામાં આવે અને તેને આ મહિને યોજાનારી ત્રીજા વર્ષની પુનઃપરીક્ષામાં બેસવાની મંજૂરી આપવામાં આવે જેથી તેનું આખું શૈક્ષણિક વર્ષ ન બગડે.

# જોગેશ્વરીમાં બિયર લાવી આપવાનો ઇનકાર કરનારા યુવકની હત્યાઃ આરોપીને જનમટીપ

મુંબઈઃ જોગેશ્વરીમાં બીયર લાવી આપવાનો ઇનકાર કરનારા યુવકની શસ્ત્રના ઘા ઝીંકી હત્યા કરવા બદલ આરોપીને કોર્ટે જનમટીપ ફટકારી હતી.દિંડોશી સેશન્સ કોર્ટે આરોપી શનમુગન રાજેન્દ્રન ઉર્ફે સૅમ ઉર્ફે સોનુને દોષી ઠેરવીને સજા ઉપરાંત પાંચ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો અને દંડની રકમ ન ભરે તો વધારાની ત્રણ મહિના જેલ ભોગવવાનો આદેશ આપ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર જોગેશ્વરી પૂર્વમાં પ્રેમનગર ખાતે ૨૬ મે, ૨૦૨૦ના રોજ આ ઘટના બની હતી. એ વિસ્તારમાં આરોપીની દહેશત હતી અને તેણે ફરિયાદી વિજય કુપ્પુસ્વામી દ્રવિડના ભાઇ અજયને બીયર લાવવા માટે કહ્યું હતું. જોકે અજયે ઇનકાર કરતાં તેમની વચ્ચે બોલાચાલી થઇ હતી અને આરોપીએ તેને જોઇ લેવાની ધમકી આપી હતી. દરમિયાન આરોપીએ અજયને મંદિર નજીક આંતર્યો હતો. એ સમયે અજયનો ભાઇ તેને છોડાવવા માટે વચ્ચે પડતાં આરોપીએ તેના પર શસ્ત્રથી હુમલો કર્યો હતો. આથી ભાઇને બચાવવા માટે વચ્ચે પડેલા અજય પર આરોપીએ શસ્ત્રના ઘા ઝીંકી દેતાં તે ગંભીર રીતે ઘવાયો હતો. અજયને ત્વરિત હોસ્પિટલમાં લઇ જવાતાં તેને મૃત જાહેર કરાયો હતો. મેઘવાડી પોલીસે આ પ્રકરણે હત્યા અને હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરીને આરોપીની ધરપકડ કરી હતી અને બાદમાં તેની વિરુદ્ધ દિંડોશી કોર્ટમાં આરોપનામું દાખલ કરાયું હતું.

# 30 હજારની લાંચ માગવા બદલ રેવન્યુ અધિકારીની ધરપકડ

થાણેઃ જમીન સંબંધી પ્રસ્તાવનું પ્રોસેસ કરવા માટે ૩૦ હજાર રૂપિયાની લાંચ માગવા બદલ એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ રેવન્યુ અધિકારી અને પ્યૂનની ધરપકડ કરી હતી. આરોપીઓની ઓળખ શ્રીવર્ધન ખાતે સબ-ડિવિઝનલ ઓફિસરની ઓફિસની ટ્રેઝરી બૂકકીપિંગ બ્રાન્ચના આસિસ્ટન્ટ રેવન્યુ અધિકારી નીતિન સદાશિવ પવાર (૪૨) અને એ જ ઓફિસના પ્યૂન સચિન રમાકાંત પાટીલ (૪૮) તરીકે થઇ હતી. એસીબીના રાયગડ યુનિટની ટીમે ગુરુવારે છટકું ગોઠવ્યું હતું અને બંને જણની ધરપકડ કરવામાં આવી હતી. ફરિયાદીએ એસીબીનો સંપર્ક સાધીને આક્ષેપ કર્યો હતો કે રાયગડ જિલ્લાના મ્હસલા તાલુકા સ્થિત મૌજે દેવઘર ખાતે જમીન સંબંધિત મ્યુટેશન એન્ટ્રી સંબંધી એપ્રૂવલ ઑર્ડર મેળવી આપવા માટે ૪૦ હજાર રૂપિયાની માગણી કરવામાં આવી હતી. રાયગડ એસીબીનાં ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સરિતા ભોસલેએ જણાવ્યું હતું કે ફરિયાદની ચકાસણી દરમિયાન એ વાતની પુષ્ટિ થઇ હતી કે પવારે કામ પૂર્ણ કરવા માટે ૪૦ હજાર રૂપિયાની લાંચ માગી હતી.

છેલ્લા પાનાનું ચાલુ

### ત્રણ દાયકા પછીય

ભાષણમાં કર્યો હતો. હિંદુત્વનો ઢોંગ કરનારા ભાજપ કરતા તો કૉંગ્રેસ સારી એવું બોલતા ઉદ્ધવે કહ્યું હતું કે કૉંગ્રેસે પણ શિવસેના ફોડી હતી પણ તેઓએ કોઈ દિવસ અમારો આટલો છળ કર્યો નહોતો. ખોટું બોલી નથી.

પોતાના ભાષણને સમાપ્ત કરતા પહેલા ભાવુક બની ગયેલા ઉદ્ધવ શિવસૈનિકોને અપીલ કરી હતી કે જો શિવસૈનિકોને તેના પર ભરોસો ન હોય તો તેઓ પક્ષના નેતા પદેથી રાજીનામું આપી દેવા તૈયાર છે. જો કોઈ શિવસૈનિક પક્ષનું નેતૃત્વ સ્વીકારવા તૈયાર હોય તો તેઓ હટવા તૈયાર છે.

### ટાઈગર અકેલા

શકે. શિવસેનાને પહેલા રાષ્ટ્રવાદીએ ફોડી અને બાદમાં કૉંગ્રેસે. શિવસેનાને જે વ્યક્તિ ભૂલી એ રાજકારણમાં ખલાસ થઇ સમજો. પક્ષ એટલે શિવસૈનિકો, તેમના જોર પર આપણે ચૂંટાઇ આવીએ છીએ. ચૂંટણી આવે એટલે આપણે કાર્યકર્તાઓ લાડ લડાવીએ છીએ, પણ બાદમાં તેમને આપણે નજરઅંદાજ કરીએ છીએ. કાર્યકર્તાઓ જ આપણો પ્રચાર કરે છે અને મહત્ત્વનો ફાળો આપે છે, તેમને આપણે ભૂલવું ન જોઇએ, એમ તેમણે કહ્યું હતું.

# વીક એન્ડ

સ્પોર્ટ્સમૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

## વર્લ્ડ કપ આવે એટલે ભારતમાં ફૂટબૉલ ફીવર ચરમસીમાએ...

### અગાઉ કરતાં વધુ રાજ્યોમાં સૉકર રમાય છે, સરકાર અને ફૂટબૉલ ફેડરેશને પાયાના સ્તરની તાલીમ અને સવલતો વિશે ૨૦૪૭ સુધીનો રોડમૅપ તૈયાર કર્યો છે

અમેરિકા, કૅનેડા અને મેક્સિકોમાં ફૂટબૉલનો મહોત્સવ ચાલી રહ્યો છે અને એનો લહાવો આખી દુનિયા લઈ રહી છે. ભારત પણ એમાંથી બાકાત નથી. ભારતમાં ફૂટબૉલનો ક્રેઝ અગાઉ કરતાં વધુ છે, પરંતુ દર ચાર વર્ષે ફિફા વર્લ્ડ કપ રમાય ત્યારે સવા-દોઢ મહિનો ભારતમાં અને દેશના કરોડો ખેલકૂદપ્રેમીઓમાં ક્રિકેટ નંબર-ટૂ થઈ જાય છે અને ફાઇનલ સુધી સૌના દિલોદિમાગ પર ફૂટબૉલનો જાદુ છવાયેલો રહે છે.

ભારતમાં ૧૦-૧૫ વર્ષ અગાઉ ફૂટબૉલની જે ઘેલછા હતી એની સરખામણીમાં અત્યારે ઘણી વધુ છે. એટલે જ તો ભારતમાં આ વિશ્વ કપનું સીધું પ્રસારણ થશે કે નહીં એ વિશે અનેક લોકોમાં ઉત્સુકતા હતી અને છેવટે ઝી ગ્રૂપની યુનાઇટ-૮ સ્પોર્ટ્સ ચૅનલે સૌને ફૂટબૉલમય કરી દીધા છે.

ભારતમાં ક્રિકેટનો ક્રેઝ સર્વોપરી છે અને ફૂટબૉલ સહિતની બીજી રમતો ઘણી પાછળ છે. જોકે ફિફા વર્લ્ડ કપની વાત જ જુદી છે. મોટી ઉંમરના લોકોમાં બહુ ઓછા લોકોને આ રમત પ્રિય હશે, જ્યારે પ્રૌઢ વયના લોકો (ખાસ કરીને પુરુષો)ને ખાસ તો ફિફા વર્લ્ડ કપ સાથે લેવાદેવા હોય છે, પરંતુ યુવા વર્ગ (વિશેષ કરીને ઝેન-ઝી)ને ફૂટબૉલની રમતના નિયમો, પ્રોફેશનલ લીગના સ્ટાર ખેલાડીઓ અને ટોચની ટીમો વિશે રજેરજ જાણકારી હોય છે. મોટા ભાગની કૉન્વેન્ટ અને ઇંગ્લિશ મીડિયમ સ્કૂલોમાં ક્રિકેટ કરતાં ફૂટબૉલ રમવામાં વિદ્યાર્થીઓને વધુ રસ હોય છે.




કોલકાતાના એક વિસ્તારમાં મેસી, રોનાલ્ડો અને નેમારના કટઆઉટ રાખવામાં આવ્યા છે. વર્લ્ડ કપ દરમ્યાન ભારતમાં ફૂટબૉલનો ક્રેઝ આ રમતના મોટા દેશ જેવો જ હોય છે એનો આ પુરાવો છે.



### ભારતનો સુનીલ છેત્રી છે રોનાલ્ડો-મેસી પછી ત્રીજા નંબરે!

ફૂટબૉલમાં ભારત હાલમાં ભલે છેક ૧૩૮મી રૅન્ક પર છે, પણ ભારતીય ફૂટબોલર સુનીલ છેત્રીનું નામ એક રેકૉર્ડ-બુકમાં સુપરસ્ટાર ખેલાડીઓ ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને લિયોનેલ મેસી પછી છે. વાત એવી છે કે હાલમાં ફૂટબૉલની રમતમાં સક્રિય હોય એવા ટોચના ગોલ-સ્કોરર ખેલાડીઓમાં પોર્ટુગલનો ક્રિસ્ટિયાનો રોનાલ્ડો ૧૪૩ ગોલ સાથે મોખરે છે. આર્જેન્ટિનાનો લિયોનેલ મેસી (૧૨૦) બીજા ક્રમે અને ઇરાનનો અલી ડાઇ (૯૫) ત્રીજા ક્રમે છે. ચોથા ક્રમે ભારતનો સુનીલ છેત્રી છે જેણે આંતરરાષ્ટ્રીય મૅચોમાં કુલ ૯૫ ગોલ કર્યા છે. આ રેકૉર્ડ-બુકમાં બેલ્જિયમના રૉમેલો લુકાકુ, પોલૅન્ડના રોબર્ટ લેવાન્ડૉવ્સ્કી તેમ જ ઇંગ્લૅન્ડના કૅપ્ટન હૅરી કેનનું નામ સુનીલ છેત્રી પછી લખાયું છે.

### ભારતમાં ફૂટબૉલ કયા તબક્કે?

ભારતમાં દાયકાઓથી ફૂટબૉલની રમત ખાસ કરીને કેરલમ, ગોવા, પશ્ચિમ બંગાળ તેમ જ ઇશાન ભારતનાં કેટલાંક રાજ્યોમાં જ લોકપ્રિય રહી છે. જોકે ધીમે-ધીમે મહારાષ્ટ્ર, કર્ણાટક વગેરે રાજ્યોના લોકોમાં પણ વિશ્વની આ સૌથી લોકપ્રિય રમતનો ફેલાવો વધી રહ્યો છે.

ઇન્ડિયન સુપર લીગ (આઇએસએલ) ભારતની સૌથી મોટી ફૂટબૉલ ટૂર્નામેન્ટ છે. તાજેતરમાં જ ઈસ્ટ બેંગાલે પહેલી વખત આઇએસએલની ટ્રોફી જીતી લીધી હતી. સ્પેનમાં જન્મેલા યૉસેફ એઝેઝારીએ આ ટૂર્નામેન્ટમાં સૌથી વધુ ૧૧ ગોલ કર્યા હતા.

ઑલ ઇન્ડિયા ફૂટબૉલ ફેડરેશન (એઆઇએફએફ) પાયાના સ્તરેથી બાળકો અને ટીનેજરોને ફૂટબૉલની તાલીમ અપાવવા સહિતના કાર્યક્રમો યોજે છે જેને લીધે દેશમાં ફૂટબૉલને ફેલાવો મળી રહ્યો છે. એ ઉપરાંત, દેશભરમાં ઠેકઠેકાણે ફૂટબૉલની ઍકેડમી ખૂલી રહી છે, નવા સ્ટેડિયમો પણ બની રહ્યા છે અને તાલીમ માટેની સવલતો પણ સરકાર તરફથી આપવામાં આવી રહી છે. કેન્દ્ર સરકારના અન્ય મોટા પ્રકલ્પોની માફક એઆઇએફએફનો પણ ૨૦૪૭ની સાલ સુધીનો લાંબા સમયકાળનો રોડમેપ બની રહ્યો છે. ૨૧ વર્ષના આ વિશાળ કાર્યક્રમમાં વાર્ષિક સ્તરે યુવા વર્ગ માટે વધુ લીગ ટૂર્નામેન્ટો યોજવામાં આવશે, આંતરરાષ્ટ્રીય કક્ષાની તાલીમ આપવામાં આવશે અને બીજા ઘણા નવા પ્રકલ્પો પર વિચાર કરવામાં આવશે.

એક સારો સંકેત એ છે કે ભારતમાં ફૂટબૉલની રમત હવે બે-ચાર રાજ્યો પૂરતી મર્યાદિત નથી રહી. આઇએસએલમાં ઇસ્ટ બેંગાલે પહેલી વખત ટાઇટલ જીતી લીધું એ સાથે અન્ય ટીમોમાં પણ આશા જાગી છે. આઇએસએલને આવનારાં વર્ષોમાં વધુ સ્પર્ધાત્મક બનાવવી પડશે કે જેથી આ રમત વિશ્વ સ્તરના ખેલાડીઓ ફૂટબૉલ જગતને આપી શકે. ભારત ભલે ફૂટબૉલમાં આર્જેન્ટિના, બ્રાઝિલ, ફ્રાન્સ કે સ્પેન જેવો માતબર દેશ નહીં બની શકે, પરંતુ એશિયન જાયન્ટ્સ જાપાન, સાઉથ કોરિયા, ઇરાન તથા સઉદી અરેબિયાની હરોળમાં તો આવી જ શકે.

જોકે ક્રિકેટ હજી પણ ભારતમાં નંબર-વન સ્પોર્ટ છે અને દાયકાઓ સુધી રહેશે. હા, સાથોસાથ ફૂટબૉલનો ક્રેઝ પણ વધશે એમાં બેમત નથી. ભારતમાં પાયાના સ્તરે ફૂટબૉલની તાલીમ અપાવતી સંસ્થાઓ આ રમતના મોટા દેશો જેવી તાલીમ આપતી થશે ત્યારે ભારતીય ફૂટબૉલનો વિશ્વ સ્તરે ડંકો વાગશે. પ્રોફેશનલ સ્તરે તકો મર્યાદિત હોવાથી ઘણા ટૅલન્ટેડ ખેલાડીઓ આ રમત છોડીને અન્ય રમત તરફ વળી જતા હોય છે.

### પીએમ મોદીની નજરે ભારત-ફ્રાન્સ ફૂટબૉલ કનેક્શન

વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ અઠવાડિયે ફ્રાન્સના પ્રવાસે ગયા હતા જ્યાં તેમણે પ્રવાસના અંત ભાગમાં ખાસ કરીને ફૂટબૉલની રમતનો ઉલ્લેખ કર્યો હતો. ફૂટબૉલનો મેગા રમતોત્સવ ચાલી રહ્યો છે અને એ અવસરે પીએમ મોદીએ પ્રવચનમાં કહ્યું, 'મારે તમને એક ખાસ કનેક્શનની વાત કરવી છે. એ સંબંધો ફૂટબૉલના છે. ભારતમાં અત્યારે ફૂટબૉલ ફીવર સર્વોત્તમ ઊંચાઈએ છે. ફ્રાન્સમાં જ્યાં જુઓ ત્યાં ફૂટબૉલની જ ચર્ચા છે, પરંતુ ભારતમાં પણ અઠવાડિયાથી ફૂટબૉલની બોલબાલા છે. ભારતમાં ફ્રેન્ચ ફૂટબૉલ ટીમના અસંખ્ય ચાહકો છે. ફ્રાન્સે આ વખતના વર્લ્ડ કપમાં વિજયી શરૂઆત કરી છે, જેમાં ફ્રાન્સે સેનેગલને ૩-૧થી હરાવ્યું હતું.'

### આઝાદ ભારતની પ્રથમ ફૂટબૉલ મૅચ ફ્રાન્સ સામે હતી!

૧૯૪૮ની ૩૧મી જુલાઈએ ભારત પોતાની સૌપ્રથમ સત્તાવાર ફૂટબૉલ મૅચ રમ્યું હતું. એ મૅચ ફ્રાન્સ સામે રમાઈ હતી. ભારતીય ખેલાડીઓ એ મૅચ ઉઘાડા પગે રમ્યા હતા અને એમ છતાં તેમણે ફ્રાન્સના ખેલાડીઓને સારી એવી ટક્કર આપી હતી. ભારતીય ટીમ એ મૅચ ૧-૨થી હારી ગઈ હતી, પરંતુ ભારતીય ખેલાડીઓ મેદાન પરથી પાછા આવી રહ્યા હતા ત્યારે પ્રેક્ષકોએ ઊભા થઈને તેમનું બહુમાન કર્યું હતું. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## ગાઈરેન્ગર - નોર્વેની ઓળખ બની ગયેલું ફ્યોર્ડ...

એકવાર ઓસ્લો પાર કરો પછી નોર્વેમાં જો રોડ ટ્રિપ કરી હોય તો દિવસનો ઘણો હિસ્સો એક ફેરીથી બીજી ફેરી વચ્ચેના રસ્તામાં નીકળે. કાં તો તમે ફ્યોર્ડની બાજુમાં હોવ, અથવા તેની ઉપર. ફેરીનો ઉપરનો હિસ્સો હંમેશાં કોઈ આધુનિક ક્રૂઝના રેસ્ટોરાંથી કમ ન હતો. તેમાં શાંતિથી બેસીને કોફી કે ડ્રિંક અને નાસ્તો પણ મળી જતો. જોકે આ ફેરી તો બસ કે ટ્રેનની જેમ રેગ્યુલર ચાલતી જ, ખ્યાતનામ ફ્યોર્ડ પર સ્પેશિયલ ટૂરિસ્ટ બોટ્સ અને ક્રૂઝ પણ જોવા મળી જ જતાં હતાં. હજી સુધી અમને એ મોકો હાથ લાગ્યો ન હતો. મોટાભાગે જ્યારે મોકો મળતો ત્યારે અમે આખી ગાડી જ બોટ પર લઈને ચઢી જતાં અને અત્યાર સુધીમાં ઘણા દિવસો જરા વરસાદીયું વાતાવરણ પણ રહેલું. સારા, ખુલ્લા, બ્લુ આકાશ નીચે કોઈ ટૂરિસ્ટિક બોટ પર બહાર ઊભાં રહીને વ્યૂની વચ્ચે પાણી પર સરકવાનું પણ અમારા પ્લાનમાં હતું જ. તેના માટે અમારે ગાઇરેન્ગર ફ્યોર્ડ તરફ જવાનું હતું.

સ્ત્રિનથી નીકળીને અમે પહેલાં તો એક ફ્રૂટના ઠેલા પર રોકાયાં. મોટાભાગના યુરોપની જેમ અહીં પણ જાતે બેરી કે બીજાં ફળોની છાબ લઈને જાતે જ પૈસા આપીને નીકળી જવાનું હતું. તેમાં બધે કાર્ડ ન ચાલતાં. અમે મોટાભાગે ક્રેડિટ કાર્ડથી કામ ચલાવતાં. એવામાં નોર્વેજિયન ક્રોનાને કેશમાં કાઢવાની જરૂર જ નહોતી પડી. આ બૂથ પર તાજી નોર્વેજિયન ફાર્મમાં ઊગેલી સ્ટ્રોબેરી જોઈને અમને કેશની જરૂર વર્તાવા લાગી. તે સમયે આસપાસમાં દૂર દૂર સુધી એટીએમ દેખાતું ન હતું. નકશા પર જે દેખાયું ત્યાં સુધી પહોંચવામાં અમારા આખા દિવસનો પ્લાન પડી ભાંગે તેવું હતું. આસપાસમાં ચકલુંય ફરકતું દેખાતું ન હતું. એવામાં અમે ક્રોનામાં જે કિંમત હતી તે જ કિંમતના આશરે યુરો કનવર્ટ કરીને યુરોના સિક્કા મૂકીને સ્ટ્રોબેરી લીધી. ટૂરિસ્ટ આવું ક્યાંક તો કરતાં જ હશે. વળી અમે કિંમત તો ચૂકવી જ હતી, એટલે સ્ટ્રોબેરી શાનથી લઈને ત્યાંથી નીકળ્યાં અને એક ચિઠ્ઠીમાં આવી ઉજ્જડ જગ્યા પર મજેદાર બેરી રાખવા માટે આભાર પણ માન્યો.









નોર્વેમાં આમ તો બારેમાસ ઠંડક હોય જ છે. એવામાં ત્યાં ફ્રૂટ ઊગે છે એ વાત ઓલરેડી નવાઈ લગાડે તેવી હતી. ત્યાંની ક્રોપ સાઇકલ સાવ ટૂંકી રહેતી હોવી જોઈએ. અમે અત્યાર સુધીમાં ત્યાં સુપરમાર્કેટમાંથી કેળાં, બેરીઝ અને બ્રેડ ખરીદતાં. બાકીનાં યુરોપની જેમ અહીં પણ કેળાં તો સેન્ટ્રલ અમેરિકાથી જ આવતાં, પણ બેરી અને ટામેટાં અહીં સ્થાનિક ખેતરોમાં દેખાઈ રહ્યાં હતાં. સફરજન અને નાસપતીનાં વૃક્ષો પણ હતાં જ. બાકી અહીં ફળોમાં બીજું કશું નજરે પડતું નહીં. અમે જ્યારે પણ કોઈ બેરીનું બૂથ દેખાતું ત્યાં રોકાઈને ઉજાણી કરી જ લેતાં.

સ્ટ્રોબેરી ખલાસ થાય તે પહેલાં ગાઇરેન્ગર આવી ગયું. તેના અલગ અલગ સ્ટેજ પરથી ફોટા પડ્યા. પહેલી વાર એકદમ ઊંચા પહાડથી આ ખ્યાતનામ ફ્યોર્ડ દેખાયેલું. તે પછી નીચે ઝિગઝેગ રસ્તા પર ઠેરઠેર ફોટો પોઈન્ટ માટે પાર્કિંગ બનાવેલાં હતાં. અને રસ્તામાં ભલે અમને ખાસ કોઈ જોવા ન મળ્યું હોય, ત્યાં ફોટો પોઈન્ટ પર પેનોરમા વ્યૂ જોવા માટે જમા થયેલાં લોકોની કોઈ કમી ન હતી. એ રસ્તા પર વળાંકો જરા વિચિત્ર અને થોડા ખતરનાક હતા અને ટૂરિસ્ટ બસોની અવરજવર જરા વધુપડતી હતી. એવામાં એકાદ બસ ડ્રાઇવરે તો અમને ગાળો પણ આપી હોય તેવું લાગ્યું, પણ ત્યાં ધીમે અને ધ્યાનથી ચલાવ્યા વિના છૂટકો જ ન હતો. ગાઈરેન્ગરનો આ વ્યૂ કદાચ નોર્વેનો સૌથી ખ્યાતનામ હોઈ શકે. જ્યારે નોર્થ આર્કટિક સર્કલ અને નોર્ધર્ન લાઇટ્સની વાત ન હોય તો, નોર્વેની ઓળખમાં જે યોર્ડની તસવીર વપરાય છે તે આ ગાઇરેન્ગર જ છે.

આ ફ્યોર્ડને કોઈએ બરાબર માપી તોલીને બનાવ્યું હોય તેવું સિમેટ્રિકલ હતું. ઉપરથી નીચે આવતાં અલગ અલગ લેવલ પરથી ફ્યોર્ડને જોયું અને નીચે આવીને કાર પાર્કિંગમાં મૂકી. નીચે તળેટીમાં ફ્યોર્ડ પર અમારે ટૂરિસ્ટ બોટ લેવાની હતી. પહેલી વાર કોઈ બોટ પર નોર્વેમાં ગાડી વિના ચઢી રહ્યાં હતાં. જરા અડવું અડવું લાગી રહ્યું હતું. આ બે કલાકની રાઉન્ડ ટ્રિપ કરાવતી ટૂરમાં ગાઇરેન્ગરની આસપાસની હિલ્સમાં ગોઠવાયેલા જળધોધની મુલાકાત લેવાની હતી. તેના માટે બોટ પર ઓડિયો ગાઈડ પણ ચાલુ જ હતી. જોકે ઓડિયો ક્વોલિટી વધુ મજા આવે તેવી ન હતી. એના કરતાં તો જાતે વાંચનથી જળધોધ વધુ સરળતાથી ઓળખી શકાતા હતાં. ક્યાંક સેવન સિસ્ટર્સ અને ક્યાંક બ્રાઇડ્સ વેઇલ, મોટાભાગના જળધોધનાં નામ તો ટિપિકલ જ હતાં. જ્યાં પણ જુઓ ત્યાં દરેક હિલ પર જળધોધનો અણસાર તો આવી જ જતો હતો. અહીં દરેક વોટરફોલનું તેનું આગવું નામ, તેની પાછળનું લોજિક, પણ સાવ સરળ લાગતું હતું. હવે ભારતમાં સાઉથમાં દૂધસાગર જળધોધ છે જ ને, જ્યાં ફીણના કારણે પાણી રીતસર દૂધ જેવું સફેદ લાગતું હોય. અહીં પણ દરેક જળધોધને તેના પ્લેસમેન્ટના આધારે નામ આપવામાં આવ્યાં હતાં. બરાબર બ્રાઇડની સાથે મેળ ખાય તેવો નજીકનો એકલો જળધોધ તેના વરરાજાની માફક 'ધ સૂટર' નામે ઓળખાય છે.

અહીં હાઇ અલ્ટિટ્યુડ ફાર્મિંગ પણ થાય છે, જ્યાં ટેકરીઓ પર ઘેટાં ચરાવવા સાથે ખેડૂતો એક-બે પાક પણ વાવી જ દે છે. આખું ફ્યોર્ડ ૧૫ કિલોમીટર લાંબું છે. અમે મજાથી ડેક પર ફ્યોર્ડની હવાનો આનંદ પણ લઈ લીધો. તે સમયે તો અમને ઢોળાવો પર માત્ર ઘેંટાં જ દેખાયેલાં, પણ ઠંડીમાં, સ્નોમાં ત્યાં પોલર બેર દેખાતાં હોવાની પણ વાત હતી. આ ફ્યોર્ડના જ નામથી જાણીતું ત્યાંનું તળેટીનું ગામ ગાઇરેન્ગર જ્યારે પાછું આવ્યું ત્યારે અમારા દિવસનો પણ અંત આવી રહ્યો હતો. હવે તે રાતના ઘર સુધી જવા માટે ફરી એક ફેરી લેવાની હતી. ■

# અભિનય



## એક આગવી રહસ્ય કથા

ટીના દોશી

ગૌતમનો ગુસ્સો સાતમા આસમાને આંબી ગયો. ક્રોધનો પારો ઊંચે ને ઊંચે ચડ્યો. દાંત કચકચાવ્યા એણે. એના હાથની મુઠ્ઠીઓ વળી ગઈ. જડબાં તંગ થયાં. નસકોરાં ફૂલી ગયાં. ભ્રુકુટી ખેંચાઈ. કપાળમાં નસો ઊપસી આવી. પોતે જે જોયું હતું એ કેમે કરીને માની શકાય એમ નહોતું. મંજરીને એ શું માનતો હતો ને એ શું નીકળી! પોતે એને પતિવ્રતા માનતો રહ્યો ને એ પાપિણી નીકળી. પોતે એને સતી માનતો રહ્યો ને એ શંખિણી નીકળી. કુ...છિ... વ્યભિ...ગૌતમના મનમાં મંજરીના સંદર્ભમાં કલ્પના ય ન કરી શકાય એવા ઘણા અપશબ્દો ઊગ્યા ને આથમી ગયા. પાંચ પાંચ વર્ષનાં લગ્નજીવન પછી આ દા'ડો જોવાનો આવશે એવું તો ધાર્યું જ ક્યાંથી હોય?

હું ગૌતમ ખરો, પણ ગૌતમ ઋષિ હોવાનો દાવો નથી કરતો, પણ એ તો અહલ્યા જ નીકળી! પીઠ પાછળ રંગરાગ... અરે, મંજરી આટલી હદે નીચે ઊતરી શકે એવો વિચાર તો દૂર દૂર સુધી ય ન હોય. ક્યાંથી હોય! કેટલું સુખી જોડું છે પોતાનું. સારસબેલડી જેવું. હંસોની જોડ જેવું. નજરાઈ જાય એવું. મિત્રો મશ્કરીમાં કહેતા કે, તારા દાંપત્યજીવનને કાળું ટીલું કરી લેજે. એમાં કોઈ અતિશયોક્તિ નહોતી. પોતાનું અને મંજરીનું જોડકું ખરેખર ઈર્ષ્યા ઉપજાવે એવું જ હતું.

મંજરી...નામ લેતાં જ મોંમાં મીઠાશ ઘોળાઈ ગઈ. ગૌતમને આંબે મોર બેઠો હોય એવી લાગણી થઈ. મનનો મોરલો ટહુકવા માંડ્યો. સૌંદર્યમૂર્તિ કે પછી અપ્સરા જેવી એમ તો નહીં કહું, પણ નજર હટાવી ન શકાય એવો આકર્ષક નાકનકશો છે મંજરીનો. મોહક નેણ. નયનબાણ ચલાવીને ઘાયલ કરનારની કથાઓ સાંભળી છે, પણ મંજરીની વિશાળ કાળી આંખોએ એવો અનુભવ કરાવ્યો. મંજરી પલક ઝુકાવે ત્યારે હૃદય એક થડકારો ચૂકી જાય. રગોમાં ફરતું લોહી ઉછાળા મારવા માંડે. દિલની ધડકનો થંભી જાય. મનમોહક દૂધિયો વાન. કાળા ભમ્મર વાળ.. ઉપલા હોઠને છેડે નાનકડો બદામી તલ ચહેરાની સુંદરતા નિખારે. ભલે વિશ્વસુંદરી નહીં, પણ મારા હૃદયની રાણી છે રાણી.

ના, રાણી હતી. હવે નહીં. સચ્ચાઈ સામે આવ્યા પછી તો નહીં જ. આમ તો કોઈ મંજરી વિશે એલફેલ કહે તો માનું નહીં. મંજરીની ચાલ, ચહેરા ને ચરિત્ર અંગે કોઈ ગમે તેટલું કહે તોય ન જ માનું. ક્યાંથી માનું? પાંચ વર્ષમાં મંજરીએ એવી શંકા કરવાનું કોઈ કારણ પણ નથી આપ્યું. પણ લોકો તો ઈર્ષ્યાળુ હોય છે. બીજાનું સુખ એમનાથી જોવાતું નથી. એટલે ઉશ્કેરે ને કાનભંભેરણી પણ કરે. એકાદ વાર કોઈકે કદાચ કંઈ ઘસાતું કહેલું પણ ખરું, પણ પોતે ન માન્યો. એક કાને સાંભળીને બીજા કાને કાઢી નાખ્યું. પણ આજે સગ્ગી આંખે પોતે જે જોયું એનું શું?

ગૌતમની નજર સામેથી એ દૃશ્ય કેમે કરીને ખસતું નહોતું. સવાર તો રાબેતા મુજબની જ હતી. મંજરી દરવાજા સુધી રોજની જેમ જ મીઠી મુસ્કાન સાથે વળાવવા આવેલી. મધુર મલકાટ સાથે પોતે ઘરની બહાર નીકળેલો. પણ ઓફિસે જઈને યાદ આવ્યું કે પોતે અગત્યનો દસ્તાવેજ ઘેર ભૂલી ગયો છે. એટલે કલાકેકમાં જ એ ઘેર પાછો ફર્યો. જોયું તો દરવાજે તાળું. મંજરીએ કદાચ અચાનક બહાર જવું પડ્યું હશે એમ ધારીને ગૌતમે પોતાની ચાવીથી તાળું ખોલ્યું. નાનકડો કોરિડોર વટાવીને દીવાનખંડમાં આવ્યો. જમણી બાજુના વળાંકે રસોડું હતું. ડાબી બાજુ બે શયનખંડ. એમાંનો એક ગેસ્ટરૂમ. ગૌતમ પોતાના શયનકક્ષમાં ગયો. મંજરીને સેલ પર ફોન કરવાનું વિચાર્યું, પણ પછી એ વિચાર પડતો મૂક્યો. પોતે દસ્તાવેજ લઈને નીકળી જશે. નાહક મંજરીને દોડાવવાની જરૂર નથી. કોઈ કામ હશે તો જ ગઈ હશેને!

સામાન્યપણે ઘરમાં કોઈ પણ ચીજની જરૂર હોય તો ગૌતમ મંજરીને કહે એની બીજી પળે એ વસ્તુ હાજર થઇ જતી. ઘરની ચીજવસ્તુઓ પણ મંજરીના હાથ, એના સ્પર્શથી ટેવાયેલી હતી. થતું એવું કે ગૌતમ કોઈ ચીજ શોધવા પ્રયત્ન કરે, ખાંખાંખોળાં કરે તોય એને જડે જ નહીં. મંજરીને કહે તો પટ દઈને હાજર થઇ જાય. જાણે મંજરી સાદ કરે અને પેલી ચીજ સામેથી દોડતી આવી હોય. એથી ગૌતમ ઘરના કબાટ કે અલમારી અને અન્ય કેબિનેટને ખોલતો જ નહીં. બધા દર્દોની એક દવા જેવી મંજરીને કહે એટલે કામ થઇ ગયું સમજો. પણ અત્યારે મંજરી ઘેર નહોતી. પોતે જ પેલો દસ્તાવેજ શોધવો પડે એમ હતો. ગઈ કાલે મંજરીને આપેલો. એણે સાચવીને કોઈ કબાટમાં મૂક્યો હશે. એક કબાટમાં તો કપડાં જ રહેતાં, એટલે ગૌતમે સીધી બીજી અલમારી જ ખોલી. અલમારીના ડ્રોઅરમાં દસ્તાવેજ હોવો જોઈએ. ગૌતમે ડ્રોઅર ખોલ્યું. દસ્તાવેજ ઉપરના ભાગમાં જ હતો. એણે તરત જ એ દસ્તાવેજ લઇ લીધો.

ગૌતમ ડ્રોઅર બંધ કરવા જતો હતો, પણ એમાં પડેલા લાલ બાંધણીના બટવાએ એનું ધ્યાન ખેંચ્યું. અગાઉ આ બટવો જોયો હોય એવું યાદ ન આવ્યું. બટવા પર ઝીણા ઝીણા આભલા ટાંકેલા, કિનારી પર શ્વેત મોતી ગૂંથેલા. બટવાની ડોરી સોનેરી હતી. ઓફિસે પાછા ફરવાની ઉતાવળ હોવા છતાં ગૌતમ એ રેશમી મુલાયમ બટવો હાથમાં લીધા વિના ન રહી શક્યો. બટવાનું મોં ખુલ્લું હતું. એટલે ગૌતમે જેવો બટવો ઉપાડ્યો કે એમાંથી આછા ગુલાબી રંગનો કાગળ નીચે સરી પડ્યો. ગૌતમે કાગળ ઉપાડ્યો. વાંચ્યો અને છળી ઊઠ્યો. મંજરીના પ્રેમમાં આકાશમાં વિહરતો ગૌતમ સીધો જ પાતાળમાં પટકાયો. કરંડિયામાંથી કાળોતરો નીકળેલો ને જાણે ફૂંફાડા મારી રહેલો!

એ ગુલાબી કાગળ એક પ્રેમપત્ર હતો. એ કોઈએ પણ લખ્યો હોય, પોતે નહોતો લખ્યો એ હકીકત હતી. ગૌતમે ફરી પત્ર પર નજર કરી. ઉપર નામ નહીં ને નીચે પણ નામ નહીં. સંબોધનને ઠેકાણે પ્રિયે અને લિખિતંગમાં તીરથી ઘવાયેલું હૃદય. અફસોસ એ વાતનો હતો કે એ ઘાયલ હૃદય પોતાનું નહોતું. એનો અર્થ એમ થયો કે મંજરી કોઈ બીજાને પ્રેમ કરતી હતી અને પોતાની સાથે પ્રેમનો અભિનય કરી રહેલી. શું આ હતી મંજરીની સચ્ચાઈ...મંજરીનું સાચું સ્વરૂપ?

ગૌતમે પત્ર વાંચ્યો. એક વાર, બે વાર, ત્રણ વાર....વારંવાર. પત્રમાં લખેલું, પ્રિયે, હવે ઝાઝો વિરહ નહીં વેઠાય. પ્રતીક્ષાની પરાકાષ્ઠા આવી ગઈ છે. ક્યારે મને આવીને મળે છે? હું સાગર નહીં, પણ મહાસાગર છું. તું એક ઊછળતી, કૂદતી, નાચતી ખળખળ વહેતી સરિતા. તારે જેટલું વહેવું હોય એટલું વહી કે, પણ અંતે તો તારે મારામાં જ સમાવાનું છે. એ જ તારું નસીબ છે અને નિયતિ પણ. ફૂલથી પતંગ અને ભ્રમર, બેય વધુ સમય દૂર રહી શકતાં નથી. તારા જીવનનું પતંગિયું કોણ છે અને ભમરો કોણ છે એ તું જાણે જ છે. બેમાંથી એકની પસંદગી પણ તેં કરી જ લીધી છે. તો રાહ કોની જુએ છે? ઝડપથી આવી જા મારી પાસે.... અને હા, જોજે આ પત્ર પાછો પેલાના હાથે ન ચડે.

અચાનક આંખોમાં બળતરા થવા લાગી. ગૌતમે આંખો મીંચી દીધી. પત્રનો એક એક અક્ષર કુહાડો બનીને શરીર પર ઘા કરી રહેલો. ઘામાંથી લોહી વહેવા લાગ્યું. શરીરની સાથે મન પણ લોહીલુહાણ થઇ ગયું. શું ખરેખર મંજરી કોઈ બીજાને પ્રેમ કરતી હશે? અને પોતાની સાથે પ્રેમની રમત? પોતે એક પ્યાદું હોય એવી અનુભૂતિ એને થઇ. શયનકક્ષથી દીવાનખંડ સુધી પહોંચતાં તો ઠેસ વાગી હોય એમ ગૌતમ ગડથોલિયું ખાઈ ગયો. પણ તરત જ સ્વસ્થતા ધારણ કરી લીધી. મંજરી સાથે વાત કરવી જ પડશે. ખબર નહીં આ બધું ક્યારથી ચાલતું હશે? લગ્ન પહેલાંથી કે પછીથી...

ગૌતમની વિચારશ્રૃંખલા દરવાજામાં ફરતી ચાવીના અવાજે અટકાવી. મંજરીએ ઘરમાં પ્રવેશ કર્યો. ગૌતમને જોઇને... એના હાથમાં ગુલાબી પત્ર જોઇને ચોંકી ગઈ. હવે ગૌતમે કોઈ સવાલ કરવાનો રહેતો નહોતો. પણ મંજરીએ જવાબ જરૂર આપવાનો હતો.

> **પત્રનો એક એક અક્ષર કુહાડો બનીને શરીર પર ઘા કરી રહેલો. ઘામાંથી લોહી વહેવા લાગ્યું. શરીરની સાથે મન પણ લોહીલુહાણ થઇ ગયું.**

મંજરી બોલી: 'અરે, ગૌતમ, તમે ક્યારે આવ્યા? આમ અચાનક આ સમયે?'

ગૌતમ કાંઈ જ ન બોલ્યો. માત્ર તાકી રહ્યો. અગનઝાળ નજરે. ઘડીક હાથમાંના ગુલાબી કાગળને અને ઘડીક મંજરીને!

મંજરી ફરી બોલી: 'હું થોડી ખરીદી કરવા ગયેલી. મને ખબર હોત કે તમે આમ આવી ચડશો તો...' પણ વાક્ય પૂરું ન કરી શકી. ગૌતમની આંખમાં સવાલની વણઝાર હતી. મંજરીને લાગ્યું કે એની આંખમાંથી અંગારા વરસી રહેલા!

મંજરીએ કપાળેથી પરસેવો લૂછ્યો. બદામી રંગના સોફા પર બેઠી. શાંતિથી બોલી: 'હું જાણું છું કે તમને આ પ્રેમપત્ર વિશે જાણવાની ઉત્સુકતા છે. એમાં શું છે એ મેં તો હજુ જોયું પણ નથી. મેં તમારાથી આ વાત છુપાવી હતી. કારણ કે એ છુપાવવી પડે એમ જ હતું. જો મેં તમને એના વિશે કહ્યું હોત તો રંજનાને આપેલાં વચનનો ભંગ થાત.' કહીને મંજરીએ ગૌતમ સામે જોયું. પણ ગૌતમનો ચહેરો ભાવશૂન્ય. મંજરીએ ગળગળા થઈને આગળ ચલાવ્યું:

'તમે મારી બધી સહેલીઓને ઓળખો છો, પણ રંજનાને નથી ઓળખતા. કદાચ એના વિશે મેં તમને કોઈ દિવસ કહ્યું પણ નહીં હોય. મારી શાળા સમયની સખી છે એ. થોડા દિવસ પહેલાં જ રસ્તામાં મળી. એ પણ આ જ શહેરમાં રહે છે એ મને ત્યારે જ ખબર પડી.. જોકે એ થોડી મૂંઝાયેલી જણાઈ. મેં પૂછ્યું ત્યારે રડી પડી. લગ્ન પછી એનો પગ કુંડાળામાં પડી ગયેલો. એના પ્રેમીએ એને બટવા સાથે પ્રેમપત્ર આપેલો. અચાનક એને શું સૂઝ્યું કે પ્રેમપત્ર સાથેનો બટવો મને પકડાવ્યો. સાચવવા આપ્યો. કહેવા લાગી કે એનો વર બહુ શંકાશીલ છે. એને ખબર પડશે તો લગ્નજીવનમાં ભંગાણ પડશે. રંજનાએ મને સોગંદ દીધા કે આ બાબત હું કોઈને કાંઈ જ ન કહું. એટલે જ મેં તમને આ પત્ર અંગે કાંઈ કહ્યું નહીં. સખીનો વિશ્વાસઘાત કેવી રીતે કરું?'

મંજરીની આંખમાં આંસુ આવી ગયાં: 'મને ખબર નહોતી ગૌતમ, કે એક પત્રથી તમારો મારા પરનો ભરોસો ઊઠી જશે. શું તમે તમારી મંજરીને એવી ધારી લીધી? હું બીજા કોઈની સાથે...છી.. તમે જ મારા સાગર છો ને સરિતા જેવી હું તમારામાં જ સમાઈ ગઈ છું. તમે મારા વિશે બીજો વિચાર પણ કેવી રીતે કરી શકો?'

'બસ, મને માફ કર...' ગૌતમની આંખોમાં પણ ઝળઝળિયાં આવ્યા. અશ્રુભીના સવારે બોલ્યો: 'મને સમજાતું નથી કે કયા મોઢે તારી માફી માગું. સાચું કહું? હું તને ખૂબ પ્રેમ કરું છું. આ પત્ર જોઇને મારા પર શું વીતી એનું વર્ણન પણ કરી શકું એમ નથી. થોડી વાર તો મને થયું કે મેં તને ગુમાવી દીધી છે. બીજું શું કહું? મેં તારા પર શંકા કરી. ભગવાન મને ક્યારેય માફ નહીં કરે. પણ તું તો માફ કર. મને એક વાર માફ કરી દે, બસ એક વાર...!'

'ગૌતમ, આ શું બોલો છો? આમ કહીને મને પાપમાં ન નાખો...' મંજરીએ પતિના મસ્તક પર હાથ ફેરવ્યો.: 'તમારો કોઈ વાંક નથી. તમારી જગ્યાએ કદાચ બીજું કોઈક હોત તો એ પણ તમારી જેવું જ વિચારત. હવે ભૂલી જાઓ. અને હા, ઓફિસે નથી જવું કે શું?'

વાવાઝોડું શમી ગયું. ગૌતમના મનમાં જાગેલો ઝંઝાવાત પણ. કાંઈ બન્યું જ નથી એમ એ ઓફિસે જવા નીકળી ગયો. મંજરીએ બારણું બંધ કર્યું. ઘરમાં કોઈ નહોતું છતાં દબાતે પગલે શયનખંડમાં આવી. એકાએક એનું સ્વરૂપ બદલાઈ ગયું. હોઠ પર ખંધું સ્મિત અને ચહેરા પર લુચ્ચાઈ તરવરવા લાગી. એણે સેલફોનમાં એક નંબર ડાયલ કર્યો. સામે છેડેથી ફોન રિસીવ થયો એટલે લુચ્ચું હાસ્ય કરતાં મંજરી વિજયપતાકા લહેરાવતાં બોલી:

'જાનુ, આજે તો પકડાઈ જ ગયેલી. આપણો ભાંડો ફૂટી જવાની અણી પર જ હતો, પણ કોલેજકાળનો અભિનય કામ લાગ્યો. મેં તને અગાઉ પણ કહેલું કે પ્રેમપત્ર નહીં લખતો. પણ તું ધરાર ન જ માન્યો. વળી બટવામાં મૂકીને આપ્યો. ગૌતમ કોઈ દિવસ અલમારી ખોલતો નથી. એટલે મેં તારો રેશમી પ્રેમપત્ર નચિંત થઈને અલમારીના ડ્રોઅરમાં મૂકેલો. પણ આજે જ એણે ડ્રોઅર ખોલ્યું. તારો પત્ર પણ વાંચ્યો. એને અચાનક આવેલો જોઇને બે ઘડી તો હું ગભરાઈ જ ગયેલી. પણ તારી સાથે રહીને હું પણ ચાલાક બની ગઈ છું. મેં તાત્કાલિક રંજના નામની કાલ્પનિક સહેલીની વાર્તા ઉપજાવી કાઢી. એ ડફોળ માની પણ ગયો. બાઘો નહીં તો... અને જાનુ, તું માનશે? બબૂચક ગૌતમે મારી માફી પણ માગી. મેં પણ ઉદાર દિલે એને માફ કર્યો. મજા પડી ને? હવે ફોન મૂકું છું. પાછા જલદી મળીએ છીએ...મળીએ ત્યારે કહેજે કે કેવો લાગ્યો મારો અભિનય?' કહીને મંજરીએ ફોન બંધ કર્યો.

વળતી પળે જ મંજરીના ચહેરા પરનું સ્મિત થીજી ગયું. એનો પોતાનો જ અવાજ સાંભળીને.'જાનુ, આજે તો પકડાઈ જ ગયેલી... મંજરી ગભરાઈને આમતેમ જોવા લાગી. પછી એકદમ પાછળ ફરી. શયનકક્ષના દ્વારમાં વચ્ચોવચ ગૌતમ ઊભેલો. એના હાથમાં રહેલા મોબાઈલમાંથી હજુ પણ મંજરીનો સ્વર રેલાઈ રહેલો: 'બબૂચક ગૌતમે મારી માફી પણ માગી...'

'તને નવાઈ લાગીને, મંજરી? હું તો ઓફિસે ચાલ્યો ગયેલો. તો અત્યારે અહીં ક્યાંથી?' ગૌતમે મંજરીની આંખમાં આંખ પરોવી. મંજરીએ ગુનાના બોજથી ભારે થયેલી પાંપણ ઝુકાવી દીધી. ગૌતમ કહેવા લાગ્યો:

હું ખરેખર બાઘો છું. ડફોળ અને બેવકૂફ પણ ખરો. સાચું કહું? મેં તારી વાત માની લીધેલી. તને આંધળો પ્રેમ કરતો હતો ને? રંજનાની, પ્રેમપત્રની.. સાચે જ તારી વાત મેં માની લીધેલી. પણ તારી વાત સાંભળતાં અચાનક મારા મનમાં ઝબકારો થયો. તેં કહેલું કે તેં તો જોયું પણ નથી કે એ પત્રમાં શું છે. છતાં તું બોલી કે 'તમે જ મારા સાગર છો ને સરિતા જેવી હું તમારામાં સમાઈ ગઈ છું.' આ પ્રકારનું વાક્ય તો પેલા પ્રેમપત્રમાં લખેલું છે. જો તેં ન વાંચ્યું હોય તો તને સાગર ને સરિતા અંગે બોલવાનું કેવી રીતે સૂઝ્યું? આ એક વાક્યે મને શંકા કરવા પ્રેર્યો. તને રંગે હાથ પકડવા તારી માફી માગવાનો અભિનય કર્યો. તું નિશ્ચિંત થઇ ગઈ. મને ખબર હતી કે મને બેવકૂફ બનાવ્યાની વાત તારા યારને કર્યા વિના તું નહીં રહી શકે. હું ઓફિસે જવા નીકળ્યો. પણ મારી ચાવીથી બારણું ઉઘાડીને પાછો ફર્યો. મારું અનુમાન સાચું નીકળ્યું. તેં તારા યાર પાસે ડંફાસ મારવાનું શરૂ કર્યું. મારા મોબાઈલનું રેકોર્ડર તો મેં ક્યારનું ચાલુ કરેલું. એટલે તેં જે બકવાસ કર્યો એ બધો મારા ફોનમાં રેકોર્ડ થઇ ગયો છે. તને બે દિવસમાં જ છૂટાછેડાના પેપર્સ મળી જશે. ચૂપચાપ સહી કરી દેજે. બાકી, કોર્ટમાં તારી આબરૂના લીરેલીરા ઊડશે.

એકશ્વાસે આટલું બોલીને ગૌતમ એક ક્ષણ રોકાયો. પછી જખમ પર નમક ભભરાવવાની અદાથી બોલ્યો: 'તારો અભિનય ખરેખર લાજવાબ હતો. કાબિલે દાદ! કોઈ પણ ભોળવાઈ જાય. પણ મારો અભિનય કેવો લાગ્યો એ નહીં કહે?'

મંજરી શું બોલે? ગૌતમ અભિનયમાં એક્કો પુરવાર થયેલો અને પોતે...ઢબુની ઢ!

**આવતા અઠવાડિયે નવી કથા**

# સ્થાપત્ય ને સમાજનો સંબંધ

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા feedback@bombaysamachar.com



સ્થાપત્ય અને સમાજનો સંબંધ અનેરો છે. કળાના અન્ય દરેક ક્ષેત્રની સરખામણીમાં સમાજ પર સ્થાપત્યનો પ્રભાવ ઘનિષ્ઠ તેમજ લાંબાગાળાનો હોય છે. સ્થાપત્ય અને સમાજ વચ્ચેનો સંબંધ આ બંનેને પરસ્પર ઘણી રીતે અસર કરે છે અને એકબીજાના વિકાસ માટે કારણ પણ બને છે. સ્થાપત્ય એ સમાજની જરૂરિયાત છે અને સમાજ એ સ્થાપત્યના વિકાસની મુખ્ય ભૂમિકા છે.

સ્થાપત્ય દ્વારા સમાજની જરૂરિયાતો પ્રતિબિંબિત થાય છે. કોઈપણ મકાનની રચનામાં તે વિસ્તારના લોકોની જીવનશૈલી, સાંસ્કૃતિક વારસો, આર્થિક સ્થિતિ અને સંપન્નતા, પરંપરાગત મૂલ્યો, વ્યક્તિગત તેમ જ સામાજિક અગ્રતાક્રમ, કળા માટેની સંવેદનશીલતા, પ્રવર્તમાન વલણ, પ્રાપ્ય સંસાધનો, પ્રાપ્ય તકનીકી જ્ઞાન જેવી વિવિધ વ્યક્તિગત તેમ જ સામાજિક બાબતો પ્રતિબિંબિત થાય. જે તે સમાજને સમજવા માટે સ્થાપત્યમાં પ્રતિબિંબિત થયેલી આ બાબતોની સમજ બહુ અગત્યની ગણાય. તેથી જો સ્થાપત્યને સમજવામાં આવે તો તત્કાલીન સમાજ વિશે ઘણી જાણકારી મળી શકે. સમાજની આ બધી બાબતો સ્થાપત્યને પ્રભાવિત કરે અને, સાથે સાથે એકવાર સ્થાપત્યનું સર્જન થઈ જાય પછી તેની રચના જીવનને અસર કરે. સ્થાપત્ય જેમ સમાજનું પ્રતિનિધિ છે અને પ્રતિબિંબ પણ છે.





સ્થાપત્ય એ જરૂરિયાતનું પરિણામ છે. આ જરૂરિયાત વ્યક્તિગત હોઈ શકે, સામાજિક હોઈ શકે, શ્રદ્ધા-લક્ષી હોઈ શકે, વહીવટ-લક્ષી હોઈ શકે કે આર્થિક બાબતોને આધારિત હોઈ શકે. વ્યક્તિગત જરૂરિયાતને આધારે આવાસ - રહેઠાણની રચના થાય. સામાજિક જરૂરિયાતોમાં શાળા, સામાજિક વ્યવહાર માટે વાડી, અસ્પતાલ, વૃદ્ધાશ્રમ, નાટ્યગૃહ જેવી બાબતોનો સમાવેશ થાય. શ્રદ્ધા-લક્ષી જરૂરિયાત અનુસાર મંદિર-મસ્જિદ-ચર્ચનું નિર્માણ થાય.

સમાજના યોગ્ય વહીવટ માટે પણ સરકારી મકાનોની જરૂરિયાત રહે. આ સાથે દુકાનો, મોલ, ફેક્ટરી, સ્ટેશન, હવાઈમથક વગેરે રચના તો ખરી જ. આ બધા વિના સમાજની કલ્પના મુશ્કેલ છે. આ બધા વિના સ્થાપત્યની કલ્પના પણ મુશ્કેલ છે.

સ્થાપત્યની કિલ્લા, દુર્ગ, વાવ, કુંડ, કીર્તિસ્તંભ મંદિર જેવી રચના સાંસ્કૃતિક ધરોહર ગણાય છે. સ્થાપત્ય જેમ સંસ્કૃતિ અને પરંપરાને વ્યક્ત કરે તેમ આધુનિકતાને - વૈશ્વિક શૈલીના પ્રભુત્વને પણ દર્શાવી શકે. સાંપ્રત સમયમાં જે વિશાળ ઓડિટોરિયમ, સ્ટેડિયમ, પ્રદર્શની, કન્વેન્શન હોલ જેવી રચના થાય છે તે સમાજની આધુનિકતા તરફની ગતિની નિશાની છે.

જો બંદર, હવાઈમથક, વિશાળ રેલ્વે-સ્ટેશન, ટર્મિનલ જેવી રચનાનું બાંધકામ વધુ થાય તો એમ કહી શકાય કે તે સમાજ તે બાબતોને લગતાં ક્ષેત્રમાં અગ્રેસર છે. શેનું બાંધકામ વધુ થઈ રહ્યું છે તેને આધારે સમાજ કઈ દિશામાં જઈ રહ્યો છે તે જાણી શકાય. સાથે સાથે એમ પણ કહી શકાય કે સમાજ જે દિશામાં જઈ રહ્યો હોય તે પ્રકારના બાંધકામને વેગ મળે. વાસ્તવિકતા એમ છે કે શરૂઆત કોઈ એક કારણથી થાય, પછી સમાજ અને સ્થાપત્ય એકબીજાના સહકાર અને સમન્વયથી તે દિશામાં આગળ વધે. પરસ્પરના સંજોગો પ્રમાણે સમાજ અને સ્થાપત્ય પોતાનો આકાર ધારણ કરે.

પર્યાવરણ બાબતે જો સમાજમાં જાગ્રતતા હોય તો ગ્રીન બિલ્ડિંગનું નિર્માણ વધુ થાય. સમાજમાં કરકસરની ભાવના પ્રવર્તમાન હોય તો ન્યૂનતમવાદી મકાનો વધુ બને. સમાજમાં ઊર્જાની બચત બાબતે સંવેદનશીલતા હોય તો મકાનમાં પરોક્ષ ઊર્જા વ્યવસ્થાને મહત્ત્વ અપાય. સમાજને જો ભવ્યતા માટે, ભપકા માટે, ચમકદમક માટે, પશ્ચિમી વિચારધારા માટે, કોમ્પ્યુટર વિજ્ઞાનની ઉપયોગિતા બાબતે, સંભવિત સ્માર્ટનેસ બાબતે કે જે તે કુદરતી પરિસ્થિતિ માટે લગાવ હોય તો, સામાન્ય રીતે, મકાનમાં તે બાબતોનું પ્રભુત્વ જોવા મળે. સમાજમાં જો આ બધી બાબતો માટે ગાંડપણ હોય તો સ્થાપત્યની રચનામાં પણ તે ગાંડપણ પ્રતીત થાય.

સમાજમાં ચોક્કસ પ્રકારનાં મૂલ્ય, વિચારધારા, અગ્રતાક્રમ, પસંદગી જેવી બાબતો વ્યવસ્થિત રીતે સ્થાપિત થયેલી હોય છે. સમાજમાં જે વાતનું ચલણ હોય તે વાત સ્થાપત્યમાં પ્રતિબિંબિત થાય જ. સ્થાપત્ય એ સમાજ અને સમાજની સ્થિતિનું નિરૂપણ છે. એમ કહી શકાય કે જે સ્થાપત્યમાં છે તે સમાજમાં છે અને જે સમાજમાં છે તે સ્થાપત્યમાં છે. એમ બની શકે કે ક્યારેક સ્થાનિક સ્થાપત્યની કોઈ રચના એલિયન જેવી લાગે, પણ તેની સ્વીકૃતિ પણ ત્યારે જ થઈ શકે કે જ્યારે સમાજ તે સ્વીકારવા તૈયાર હોય. સ્થાપત્યની રચના માટે સમાજની સ્વીકૃતિ જરૂરી છે. ચિત્રકળા કે શિલ્પકળાની જેમ અહીં 'મને ગમે છે એટલે કરીશ'ના ભાવ માટે સ્થાન નથી. સ્થાપત્ય અને આર્થિક વિકાસ વચ્ચે પણ એક તંદુરસ્ત સમીકરણ હોય છે. સમાજના ભવિષ્ય માટેની યોજનામાં પણ સ્થાપત્યને ગંભીરતાથી લેવામાં આવે છે.

સમાજનો પ્રભાવ સ્થાપત્યની મોટી મોટી બાબતોમાં જ હોય છે તેમ નથી હોતું. નાની નાની ડિઝાઇન, બારી-બારણાની રચના, ક્યાંક કરાતું કોતરણી, ફરસ પર લાદીની પેટર્ન, વિવિધ પ્રકારના આલેખન - આ બધી બાબતો પણ સમાજની જે તે માનસિકતાને રજૂ કરે છે. સ્થાપત્યની ઉપયોગીતા સમાજમાં પ્રવર્તમાન જીવનશૈલીની પેટર્નને આધારે નિર્ધારિત થાય. સ્થાપત્યમાં ઊભરતી દૃશ્ય અનુભૂતિ સમાજના વલણને આધારે નક્કી થાય. સ્થાપત્યની મજબૂતાઈ તથા સંભવિત આવરદા સમાજમાં તે સમયે પ્રાપ્ય સામગ્રી, તકનીક અને તકનીકી જ્ઞાનને આધારિત હોય.

અહીં એ સમજવાની જરૂર છે કે સ્થાપત્યમાં સમાજની દરેક પરિસ્થિતિ જેમની તેમ વ્યક્ત નથી થતી. અહીં પણ ક્યાંક ભવિષ્ય માટેનું આયોજન હોય છે. અહીં પણ ક્યાંક સ્થાપિત સીમાની બહાર જવાનો પ્રયત્ન હોય છે. અહીં પણ ક્યારેક વિશેષતા કે ભિન્નતા જરૂરી બને છે.

સ્થાપત્યમાં જે છે તે રહેવું જોઈએ અને તે જ પ્રમાણે રહેવું જોઈએ - તે પ્રકારનો અભિગમ દરેક સમયે દરેક સ્થાને દરેક સંજોગોમાં સ્વીકૃત નથી. સમાજે આગળ વધવું છે અને જો સ્થાપત્ય માટે પણ તે પ્રકારની દ્રષ્ટિ હોય તો સ્થાપત્ય તે પ્રમાણે પણ આકાર લઈ શકે. એ વાત સમજવી જરૂરી છે કે સ્થાપત્ય એક ગંભીર વ્યવસાય છે, તેમાં હંમેશાં ગંભીરતા હોવી જોઈએ અને તેને ગંભીરતાથી લેવાવું જોઈએ.

ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# એક કુખ્યાત શહેર: જ્યાં ચારેતરફ સ્થૂળ લોકો જ જોવા મળે છે!

છેલ્લી વાર જ્યારે મેં મારું વજન માપ્યું, ત્યારે ૩૪૨ કિલોગ્રામ હતું. હવે તો મેં રૂમમાંથી બહાર નીકળવાનું જ બંધ કરી દીધું છે.

એક મહાકાય અમેરિકન પોતાના મોટી સાઈઝના બેડમાં પડ્યો પડ્યો કેમેરા સામે જોઈને બોલી રહ્યો છે.

એનું શરીર જોઈને જ તમને અંદાજ આવી જાય કે આ માણસ રોજિંદી દેહધાર્મિક ક્રિયાઓ પણ પોતાની મેળે કરી શકે એમ નથી. આઘાતજનક વાત એ છે કે આ જાડિયા જણના શહેરમાં બીજા હજારો લોકો એવા છે, જેમને સ્થૂળતાને કારણે સામાન્ય જીવન જીવવામાં તકલીફ પડી રહી છે.

ઓબેસિટી એટલે કે સ્થૂળતાને હવે એક મહારોગનું બિરુદ મળી ચૂક્યું છે. ટેકનોલોજીના અપગ્રેડેશનની સાથે સાથે આખા વિશ્વમાં લોકો વધુને વધુ બેઠાડુ જીવન તરફ વળી રહ્યા છે. એની સામે ભોજન માટેના અનેક ઓપ્શન્સ આંગળીના ટેરવે ઉપલબ્ધ છે.



મુંબઈમાં વસતો ટીનએજર ઈચ્છે ત્યારે મોબાઈલ એપ દ્વારા ઇટાલિયન પિત્ઝા ઓર્ડર કરીને પેટમાં પધરાવી શકે. ભૂખ ભાંગવા માણસ ખાય એ તો સમજ્યા, પણ વિના ભૂખે માત્ર થોડી મિનિટ્સના માનસિક સુખ માટે ભોજનના શરણે ગયેલો માણસ સ્વાભાવિક રીતે જ જરૂર કરતાં વધુ કેલરીઝ પેટમાં પધરાવશે.

શરૂઆતમાં જેની વાત કરી એ અત્યંત સ્થૂળકાય માણસ અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં આવેલ કુખ્યાત શહેર મેકએલન (McAllen) શહેરનો વતની છે. આ શહેર કોઈ ગુનાહિત પ્રવૃત્તિને કારણે કુખ્યાત થયું હોય એવું નથી. હકીકતે મેકએલન શહેર અમેરિકાનું સૌથી વધુ સ્થૂળતાગ્રસ્ત શહેર છે. અહીં વસતા મોટા ભાગના પ્રજાજનો સ્થૂળકાય છે અને ઓબેસિટીને પ્રતાપે વેઠવી પડતી અનેક પ્રકારની શારીરિક-માનસિક સમસ્યાઓથી ત્રસ્ત છે. એક અભ્યાસ મુજબ અહીં વસતા પુખ્ત વયના નાગરિકો પૈકી ૪૫% લોકો સ્થૂળ છે, જ્યારે બીજા ૩૧% એવા છે જેમને ઓવરવેઈટની કેટેગરીમાં મૂકવા પડે. બીજા શબ્દોમાં કહીએ તો શહેરની પોણા ભાગની વસતિ યા તો સ્થૂળકાય છે અથવા તો સ્થૂળતાનો શિકાર બનવાની તૈયારીમાં છે. સ્થૂળતાનો આવો ઊંચો દર ટેક્સાસ (૩૬%) અને અમેરિકાની પ્રજાની સરેરાશ સ્થૂળતા (૩૪%) કરતાં ઘણી વધારે છે.

-પણ આવું થયું કેવી રીતે?

કારણો એ જ જૂનાં અને જાણીતાં છે - ખોટી જીવનશૈલી તેમજ આર્થિક, સાંસ્કૃતિક અને પર્યાવરણીય પરિસ્થિતિઓની મિશ્ર અસર.

મુંબઈ જેવા શહેરી વિસ્તારોમાં રહેતો સરેરાશ વ્યક્તિ રોજ બે થી અઢી હજાર કેલરીઝ પેટમાં પધરાવે છે. જે વૈજ્ઞાનિક ધારાધોરણ મુજબ બરાબર ગણાય. અહીં અમીર અને ગરીબના પેટમાં જતી કેલેરીઝના આંકડા સાવ ભિન્ન હોય શકે એટલે સરેરાશ મુંબઈગરો હેલ્ધી ડાયેટ પર છે એમ કહેવાનો બિલકુલ આશય નથી, પણ વાત સ્થૂળ સરખામણી પૂરતી સીમિત રાખીએ તો પણ મેકએલન સિટીના આંકડા ચોંકાવનારા છે.

આ શહેરમાં વસતો માનવી માત્ર એક સમયના ભોજનમાં જ બે હજાર ઉપરાંત કેલરીઝ ઓહિયા કરી જાય છે. અને આખા દિવસમાં ત્રણેક વાર આવું ડીપ ફ્રાય થયેલું ઓઈલી ફૂડ આરોગવાની આદત અહીંના લોકોમાં બહુ સામાન્ય ગણાય! સીધો હિસાબ છે કે મેકએલનના મોટા ભાગના નિવાસીઓ જરૂર કરતાં ત્રણ ગણું ભોજન આરોગે છે. પછી આ શહેર સ્થૂળતાના નવા રેકોર્ડ્સ ન તોડે તો જ નવાઈ.

આટલું ઓછું હોય એમ લોકોને પાણી પીવામાં બહુ રસ નથી. તરસ લાગે ત્યારે પાણીને બદલે કોક પીવાનો 'રિવાજ' છે. શહેરમાં કોકા કોલાની ખપત એવડી મોટી છે કે કંપનીએ અહીં મોટું વિતરણમથક ખોલ્યું છે. તમને કોકાકોલાના મોટા ટ્રક્સ શહેરની સડકો પર સતત દેખાયા કરે.

એક બ્લોગર શહેરની આ વિચિત્ર સમસ્યા ઉપર વીડિયો બનાવતા કહે છે કે મેં સતત વીસ મિનિટ્સ સુધી જાહેર માર્ગો પર કાર દોડાવી, પણ ચાલતો કે જોગિંગ કરતો જતો હોય એક્કેય શહેરીજન મને જોવા ન મળ્યો. સરકારે પણ જાણે પરિસ્થિતિ સ્વીકારી લીધી હોય એમ અહીં ઝેબ્રા ક્રોસિંગ બનાવ્યા જ નથી. આમેય બધા કારમાં જ ફરવાના હોય તો પગપાળા ક્રોસિંગ પાછળ ધન શું કામ વેડફવું? જાહેર માર્ગોની વાત છોડો, મોટા મોટા શોપિંગ મોલ્સમાં પણ વિશેષ પ્રકારના સ્કૂટર મૂકવામાં આવ્યા છે, જેથી શોપિંગ કરવા આવનારા જાડાપાડા ભાઈ-બહેનોને બહુ ચાલવું ન પડે.

આશ્ચર્ય થાય એવી બાબત એ છે કે સ્થૂળતાની સમસ્યા પાછળ શહેરની રચના પણ જવાબદાર છે. વિદેશોમાં જાહેર બગીચાઓમાં જઈને કસરત કરવાનું ચલણ છે, પરંતુ અહીં પાર્ક્સ એટલા દૂર છે કે મોટા ભાગના આ લોકોના કાર લઈને પાર્ક સુધી પહોંચવામાં વીસ-પચ્ચીસ મિનિટ્સ લાગી જાય. આટલે દૂર સુધી ચાલતા કે જોગિંગ કરતા જવાનું તો વિચારાય જ નહિ. અધૂરામાં પૂરું, ગરમ અને ભેજવાળું વાતાવરણ!

શહેરમાં જાહેર આરોગ્ય માટેની યોગ્ય નીતિઓનો અભાવ પણ મોટા પાયે જવાબદાર ગણાય. લોકોને જાગૃત કરવાના સરકારી પ્રયાસો બહુ મોડેથી શરૂ થયા. એની સામે ધડાધડ ખૂલી ગયેલા ફૂડ જોઇન્ટસ એકબીજા સાથેની સ્પર્ધામાં ટકી રહેવા માટે જાત જાતની સ્કીમ્સ કાઢતા રહે છે. દાખલા તરીકે અનેક ફૂડ જોઇન્ટસ માતા-પિતા સાથે પધારેલાં બાળકોને ભોજન તદ્દન મફત પીરસે છે. બાળપણથી જ અમર્યાદિત ખોરાક ઓહિયા કરી જવા ટેવાયેલું બાળક ટીન એજમાં પહોંચતા સુધીમાં ખોરાક બાબતે ચોક્કસ પ્રકારની માનસિકતા કેળવી લે છે અને આજીવન સ્થૂળતાનો ભોગ બને છે. શરૂઆતમાં જેનો ઉલ્લેખ કર્યો એ મહાકાય વ્યક્તિ માત્ર અગિયાર વર્ષનો બાળક હતો, ત્યારે જ એનું વજન એકસો અઢાર કિલોને આંબી ગયેલું!

જો કે હવે સરકારી તંત્ર અને અન્ય સંસ્થાઓની આંખ ખૂલી છે અને ઠેર ઠેર 'Let's Move!' જેવાં મિશન અમલમાં મુકાયા છે, જેથી લોકોને ચાલવાની ટેવ પડે. શાળાઓમાં પણ ન્યુટ્રીશન અને ફિઝીકલ એક્ટિવિટીઝ ઉપર ભાર મૂકાઈ રહ્યો છે. આશા છે કે આવનારાં પાંચ-દસ વર્ષોમાં પરિસ્થિતિ સુધરશે. સાથે જ મેકએલન શહેરની કથા મુંબઈ સહિતના દિવસે દિવસે 'ખાધે પીધે સુખી' થઇ રહેલા શહેરો માટે ચેતવણીરૂપ છે. ■

સિક્કાની ત્રીજી બાજુ

જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# અપરાધી માટે આખો સમુદાય બચાવમાં કેમ આવે છે?

**હરિયાણામાં નર્સોએ હડતાળ કરી હતી. કારણ? કારણ કે એક પંદર વર્ષની છોકરીની તપાસના બહાને ૬૨ વર્ષના ડોક્ટરે બળાત્કાર કર્યો ત્યારે નર્સે હાજર રહેવું જરૂરી હતું, પણ તે ન રહી. પરિણામે મહિલા આયોગનાં અધ્યક્ષાએ ઠપકો આપ્યો, અને...**

હરિયાણાનો ૬૨ વર્ષીય ડોક્ટર શૈલેન્દ્ર શૈલી અગાઉ કૈથલની નાગરિક હોસ્પિટલમાં પીએમઓ હતો. ત્યાંથી નિવૃત્ત થયો. તે કુરુક્ષેત્રની એક અન્ય હોસ્પિટલમાં સલાહકાર ડોક્ટર તરીકે કાર્યરત હતો. તેના પર પંદર વર્ષની કન્યા પર બળાત્કારનો આરોપ લાગ્યો છે. કન્યાના પિતાના કહેવા મુજબ ૨૯ મેએ તે દીકરીનો ઉપચાર કરાવવા આવ્યા હતા. તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. પિતા સાથે હોસ્પિટલના વોર્ડમાં પીડિતા રોકાઈ હતી. ૨૯ મેએ બપોરે અઢી વાગે પીડિતાનું સ્વાસ્થ્ય પણ ખરાબ થયું. પીડિતાએ ડોક્ટરોને પેટમાં દુઃખાવો અને પેશાબમાં બળતરાની ફરિયાદ કરી.

તેને ૩૦ મેએ શનિવારે રાત્રે ૮.૩૦ વાગે હોસ્પિટલના આપાતકાલીન વિભાગમાં દાખલ કરવામાં આવી. હોસ્પિટલમાં ઇમર્જન્સી ડ્યૂટી પર નિયુક્ત ચિકિત્સક ડો. ઉપેન્દ્રએ મીડિયાને જણાવ્યા પ્રમાણે, રાત્રે લગભગ ૮.૩૦એ કન્યાને વધુ રક્તસ્રાવ થતાં મહિલા વોર્ડમાં આપાતકાલીન વિભાગમાં દાખલ કરવામાં આવી હતી. તે પછી કન્યાએ આરોપ લગાવ્યો કે ઓપીડીમાં તેના પર બળાત્કાર થયો હતો. સ્ત્રી રોગ વિશેષજ્ઞ પાસે કન્યાની તબીબી તપાસમાં કન્યાની ફરિયાદની પુષ્ટિ થઈ એટલે કે બળાત્કાર થયો હોવાની સાબિતી મળી.



આ પછી શૈલેન્દ્ર શૈલીને હોસ્પિટલમાંથી ફરજમુક્ત કરવામાં આવ્યો, પરંતુ પ્રશ્ન એ છે કે કોઈ છોકરી કે મહિલાની તપાસ કરવામાં પુરુષ ડોક્ટર સાથે નર્સ કેમ નહોતી? મેડિકલ નૈતિક (એથિક્સ) નિયમો મુજબ, પુરુષ ડોક્ટર તપાસે ત્યારે કાં તો મહિલા ચિકિત્સકે અથવા કોઈ મહિલા નર્સ કે એટેન્ડન્ટે ઉપસ્થિત રહેવું આવશ્યક છે. ડોક્ટરોનો આવો હિપોક્રેટિક નિયમ છે. (ડોક્ટરો જે નૈતિકતાના સોગંદ લે છે તેને હિપોક્રેટિક ઑથ કહે છે.)

બીજો પ્રશ્ન એ છે કે આ ડોક્ટર પર અગાઉ પણ બળાત્કારનો આરોપ લાગ્યો હતો અને તેને જેલ જવું પડ્યું હતું, પરંતુ પછી તે છૂટી ગયો હતો. આવા ડોક્ટરની સેવા કેમ લેવામાં આવી?

આ પછી હરિયાણા મહિલા આયોગનાં અધ્યક્ષા રેણુ ભાટિયા ૭ જૂને આ કેસમાં હોસ્પિટલમાં પહોંચ્યાં ત્યારે તેમણે ઉત્તરદાયી નર્સનો ઉધડો લીધો, પરંતુ સાથે એવું બોલી ગયાં કે 'તમારી દીકરી પંદર વર્ષની હોય તેને કોઈની સાથે આ રીતે રૂમમાં એકલી છોડું તો?' તેમનો કહેવોનો ભાવ ઉચિત હતો કે નર્સ તરીકે સંવેદના હોવી જોઈએ. બીજી છોકરી પર બળાત્કારની સંભાવના હોય ત્યારે તેને એકલી ડોક્ટર પાસે છોડીને જતા ન રહેવાય અને તેમાંય એવા ડોક્ટર પાસે જે અગાઉ બળાત્કારના આરોપમાં જેલમાં જઈ આવ્યો હોય, પરંતુ નર્સિંગ સ્ટાફે આ નિવેદનને પકડી લીધું. ૯ જૂને હરિયાણાની બધી નર્સોએ હડતાળ કરી. રેણુ ભાટિયા પોતાના વલણ પર અડગ રહ્યાં. તે પછી સરકાર કે અન્ય કોઈ દબાણના કારણે કે ગમે તેમ, ૯ જૂને રાત્રે રેણુ ભાટિયાએ ત્યાગપત્ર આપી દીધો.

તાજેતરમાં એનઇઇટી-યૂજીની પરીક્ષામાં કોચિંગ સેન્ટરના લોકોનાં નામ બહાર આવ્યા તે મુદ્દે જાણીતા ટીવી એન્કર અંજના ઓમ કશ્યપના નિવેદન વિરુદ્ધ કોચિંગ સેન્ટરના શિક્ષકો પણ અંજના પર માછલાં ધોવાં લાગ્યાં.

આ જ રીતે, સુરેન્દ્રનગરના તત્કાલીન કલેક્ટર રાજેન્દ્ર પટેલ પર જમીન કૌભાંડના ગંભીર આરોપો લાગતાં માંડલ તાલુકાનો પાટીદાર સમાજ તેમના સમર્થનમાં આવી ગયો હતો. સંગીતકાર નદીમ (શ્રવણ) કે પછી નામી ક્રિકેટર મોહમ્મદ અઝહરુદ્દીનથી માંડીને અનેક એવા દાખલા છે કે જેવા આ લોકો કોઈ વિવાદમાં ફસાય ત્યારે પોતાના 'મુસ્લિમ' વિક્ટિમ કાર્ડનો ઉપયોગ કરે છે અને તેમના સમર્થનમાં સમાજ આવી જાય છે.

નર્સો, શિક્ષકો, વકીલો, પોલીસ, બોલિવૂડ, પત્રકારો, મહિલા, પુરુષ, સરકારી કર્મચારી, પાટીદાર, દલિત, આદિવાસી, મુસ્લિમો આવાં અનેક ચોકઠાંમાં ભારતીયો વહેંચાયેલા છે અને આ ચોકઠામાં કોઈ બે- ચાર પર આરોપ લાગે છે ત્યારે પૂરતાં તથ્યોની ચકાસણી કર્યા વગર બાકીનાને લાગવા માંડે છે કે જો આપણે નહીં બોલીએ તો સામેવાળા આપણા આખા સમુદાયને ભૂસી નાખશે... આનાથી ખોટું કરનારાઓ બચી જાય છે અને ખરો મુદ્દો બાજુ પર રહી જાય છે. પરિણામે પીડિત કે પીડિતાને ખરો ન્યાય મળતો નથી... ■

મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# જુગાડુ ગુજરાતીથી તો સૂરજદાદા પણ અકળાય છે...

**ચૈત્ર - વૈશાખ** મહિનો બેસે એટલે સૂર્યનારાયણ જાણે પૃથ્વી પર 'લાઈવ કોન્સર્ટ' કરવા ઉતરી આવે છે.

બપોરે રસ્તા પર નીકળો એટલે એવું લાગે જાણે કુદરતે આખા શહેરને 'એર ફ્રાયર'માં મૂકી દીધું છે! માણસ રસ્તા પર ચાલતો નથી, ઓગળતો ઓગળતો સરકે છે.


આ ગરમીમાં બે જ વસ્તુ સૌથી વધુ ફાટી રહી છે એક તો લોકોનું ચામડું અને બીજું લાઈટ બિલ જોઈને મિડલ ક્લાસ માણસનું કાળજું!

સામાન્ય રીતે અત્યારનો સમય વરસાદ આવવાનો સમય ગણાય, પરંતુ આ વખતે સૂર્યનારાયણ દેવ પણ સંતાકૂકડી રમી રહ્યા છે અને વાદળાઓ સાથે માઠું લગાડી મેદાનમાંથી હટવા તૈયાર નથી.

મધ્યમ વર્ગ સામાન્ય રીતે બપોરના સમયે મોલમાં આંટા મારવા નીકળી જાય અને મફતની એસીની ઠંડક માણતા, પરંતુ હવે તો તેમણે પણ ફરજિયાત ઘરમાં એસી ફીટ કરાવવું પડે છે.

એસી ફીટ કરાવ્યા બાદ આજકાલ દરેક મધ્યમવર્ગીય ઘરમાં એક નવો તહેવાર ઉજવાય છે, જેનું નામ છે 'લાઈટ બિલ દર્શન ઉત્સવ'. આ ઉત્સવ દર બે મહિને આવે છે. ઘરમાં એસી ચાલુ કરતી વખતે જે આનંદ થાય છે, તેની કિંમત જ્યારે વોટ્સએપ પર કે કાગળના બિલ સ્વરૂપે ઘરે આવે છે ત્યારે ખરા અર્થમાં સાચો પરસેવો છૂટે છે.

રૂમમાં એસી ૨૪ ડિગ્રી પર સેટ હોય, રૂમ એકદમ ગુલાબી ઠંડો હોય, માણસ ચાદર ઓઢીને સૂતો હોય અને અચાનક એના મગજમાં વીજળીના મીટરનો આંકડો ફ્લેશ થાય... બસ! ત્યાં જ બધી ઠંડક ગાયબ. લાઈટ બિલ જોઈને માણસને જે પરસેવો વળે છે ને, એ ગરમીનો નથી હોતો, એ બજેટ ખોરવાઈ જવાનો 'આધ્યાત્મિક પરસેવો' હોય છે.




ઘણાં ઘરોમાં તો એસી ચલાવવાના કડક નિયમો હોય છે. ઘરના વડીલો એસીનાં રિમોટને તિજોરીની ચાવીની જેમ સાચવે છે. બપોરે બે થી ચાર જ એસી ચાલશે, એ પછી 'ઓટો કટ' ન થાય તો પપ્પા મેન્યુઅલી આવીને 'પાવર કટ' કરી જાય. રાત્રે પણ એસી ચાલુ થાય એટલે ઘરના મોભીની નજર ઘડિયાળ પર હોય. જેવું તાપમાન થોડું નીચું જાય એટલે ધીમેથી કહી દેશે: 'હવે રૂમ ઠંડો થઈ ગયો છે, એસી બંધ કરીને પંખો કરી નાખો!' આને કહેવાય ફાઇનાન્સિયલ મેનેજમેન્ટ!

ઘણા પરિવાર ગરમીથી બચવાના 'મેડ ઇન ઇન્ડિયા' દેશી જુગાડ અજમાવે છે. આપણી પાસે દરેક સમસ્યાનો એક 'દેશી જુગાડ' તૈયાર જ હોય છે. સાયન્સ ભલે ગમે તેટલી પ્રગતિ કરે, પણ ઉનાળામાં જે જુગાડ એક સામાન્ય ગુજરાતી કરી શકે, તે 'નાસા' (NASA)ના વૈજ્ઞાનિકો પણ ન વિચારી શકે, જેમકે ...

**૧) ધાબા પર જળ-અભિષેક ને ગાદલાનું સ્થાનાંતરણ**

બપોરની ગરમીમાં ધાબું એટલું તપી જાય છે કે તેના પર પાપડ શેકી શકાય એટલે સાંજે ૬ વાગ્યા પછી ઘરના પુરુષો પાઈપ લઈને ધાબા પર ચડી જાય છે. ધાબા પર પાણી છાંટવાનો આ આખો પ્રોગ્રામ કોઈ ધાર્મિક વિધિથી ઓછો નથી હોતો.

રાત્રે જ્યારે રૂમની અંદર પંખો બળબળતી હવા ફેંકતો હોય, ત્યારે આખો પરિવાર ગાદલાં, ચાદર અને ઓશીકાં લઈને ધાબા પર 'હિજરત' કરે છે. ધાબા પર સુવાનો પણ એક અલગ જ રોમાંચ છે. બાજુવાળાના ધાબા પર કોણ સૂતું છે, કોણ નસકોરાં બોલાવે છે, અને કઈ બિલાડી ક્યાં કૂદી... આ બધી લાઈવ કોમેન્ટ્રી સાથે ઊંઘવાની જે મજા છે, એ ફાઈવ સ્ટાર હોટેલના એસી રૂમમાં પણ નથી મળતી.

**૨) સ્કૂટર તથા બાઇકના આસનો પર 'ગોદડા પ્રથા'**

ઉનાળામાં બપોરે ટુ-વ્હિલર પાર્ક કર્યું હોય અને બે કલાક પછી જો તમે ભૂલથી પણ સીધા તેના પર બેસી ગયા તો સમજી લો કે 'તત્કાલ મોક્ષ' નક્કી છે! બાઇકની સીટ એટલી ગરમ હોય છે કે માણસ બેસતાની સાથે જ અડધો ફૂટ હવામાં ઉછળે છે.

આના ઇલાજ માટે આપણી સોસાયટીઓમાં અદ્ભુત જુગાડ જોવા મળે છે. લોકો બાઇકની સીટ પર જાડા ટુવાલ, જૂની કોથમીરોની ગૂણ, અથવા ખાસ બનાવેલા કોટનના કવર લગાવે છે. કેટલાક તો બાઇક પર બેસતા પહેલાં તેના પર પાણીની આખી બોટલ ખાલી કરે છે. સીટમાંથી વરાળ નીકળે અને પછી જ માણસ એના પર બેસે જાણે કોઈ સ્પા (Spa) માં સ્ટીમ બાથ લઈ રહ્યો હોય!

**૩) ગૃહિણીઓનો 'નિનજા લૂક'**

બપોરના સમયે જો તમે શાકભાજી માર્કેટમાં જાઓ તો તમને એવું લાગે કે તમે કોઈ બીજા જ ગ્રહ પર આવી ગયા છો. ગરમીથી બચવા માટે આપણી બહેનો-માતાઓ જે ડ્રેસિંગ કોડ અપનાવે છે તેને 'નિનજા ટેકનિક' કહી શકાય.

માથાથી લઈને છેક ગળા સુધી મોટો દુપટ્ટો એવી રીતે બાંધ્યો હોય કે માત્ર બે આંખો જ દેખાય. હાથમાં છેક ખભા સુધીના મોજા (Gloves) પહેર્યા હોય અને આંખો પર કાળા ચશ્માં. આ લૂક જોઈને ઘણીવાર બેંકના સિક્યોરિટી ગાર્ડ પણ કન્ફ્યૂઝ થઈ જાય છે કે આ ગ્રાહક છે કે લૂંટારુ! પણ ભાઈ, સ્કીન ટેનિંગ (Skin Tanning) થી બચવા માટે આનાથી ઉત્તમ કોઈ જુગાડ નથી.

ઉનાળામાં ઘરના ફ્રિજની હાલત પણ જોવા જેવી હોય છે. ફ્રિજ ખોલો એટલે શાકભાજી રાખવાની જગ્યાએ પણ પાણીની બોટલો ગોઠવાયેલી હોય. ઘરમાં એક વણલખાયેલો નિયમ હોય છે: 'જે બોટલ ખાલી કરશે, એ જ ભરીને પાછી મૂકશે.'

જો કોઈ ભૂલથી ખાલી બોટલ ફ્રિજમાં મૂકી દે, તો ઘરમાં 'મહાભારત' સર્જાઈ શકે છે. વળી, તરસ છિપાવવા માટે પાડોશીના ઘરેથી બરફ માંગવા જવાની જે પરંપરા છે, એ આપણી સામાજિક એકતાનું પ્રતીક છે. પાડોશી પણ એક વાટકો બરફ આપે ત્યારે એવો ભાવ લાવે છે જાણે સોનાનું બિસ્કિટ દાનમાં આપી રહ્યા હોય!

ગમે તે કહો, ઉનાળો આપણને શિસ્ત અને સમાનતા શીખવે છે. ગરીબ હોય કે અમીર, બપોરે બે વાગ્યે લૂ (ગરમ પવન) તો બધાને સરખી જ લાગે છે.


ઋતુઓ તો આવતી-જતી રહેશે, લાઈટ બિલ પણ આવતા રહેશે, પણ આ ગરમીમાં જો સાચે ટાઢોડું મેળવવું હોય તો સાંજે સોડાની દુકાને જઈને, એક 'ડબલ લીંબુ સોડા' મારી લેવી. એ સોડાના પહેલા ઘૂંટડા સાથે જે તૃપ્તિ મળે છે ને સાહેબ... એની સામે દુનિયાના તમામ એસી ફેઈલ છે!

- માટે ગરમીથી ગભરાશો નહીં. બોટલો ભરતા રહો, ધાબા પર પાણી છાંટતા રહો, અને બિલ આવે ત્યારે આંખો બંધ કરીને ઓમ શાંતિ... શાંતિ... નું રટણ કરતા રહો! ■

**વિચારવાયુ**

*હોર્મુઝની ખાડી ખુલવાની છે. કદાચ ટાઢકનો અહેસાસ થશે.*

સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ સર્વોપરી
૨૦૪વર્ષથી સતત પ્રગટ થતું માતૃભાષાનું મશાલચી
૨૦૪ વર્ષ મુંબઈ સમાચાર
દર સપ્તાહે પીરસે છે રંજક વાંચનનો રસથાળ
વાંચો અને વંચાવો
સોમવાર ધર્મતેજ આધ્યાત્મિક ચેતનાની જ્યોત
મંગળવાર તન-મન-ધનથી રહો તરોતાજા મનોમંથન સ્વસ્થતાના ઉપાયોનું
બુધવાર ઈન્ટરવલ થોડું પ્રાસંગિક, થોડો કટાક્ષ
ગુરુવાર લાડકી પુરુષ સંવેદના-સમસ્યા નર-નારીની
શુક્રવાર મેટિની મનોરંજન, મનોરંજન અને માત્ર મનોરંજન
શનિવાર વીક એન્ડ વાત સ્થાપત્ય, રમત-ગમત અને મુસાફરીની
રવિવાર ઉત્સવ અફલાતૂન લેખકો, અફલાતૂન પૂર્તિ



**બંગાળમાં વરસાદી આફતઃ** *પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ જિલ્લામાં બાલાસન નદી પરનો એક કામચલાઉ પુલ શુક્રવારે ભારે વરસાદના લીધે તૂટી પડ્યો હતો. જેના કારણે સિલિગુડી અને મિરિક સબડિવિઝન વચ્ચેનો વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. આ જાણકારી અધિકારીઓએ આપી હતી. ઓક્ટોબર ૨૦૨૫માં દુધિયા ખાતેનો લોખંડનો પુલ તૂટી પડ્યા બાદ વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આ કામચલાઉ પુલ બનાવવામાં આવ્યો હતો. એક અધિકારીએ જણાવ્યું કે સતત વરસાદને કારણે નદીનું જળસ્તર અચાનક વધી જતા દુધિયા ખાતેના કામચલાઉ પુલનો એક ભાગ તૂટી પડ્યો હતો. પરિણામે વાહનોની અવરજવરને પંખાબારી અને કર્સિયાંગ થઈને વૈકલ્પિક માર્ગો પર ડાયવર્ટ કરવામાં આવી છે.*

# કેસ ભરાવાની સમસ્યાના ઉકેલ માટે સુપ્રીમ કોર્ટ સાથે મળીને કામ ચાલી રહ્યું છેઃ અમિત શાહ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટ અને હાઈ કોર્ટમાં અનિર્ણિત પડી રહેલા કેસની સંખ્યા ઘટાડવા અને લોકોને સમયસર ન્યાય મળી રહે તે માટે નવી યંત્રણા શરૂ કરવાને મામલે ગૃહ ખાતું સક્રિયપણે સુપ્રીમ કોર્ટ સાથે મળીને કામ કરી રહ્યું છે, એમ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે કહ્યું હતું.

નેશનલ ક્રાઈમ રેકોર્ડસ બ્યૂરો (એનસીઆરબી) દ્વારા આયોજિત ઑલ ઈન્ડિયા ફિન્ગરપ્રિન્ટ કૉન્ફરન્સ-૨૦૨૬ના ઉદ્‌ઘાટન સમારોહમાં બોલતાં અમિત શાહે કહ્યું હતું કે પોલીસ અને ફોરેન્સિક નિષ્ણાતોએ ગુનાના સ્થળેથી યોગ્ય રીતે, ચોકસાઈપૂર્વક પુરાવા એકત્રિત કરવા જોઈએ અને તેની સાથે કોઈપણ પ્રકારનાં ચેડાં ન થાય તેમ જ આરોપીને ઝડપથી અને યોગ્ય રીતે દોષિત ઠેરવવાની ખાતરી કરવી જોઈએ.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે કહ્યું કે તપાસ, કાર્યવાહી અને દોષિત ઠેરવવાની સમગ્ર શ્રૃંખલામાં ટેકનોલોજીનો સક્રિય ઉપયોગ સુનિશ્ચિત કરવો જોઈએ.

અમિત શાહે ભાર મૂક્યો કે ગુનેગારોને ઓળખવા માટે નેશનલ ઓટોમેટેડ ફિંગરપ્રિન્ટ આઇડેન્ટિફિકેશન સિસ્ટમ (નાફિસ)નો ઉપયોગ કરવો જોઈએ એટલું જ નહીં, પરંતુ ગુનાના સ્થળો પરથી એકત્રિત કરવામાં આવેલા ફિંગરપ્રિન્ટ્‌સ ઉમેરીને ડેટાબેઝને સમૃદ્ધ બનાવવો જોઈએ.

એવા અસંખ્ય કિસ્સાઓ છે જ્યાં નાફિસે સૌથી જટિલ કેસોને પણ સરળ બનાવવામાં ખૂબ મદદ કરી છે. પરંતુ હું હજુ પણ માનું છું કે નાફિસનો ઉપયોગ ફક્ત ૧૦ ટકા સમય માટે થઈ રહ્યો છે.

નાફિસનો ઉપયોગ ફક્ત ગુનેગારોને શોધવા માટે ન થવો જોઈએ, તે ત્યારે જ સફળ થઈ શકે છે જ્યારે તમે દરેક ગુનાના સ્થળેથી મેળવેલા ફિંગરપ્રિન્ટ્‌સ દ્વારા નાફિસ ડેટાને સમૃદ્ધ બનાવો છો,'' તેવું એમણે કહ્યું.

તે એક દ્વિ-માર્ગી સિસ્ટમ છે જે ગુનેગારને સાબિત કરવામાં ખૂબ જ ઉપયોગી છે, પરંતુ ગુનો ત્યારે જ સાબિત થઈ શકે છે જ્યારે ડેટા જનરેટ થાય છે, એમ શાહે કહ્યું.

જ્યારે ફોજદારી ન્યાય પ્રણાલીની વાત આવે છે, ત્યારે આપણો દેશ પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. જૂના સમયમાં, પોલીસ સ્ટેશનને કાયદો અને વ્યવસ્થા જાળવવાનું સાધન માનવામાં આવતું હતું. જો ક્યાંય પણ વિવાદ થાય, તો સ્ટેશન હાઉસ ઓફિસર મામલો ઉકેલતા હતા; નહિંતર, તે કોર્ટમાં જશે, અને કેસ વર્ષો સુધી પેન્ડિંગ રહેશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

# 'તમે એક મિનિટ માગી અમે સાત મિનિટ આપી'

## સુપ્રીમ કોર્ટે પક્ષાંતર વિરોધી અતાર્કિક અરજી કરનારનો ઊધડો લીધો

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે અરજી કાઢી નાખતા એવી જોરદાર ટીકા કરી હતી કે આ અરજી આડેધડ, અતાર્કિક અને અસ્પષ્ટ આક્ષેપ ધરાવે છે અને આમાં રેકર્ડમાં લઈ શકાય એવી કોઈ વિશ્વસનીય સામગ્રી નથી. જ્યારે મોટા વિરોધ પક્ષો-તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી), શિવસેના (યુબીટી) અને સમાજવાદી પાર્ટી (એસપી)માં ફાટફૂટ પડવાની અટકળો થઈ રહી છે ત્યારે આ અરજી કરવામાં આવી છે.

સુનવણી દરમિયાન ઍડવોકેટ સીઆર જયા સુકિને આક્ષેપ કર્યો હતો કે પક્ષના નેતાઓને ભ્રષ્ટાચાર અને લાલચ કે ધમકી વડે પક્ષાંતર કરવાનું કહેવામાં આવે છે. આ દેશમાં પક્ષના નેતાઓ લાંચ આપીને કે કુટુંબના સભ્યોને ધમકી આપીને પક્ષાંતર કરવાનું કહેવામાં આવે છે.

આક્ષેપનું વ્યાપક રૂપ જોતા ખંડપીઠે પૂછ્યું હતું કે તમે ક્યા પક્ષની વાત કરી રહ્યા છો. તમે તમારા રાજ્યની વાત કરી રહ્યા છો. તમે એક મિનિટની વાત કરતા હતા અમે તમને સાત મિનિટ આપી. સુકિને જવાબ આપ્યો હતો કે અમુક રાજ્યોમાં વિધાનસભ્યો પક્ષમાંથી રાજીનામુ આપીને સ્પીકર રાજીનામું સ્વીકારે એ પહેલાં હરીફ રાજકીય પક્ષોમાં જોડાય છે.

પૂર્વ ભારતના અને મધ્ય ભારતના રાજ્યમાં પક્ષના નેતાઓ બીજા પક્ષમાં જોડાય છે. સ્પીકરે રાજીનામુ આપનાર નેતાની તપાસ કરવી જોઈએ. સ્પીકર પત્રકારોને બોલાવીને રાજીનામા પત્ર સ્વીકારે છે આ લોકશાહીને ખતમ કરે છે. બેન્ચે અરજીને આડેધડ, અતાર્કિક અને અસ્પષ્ટ આક્ષેપો ગણાવીને કાઢી નાખી હતી. અદાલતે કહ્યું હતું કે અમે આમાં હસ્તક્ષેપ કરવા માગતા નથી. (એજન્સી)■

# ટીએમસીના બળવાખોર સાંસદોને ગેરલાયક ઠરાવવા ૨૦ અરજી સ્પીકરને કરાઈઃ અભિષેક

નવી દિલ્હી : સંસદીય ટીમ તરફથી બળવાનો સામનો કરી રહેલા તૃણમૂલ કૉંગ્રેસના નેતા અભિષેક બેનરજી શુક્રવારે સ્પીકર ઓમ બિરલાને મળ્યા હતા અને ૨૦ બળવાખોર સંસદસભ્યોને ગેરલાયક ઠરાવવા ૨૦ અરજી સુપરત કરી હતી. અભિષેક પક્ષના સંસદસભ્યો સૌગતા રોય, કલ્યાણ બેનરજી અને મહુઆ મોઈત્રા સાથે પાર્લામેન્ટ હાઉસમાં સ્પીકરને મળ્યા હતા. ૨૦ બળવાખોર સંસદસભ્યો સ્પીકરને મળ્યા એના દિવસો બાદ બેનરજી સ્પીકરને મળ્યા હતા.

મીટિંગ બાદ પત્રકારો સાથે વાતચીત કરતા બેનરજીએ કહ્યું હતું કે જે ૨૦ બળવાખોર સાંસદો ઓછી જાણીતી નેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટી ઑફ ઈન્ડિયા (એનસીપીઆઈ) જોડાવાનો દાવો કરે છે, પરંતુ તેમને પક્ષ છોડવા માટે ગૃહના સભ્યપદથી દૂર કરવા જોઈએ. તેમણે કહ્યું હતું કે આ અકીકરણના દાવા કાયદેસર નથી. કાયદા પ્રમાણે અમુક વ્યક્તિગત વિધાનસભ્યોએ નહીં પણ આખા પક્ષના બે તૃતીયાંશ સભ્યોએ બીજા પક્ષમાં જોડાવું જોઈએ. વીસ સંસદસભ્યો સ્પીકરને મળ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે અમને અલગ જૂથ ગણવામાં આવે . પછી અમને ખબર પડી કે બળવાખોર સાંસદ બીજા રાજકીય પક્ષમાં જોડાવાની વાત કરે છે. તેમને પણ આ પક્ષનું નામ ખબર નથી.

તેમણે કહ્યું હતું કે બંધારણનો દસમો અનુચ્છેદ સ્પષ્ટ છે કે જો સભ્યો સ્વૈચ્છિક રીતે સભ્યપદ છોડી દે તો તે સાંસદ તરીકે ગેરલાયક ઠરે છે. આ સંસદસભ્યો અમારી નિશાની પર ચૂંટાયા છે અને બે વર્ષ બાદ તેઓ કહે છે કે અમે નવા પક્ષમાં જોડાઈએ છીએ. તેમનું સભ્યપદ જવું જ જોઈએ. મેં તૃણમૂલ કૉંગ્રેસના નેતા તરીકે આ સંસદસભ્યો સામે ગેરલયાક ઠરાવાની અરજી કરી છે. અમે સ્પીકરને દસમા અનુચ્છેદને લગતા ચુકાદા પણ આપ્યા છે. (એજન્સી)■

# તમિળનાડુ વિધાનસભામાં વિશ્વાસના મતમાં સોદાબાજીઃ સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ૧૩ મેના તમિળનાડુ વિધાનસભાના વિશ્વાસના મત વખતે ગેરરીતિ અને હોર્સ ટ્રેડિંગના આક્ષેપોની તપાસની દાદ ચાહતી અરજી શુક્રવારે ફગાવી દીધી હતી. સર્વોચ્ચ અદાલતે અરજીને અસ્પષ્ટ, આડેધડ અને આધારહીન આક્ષેપો ધરાવતી કહી હતી.

સી. જોસેફ વિજયના નેતૃત્વ હેઠળની ટીવીકે સરકારે ૧૩ મેએ તમિળનાડુ વિધાનસભામાં દ્રમુકના સભાત્યાગ અને અન્નાદ્રમુકના પચીસ બળવાખોર વિધનસભ્યના ટેકાથી વિશ્વાસનો મત આસાનીથી જીતીને મોટી અડચણ પાર કરી હતી.

અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે બીજા પક્ષના અમુક વિધાનસભ્યો અને બીજા પક્ષો તમિળનાડુમાં હોર્સ ટ્રેડિંગ (એટલે કે વિધાનસભ્યોને ખરીદવા સોદાબાજી)મા સંડોવાયેલા છે અને ્ટીવીકેએ અમુક વિધાનસભ્યોને ટેકો આપવા જંગી રકમ આપી હતી. મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાન્ત અને જસ્ટિસ વી. મોહન્નાની ડિવિઝન બેન્ચે આ અરજી સાંભળી હતી. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે આની તપાસ સીબીઆઈને સોંપવી જોઈએ અને તપાસ પૂરી ન થાય ત્યાં સુધી રાષ્ટ્રપતિનું શાસન લાદવું જોઈએ.

અરજદાર કે. કે. રમેશ વતી દલીલ કરતા ઍડવોકેટ સી. આર. જયા સુકિને કહ્યું હતું કે શાસક પક્ષો લોકતાંત્રિક સંસ્થાઓને ઘસારો પહોંચાડી રહ્યા છે ત્યારે અરજીમાં મહત્ત્વની બાબત ઉઠાવામાં આવી છે. તેમણે વિધાનસભ્યોને ચાર્ટર્ડ ફ્લાઈટમાં લઈ જવાનો અને અમુક રાજ્યોમાં બીજા રાજકીય પક્ષમાં જોડાવા કરતા પહેલાં રાજીનામું આપવાના દાખલા આપ્યા હતા.

સુકિને આક્ષેપ કર્યો હતો કે આ દેશમાં દરેક શાસક પક્ષ લોકતાંત્રિક સંસ્થાઓને ખતમ કરી રહ્યો છે.

ખંડપીઠે કહ્યું હતું કે આમાં કોઈ વિશ્વસનીય સામગ્રી કે પુરાવા આપવામાં આવ્યા નથી. આ અરજી સ્વીકારવાનો કોઈ આધાર નથી. (એજન્સી)■

# ઝડપી પાસપોર્ટ સેવા વિકસિત ભારત માટે એન્જિનના રૂપમાં કામ કરે છેઃ જયશંકર

નવી દિલ્હી : વિદેશમંત્રી એસ.જયશંકરે શુક્રવારે કહ્યું હતું કે પાસપોર્ટ ડિલિવરી પ્રક્રિયા આજે 'વાસ્તવમાં ડેમોક્રેટિક' બની ગઈ છે અને આ સરળ સેવા એક સમૃદ્ધ, વૈશ્વિક સ્તરે જોડાયેલ અને વિકસિત ભારત માટે એક એન્જિન તરીકે કામ કરે છે. વાર્ષિક રિઝનલ પાસપોર્ટ ઓફિસર્સ કોન્ફરન્સમાં પોતાના ભાષણમાં

પાસપોર્ટ સેવા દિવસ તરીકે પણ ઉજવાતા વાર્ષિક પ્રાદેશિક પાસપોર્ટ અધિકારીઓના પરિષદમાં પોતાના સંબોધનમાં તેમણે કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં વાર્ષિક પાસપોર્ટ જાહેર કરવાની સંખ્યા ૧૩૮ લાખથી વધુ થઈ ગઈ છે, જે ભારત અને તેના લોકોની વધતી જતી આકાંક્ષા દર્શાવે છે. પાસપોર્ટ સેવા દિવસ ઉજવવામાં આવ્યો હતો. વિદેશ મંત્રીએ કહ્યું કે આજે પાસપોર્ટ સેવા ઝડપી અને સરળ બની ગઈ છે, જ્યારે પાસપોર્ટ મેળવવો એ પહેલા એક ખાસ અધિકાર સમાન હતું. તેમણે કહ્યું હતું કે આજે પાસપોર્ટ ડિલીવરી વાસ્તવમાં ડેમોક્રેટિક થઈ ગઈ છે.

વિદેશ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ તેમના પ્રેઝન્ટેશનમાં જણાવ્યું હતું કે ૨૦૧૪માં પાસપોર્ટ સેવા કેન્દ્રોની સંખ્યા ૭૭ હતી, જે આજે વધીને ૫૪૫થી વધું થઈ છે. તે સિવાય ૪૫૪ પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવા કેન્દ્રો (પીઓપીએસકે) પણ છે.

જયશંકરે તેમના સંબોધન પહેલાં દેશના વિવિધ ભાગોના વિજેતાઓને વિવિધ શ્રેણીઓમાં પાસપોર્ટ સેવા પુરસ્કાર પણ એનાયત કર્યા હતા. મંત્રીએ પોતાના ભાષણમાં કહ્યું હતું કે મને ખૂબ વિશ્વાસ છે કે તમે જે આ સરળ જાહેર સેવા પૂરી પાડી રહ્યા છો, જે એક સમૃદ્ધ, વૈશ્વિક સ્તરે જોડાયેલા અને વિકસિત ભારત માટે એક એન્જિન તરીકે કામ કરે છે. તે દરેક પસાર થતા વર્ષ સાથે વધુ સારી થતી જશે. ■

---

**'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પુરાંત | રોમાંચિત |
| પુરાણ | અગ્રેસર |
| પુરોગામી | સિલક |
| પુલકિત | નરજાતિ |
| પુલ્લિંગ | સંગ્રહગ્રંથ |

### જાણવા જેવું

વેદ હિંદુઓનું ધર્મપુસ્તક છે. વેદ એટલે મંત્ર અને બ્રાહ્મણ. ઉપનિષદોનો એમાં જ સમાવેશ થાય છે. જે સમયે છાપવાની કળાનું સંશોધન થયું નહોતું તે સમયે ઋષિકુળોમાં શિષ્યો ગુરુમુખે ઉચ્ચારેલા મંત્રોનું શ્રવણ કરી વેદનું અધ્યયન કરતા. આ કારણથી વેદને શ્રુતિ તરીકે પણ ઓળખવામાં આવે છે.

### ગુજરાત મોરી મોરી રે

જૂની રંગભૂમિનાં નાટકોમાં યાદગાર પાત્રો અને સંગીતપ્રધાન નાટકોથી જાણીતા નટ પ્રાણસુખ નાયક સાથે કયું નામ જોડાયું હતું?

અ) રંગલો  બ) એડીપોલો
ક) સુંદરી  ડ) ટારઝન

### નોંધી રાખો

*સમુદ્ર વિશાળ હોય છે, પણ તળાવ નાનું હોવા છતાં વનરાજ સિંહ પાણી પીવા આવે ત્યારે તેણે માથું નમાવવું પડતું હોય છે.*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | ૬ | ૭ |
| | ■ | ૮ | | ૯ | | ■ | ૧૦ | | |
| ૧૧ | | | ■ | | ■ | ૧૨ | | ■ | |
| | ■ | ૧૩ | ૧૪ | | | ■ | ■ | ૧૫ | ■ |
| ■ | ૧૬ | ■ | ૧૭ | | ■ | ૧૮ | | | |
| ૧૯ | | | | ■ | ૨૦ | | ■ | | ■ |
| ■ | | ■ | | ૨૧ | | | ૨૨ | ■ | ૨૩ |
| ૨૪ | ■ | ૨૫ | | ■ | | ■ | ૨૬ | | |
| ૨૭ | ૨૮ | | ■ | ૨૯ | | ૩૦ | | ■ | |
| ૩૧ | | | | ■ | | ૩૨ | | | |

**આડી ચાવી**

૧. મશ્કરો, રંગલો (૪)
૪. વજન વહેનારું (૫)
૮. સાવજ જેવા મોટા મોં માથાવાળું (૪)
૧૦. નોકરી (૩)
૧૧. મૂળ ગામ કે દેશ (૩)
૧૨. છાલક (૨)
૧૩. ઉત્તમ પુરુષ (૪)
૧૭. ઓછું (૨)
૧૮. તીવ્ર ઈચ્છા, અભિલાષા (૪)
૧૯. બાળકને સૂવડાવવા ગવાતું ગીત (૪)
૨૦. અડીકડીની --- અને નવઘણ કૂવો (૨)
૨૧. પરતંત્ર (૪)
૨૫. --- તેવો ઓડકાર (૨)
૨૬. તોફાની (૩)
૨૭. --- સલવાર, ફૂરતા જાલીકા --- (૩)
૨૯. શિખામણ (૪)
૩૧. સાવધ, હોશિયાર (૫)
૩૨. મહારાષ્ટ્રનો એક ભક્તિ સંપ્રદાય (૪)

**ઊભી ચાવી**

૧. રાત્રિ (૪)
૨. કાર્તિકેય (૪)
૩. હુન્નર, કસબ (૨)
૪. મુસાફરીમાં સાથે લીધેલ ખાવાનું (૨)
૫. બહુ બોલું, બોલકણું (૩)
૬. અધિકાર, દાવો (૨)
૭. દયાળુ, ઉદાર (૩)
૯. મોટામાં મોટું (૪)
૧૪. નગદ નાણું, ઉધાર ન રાખતાં તરત ચૂકવેલું (૩)
૧૫. મજૂર (૩)
૧૬. --- લોહી હવાલદારનું (૩)
૧૮. અંત, સમાપ્તિ (૩)
૨૦. બનારસ (૪)
૨૨. અશુભ, નખેદ (૪)
૨૩. પાણી ભરનારી (૪)
૨૪. પ્રમાણસર, ઘાટીલું (૩)
૨૫. ખાનદાન કુટુંબનો પૈસાદાર માણસ (૩)
૨૮. મડદું (૨)
૨૯. જીવતો --- ભદ્રા પામે (૨)
૩૦. પવન (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ક | ૨ લં | દ | ૩ ર | ■ | ■ | ૪ મિ | ૫ જ | બા | ૬ ની |
| ૭ તા | બો | ■ | ૮ જ | ૯ મા | નો | ■ | હે | ■ | ક |
| ૧૦ ર | દ | બા | ત | લ | ■ | ૧૧ અ | મ | ૧૨ ન | ■ |
| ■ | ર | ■ | ■ | ૧૩ મ | ૧૪ હી | ■ | ૧૫ ત | કા | ૧૬ જો |
| ૧૭ અ | ■ | ૧૮ ર | ૧૯ ખ્યા | ■ | ૨૦ રા | ૨૧ હે | ■ | ૨૨ બ | ગ |
| ૨૩ વ | ૨૪ સુ | ■ | ૨૫ ત | ૨૬ દા | ■ | ૨૭ લ | તા | ■ | ણ |
| ૨૮ નિ | વા | ૨૯ સ | ■ | ૩૦ દા | ૩૧ સ | ■ | ■ | ૩૨ ના | ■ |
| ■ | ૩૩ સ | મા | પ્ત | ■ | ૩૪ ભ | ૩૫ મ | તા | રા | ૩૬ મ |
| ૩૭ શા | ■ | ધા | ■ | ૩૮ આ | ર | જા | ■ | ૩૯ ય | મ |
| ૪૦ ખ | જા | ન | ચી | ■ | ■ | ૪૧ ક | રુ | ણા | તા |

### ઓળખાણ પડી?



ટેસ્ટ ક્રિકેટ અને વન - ડેમાં નોંધપાત્ર કાનગીરી કરી તાજેતરમાં નિવૃત્તિ જાહેર કરનારા ન્યુઝીલેન્ડ ખેલાડીની ઓળખાણ પડી?

અ) ક્રિસ કેઈર્ન્સ  બ) ડેવોન કોનવે  ક) રચીન રવીન્દ્ર  ડ) કેન વિલિયમ્સન

### ચતુર આપો જવાબ  માથું ખંજવાળો

મજબૂત બાંધો ધરાવતું એક દરિયાઈ પ્રાણી પ્રતિ કલાક ૧૩૨ કિ.મી.ની ઝડપે જઈ શકે છે. એ પ્રાણીનું નામ જણાવો.

અ) Dolphin બ) Mako Shark ક) Sail Fish ડ) Black Marlin

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૨૦, ૪૧, ૮૩, ૧૬૭, ... વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૧૬૭ પછી કઈ સંખ્યા આવે?

અ) ૨૪૧  બ) ૨૬૭  ક) ૩૦૦  ડ) ૩૩૫

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૫ | | | | ૬ | | |
| ૯ | ૭ | | | ૧ | | ૮ | | |
| ૩ | | | | ૮ | | ૪ | | ૫ |
| ૫ | ૮ | ૧ | | | | | ૨ | |
| | | | ૧ | | ૨ | | | |
| | ૨ | | | | | ૧ | ૫ | ૭ |
| ૬ | | ૭ | | ૪ | | | | ૧ |
| | | ૮ | | ૨ | | | ૬ | ૩ |
| | | ૯ | | | | ૫ | ૪ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૫ | ૩ | ૮ | ૧ | ૬ | ૭ | ૨ | ૯ |
| ૯ | ૭ | ૬ | ૫ | ૩ | ૨ | ૮ | ૧ | ૪ |
| ૮ | ૨ | ૧ | ૭ | ૯ | ૪ | ૬ | ૩ | ૫ |
| ૫ | ૮ | ૭ | ૪ | ૨ | ૧ | ૯ | ૬ | ૩ |
| ૩ | ૯ | ૨ | ૬ | ૫ | ૮ | ૧ | ૪ | ૭ |
| ૧ | ૬ | ૪ | ૯ | ૭ | ૩ | ૨ | ૫ | ૮ |
| ૬ | ૪ | ૫ | ૨ | ૮ | ૯ | ૩ | ૭ | ૧ |
| ૨ | ૩ | ૯ | ૧ | ૪ | ૭ | ૫ | ૮ | ૬ |
| ૭ | ૧ | ૮ | ૩ | ૬ | ૫ | ૪ | ૯ | ૨ |

### ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પુકાર | બૂમ |
| પુણ્ય | સત્કર્મ |
| પુનિત | પવિત્ર |
| પુરસ્કાર | ઈનામ |
| પુરાતન | પ્રાચીન |

ગુજરાત મોરી મોરી રેઃ
ઘેર ઘેર માટીના ચૂલા

ઓળખાણ પડી?
ડીન જોન્સ

માઈન્ડ ગેમ :
૬૨

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
PERSIMMON

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧)કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ધીરેન્દ્ર ઉદેશી (૪) ભામિની સંપટ (૫) પ્રતીમા પમાણી (૬) ડો. પ્રકાશ કટકિયા (૭) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૮) ભારતી બુચ (૯) ભરત કજરિયા (૧૦) વિપીન શાહ (૧૧) નૂતન વિપીન શાહ (૧૨) હર્ષા મહેતા (૧૩) શ્રદ્ધા આશર (૧૪) મહેશ સંઘવી (૧૫) મીનળ કાપડિયા (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) ભાવના કર્વે (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) કમલ માતલિયા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) વિણા સંપટ (૨૬) ખુશરૂ કાપડિયા (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) વિજય આસર (૩૧) અલકા વાણી (૩૨) ડાયના સંતોકે (૩૩) નિતીન જયંતીલાલ બજરિયા (૩૪) અરવિંદ કામદાર (૩૫) પ્રિતીબેન ઉદય શેઠ (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) લજિતા ખોના (૩૮) પુષ્પા પટેલ (૩૯) મહેશ દોશી (૪૦) તાહેર ઔરંગાબાદવાલા (૪૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) મહેન્દ્ર લોઢાવિયા (૪૪) પ્રવીણ વોરા (૪૫) રમેશભાઈ દલાલ (૪૬) ઈનાક્ષીબેન દલાલ (૪૭) હિનાબેન દલાલ (૪૮) જ્યોત્સના ગાંધી

# ગુજરાતના ૪૮ તાલુકાઓમાં પ્રી-મોન્સૂનનો આરંભઃ ગળતેશ્વરમાં પોણા ત્રણ ઈંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટી શરૂ થઈ ગઈ છે અને તેના ભાગરૂપે રાજ્યના ઘણા ભાગમાં છેલ્લા બે દિવસથી છૂટાછવાયો વરસાદ પડી રહ્યો છે. ત્યારે સાંજના ૬ વાગ્યા સુધીમાં રાજ્યના ૪૮ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. ખેડા જિલ્લાના ગળતેશ્વરમાં અંદાજે ૨.૯૧ ઇંચ વરસાદ પડ્યો હતો. તે ઉપરાંત પંચમહાલ, છોટા ઉદેપુર, વડોદરા, નર્મદા, દાહોદ, ભાવનગર સહિતના જિલ્લામાં વરસાદ પડ્યો હતો.

સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર દ્વારા આપવામાં આંકડા અનુસાર, સાંજના ૬ વાગ્યા સુધીમાં રાજ્યના ૪૮ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં ખેડા જિલ્લાના ગળતેશ્વરમાં અંદાજે ૨.૯૧ ઇંચ વરસાદ સાથે સૌથી વધુ વરસાદ પડ્યો હતો. પંચમહાલ જિલ્લામાં પણ સાર્વત્રિક વરસાદી માહોલ જોવા મળ્યો હતો, જેમાં કાલોલ તાલુકામાં ૨.૫૨ ઇંચ, ગોધરામાં ૨.૪૮ ઇંચ, મોરવા હડફમાં ૪૮ મિ.મી. અને ઘોઘંબામાં ૪૩ મિ.મી. વરસાદ ખાબક્યો હતો. આ સિવાય છોટાઉદેપુરના બોડેલીમાં પણ ૨.૨ ઇંચ જેટલો ભારે વરસાદ નોંધાતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

મધ્ય અને દક્ષિણ ગુજરાતના અન્ય ભાગોમાં પણ વરસાદી ઝાપટાં ચાલુ રહ્યા હતા. વડોદરાના દેસરમાં ૩૩ મિ.મી. અને નર્મદાના તિલકવાડામાં ૨૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત દાહોદ જિલ્લાના ફતેપુરા, દાહોદ શહેર અને ગોવિંદ ગુરુ લીમડી જેવા તાલુકાઓમાં ૨૪-૨૪ મિ.મી. વરસાદ નોંધાયો હતો. સુરતના કામરેજમાં ૨૦ મિ.મી. મહીસાગરના સંતરામપુરમાં ૧૯ મીમી અને નવસારીના ગણદેવીમાં ૭ મિ.મી. વરસાદ પડ્યો હતો. જ્યારે ભાવનગરના વલ્લભીપુર અને શિહોર તેમ જ વલસાડ પંથકમાં પણ હળવો વરસાદ નોંધાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

રાજ્યના હવામાન વિભાગ દ્વારા આગામી ૬ દિવસ સુધી રાજ્યના જુદા જુદા જિલ્લામાં છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે વલસાડ, નવસારી, સુરત, તાપી, નર્મદા, ભરૂચ, વડોદરા, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ, મહીસાગર, અરવલ્લી તેમજ સૌરાષ્ટ્રના અમરેલી, ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. જો કે ૨૧ અને ૨૨ જૂનના રોજ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે ત્યારબાદ ૨૬મી જૂન સુધી દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.■

# પાવાગઢ ડુંગર પર ભારે વરસાદથી ભેખડ ધસી પડતાં બે શ્રદ્ધાળુઓનાં મોત, પાંચ ગંભીર રીતે ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ડુંગર પર ભારે વરસાદને કારણે પાટિયાપુલ નજીક અચાનક ભેખડ ધસી પડવાની દુર્ઘટનામાં બે શ્રદ્ધાળુનાં મોત નીપજ્યાં હતા, જ્યારે અન્ય પાંચ લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હતા. પ્રાથમિક વિગતો અનુસાર, ભારે વરસાદને કારણે માટીનું ધોવાણ થયું હતું, જેના લીધે સવારે વહેલી સવારે મોટા પથ્થરો નીચે ગબડ્યા હતા. આ સમયે માતાજીના દર્શને આવેલા કેટલાક શ્રદ્ધાળુઓ આ ભેખડ નીચે દબાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ પાવાગઢ રોપવે સર્વિસની બચાવ ટીમ, સ્થાનિક પોલીસ, ફાયરબ્રિગેડ અને સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા અને કાટમાળ હટાવી ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી.

બચાવ ટીમોએ ઘટનાસ્થળેથી બે મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યારે અન્ય પાંચ ઇજાગ્રસ્તો ને શરીરે ફ્રેક્ચર જેવી ગંભીર ઇજાઓ થઈ હોવાથી તેઓને પ્રાથમિક સારવાર આપી તાત્કાલિક હાલોલની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે મૃતકો અને ઇજાગ્રસ્તો સુરત તેમજ અમદાવાદના રહેવાસી છે. પરિસ્થિતિને કાબૂમાં લેવા અને ટ્રાફિક તેમજ કાયદો-વ્યવસ્થા જાળવવા પાવાગઢ પોલીસ સ્ટેશનના ઉચ્ચ અધિકારીઓ પણ સ્થળ પર તૈનાત કરી દેવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ચોમાસાના આરંભે જ બનેલી આ દુર્ઘટનાએ પાવાગઢ આવતા પ્રવાસીઓ અને શ્રદ્ધાળુઓની સુરક્ષા વ્યવસ્થા સામે મોટા પ્રશ્નાર્થો ઉભા કર્યા છે. પાવાગઢ એવું ધાર્મિક સ્થળ છે જ્યાં બારેમાસ અને ખાસ કરીને તહેવારોના દિવસોમાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ માતાજીના દર્શનાર્થે આવતા હોય છે. હાલમાં ડુંગર પરથી હજુ પણ પથ્થરો નીચે ન પડે તે માટે તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# હોર્મુઝ સામુદ્રધુની પાર કરી એલએનજી કાર્ગો જહાજ 'દિશા' દહેજ બંદરે સુરક્ષિત પહોંચ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)




૬૨,૦૦૦ ટન એલએનજી લઈને માલવાહક જહાજ શુક્રવારે ગુજરાતના અમદાવાદસ્થિત દહેજ બંદરે પહોંચ્યું હતું. (એજન્સી)

અમદાવાદઃ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી તણાવપૂર્ણ પરિસ્થિતિ વચ્ચે લિક્વિફાઇડ નેચરલ ગૅસ (એલએનજી) કાર્ગો જહાજ 'દિશા' દહેજ બંદરે સફળતાપૂર્વક આવી પહોંચ્યું હતું. ભરૂચ પોર્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર, આ જહાજે હોર્મુઝની સામુદ્રધુની પાર કરીને ૬૨,૩૭૦ મેટ્રિક ટન એલએનજીના જથ્થા સાથે પેટ્રોનેટ એલએનજી જેટી પર સુરક્ષિત રીતે લંગર નાખ્યું હતું.

પશ્ચિમ એશિયાની તણાવભરી સ્થિતિ વચ્ચે આ જહાજનું ભારત આગમન ઊર્જા સુરક્ષાની દ્રષ્ટિએ એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન માનવામાં આવી રહ્યું છે, કારણ કે ૧૫ જૂનના રોજ આ જહાજે હોર્મુઝની સામુદ્રધુની ઓળંગી ત્યારપછી અન્ય કોઈ ભારતીય ધ્વજ ધરાવતું જહાજ હોર્મુઝની સામુદ્રધુનીમાંથી બહાર નીકળ્યું નથી.

આ અગાઉ કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયે જણાવ્યું હતું કે, સરકાર પર્શિયન ગલ્ફ વિસ્તારમાંથી ભારતીય જહાજો અને ઉર્જા કાર્ગોની સુરક્ષિત વાપસી માટે સતત પ્રયત્નશીલ છે. મંત્રાલય આ મામલે પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય, રસાયણ અને ખાતર મંત્રાલય તેમજ વિદેશ મંત્રાલય સાથે નજીકથી સંકલન સાધી રહ્યું છે. આગામી સમયમાં જો હોર્મુઝની સામુદ્રધુનીમાંથી શિપિંગ ટ્રાફિક ધીમે-ધીમે સામાન્ય થાય, તો ભારત તેના માટે તમામ સ્તરે સજ્જ છે અને તમામ સંબંધિત એજન્સીઓ સાથે મળીને જહાજોની વહેલી તકે વાપસી માટેની યોજના પર કામ કરી રહી હોવાનું મંત્રાલયે જણાવ્યું હતું.

# માત્ર મોટા બૅન્ક ટ્રાન્ઝેક્શનના આધારે ઈન્કમ ટેક્સ કેસ ફરી ખોલી ન શકાયઃ ગુજરાત હાઈ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે તાજેતરમાં એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું હતું કે, જ્યાં સુધી કરચોરી કે આવક છુપાવી હોવાના કોઈ ચોક્કસ પુરાવા ન હોય ત્યાં સુધી બૅંક ખાતામાં માત્ર મોટા નાણાકીય વ્યવહારો થયા છે તેના આધારે ઇન્કમ ટેક્સ આકારણી ફરીથી શરૂ કરી શકાય નહીં.

જસ્ટિસ એ. એસ. સુપૈયા અને જસ્ટિસ વૈભવી ડી. નાણાવટીની બેન્ચે આ મામલે એક કંપની વિરુદ્ધ આકારણી વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૧-૨૨ માટે જારી કરાયેલી રિએસેસમેન્ટ નોટિસો અને તે સંબંધિત આદેશોને રદબાતલ જાહેર કર્યા હતા. અદાલતે જણાવ્યું હતું કે કોઈ પુરાવા વિના માત્ર બૅંક ખાતાના મોટા વ્યવહારો આપોઆપ એ સાબિત નથી કરતા કે તેના પર ટેક્સ ચૂકવવાનો બાકી રહી ગયો છે.

મળતી વિગતો અનુસાર, ઇનકમ ટેક્સ વિભાગે કંપનીના બૅંક સ્ટેટમેન્ટ્સમાં જંગી જમા-ઉધાર અને અસુરક્ષિત લોનની હેરફેર જોઈને આ કેસ ફરીથી ખોલવાની માગ કરી હતી. વિભાગની દલીલ ગતિ કે આ વ્યવહારો કંપનીની વ્યાપારિક પ્રવૃત્તિઓ સાથે મેળ ખાતી નથી. તેની સામે કંપનીએ દલીલ કરી હતી કે આ તમામ વ્યવહારો તેના ઓડિટેડ ફાઇનાન્સિયલ સ્ટેટમેન્ટ્સ અને ચોપડામાં પહેલેથી જ નોંધાયેલા છે અને જે સંસ્થાઓ સાથે આ વ્યવહારો થયા છે તેઓ પણ નિયમિતપણે ઇનકમ ટેક્સ રિટર્ન ફાઇલ કરે છે. કોર્ટે સુનાવણી દરમિયાન નોંધ્યું હતું કે ખુદ એસેસિંગ ઓફિસરે સ્વીકાર્યું છે કે તમામ વ્યવહારો કંપનીના ચોપડે નોંધાયેલા છે અને સામેવાળી કંપનીઓ પણ રિટર્ન ભરે છે. અદાલતે કહ્યું હતું કે, માત્ર ધારણાઓ અને અનુમાનોના આધારે કેસ ફરીથી ઓપન કરવો એ દલીલ વાજબી નથી. અદાલતે એનબીએફસી લાઇસન્સ ન હોવા કે વ્યાજ ન વસૂલવા જેવી વિભાગની દલીલોને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે આ બાબતોથી ટેક્સ લાયબિલિટી છુપાવી હોવાનો કોઈ આક્ષેપ સાબિત થતો નથી. ■

# અમદાવાદના ગીતામંદિરમાં ગૅસ એજન્સીમાં આગ બાદ બ્લાસ્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ધમધમતા એવા ગીતામંદિર વિસ્તારમાં આરોગ્ય ભવન સામે આવેલી એક ગૅસ એજન્સીમાં અચાનક આગ ભભૂકી ઊઠતા ભારે દોડધામ મચી ગઈ હતી. આગની ઘટના બાદ બ્લાસ્ટ પણ થયો હતો, જેના વીડિયો પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થયા હતા. આ ઘટનામાં બે લોકોને ઈજા થઈ હોવાના અહેવાલો પ્રાપ્ત થયા હતા.

મળતી વિગતો અનુસાર, અમદાવાદના શહેરના સતત ધમધમતા રહેતા ગીતામંદિર વિસ્તારમાં આરોગ્ય ભવન સામે આવેલી એક ગૅસ એજન્સીમાં આગ લાગવાની ઘટના બની હતી, આગની ઘટના બાદ બ્લાસ્ટ પણ થયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

### ચકચારી ગાંધીધામ કસ્ટોડિયલ ડેથ કેસ

# માનવ અધિકાર આયોગે વળતર ન ચૂકવાતાં રાજ્યના મુખ્ય સચિવ સામે વૉરંટ જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ગાંધીધામ શહેરમાં વર્ષ ૨૦૨૧માં બનેલા એક કસ્ટોડિયલ ડેથના ચકચારી કેસમાં રાજ્ય માનવ અધિકાર આયોગના આદેશોનું પાલન ન કરવા બદલ આયોગ દ્વારા ગુજરાત રાજ્યના મુખ્ય સચિવ સામે જામીનપાત્ર વૉરંટ જાહેર કરવામાં આવતાં વહીવટી અને પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. મૃતકના વારસદારને રૂ. ૫ લાખનું વળતર ચૂકવવાના આદેશનો વારંવાર અનાદર કરાતાં આખરે આયોગે આ કડક વલણ અપનાવ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, વર્ષ ૨૦૨૧માં ગાંધીધામ એ-ડિવિઝન પોલીસ મથકે દામજી મીઠુ સીજુ નામના નાગરિકની પોલીસે અટકાયત કરી હતી. પોલીસ કસ્ટડી દરમિયાન ડરના માર્યા આરોપીએ પોલીસ મથકની ઇમારત પરથી નીચે ઝંપલાવ્યું હતું, જેમાં ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન હૉસ્પિટલમાં તેનું મોત નીપજ્યું હતું. આ મામલે કૉંગ્રેસના અગ્રણી ડો.રમેશ એલ. ગરવાએ વર્ષ ૨૦૨૧માં જ માનવ અધિકાર આયોગમાં ધા નાખી મૃતકના પરિવારને ન્યાય અને વળતર અપાવવા ફરિયાદ નોંધાવી હતી. આયોગની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે, મૃતકે પોલીસના ડર અને કથિત સતામણીને કારણે આ આત્મઘાતી પગલું ભર્યું હતું. ગત ૧૮ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ રાજ્યના મુખ્ય સચિવને કારણદર્શક નોટિસ પાઠવી હતી અને ૮ અઠવાડિયામાં મૃતકના વારસદારને રૂ. ૫ લાખનું આર્થિક વળતર કેમ ન ચૂકવવું, તેનો ખુલાસો માગ્યો હતો. તેની સામે કોઈ ગુનાહિત ગેરવર્તણૂકના પુરાવા મળ્યા ન હોવાનું જણાવી વળતર આપવાનો વિરોધ કરાયો હતો. રાજ્ય સરકાર તરફથી કોઈ સ્પષ્ટ ન્યાયિક જવાબ ન મળતાં આયોગે ગત ૧૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ આખરી તક આપી હતી. આમ છતાં, આયોગના નિર્દેશોનો અનાદર થતાં કમિશનના જોઈન્ટ રજિસ્ટ્રાર ઈન્દ્રજિતકુમાર દ્વારા રાજ્યના મુખ્ય સચિવ સામે સત્તાવાર વૉરંટ જારી કરવામાં આવ્યું છે. ■

# ગુજરાતમાંથી ઉનાળુ સિઝન માટે ૧૮,૨૫૦ મૅટ્રિક ટન મગ ટેકાના ભાવે ખરીદાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ તેમજ ગ્રામીણ વિકાસ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી ગુજરાત સહિત દેશના ચાર રાજ્યો માટે એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજીને લઘુતમ ટેકાના ભાવ પર મોટા પાયે કઠોળ અને તેલીબિયાંની ખરીદીને મંજૂરી આપી હતી.

કેન્દ્ર સરકાર દ્વારા પ્રાઇસ સપોર્ટ સ્કીમ (પીએસએસ) હેઠળ ગુજરાત, ઉત્તર પ્રદેશ, તમિળનાડુ અને હરિયાણામાં મોટા પાયે લઘુતમ ટેકાના ભાવ પર કઠોળ અને તેલીબિયાંની ખરીદીને મંજૂરી આપવામાં આવી હતી.

આ મંજૂરી અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા ખાસ કરીને ગુજરાતમાં ઉનાળુ ૨૦૨૬ સીઝન માટે ૧૮,૨૫૦ મેટ્રિક ટન મગની ખરીદીને લીલી ઝંડી આપવામાં આવી હતી. પીએસએસ યોજના હેઠળ થનારી આ ખરીદીના કુલ ટેકાના ભાવનું મૂલ્ય અંદાજે ૧૬૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનું જણાવવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકારના આ હિતલક્ષી નિર્ણયથી ગુજરાત રાજ્યના મગનું ઉત્પાદન કરતા ખેડૂતોને ખુલ્લી બજાર કરતા વધુ સારા અને નફાકારક ભાવ મળી રહેશે, જેનાથી તેમની આર્થિક સ્થિતિ મજબૂત બનશે. તે ઉપરાંત, ઉત્તર પ્રદેશમાં ઉનાળુ ૨૦૨૬ સીઝન માટે ૪૮,૨૯૮ મેટ્રિક ટન મગ, ૯૭,૯૭૦ મેટ્રિક ટન અડદ અને ૪૧,૭૧૮ મેટ્રિક ટન મગફળીની ખરીદી કરવામાં આવશે, આ ખરીદીના કુલ ટેકાના ભાવનું મૂલ્ય અંદાજે રૂ. ૧૪૯૦ કરોડથી વધુ થાય છે. તમિળનાડુમાં રવિ માર્કેટિંગ સીઝન ૨૦૨૫-૨૬ માટે મગની ખરીદી મર્યાદા ૮૮૫ મેટ્રિક ટનથી વધારીને ૯૯૦ મેટ્રિક ટન કરવામાં આવી હતી, એટલે કે હવે ત્યાં ૧૦૫ મેટ્રિક ટન વધારાના મગની ખરીદી થશે જેનું કુલ મૂલ્ય રૂ. ૮.૬૮ કરોડ છે. ■

# ઔડા અને ગુડાને મર્જ કરીને સંયુક્ત શહેરી સત્તામંડળની રચના કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી સમયમાં ઓલિમ્પિક-૨૦૩૬ સહિતના વૈશ્વિક આયોજનની યજમાની જ્યારે ગુજરાતને મળવા જઈ રહી છે, ત્યારે તેને ધ્યાને લઈને ગુજરાત સરકાર અમદાવાદ અને ગાંધીનગરના શહેરી વિસ્તારોને એક જ વહીવટી માળખા હેઠળ લાવવા માટે એક મહત્ત્વપૂર્ણ યોજના તૈયાર કરી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ યોજના હેઠળ, અમદાવાદ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી (ઔડા) અને ગાંધીનગર અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટીને (ગુડા) મર્જ કરીને એક સંયુક્ત શહેરી સત્તામંડળની રચના કરવામાં આવી શકે છે. જેના માટે એક નવી વિકાસ યોજના-૨૦૪૧ તૈયાર કરવાની કવાયત શરૂ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મળતી વિગતો અનુસાર, હાલમાં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટીનો વિસ્તાર આશરે ૨૬૦૦ ચોરસ કિલોમીટર છે, જેને નવી યોજના હેઠળ ૫૦૦૦ થી ૬૦૦૦ ચોરસ કિલોમીટર સુધી વધારવાની યોજના હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. આ નવી વિકાસ યોજના દ્વારા બે મહાનગર પાલિકા, બે અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટી અને પાંચ નગરપાલિકાઓને એક છત્ર નીચે લાવશે. જેના પરિણામે ટાઉન પ્લાનિંગ સ્કીમ્સ, એફએસઆઈ અને ઝોનિંગ કાયદાઓ એકસમાન થઈ જશે.

સરકારની આ પહેલથી ગુજરાતમાં પણ મુંબઈમાં જે રીતે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલોપમેન્ટ ઓથોરીટી કામગીરી કરે છે તે રીતે આ જોઇન્ટ ડેવલોપમેન્ટ ઓથોરીટી અમદાવાદ-ગાંધીનગરના વિકાસ, પ્રદૂષણ નિયંત્રણ અને કચરા વ્યવસ્થાપનનું સંચાલન કરશે. આ સાથે જ બીઆરટીએસ, મેટ્રો અને સિટી બસ જેવી સ્થાનિક પરિવહન સેવાઓ પણ એક જ છત્ર નીચે આવી જવાથી તેનો લાભ સીધો નાગરિકોને મળી રહેશે. આ સાથે જ કલોલ, દહેગામ, સાણંદ, બાવળા, છત્રાલ અને ચાંગોદર ઉપરાંત મહેમદાવાદ સહિતના અન્ય વિસ્તારોમાં પણ અમદાવાદ જેવી જ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. ■

# સુરતમાં હથિયારો સાથે દહેશત ફેલાવનાર મુખ્ય સૂત્રધાર સહિત ચાર સાગરીતો જેલભેગા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના ડિંડોલી વિસ્તારમાં આજથી ચાર દિવસ પૂર્વે જૂની અદાવતનો ખાર રાખી હથિયારો સાથે આતંક મચાવીને યુવકોને જાનથી મારી નાખવાની ધમકી આપનાર મુખ્ય આરોપી બંટી ઉર્ફે દયાવન પાટીલ સહિત કુલ ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. મુખ્ય સૂત્રધાર બંટીના ઈશારે તેના સાગરીતો ઘડેલા કાવતરાના ભાગરૂપે વિસ્તારમાં ડર ફેલાવવા આવ્યા હતા.

મળતી વિગતો અનુસાર, બાઇક પર આવેલા ત્રણ હુમલાખોરોએ ઊભેલા બે યુવકો સાથે ગાળાગાળી કરી હતી, તેનો વિરોધ કરનારા આરોપીઓએ છુપાવી રાખેલા ઘાતક છરા, સળિયા અને ચપ્પુ બતાવીને ભયનો માહોલ સર્જ્યો હતો. આ ટોળકીએ, અમને બંટીએ મોકલ્યા છે, જો ફરી તેનું નામ લીધું તો જાનથી મારી નાખીશું. જેવી ધમકી આપી ફરાર થઈ ગયા હતા. આ ઘટના બાદ પીડિતોએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે તપાસ શરૂ કરીને ગુનામાં વપરાયેલી બાઇક અને હથિયારો જપ્ત કર્યા હતા, તેમ જ મુખ્ય આરોપી બંટી સહિત કુલ ચાર આરોપીઓની ધરપકડ કરી લીધી હતી. સચીન જીઆઈડીસી પોલીસ અને ડિંડોલી પોલીસ દ્વારા પકડાયેલા આરોપીઓમાં રવિ ઉર્ફે ગોલુ હેમરાજ જેવેન્દ્રસિંગ સિંગ, શુભમ અર્જુન સતઈ સરોજ, વિશાલ રામનારાયણ ગુનેલાલ મોર્યા અને મોનુ દિલીપ લાલચંદ ગૌતમનો સમાવેશ થાય છે. સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત કરવા માટે સુરત એસઓજી પોલીસે હાલમાં જ 'ઓપરેશન રેમ્બો-૨' શરૂ કર્યું કરીને હથિયારો રાખવા અને અસામાજિક પ્રવૃત્તિઓમાં સામેલ ૫૨ જેટલા રીઢા ગુનેગારોને ઝડપી પાડી મોટી કાર્યવાહી કરી હતી.■

# અમદાવાદ મનપામાં વર્ગ-૩નાં ૨૦ કર્મચારીનાં રાજીનામાં મંજૂર, સરકારી ભરતીઓમાં પસંદગી થતાં નોકરી છોડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા)માં ફરજ બજાવતા વર્ગ-૩ કેડરના એકસાથે ૨૦ જેટલા કર્મચારીએ પોતાના પદ પરથી રાજીનામા આપી દીધા હતા. તંત્ર દ્વારા આ તમામ કર્મચારીઓના રાજીનામા સત્તાવાર રીતે મંજૂર પણ કરી લેવામાં આવ્યા છે. વહીવટી વિભાગમાં એકસાથે આટલી મોટી સંખ્યામાં રાજીનામા પડતાં મ્યુનિસિપલ તંત્રમાં આ મદ્દો ભારે ચર્ચાનો વિષય બન્યો છે. એકસાથે આટલી મોટી સંખ્યામાં ક્લાર્ક અને ટેક્નિકલ સુપરવાઈઝર ઓછા થવાના કારણે આગામી દિવસોમાં જે-તે વિભાગોની કામગીરી પર ભારણ વધી શકે છે, અને ખાલી પડેલી આ જગ્યાઓ પર નવી ભરતી કે બદલી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજીનામું આપનારા કર્મચારીઓમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની વહીવટી અને ટેક્નિકલ પાંખના મહત્ત્વના કર્મચારીઓ સામેલ છે. જેમાં મુખ્યત્વે જુનિયર ક્લાર્ક અને સહાયક ટેક્નિકલ સુપરવાઈઝર જેવી ચાવીરૂપ કેડરના કર્મચારીઓનો સમાવેશ થાય છે. આ કર્મચારીઓ વર્ગ-૩ની શ્રેણીમાં આવતા હતા અને કોર્પોરેશનની રોજિંદી કામગીરીમાં તેમની ભૂમિકા મહત્ત્વની હતી.

આ ૨૦ કર્મચારી દ્વારા નોકરી છોડવા પાછળનું કારણ કોઈ આંતરિક વિવાદ કે કામનું ભારણ નહીં, પરંતુ આ તમામ કર્મચારીઓની રાજ્ય સરકારની અન્ય સરકારી ભરતીઓમાં પસંદગી થઈ છે.

મનપા કરતાં રાજ્ય સરકારના વિભાગોમાં વધુ સારો પે-સ્કેલ, પ્રમોશનની ઉજળી તકો અથવા મનગમતી જગ્યા મળવાના કારણે આ કર્મચારીઓએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી રાજીનામા આપવાનો નિર્ણય કર્યો છે. ■

# ગાંધીધામમાં સેક્સ રેકેટ ઝડપાયુંઃ સ્પાની મહિલા મેનેજર સહિત બે પકડાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના આર્થિક પાટનગર ગણાતા ગાંધીધામ શહેરમાં સ્પાની આડમાં ધમધમતા દેહવિક્રયના કાળા કારોબાર પર પોલીસે લાલ આંખ કરી છે. ગાંધીધામ-ભચાઉ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ટ્રાન્સપોર્ટ નગર નજીક સર્વિસ રોડ પાસે આવેલી 'ગોકુલ હોટેલ'માં ચાલતા 'એરોમા ધી સ્પા'માં પોલીસે દરોડો પાડીને હાઈપ્રોફાઈલ સેક્સ રેકેટનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે સ્થળ પરથી બે મહિલા મેનેજરોની અટકાયત કરી છે, જ્યારે સ્પાની મુખ્ય સંચાલિકાને ઝડપી લેવા તપાસ શરૂ કરવામાં આવી છે. મળતી વિગતો મુજબ, આ હોટેલમાં મસાજ પાર્લરના બહાને દેહવિક્રયનો કારોબાર ચાલતો હોવાની ચોક્કસ પૂર્વ બાતમી મળતાં પોલીસે એક વ્યૂહરચના ગોઠવી હતી. પોલીસે એક ડમી ગ્રાહક તૈયાર કરી તેને ૪,૦૦૦ની રોકડ આપીને સ્પામાં મોકલ્યો હતો. ડમી ગ્રાહકે અંદર જઈને સોદો નક્કી કર્યા બાદ બહાર વોચમાં ઊભેલી પોલીસ ટુકડીને ઈશારો કર્યો હતો. સંકેત મળતાં જ પોલીસે સ્પામાં ત્રાટકીને તપાસ કરતાં એક બંધ કેબિનમાંથી ડમી ગ્રાહક અને એક યુવતી કઢંગી હાલતમાં મળી આવ્યા હતા.

પોલીસે ઘટનાસ્થળેથી કાઉન્ટર પર હાજર સ્પાની મહિલા મેનેજર શીતલ રાજપાલસિંઘ (રહે. સુંદરપુરી, સ્ટર્લિંગ હોસ્પિટલ પાછળ, ગાંધીધામ) તથા શાલુ રાની પ્રમોદકુમારની અટકાયત કરી હતી. જ્યારે સ્પાની મુખ્ય સંચાલિકા સંગીતા વિકાસ ડગલા હાલ પોતાના વતન રાજસ્થાન ગઈ હોવાથી તેને ફરાર જાહેર કરાઈ હતી. પકડાયેલી મહિલા મેનેજરોએ કબૂલાત કરી હતી કે, તેઓ બહારના રાજ્યોમાંથી મહિલાઓને બોલાવી દેહવ્યાપાર કરાવતી હતી.■

# અમદાવાદમાં જગન્નાથજીની જળયાત્રા પૂર્વે સૂકીભઠ્ઠ સાબરમતી નદીમાં ફરી પાણી છોડાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છેલ્લા ઘણા સમયથી સૂકીભઠ્ઠ પડેલી સાબરમતી નદી હવે ફરીથી ભરવાની તૈયારી છે. વાસણા બેરેજ પર દરવાજાના સમારકામ અને બદલાવવા માટે નદીમાંથી પાણી કાઢવામાં આવ્યું હતું અને સાબરમતી નદી ઘણા સમયથી પાણી વગરની પડી હતી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીએ જણાવ્યું હતું કે, રથયાત્રા પહેલા જગન્નાથ મંદિર દ્વારા આયોજિત વાર્ષિક જળ યાત્રાને ધ્યાનમાં રાખીને, સાબરમતી નદીમાં પાણી છોડવા માટે સિંચાઈ વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીના જણાવ્યા અનુસાર, ૨૨ જૂન સુધીમાં નદીમાં પાણી છોડવામાં આવશે. વાસણા બેરેજના દરવાજાઓના સમારકામની સ્થિતિમાં જળયાત્રા માટે નદીમાં પાણી છોડવાથી ચાલુ સમારકામ કાર્ય પર અસર થઈ શકે છે. જોકે અધિકારીઓએ ધાર્મિક કાર્યક્રમને પ્રાથમિકતા આપવાનો અને શોભાયાત્રા પહેલા નદીના પાણીનું સ્તર જળવાઈ રહે તે માટેનો નિર્ણય લીધો હતો.

આ દરમિયાન સાબરમતી નદીમાં મૃત માછલીઓના વાઇરલ વીડિયો પર પ્રતિક્રિયા આપતા, સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડના એક અધિકારીએ જણાવ્યું હતું કે વાઇરલ વીડિયોમાં દર્શાવેલ સ્થાન પર નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેના પ્રાથમિક તારણો દર્શાવે છે કે નદીના પાણીના સ્તરમાં ઘટાડો થવાને કારણે માછલીઓનું મૃત્યુ થયું હોવાનું જાણવા મળ્યું હતું. જોકે, અધિકારીઓનો અંદાજ છે કે મૃત માછલીઓની સંખ્યા ૫૦ થી ૧૦૦ ની વચ્ચે હતી. ■

## ૪. ધાર્મીક સંબંધી

**જીવંત શ્રાદ્ધ – ભાગવત કથા**
ભાગવત કથા પવિત્ર પિતૃપક્ષ નિમિત્તે ભગવત ગીતા, વૈદિક શાસ્ત્રોક્ત ''જીવંત શ્રાદ્ધ'' વિધિઓ, ગરુડ મહાપુરાણ, પોથીજી, શ્રીમદ્ ભાગવત કથા, સમદર્શન સેવા પરિવાર દ્વારા ''અંધજન માનવ સેવા પ્રોજેક્ટ'' તથા દહાણુના 3000 આદિવાસી વિદ્યાર્થીઓના લાભાર્થે (80જી/સીએસઆર) 2થી 10 ઓક્ટોબર 2026 વિશ્વકર્મા એ.સી. હોલ, બજાજ રોડ, વિલેપાર્લે (પશ્ચિમ), મુખ્ય સહ-મુખ્ય યજમાન, વિધિ યજમાન, પોથીજી યજમાન, ઉત્સવ હવન, 31 - કુમારિકા પૂજન, આનંદના ગરબા, નોંધણી મર્યાદિત, 9076308117/ 9324250850. (૧૧૮૨-એ)

■ **પ્રાર્થનાસમાજ તેમજ આધ્યાત્મિક પ્રવચન, ભજન, કીર્તન, શ્લોક માટે સંપર્ક ૯૯૩૦૪૬૧૭૭૯. (૩૫૧)**

## ૯. લગ્ન સંબંધી

**બ્રાહ્મણ**
**5'4", 26 વર્ષની સુંદર મધ્યમ શ્રવણ શક્તિવાળી, શ્રવણ ચંત્રવાળી છોકરી, રસોઈમાં સ્નાતક, બેંકિંગ નિષ્ણાત, સંસ્કારી-ભણેલા-સમજદાર યુવક આવકાર્ય: 9323973759. (દહેજ નહીં). (૧૧૫૬-એ)**

■ સેવાનાં ધોરણે ગુજરાતી કચ્છી તમામ જ્ઞાતિના અપરિણીત યુવક-યુવતીઓ માટે મેટ્રિમોનીયલ સર્વિસ. ૮૬૫૫૧૮૫૬૬૭. (દહેજ નહીં.) (૧૦૫૩-એ)

**બ્રાહ્મણ સેવા સમાજ**
50મું વર્ષ 109મો પરિચય મેળો મલાડ ખાતે તા. 06/09/2026 પ્રવેશ ફી યુવક Rs. 500/-, યુવતી Rs. 300/-, સંપર્ક: અલકેશભાઈ વ્યાસ- 8779177080, જય- 9870756615 દિપકભાઈ- 8828221010. (સમૂહ જનોઈ રવિવાર 13/12/2026) (દહેજ નહીં). (૧૧૪૪-એ)

■ પાર્લામાં 1995 Mcom હેન્ડસમ ડાયવોર્સી બિઝનેસમેનને સંસ્કારી કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૭૯-એ)

■ પ્લાસ્ટીક સર્જન 1992 બ્યુટીફૂલ એક્ટિવને વેલ ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૭૯-એ)

■ ફિઝિયોથેરાપીસ્ટ 1996 બ્યુટીફૂલ એક્ટિવ ડાયવોર્સીને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૭૯-એ)

■ ઘાટકોપરમાં 1981 BCOM સ્માર્ટ બિઝનેસમેનને સંસ્કારી કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૭૯-એ)

■ જુહુ 1984 MBA હેન્ડસમ બિઝનેસમેનને સંસ્કારી કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૭૯-એ)

■ અમેરિકામાં 2000 IT ગ્રેજ્યુએટ બ્યુટીફૂલને અમેરિકા સ્થિત યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૭૯-એ)

■ અમેરિકામાં 1995 PHD ઈન્ટેલિજન્ટને અમેરિકા સ્થિત યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૭૯-એ)

■ જુહુ 1986 CA બ્યુટીફૂલ બિઝનેસ ધરાવતી સ્વામીનારાયણને ક્વોલીફાઈડ યુવક 9920817551. (દહેજ નહીં). (૧૧૭૯-એ)

■ અમેરિકામાં 1994 બી ટેક એમ એસ વૈષ્ણવ હેન્ડસમને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૭૯-એ)

■ અમેરિકામાં (ડેલાસ) એમ એસ 1991 સ્માર્ટને ક્વોલિફાઈડ દેખાવડી કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૧૭૯-એ)

**પટેલ યુવક**
**1999, 5'6'', લંડન સ્થિત, PHARMACY ઉચ્ચ જ્ઞાતીના વેલસેટ યુવક માટે લંડન સ્થિત થવા ઈચ્છીત યુવતીના વડીલ સંપર્ક કરો. 9323555602. (દહેજ નહીં) (૧૧૮૦-એ)**

■ વૈષ્ણવ યુવક, 1998, BE, Businessman, વેલસેટ, દેવાંશ - 9426358226. (દહેજ નહીં). (બી-૧૭૭૫૫)

■ બ્યુટી ફુલ વૈષ્ણવ યુવતી, 1997, BTech, Job દેવાંશ - 9426358226. (દહેજ નહીં). (બી-૧૭૭૫૬)

**48 થી ઉપરની**
**વયના મહિલાઓ / પુરુષો યોગ્ય જીવનસાથીની પસંદગી માટે સંપર્ક - 9967894750. (દહેજ નહીં). (બી-૧૭૭૫૪)**


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## ૯. લગ્ન સંબંધી

**DESI JODI**
**Matrimony Services (New Jersey, America) Roshni Joshi. WhatsApp - 0017187556940. (No Dowry) (1175-C)**

**1982 DECEMBER, BOY, B.Com, L.L.B, CS (Divorcee, No Child), Caste no bar. Ownership Flat. Mumbai - based. Contact: 9920731677. (No Dowry) (B-17761)**

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી : 9969388693 / 7506569229. (બી-૧૭૬૪૫)



FIRST TIME IN INDIA
સુવાવડ પછીની સંભાળ માટેની વિશેષ કિટ
પ્રસૂતિ પછીના પ્રથમ ૪૦ દિવસ માટે
DADI'S SECRET
ESSENCE OF PLANTS
By Neeta Dalal
કિટમાં સમાવિષ્ટ છે:
રાબ પ્રીમિક્સ
મુખવાસ
હળદર પ્રીમિક્સ પાવડર
સુવા અને ગોળના લાડુ
વાવડિંગ અને વકુંભા
શતાવરી ટેબ્લેટ્સ
દશમૂલ કાઢા ટેબલેટ્સ
ખમણેલું સૂકું કોપરું
Contact : 8879874457
www.dadisecret.com
dadi_secret Dadi Secret
(બી-૧૭૭૩૬)

**''કેસર કેરી''**
વલસાડની પ્રખ્યાત ''ઓર્ગેનિક'' ''કેસર'' મુંબઈમાં ઘેરબેઠા મેળવો: 9427577771, 9274793095. (૧૧૪૮-એ)

**કાન**
૪૧ વર્ષોના અનુભવી પાસે, દવાથી કાન સીવરાવવા, ઘાટકોપર - અંધેરી - સેન્ડહર્સ્ટ રોડ - વાલકેશ્વર - દાદર - ચોપાટી ૯૮૬૯૪૧૬૪૮૧. (બી-૧૭૭૧૭)

## ૧૨. યાત્રા સહેલગાહ

**તુષાર નેગાંધી**
શ્રી મલ્લિકાર્જુન હૈદરાબાદ રામોજી , દક્ષિણ ભારત + કેરળ, ગંગાસાગર જગન્નાથપુરી, ઉત્તરાખંડ ચારધામ, નેપાળ મુક્તિનાથ, દેવીબેન પ્રવાસ : ૯૮૩૩૭૩૦૬૩૯ (૧૧૭૨-ઈ)

દિવાળી સ્પે. પેકેજો...
જલદી કરો ભાવ વધી રહ્યા છે...
20 વર્ષથી વધુનો અનુભવ | ઓફર માત્ર 25 June સુધી
સ્પે. ડોમેસ્ટીક પેકેજો કોઈ પણ પેકેજ ભાવ એક જ ₹ 49,999/-
ગુજરાત સરકાર પ્રમાણિત LTC માન્ય કંપની

| | | | |
|---|---|---|---|
| સિંગાપોર મલેશિયા | વીથ ક્રુઝ થાઈલેન્ડ 8N/9D 99,000/- | શ્રીલંકા 6N/7D ₹ 70,000/- | એરફેર-ગુજરાતી મહારાજ સાથે |
| થાઈલેન્ડ ફુકેટ કોલ્લી | 8N/9D ₹85,000/- | બાકુ 5N/6D ₹80,000/- | ભૂતાન 8D |
| વિયેટનામ હુ-કોક સાથે | 7N/8D ₹95,000/- | ચાઈના 6N/7D ₹ 1,25,000/- | સિક્કીમ 9D |
| બાલી ઉબુક્ ક્રૂતા | 6N/7D ₹75,000/- | | સ્પે.કેરાલા 8D |
| | | | આસામ મેઘાલય 7D |
| | | | દક્ષિણ ભારત 8D |

SALE 2027 Package
પેકેજોમાં સામેલ : એરફેર - હોટેલ-ફૂડ-સાઈટસીન - વિઝા
તા. ૨૦ ઓક્ટો. થી ૧૦ નવે. દરરોજ / તા. 5-15-25 ડિસે. થી મે

| | | | |
|---|---|---|---|
| જાપાન ચેરી બ્લોસમ | 6N/7D ₹1,20,000/- | ઓસ્ટ્રેલિયા/ન્યુઝીલેન્ડ | 13N/14D ₹3,60,000/- |
| યુરોપ | 10N/11D ₹1,70,000/- | જાપાન વિથ કોરીયા | 9N/10D ₹1,70,000/- |
| સ્કેન્ડિનોવિયાના | 10N/11D ₹1,70,000/- | યુરોપ વિથ યુ.કે | 13N/14D ₹2,60,000/- |

KESAVI Tours & Travels Pvt. Ltd.
Address :29, 2nd Floor, Mahavir Majesty, MG Road, Kandivali (W), Mumbai-400067.
95128 96999 95127 96999
(બી-૧૭૭૧૯)

**શ્રીગણેશ યાત્રા**
કાશી વિશ્વનાથ. અયોધ્યા. પ્રયાગ. નેપાળ કાટમંડુ પશુપતિનાથ પોખરા. પોતાનું રસોડું. ડિલક્સ હોટેલ. ગ્રુપ બુકિંગ આવકાર્ય દિવસ ૧૩. ઉપડશે ૨૬ સપ્ટેમ્બર. ૯૮૨૦૧૬૪૦૦૭, ૯૮૯૨૨૬૮૬૬૭. (૧૧૭૫-એ)

**નિ:શુલ્ક મહાબળેશ્વર**
નિ:શુલ્ક મહાબળેશ્વર ૪ દિવસ પ્રવાસ ૬૫ વર્ષથી વધુ ઉંમરના માટે દરરોજ પ્રસ્થાન કરશે. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૯૮૬૭૯૭૭૪૪૨ ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૩૩૫૭)

## ૧૪. નોકરી ખાલી છે

**રાખડીનાં હોલસેલ**
**દુકાનમાં વેચાણ માટે તથા કોમ્પ્યુટર બિલિંગ માટે ફ્રેશર અથવા અનુભવી સ્ટાફ જોઈએ છે. સંપર્ક મહેન્દ્રભાઈ, પાંજરાપોળ, ગુલાલવાડી મુંબઈ - ૪૦૦ ૦૦૪ ફોન: 9324021953. (એસડીબી-૩૩૫૪)**

■ **બીજી આવકની શરૂઆત કરો! ફ્લેક્સિબલ સમય સાથે પગાર+ ઈન્સેન્ટિવ ગૃહિણિઓ, નિવૃત્ત વ્યક્તિઓ, પ્રોફેશનલ્સનું સ્વાગત. ઉજ્જવળ કારકિર્દી વિકાસની તક. 98219 17309. (૧૧૭૩/સી)**

## ૧૪. નોકરી ખાલી છે

**રસોઈ કામ**
ઘરકામ માટે બહેનની જરૂર છે બોરીવલી વેસ્ટ ગોરાઈ 2 (10 કલાક માટે) - 9004260508. (જેપી/૪૫૬૭-ઈ)

ખંતીલા જૈન યુવક માટે
ઝિમ્બાબ્વે આફ્રિકામાં
ગોલ્ડ રિફાઈનરી માં જગ્યા ખાલી છે
ઉંમર ૫૦ વર્ષની અંદર | ગ્રેજ્યુએટ
હોશીલા, મહેનતુ યુવક | જૈન ધર્મનું ચુસ્ત પાલન કરનાર જરૂરી
વાર્ષિક પગાર : ₹ ૧૦ લાખ
મળો/લખો હરેશભાઈ ગાલા મો: 98200 35536
નેશનલ પ્લાય એજન્સી
૨૦૮ સંગમ આર્કેડ, વલ્લભભાઈ રોડ, રેલ્વે સ્ટેશનની સામે, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ - ૫૬.
(બી-૧૭૭૫૦)

## ૧૫. નોકરી જોઈએ છે

**WELL EXPERIENCED TYpist, knowing Independent Correspondence, Export Procedures, Office Routine, Computer, Seeks Part Time Job. 9930461779. (350)**

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશનથી નજીક ફુલસ્પીડમાં બંધાતા ટાવરોમાં 2 બેડરૂમ 680' કારપેટ 2,22,00,000/- થી અને 3 બેડરૂમ 860' કારપેટ 2,80,00,000/-થી (બધા ખર્ચાઓ સાથે) વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૩૩૫૩)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**''પૃથ્વી પરનું સૌથી શ્રેષ્ઠ રોકાણ એટલે જમીન'' ૧ બેડરૂમ, હોલ, કિચન- 560' કારપેટ, 1.25 CR, ૨ બેડરૂમ, હોલ, કિચન, 795' કારપેટ- 2.51 CR, ૩ બેડરૂમ, હોલ, કિચન- 1010' કારપેટ 2.11 CR, ૩ બેડરૂમ હોલ, કિચન- 1050' યુઝેબલ કારપેટ, 3.15 CR, ૪ બેડરૂમ હોલ, કિચન- 1250' કારપેટ, 3.65 CR, ૪ બેડરૂમ, હોલ, કિચન- 1540' કારપેટ, 4.71 CR, ૫ બેડરૂમ, હોલ, કિચન 1665', 6.21 CR. "HOME ALONE PROPERTY" જુગ્નું શાહ- 9833352224. (૧૧૪૬-સી)**

**દેવલાલી**
**વાર્ષિક ધોરણે ભાડેથી ફુલ્લી ફર્નિશ્ડ ૧, ૨ બેડરૂમનાં ફ્લેટો, ૨, ૩ બેડરૂમનાં બંગલો. પરેશ - 9930803959, 9930106054. (૧૧૨૬/એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
દેરાસર લેન, ૨ BHK ફર્નિશ્ડ ફ્લેટ 737 કાર્પેટ ભાડે આપવાનો છે. માલિક: 9820656997, (૧૧૫૯-એ)

**કાંદિવલી (વેસ્ટ)**
મથુરાદાસ રોડ - 1 બેડરૂમ - 414' કાર્પેટ - કાર પાર્કિંગ, એમેનીટીઝ, રિસેલ ફ્લેટ (1.25 CR ALL INCLUSIVE) પઝેશનઃ 3 મહિનામાં. સંપર્ક:- KARAN - 7738660560. (૧૧૬૨-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**મલાડ ઈસ્ટ**
1 BHK ફુલ્લી ફર્નીશ્ડ, 575 કાર્પેટ, સ્ટેશન અને દેરાસર નજીક, વેચવાનો છે. - 9930331010. (એસડીબી-૩૩૫૬)

**દેવલાલી**
**વેચાણથી. 2 બેડરૂમનાં જૂજ ફ્લેટો, ગુજરાતી પ્રતિષ્ઠિત બિલ્ડર, મહારેરા રજીસ્ટર પ્રોજેક્ટ, પઝેશન ફક્ત 3 મહિનામાં. સોલ એજન્ટ: પરેશ રાયચંદ ધરમસી - 9930803959, 9930106054. (દલાલભાઈ/બહેન આવકાર્ય). (૧૧૬૬-બી)**

**દેવલાલી**
**ખેતીની જમીન વેચાણથી, 60 ગુન્ટા, છીન્નર ગોટી તથા સમૃદ્ધિ હાઈવે નજીક. પરેશ - 9930803959, 9930106054. (૧૧૬૬-ડી)**

**માટુંગા**
બે બેડરૂમ સાડા ચાર કરોડનો પછી સારો ઉપાય વડાલા બે ફ્લેટ ખરીદો સાડા ચાર કરોડમાં. વિનોદ ૯૮૯૨૯૮૦૫૯૩. (બી-૧૭૭૧૩)

■ **સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૧૩૪/સી)**

**બોરીવલી (વેસ્ટ)**
**લીવલાયસંસથી**
**એલ.ટી. રોડ, 2 બેડરૂમ નવું બિલ્ડિંગ (55000/- ભાડું / 2,00,000) આશર એસ્ટેટ: 9820010600. (૧૧૪૨-એ)**

**HEAVY DEPOSIT**
**નાલાસોપારા (ઈસ્ટ) તુલિંજ રોડ, રાધે ક્રિષ્ના હોટલની સામે, 2 બેડરૂમ (લિફ્ટ નથી). 12,000/- ભાડેથી અથવા 9 લાખ હેવી ડિપોઝીટથી આપવાનો. (ઓનર) 7666644727. (૧૧૬૪-આઈ)**

**REDEVELOPMENT ગયેલા**
**બિલ્ડિંગોમાં ફ્લેટ, શોપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે.) 7666644727. (૧૧૬૪-એફ)**

**બોરીવલી (વેસ્ટ)**
**નવો ફુલ્લી ફર્નિશ્ડ 2 બેડરૂમ, હાયર ફ્લોર, સતરા પાર્ક પાસે, (ગુજરાતી, મારવાડી, જૈન લોકાલીટીમાં) (પાર્કિંગ સાથે - 2.75 Cr) 7666644727. (૧૧૫૫-એ)**

**વિલેપાર્લા (પૂર્વ)**
૩ બેડરૂમ - એરિયા ૯૫૦' ૪,૨૫,૦૦૦,૦૦/- અને ૧૨૫૦' ૫,૬૧,૦૦૦,૦૦/- નેગોશીયેબલ, રેડી પઝેશન. ફોનઃ- ''સંજય પટેલ'' 9820292381. (બી-૧૭૭૦૯)

**લાલબાગ**
1 બેડ 380 (1.45), 2 બેડ 650 (2.50), 3 બેડ 780 (3.90), યુઝેબલ કારપેટ all in પરેલ 1 બેડ 390 (160)440 (1.70), 475' (180) All in વડાલા 6 બેડ 3000' (12), 3 બેડ 1500 (6) 3/4 બેડ 2000'/ 2250 (7) યુઝેબલ કારપેટ માટુંગા સેન્ટ્રલ 4 બેડ 2800'(12), 3 બેડ 2000" (9/.50) 1400' (8) હિન્દુ કોલોની 3 બેડ 1100' (5) લેવા વેચવા જય જિનેન્દ્ર - લક્ષ્મીચંદ સંગોઇ 9223222537. (બી-૧૭૭૧૫)

**વડાલા માટુંગા**
જૂના લિફ્ટ વગરના મકાન ત્રીજે માળે ફ્લેટ વેચવા વિનોદ : ૯૮૯૨૯૮૦૫૯૩. (બી-૧૭૭૧૨)

**દેવલાલી**
**વેચાણથી. 6 બેડરૂમનો બંગલો, 3200', 350 વારનો પર્સનલ પ્લોટ + સરવંટ ક્વાર્ટર સાથે. પરેશ - 9930803959, 9930106054. (૧૧૬૬-ઈ)**

**દેવલાલી**
**વેચાણથી, 2 બેડરૂમની જોડી, 2250' કારપેટ, નવા મોર્ડન એમેનીટીઝવાળા બિલ્ડીંગમાં, રેડી. પરેશ - 9930803959, 9930106054. (૧૧૬૬-એફ)**

**મુલુન્ડ (વેસ્ટ)**
2 BHK, 705 ચો. ફૂટ અને 3 BHK, 951 ચો.ફૂટ ફ્લેટ સાથે 2 પાર્કિંગ 2-વે રેમ્પ પોડિયમ પર વેચાણ માટે. વાલજી લધા રોડ. સંપર્ક - 9930333456 (P51800055546). (૧૧૬૦-એ)

**મલાડ (વેસ્ટ)**
2 બેડરૂમ ફ્લેટ્સ ઓ.સી. સાથે નરસિંગ લેન, ગોરસવાડી G+12 ટાવરમાં રેડી પઝેશન 621' કાર્પેટ, ભવ્ય એન્ટ્રન્સ લોબી, 10 ફૂટ સીલિંગ હાઈટ, જિમ, ચિલ્ડ્રન પ્લે એરિયા, સીસીટીવી, ડિજિટલ લોક. જૈન મંદિર, હવેલી સ્ટેશનથી નજીક. વાસ્તુશાસ્ત્ર મુજબ, રિઝર્વ પાર્કિંગ. માત્ર ૪ ફ્લેટ્સ બાકી સંપર્ક : 9920501051. (જેપી/૪૫૬૩-ઈ)

**કાંદિવલી ઈસ્ટ**
કલ્પતરુ ટાવર્સ, 2.5, 3.5 બેડરૂમ, પાર્કિંગ, સ્વિમિંગ, જીમ, એમેનીટીસ, સ્ટેશન, હાઈવે, નજીક, રેડી પઝેશન ઓસી. - 9920445444. (બી-૧૭૬૯૫)

## ૧૭. જગ્યા આપવી છે

**બોરીવલી (વેસ્ટ)**
વિજય સેલ્સની બાજુમાં, off. S.V.Road, Rera Approved હાઈરાઈસ ટાવરમાં, Amenities સાથે, 1 બેડરૂમ, 1.5 બેડરૂમ, 2 બેડરૂમ (Possession :- March 2027). વ્યાજબી ભાવે વેચાણથી લેવા Direct Party Contact:- પરેશ પટેલ 9223577250. (જેપી-૪૫૬૫-સી)

**વિલેપાર્લે (વેસ્ટમાં)**
પહેલે માળે ફર્નિશ્ડ 2 બેડરૂમ - 870' કાર્પેટ, 3 બાથરૂમ - 2 ટોઈલેટ, 2 એસી, લીફ્ટ, ટુંકા સમયગાળા માટે ભાડેથી આપવાનોઃ- 9819445558. (૧૧૬૮-એ)

**સાઉથ મુંબઈ**
૧ થી ૪ બેડરૂમના ફ્લેટસ / ઓફિસ / લેવા / વેચવા / ભાડેથી, આપના બજેટ મુજબ, ''કિરણ શાહ'' 9820085979. (બી-૧૭૭૪૪)

**તારદેવ**
એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ - 1-2-3 બેડરૂમ હાયરફ્લોરના ફ્લેટો - પાર્કિંગ સુવિધા - દેરાસર નજીક લેવા સંપર્ક ચેતન શેઠ 9820062638. (૧૧૩૬-સી)

ચોપાટી
ન્યુ ટાવર, ૨ BHK.
રેરા કાર્પેટ ૮૦૦ સ્કે ફીટ
૧ રિઝર્વ પાર્કિંગ
જૈન મંદિર પાસે
૬ CR વેચવાનું છે.
8080753577
(બી-૧૭૭૪૩)

**બ્રીચકેન્ડી**
2 બેડરૂમનો આલિશાન, સુંદર સજાવેલો ફ્લેટ - નાની સુંદર સોસાયટી - ભાડેથી લેવા સંપર્ક ચેતન શેઠ 9820062638. (૧૧૩૬-ડી)

**સાઉથ મુંબઈ**
1-2-3 બેડરૂમના ફ્લેટો - વોર્ડન - પેડર - વાલકેશ્વર - તારદેવ - વર્લી - પ્રભાદેવી - સીવ્યુવાળા ફ્લેટો - પ્રતિષ્ઠિત સોસાયટી - લેવા સંપર્ક ચેતન શેઠ 9820062638. (૧૧૩૬-ઈ)

**સાઉથ મુંબઈ**
2-3-4 બેડરૂમના ફ્લેટો તારદેવ - વર્લી - પ્રભાદેવી - પરેલ - વડાલા - બંધાતા ટાવરમાં - આધુનિક સુવિધા પ્રસિદ્ધ બિલ્ડર્સ - સમયસર કબ્જો - વ્યાજબી ભાવે/શરતે લેવા સંપર્ક ચેતન શેઠ 9820062638. (૧૧૩૬-એફ)

ANDHERI (W)
Off Veera Desai Rd
2 BHK for Sale
▪ Near Andheri Sports Complex
▪ 640' + 100' Mofa cpt
▪ 6th Flr - Semifurn
▪ 1 Parking - With OC
JAGDISH PAREKH
79 77 355 123
(1157-B)

**તારદેવ**
એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ 3 બેડરૂમ સુંદર સજાવેલો હાયર ફ્લોરનો ફ્લેટ- દેરાસર નજીક- ભાડેથી લેવા ચેતન શેઠ 9820062638. (૧૧૩૬-જી)

**અંધેરી-જુહુ**
અંધેરી વેસ્ટ લિવલાયસન્સથી, 2 બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ, ભરડાવાડી ભાડું 85,000/- ડિપોઝીટ 3,00,000/-, વીરા દેસાઈ 900 કાર્પેટ ફુલ્લી ફર્નિશ્ડ, ભાડું 95,000/- ડિપોઝીટ 3,00,000/-, ફેમિલી, સ્ટુડન્ટ, બેચલરો માટે, પાર્કિંગ સાથે. તુરંત કબજો તેમજ ભાડેથી / ઓનરશીપથી 1 થી 4 બેડરૂમ, વીરા દેસાઈ, 4/7/ બંગલો, લોખંડવાલા, વર્સોવા, ઓશીવરા, જુહુ ગુલમહોર, જુહુ જે.વી.પી.ડી. સંપર્ક: જીતેશભાઈ: 9821122362. (૧૧૭૧-એ)

MahaRERA Registration No. P51800047071 available on https://maharera.mahaonline.gov.in
NEELSIDHI BRINDAVAN
VALLABH BAUG LANE
GHATKOPAR EAST 400077
3 BHK
₹ 3.51 CR* ONWARDS
*T & C Apply
READY POSSESSION
OC RECEIVED
98334 69305
(B-17676)

**અંધેરી (ઈસ્ટ)**
**નિયર સ્ટેશન/ દેરાસર કાત્યાયની હાઈટ ૧ બેડરૂમ હાયરફ્લોર, કાર પાર્કિંગ સાથે રેડી પઝેશનમાં 1,55,00,000/- વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૩૩૫૧)**

**ચોપાટી પાસે બાબુલનાથ નજીક**
જૂના ભાડે (૩૫૦ કાર્પેટ) એક રૂમ અને કિચન (૨૪ કલાક પાણી) (પાર્કિંગ) વેચાણથી ૧૫૦ લાખ (નેગોશીએબલ) 7400313150. (એસડીબી-૩૩૫૮)

**ગામદેવી**
ત્રણ બેડરૂમ (૧૦૫૦ કાર્પેટ) (એક સ્ટિલ્ટ ગેરેજ) ૮ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૩૫૯)

## ૧૭. જગ્યા આપવી છે

**તારદેવ**
કન્વર્ટેડ બે બેડરૂમ (૫૦૦ કાર્પેટ) (હાયર ફ્લોર) (ફર્નિશ્ડ) ૨૨૫ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૩૬૦)

**તારદેવ**
બે બેડરૂમ (૯૦૦ કાર્પેટ) (પાર્કિંગ) ૪૫૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૩૬૧)



'Aarham' – Andheri (East)
500 Meters From AIRPORT - 5 km.
▶ W.E. Highway ▶ Gundavali Metro ▶ Railway Station
Spacious 2 BHK Rs. 2.25* Cr. Onwards
Standalone 10 Storey Tower
Gymnasium, Entrance Lobby, OTIS Lift
O. C. Received | No. GST
Ready To Move In
Project by Utpan Impex (Jayesh Shah)
Aarham Sales Team 9004715600
Rera No.: P51800054236
Terms and Conditions Apply
(B-17735)

**સીક્કાનગર પાસે**
બે બેડરૂમ (૮૦૦ કાર્પેટ) (ગેરેજ) ૪૫૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૩૬૨)

**પ્રાર્થનાસમાજ**
ત્રણ બેડરૂમ (૧૧૦૦ કાર્પેટ) (હાયર ફ્લોર) (પાર્કિંગ) ૭૫૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૩૬૩)

**બાબુલનાથ**
(નવું બિલ્ડિંગ) ત્રણ બેડરૂમ (૧૩૦૦ કાર્પેટ) (ફુલ્લી ફર્નિશ્ડ) (ત્રણ પાર્કિંગ) ૧૩ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૩૬૪)

**ગોવાલિયા ટેંક**
ચાર બેડરૂમ (૧૫૫૦ કાર્પેટ) (પાર્કિંગ) ૮ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૩૬૫)

**તારદેવ**
પાંચ બેડરૂમ (૧૯૦૦ કાર્પેટ) (ફર્નિશ્ડ) (બે પાર્કિંગ) ૧૧ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૩૬૬)

**સુરેન્દ્ર ગાલા**
**સાંતાક્રુઝ ઈસ્ટમાં ૧ બેડરૂમ ફ્લેટ અર્જન્ટમાં વેચવાનો છે. રી-ડેવલપમેન્ટ કન્ફર્મ, રેલવે, મેટ્રો, હાઈવેની બાજુમાં. ઓપન પાર્કિંગ અને અન્ય ઘણા પ્રપોઝલો. આયલેન્ડ પ્રોપર્ટીઝ - 9870026887. (૧૧૭૪-સી)**

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશન/દેરાસરની નજીક ૨ બેડરૂમ રેડીમાં હાયર ફ્લોરના ફ્લેટો 700'/ 666' ફુટ કારપેટના એમેનીટીઝવાળા ટાવરમાં વેચાણથી. ભરત પારેખ - 9920675286. (એસડીબી-૩૩૫૨)**

**JUHU - 3 BED**
**1250', નવા બિલ્ડિંગમાં એમેનિટિસ સાથે (6.25), 1225' (5.50), 1600' (9.00) 9004900290. (૧૧૮૧-સી)**

**મલાડ (વેસ્ટ)**
**માર્વે રોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમના ફ્લેટો વેચાણથી-ભાડેથી લેવા. - ભરત પટેલ - 9820054730, નિષીત - 9920041841. (એસડીબી-૩૩૭૧)**

■ પાર્લા વેસ્ટ ૬૨૦ ઓફિસ વેચાણથી અંધેરી વેસ્ટ 2 બેડરૂમ - અંધેરી ઈસ્ટ ૨ બેડરૂમ વેચાણથી પ્લોટ રીઝર્વેશન ૨૦૦૦ મીટર વેચાણથી. બાન્દ્રા વેસ્ટ ૨૫૦-૩૦૦ દુકાન ભાડે થી જોઈએ છે. 9820613128. (એસડીબી-૩૩૭૨)

**JUHU - 4 BED**
2000' ફૂલ ફર્નિશ્ડ, 3 પાર્કિંગ સાથે વેચાણથી, બીજા 15 ફ્લેટ, નવા બિલ્ડિંગમાં એમેનીટીસ સાથે વેચાણથી. 9004900290. (૧૧૮૧-એ)

**JUHU - 3 BED RENTAL**
1100', 1200', 1400'ના 7-8 ફ્લેટ ફર્નિશ્ડ તથા Empty, ફેમીલી માટે ભાડા ઉપર ઉપલબ્ધ. 9004900290. (૧૧૮૧-બી)

**''શ્રી વિમલ એસ્ટેટ''**
**મુલુંડ વેસ્ટ, ''સાયપ્રસ ગોલ્ડન વિલોજ ટાવર'' - 3 BHK + 1 કાર પાર્કિંગ. સંપર્ક: 8104009694, 9819864456. (૧૧૭૮-એ)**

■ **સુરતમાં ભાગળથી એકદમ નજીક- હરિપુરા મેઇન રોડ પર આગળ-પાછળ નિકાલવાળી મોકાની બે ગાળાની ઈમારત વેચવાની છે. સંપર્ક તુષારભાઈ: ૯૯૨૦૨૩૦૯૨૯. (૧૧૭૩-એ)**

**અંધેરી ઈસ્ટ**
1 અને 2 BHK અને જોડી ફ્લેટ, ઈસ્ટ વેસ્ટ ઓપન, 75% વર્ક કમ્પ્લિટેડ, કચ્છી/વાગડ/ જૈન ગુજરાતી/મારવાડી પાડોશ, હાઈવે અને મોગરા મેટ્રો સ્ટેશનની પાસે, કોમ્પલેક્ષમાં જ દેરાસર અને ઉપાશ્રય, સંપર્ક - 9757252097 / 9653676971. (૧૧૭૭-બી)

**કાંદિવલી (વેસ્ટ)**
૨ બેડરૂમનો ફ્લેટ ટેરેસ સાથે કારપેટ ૬૮૦' + ૭૨૦' ટેરેસ - વેચાણથી ૨.૨૫ કરોડ અથવા લીઝથી ૭૦,૦૦૦/- અનફર્નિશ્ડ, ''વૈશાલી એપાર્ટમેન્ટ'', એમ. જી. રોડ, ડોમીનોઝ પિત્ઝાની ઉપર. ઓનર :- 9773526697. (બી-૧૭૭૪૭)

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લાઃ (ઈસ્ટ) - (વેસ્ટ) - જુહુમાં:**
૧ થી ૫ બેડનાં ફ્લેટો, દુકાનો, ઓફીસો - ગોડાઉન લેવાં / વેચવા - 9869463304, 7738151065. (બી-૧૭૭૫૯)

**વરલી**
5 BHK - 2320 કાર્પેટ, ૪ કાર પાર્કિંગ, સીવ્યુ, રેડી પઝેશન, ઓનરશીપ, હાયર ફ્લોર, OC મળેલ છે, તુરંત કબજો, ૨૦ કરોડ. 9757242607. (બી-૧૭૭૫૮)

**અંધેરી/કાંદીવલી**
**સ્ટેશન નજીક Posh Societyમાં 2/3 બેડરૂમ લેવા 9820601794 Bharat Mayani. (એસડીબી-૩૩૬૯)**

**પ્રભાદેવી**
3 - BHK - 1148 કાર્પેટ, ૧ ફ્લોર પર એકજ ફ્લેટ, ફુલ્લી ફર્નિશ્ડ, સિધ્ધી વિનાયક મંદિર પાસે, ૬.૫૦ કરોડ, 9757242607. (બી-૧૭૭૫૭)

**ભાયખલા (વેસ્ટ)**
3 BHK - ૧૪૦૦' કાર્પેટ, હાયર ફ્લોર, ૨ કાર પાર્કિંગ, જૈન દેરાસર, રેડી પઝેશન, 9757242607. (બી-૧૭૭૫૨)

**"MALAD EAST**
- 2 BHK for Sale, Malad East, Upper Govind Nagar, 850', Semi, Near Metro and Highway, 2nd Floor, 2 Lifts, 1 Parking, Ready Possession, Owner 9819744147". (B-17742)

**MUMBAI RAJASTHAN ESTATE**
**New Available Many Flats for Purchase and Sale. Please Contact (1) Gopalbhai Jaipurvala. M. 9322898994 (2) Mukesh Mehta 9967502537. (349)**

**PARSI-COLONY, DADAR**
Near 5 Gardens, 3 BHK with Balconies on Lease, Garden Facing, Higher Floor, Covered Car Parking, Immediate Possession. Nikita : 98211 06163. (1158-A)

**SOUTH MUMBAI**
1 BHK available on Rent. Nathani Heights - 08879561055. (B-17745)

**KANDIVALI EAST**
**2 Bedroom Sale, Higher Floor, Main Road Facing, Excellent View, Metro Station, WEH 5 Minutes away. Very Reputed Builder. Owner: 9820552323. (1173-E)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**નાયગાવ (ઈસ્ટ)**
**હાઇવે 10,000 ફૂટનો શેડ (૨૦ ફૂટ હાઈટ) ફુલ ફેસેલીટી, ભાડેથી આપવાનો. 9821868417 / 8779457712. (૧૧૮૦-બી)**

વસઈ
ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી
રુષભ ઉપાધ્યાય 9049625073
હિતેષ ઉપાધ્યાય 9326470109
(એસડીબી-૩૩૬૭)

## ૨૦. ધંધાદારી જગ્યા

**PRELEASED જોઈએ**
**ભાડેથી લાગેલી કમર્શિયલ જગ્યા BANK, BRANDS, CORPORATE OFFICE, RESTAURANT માટે સંપૂર્ણ મુંબઈમાં વેચાણથી જોઈએ છે. સોદાની ખાત્રી. (બજેટ 2 કરોડથી 50 કરોડ) 7666644727. (૧૧૬૪-જી)**

**બોરીવલી (વેસ્ટ)**
**યોગી નગર અને એક્સર રોડના જંકશને જુના ભાડાની 250' કારપેટ (ટ્રાન્સફર સાથે 70,00,000/-). 7666644727. (૧૧૬૪-એચ)**

**કાંદિવલી (વેસ્ટ)**
**મહાવીરનગર, રોડ સાઈડ શોપ, 625' કારપેટ, દરેક રીટેલ અને હોલસેલ ધંધા લાયક, [1,50,000/- ભાડેથી] તેમજ [4.50 કરોડ વેચાણથી] આપવાની. ''આશર એસ્ટેટ:- 9820010600. (૧૧૬૪-ડી)**

(જુઓ પાનું ૧૨) ▶▶




# ફિફાની સૌપ્રથમ મૅચ મેક્સિકો રમ્યું, ૧૦૦૦મી મૅચ રમાશે મેક્સિકોમાં!

મૉન્ટેરી (મેક્સિકો): ફૂટબૉલનો સવા મહિનાનો વર્લ્ડ કપ વિશ્વના કરોડો લોકો માટે બહુ મોટો અવસર છે અને એમાં પણ રવિવાર, ૨૧મી જૂનનો દિવસ આ ટૂર્નામેન્ટના આયોજક ફેડરેશન ઇન્ટરનૅશનલ દ ફૂટબૉલ અસોસિયેશન (ફિફા) માટે યાદગાર કહેવાશે, કારણકે એ દિવસે ૯૬ વર્ષ જૂની આ ટૂર્નામેન્ટની ૧,૦૦૦મી મૅચ રમાશે.

ભારતીય સમય અનુસાર રવિવારે સવારે ૯.૩૦ વાગ્યે મેક્સિકોના મૉન્ટેરીમાં જાપાન અને ટ્યૂનિશિયા વચ્ચે જે મુકાબલો થશે એ ફિફાના વર્લ્ડ કપ ઇતિહાસની ૧,૦૦૦મી મૅચ કહેવાશે. નવાઈની વાત એ છે કે ૧૯૩૦માં દક્ષિણ અમેરિકાના ઉરુગ્વે દેશમાં સૌપ્રથમ વર્લ્ડ કપ ટૂર્નામેન્ટ યોજાઈ હતી અને ત્યારે ૧૩મી જુલાઈએ ફ્રાન્સ અને મેક્સિકો વચ્ચે મૅચ રમાઈ હતી જે ફ્રાન્સે ૪-૧થી જીતી લીધી હતી.

નવાઈની વાત એ છે કે વિશ્વ કપની સૌપ્રથમ અને હવે રવિવારે રમાનારી ૧,૦૦૦મી મૅચ સાથે મેક્સિકોનું જબરું કનેક્શન છે. ૧૯૩૦ની ઐતિહાસિક પ્રથમ મૅચમાં પરાજિત થનાર મેક્સિકોને યોગાનુયોગ આ વખતે વર્લ્ડ કપનું યજમાન બનવા મળ્યું અને ૧,૦૦૦મી મૅચ એને ત્યાં જ રમાવાની છે. ૧૯૩૦ના પ્રથમ વર્લ્ડ કપમાં કુલ ૧૩ દેશની ટીમે ભાગ લીધો હતો, જ્યારે આ વખતે ૪૮ દેશની ટીમ ભાગ લઈ રહી છે.

૧,૦૦૦મી મૅચ માટે ફિફાએ કેટલીક ખાસ બાબતો નક્કી કરી છે. આ મૅચના મુખ્ય રેફરી રોમાનિયાના ઇસ્તવાન કૉવાક્સ અને તેમના સાથીઓ સુવર્ણ કિટમાં જોવા મળશે. ■

### ગઢ આવ્યો, પણ સિંહ ગયો

# કૅનેડાનો સૌપ્રથમ વિજય, પણ ખેલાડીનો પગ તૂટ્યો

## બે રેડ કાર્ડ બાદ નવ ખેલાડીવાળા કતારને ૬-૦થી કચડી નાખ્યુંઃ મૅચ બાદ બંને ટીમના ખેલાડીઓ વચ્ચે ઝપાઝપી





વૅનકુવર (કૅનેડા): ફિફા વર્લ્ડ કપના એક યજમાન કૅનેડાએ ૯૬ વર્ષ જૂની આ ટૂર્નામેન્ટના ઈતિહાસમાં પહેલી જ વખત મૅચ જીતવાની અનેરી સિદ્ધિ હાંસલ કરી છે.

કેનેડાએ ૫૨,૪૯૭ પ્રેક્ષકની હાજરીમાં (ભારતીય સમય અનુસાર ગઈ કાલે મળસ્કે) કતારને ૬-૦થી કચડી નાખ્યું હતું. જોકે ઇસ્માયેલ કોનૅ નામના કૅનેડિયન ખેલાડીને ગંભીર ઈજા થઈ હતી. કતારના હરીફ ખેલાડીના સિરિયસ ફાઉલને કારણે કોનૅનો પગ ભાંગ્યો હતો અને તેણે સર્જરી કરાવવી પડશે એવું તેને તાબડતોબ હૉસ્પિટલમાં લઈ જવાયા બાદ ડૉક્ટરે જણાવ્યું હતું.

મૅચ પૂરી થયા બાદ બંને ટીમના ખેલાડીઓ વચ્ચે ઝપાઝપી થઈ હતી. ખાસ કરીને બંને ટીમના સપોર્ટ સ્ટાફના મેમ્બર્સ સામસામે આવી ગયા હતા. ■

### ઈસ્માયેલના પગનું હાડકું તૂટ્યાનો અવાજ સંભળાયો

૫૩મી મિનિટમાં એક તબક્કે બૉલ પર કબજો મેળવવાના પ્રયાસમાં કતારના પ્લેયર અસિમ મેડીબોએ પગ વચ્ચે નાખીને અને પુશ કરીને કોનૅને નીચે પાડ્યો હતો. રેફરીએ પહેલાં તો અસિમને યલો કાર્ડ બતાવ્યું હતું, પરંતુ રિવ્યૂ જોયા બાદ તેને રેડ કાર્ડ બતાવીને મૅચમાંથી કાઢી મૂક્યો હતો. કૅનેડાની ટીમના કોચ જેસી માર્શનું પત્રકારોને એવું કહેવું હતું કે 'કોનૅને ખૂબ ગંભીર ઈજા થઈ છે. કતારના ખેલાડીના ફાઉલને લીધે કોનૅનો પગ તૂટ્યો ત્યારે નજીક ઊભેલા અમને સૌને એ ક્રેકનો અવાજ સુધ્ધા સંભળાયો હતો. અમારી ટીમે ૬-૦થી શાનદાર વિજય મેળવ્યો એનું સેલિબ્રેશન કરવા કરતાં અમે અમારા લાડલા ખેલાડી કોનૅની ઈજા વિશે વધુ ચિંતિત હતા.' ■

### છમાંથી ત્રણ ગોલ ડેવિડના

કતાર સામે કૅનેડા વતી છમાંથી ત્રણ ગોલ જોનથન ડેવિડે ૨૯મી, ૪૮મી અને ૯૨મી મિનિટમાં કર્યા હતા. લૅરિન અને સૅલિબાએ એક-એક ગોલ કર્યો હતો, જ્યારે કતારના ખેલાડી મેનાઈથી ૭૫મી મિનિટમાં ઑન ગોલ થઈ જતાં કૅનેડાએ છેવટે ૬-૦થી વિજય મેળવ્યો હતો.

### ૬૦ વર્ષે ખેલાડી રેકૉર્ડ બુકમાં

કૅનેડાનો જોનથન ડેવિડ વર્લ્ડ કપના છેલ્લા ૬૦ વર્ષના ઇતિહાસનો એવો પ્રથમ ખેલાડી છે જેણે યજમાન ટીમના ખેલાડી તરીકે વિશ્વ કપની મૅચમાં હૅટ-ટ્રિક ગોલ કર્યા છે. ૧૯૬૬માં ઇંગ્લૅન્ડના જ્યોફ હર્સ્ટે ઘરઆંગણે વિશ્વ કપની ફાઈનલમાં હૅટ-ટ્રિક ગોલ કર્યા હતા.

### કૅનેડા ચાર પોઈન્ટ સાથે અગ્રેસર

ગ્રૂપ-બીમાં કૅનેડા ચાર પોઇન્ટ સાથે મોખરે છે. સ્વિટ્ઝરલૅન્ડના પણ ચાર પોઇન્ટ છે, પરંતુ ગોલ ફરક લીધે એ બીજા સ્થાને છે. ■

# બ્રાઝિલના વર્લ્ડ ચૅમ્પિયન કોચને કૅન્સર, હૉસ્પિટલમાં દાખલ

બ્રાઝિલ છેલ્લે ૨૦૦૨માં ફિફા વર્લ્ડ ચૅમ્પિયન બન્યું એ અગાઉ ૧૯૯૪માં એણે રોનાલ્ડો નૅઝારિયો, કફુ, રોમારિયો, ડુન્ગા, ઝિન્યો, બેબેટો, જ્યોર્જિન્યો વગેરે જાણીતા ખેલાડીઓની મદદથી જે ટાઇટલ જીત્યું હતું એ સમયના તેમના કોચ કાર્લોસ આલ્બર્ટો પરેરાને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

૮૩ વર્ષના કાર્લોસ પરેરાને કૅન્સર છે અને તેઓ આ મહારોગ સામે લડી રહ્યા છે. તેમણે ૨૦૦૬ના વિશ્વ કપમાં પણ બ્રાઝિલને કોચિંગ આપ્યું હતું અને ૨૦૦૪ તથા ૨૦૦૫માં કોચ તરીકે કૉપા અમેરિકા સહિતની બે મોટી ટૂર્નામેન્ટોના ટાઇટલ બ્રાઝિલને અપાવ્યાં હતાં.

૧૯૯૪ના ખેલાડી ઝિન્યોએ કહ્યું હતું કે પરેરાને ફેફસાની તકલીફને લીધે વેન્ટીલેટર પર રખાયાં છે. ■

### વર્લ્ડ કપમાં આજે કઈ મૅચ?

બ્રાઝિલ વિ. હૈતી
સવારે ૬.૩૦

તુર્કી વિ. પારાગ્વે
સવારે ૯.૩૦

નેધરલૅન્ડ્સ વિ. સ્વિડન
રાત્રે ૧૦.૩૦

જર્મની વિ. આઇવરી કોસ્ટ
મધરાત બાદ ૧.૩૦

# મેક્સિકો વર્લ્ડ કપ-૨૦૨૬ના નૉકઆઉટમાં પહોંચનારો પ્રથમ દેશ

સાપોપૅન (મેક્સિકો): ગઈ કાલે સાઉથ કોરિયાને પોતાની બીજી લીગ મૅચમાં ૧-૦થી હરાવીને આ વખતના ફિફા વર્લ્ડ કપના નૉકઆઉટ રાઉન્ડમાં પહોંચનાર પ્રથમ દેશ બન્યો હતો.



મૅચનો ગોલ્ડન ગોલ મેક્સિકોના લુઇસ રૉમોએ ૫૦ મિનિટમાં કર્યો હતો. કોરિયાનો ગોલકીપર કિમ સેઉન્ગ અને ડિફેન્ડર લી જિ હ્યુક એકમેક સાથે ટકરાયા અને રૉમો ગોલ કરવામાં સફળ થયો હતો. બંને ટીમે એકબીજા સામે મજબૂત સંરક્ષણ દીવાલ ઊભી કરી રાખી હતી. સેકન્ડ-હાફમાં સાઉથ કોરિયા ૧-૧ની બરાબરીમાં પણ ન આવી શક્યું અને છેવટે મેક્સિકોને પહેલી ટીમ તરીકે નૉકઆઉટમાં જવાનો અવસર મળ્યો હતો.

ગ્રૂપ-એમાં મેક્સિકોના સૌથી વધુ છ પોઇન્ટ છે. કોરિયા ત્રણ પોઇન્ટ સાથે બીજા ક્રમે તેમ જ ચેક રિપબ્લિક અને સાઉથ આફ્રિકા એક-એક પોઇન્ટ સાથે અનુક્રમે ત્રીજા-ચોથા નંબરે છે. ૨૦૨૨ના વર્લ્ડ કપમાં મેક્સિકો લીગ રાઉન્ડમાં જ બહાર થઈ ગયું હતું, પરંતુ આ વખતે એણે પોતાની ધરતી પર બંને મૅચ જીતીને નોકઆઉટમાં પ્રવેશ કર્યો છે. આ સિદ્ધિને પગલે મેક્સિકો હવે આવનારા દિવસોમાં ઘરઆંગણે વધુ બેથી ત્રણ મૅચ રમશે. ■

# વૉલન્ટિયર મહિલાઓ મોટી ઉંમરની હતી એટલે અસંખ્ય લોકો વર્લ્ડ કપના સ્ટેડિયમમાં ટિકિટ વગર ઘૂસી ગયા!

ઑર્લિંગ્ટન (ટેક્સસ): ભારતીય સમય મુજબ બુધવારે મધરાત બાદ અહીં એટી ઍન્ડ ટી સ્ટેડિયમમાં ઇંગ્લૅન્ડ અને ક્રોએશિયા વચ્ચે ફૂટબૉલ વર્લ્ડ કપની જે મૅચ રમાઈ એ જોવા માટે ઘણા લોકો ટિકિટ વગર સ્ટેડિયમમાં ઘૂસી ગયા હોવાનો આક્ષેપની જે ચર્ચા છે એ સંબંધમાં ટૂર્નામેન્ટના સંચાલક ફેડરેશન ઇન્ટરનૅશનલ દ ફૂટબૉલ અસોસિયેશન (ફિફા)એ કહ્યું છે કે તેમને આવી કોઈ ઘટના બની હોવાની જાણ નથી.

જોકે એક જાણીતા અંગ્રેજી અખબારને કેટલાક નજરે જોનારા લોકોએ કહ્યું હતું કે 'સ્ટેડિયમના પ્રવેશદ્વારથી થોડે દૂર એવો ગેપ હતો જેમાંથી લોકો ટિકિટ વગર અંદર જતા રહ્યા હતા.'

એક ફૂટબૉલપ્રેમીએ અખબારના રિપોર્ટરને કહ્યું, 'સ્ટેડિયમના આવા બિનસત્તાવાર પ્રવેશદ્વાર પર મોટી ઉંમરની મહિલા વૉલન્ટિયર્સ ઊભી હતી અને તેઓ કોઈને રોકતી નહોતી.' એવો પણ આક્ષેપ કરાયો છે કે ઘણા લોકો સલામતી કવચ ભેદીને કોઈ પણ પ્રકારના ચેકિંગ વગર સ્ટેડિયમમાં ઘૂસી શક્યા હતા.

જોકે ફિફાના પ્રવક્તાએ કહ્યું, 'કોઈ પણ વ્યક્તિ ટિકિટ વગર સ્ટેડિયમમાં પ્રવેશી શકી હોય એવી અત્યાર સુધી અમને કોઈ જ જાણ નથી કરાઈ. અમારી દૃષ્ટિએ આવું કંઈ બન્યું જ નહોતું.' એટી ઍન્ડ ટી સ્ટેડિયમમાં કુલ ૭૦,૬૪૯ પ્રેક્ષકો બેસી શકે એટલી સીટ છે, જ્યારે કુલ જેટલા પ્રેક્ષકોએ આ મૅચ જોઈ એ સંખ્યા થોડી ઓછી હતી. કુલ ૭૦,૩૮૯ પ્રેક્ષક સ્ટેડિયમમાં બેઠા હતા.

ઇંગ્લૅન્ડ-ક્રોએશિયા વચ્ચેની આ મૅચ માટેની સૌથી સસ્તી ટિકિટનો ભાવ ૧૯૮ પાઉન્ડ (અંદાજે ૨૪,૭૦૦ રૂપિયા) હતો. જોકે સૉકરપ્રેમીઓના વિરોધને પગલે ફિફાએ ૧૦ ટકા ટિકિટનો ભાવ ઘટાડીને ૪૫ પાઉન્ડ (૫,૬૧૪ રૂપિયા) કરી નાખ્યો હતો.

આ વર્લ્ડ કપમાં અત્યાર સુધીની સર્વશ્રેષ્ઠ કહેવાતી આ મૅચમાં ઇંગ્લૅન્ડે ક્રોએશિયાને ૪-૨થી હરાવ્યું હતું. ઇંગ્લૅન્ડના કૅપ્ટન હૅરી કેને બે ગોલ કર્યા હતા. ■

**ક્રિકેટના મેદાન પરથી...**

# લૉર્ડ્સમાં ભારત સામેની ઐતિહાસિક ટેસ્ટનું સુકાન નૅટ સિવર-બ્રન્ટને સોંપાયું

આગામી ૧૦મી જુલાઈથી ક્રિકેટના મક્કા ગણાતા લંડનના લૉર્ડ્સ ગ્રાઉન્ડ પર પહેલી વખત મહિલાઓની ટેસ્ટ મૅચ રમાશે અને એમાં ઇંગ્લૅન્ડની ટીમનું સુકાન ઑલરાઉન્ડર નૅટ સિવર-બ્રન્ટ સંભાળશે. આ ઐતિહાસિક ટેસ્ટ ભારત સામે રમાશે જેમાં ભારતીય ટીમનું નેતૃત્વ હરમનપ્રીત કૌર સંભાળશે. તાજેતરમાં જ લૉર્ડ્સમાં પુરુષ ક્રિકેટરોની ૧૫૦મી ટેસ્ટ રમાઈ હતી. ઇંગ્લૅન્ડની ટીમની બીજી જાણીતી ખેલાડીઓમાં લૉરેન બેલ, ટૅમી બ્યૂમૉન્ટ, સૉફી એકલ્સ્ટન, ઍમી જોન્સ, હીધર નાઇટ તથા ઇસ્સી વૉન્ગનો સમાવેશ છે. બ્રિટિશ ટીમની આમાંની ઘણી ખેલાડીઓ ભારતની વિમેન્સ પ્રીમિયર લીગમાં રમી ચૂકી છે. ■

# ઇન્ડિયા-એ અને શ્રીલંકા-એ વચ્ચે રવિવારે ફાઇનલ

દમ્બુલાઃ રવિવારે ટ્રાયેન્ગ્યૂલર ટૂર્નામેન્ટમાં ઇન્ડિયા-એ અને શ્રીલંકા-એ વચ્ચે ફાઇનલ (સવારે ૧૦.૦૦ વાગ્યાથી) રમાશે. શુક્રવારે સેમિ ફાઇનલ જેવા મુકાબલામાં શ્રીલંકા-એ (૮/૩૨૨)નો અફઘાનિસ્તાન-એ (૧૦/૨૧૯)નો ૧૦૩ રનથી પરાજય થયો હતો. લીગ રાઉન્ડમાં પ્રથમ લીગ મુકાબલામાં તિલક રાજની ટીમે શ્રીલંકા-એની ટીમને હરાવી હતી, પણ બીજા મુકાબલામાં શ્રીલંકા-એનો સુપર ઓવરમાં વિજય થયો હતો. ઉલ્લેખનીય છે કે એ સુપર ઓવર બાદ શ્રીલંકન ખેલાડીઓની પજવણીને પગલે વૈભવ સૂર્યવંશીએ પિત્તો ગુમાવ્યો હતો અને શ્રીલંકન ખેલાડીને ધક્કો માર્યો હતો. એ મૅચમાં શ્રીલંકાના ખેલાડીઓએ વારંવાર ભારતીય ખેલાડીઓને ગાળ આપી હતી. ■

# ભારત આજે અફઘાનિસ્તાનનો વાઇટવૉશ કરી શકશે?

ચેન્નઈ: શુભમન ગિલના સુકાનમાં ભારતની વન-ડે ટીમે ત્રણ મૅચની સિરીઝની પ્રથમ બે મૅચમાં અફઘાનિસ્તાન પર સંપૂર્ણ પ્રભુત્વ જમાવ્યું અને એ આજે (બપોરે ૧.૩૦ વાગ્યાથી) અહીં રમાનારી ત્રીજી અને છેલ્લી મૅચમાં પણ જાળવી રાખવામાં આવશે તો ભારતની ૩-૦થી ક્લીન સ્વીપ પાક્કી છે.

ભારતે ધરમશાલામાં પ્રથમ મૅચ શુભમન ગિલના અણનમ ૮૪ રનની મદદથી સાત વિકેટના માર્જિન સાથે જીતી લીધી હતી. નવોદિત બોલર્સ ગુર્નુર બ્રાર અને હર્ષ દુબેએ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. બે-બે વિકેટ નીતીશ રેડ્ડી અને અર્શદીપ સિંહે મેળવી હતી. ત્યાર બાદ બીજો મુકાબલો લખનઊમાં હતો જેમાં ગિલના ૧૫૪ રન અને ઇશાન કિશનના ૧૨૫ રનની મદદથી ભારતે ૪૦૨ રન બનાવ્યા હતા જેના જવાબમાં અફઘાનિસ્તાનની ટીમ ૨૩૨ રનમાં આઉટ થઈ જતાં ભારતનો ૧૭૦ રનના તોતિંગ માર્જિનથી વિજય થયો હતો. ફરી એક વખત ફાસ્ટ બોલર ગુર્નુરે ત્રણ વિકેટ, અર્શદીપે પણ ત્રણ વિકેટ અને તાજેતરમાં જ કરીઅરની શરૂઆત કરનાર ત્રીજા પેસ બોલર પ્રિન્સ યાદવે બે વિકેટ લીધી હતી.

### ચેન્નઈની પિચ કેવી છે?

ચેન્નઈમાં આજે લાલ માટીવાળી પિચ પર મૅચ રમાશે. આ પિચ પર બોલરને સારા બાઉન્સ મળે છે. જોકે ચેન્નઈમાં બે દિવસ વરસાદ પડ્યો હોવાથી પિચમાં થોડો ફેરફાર જોવા મળે તો નવાઈ નહીં. શુક્રવારે હવામાન સારું હતું. જોકે ચેન્નઈમાં હજી અસહ્ય ગરમી તો છે જ. ■

### ગુર્નુર શું ચાવલાના વિક્રમની બરાબરી કરશે?

સ્પિનર પીયૂષ ચાવલા ભારતનો એકમાત્ર બોલર છે જેણે તેની પહેલી ત્રણ વન-ડેમાં ત્રણ કે ત્રણથી વધુ વિકેટ લીધી હતી. ગુર્નુર બ્રાર અફઘાનિસ્તાન સામે કરીઅરની પહેલી બે વન-ડેમાં ત્રણ-ત્રણ વિકેટ લઈ ચૂક્યો છે અને હવે શનિવારે ત્રીજી મૅચમાં પણ ત્રણ કે વધુ વિકેટ લેશે તો ચાવલાના ભારતીય રેકૉર્ડની બરાબરી કરી લેશે. ■

# એમસીએફ સમર બૉક્સ ક્રિકેટ પ્રીમિયર લીગમાં મુંબઈ મૉડેલ્સ-૧૧ વિજયી



બોરીવલી (પશ્ચિમ)માં એમસીએફ સમર બૉક્સ ક્રિકેટ પ્રીમિયર લીગમાં મહિલાઓના વર્ગમાં મુંબઈ મોડેલ્સ-૧૧ વિજેતા બની હતી અને જોય-૧૧ની ટીમ બીજા નંબરે રહી હતી. સિનિયર સિટીઝનમાં આરપીએમ સ્ટ્રાઇકર્સ વિજેતા અને એસ.એસ. વોરિયર્સ ટીમ બીજી આવી હતી. પુરુષોના વર્ગમાં આરપીએમ સ્ટ્રાઇકર્સ પ્લેટીનમ વિજેતા અને બિઓક્સ ટીમ ગોલ્ડ વિજેતા રહી હતી. અંડર-૧૪માં સમર્થ શુભાંગ ઈલેવન વિજેતા અને રિયાન્શ નાયર ઈલેવન બીજા નંબરે હતી. કુલ ૩૦૦ ખેલાડીએ આ લીગ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ■


# શ્રેયંકા પાટીલ વર્લ્ડ કપની બહારઃ ભારતની આગામી મૅચ રવિવારે



મૅન્ચેસ્ટરઃ મહિલાઓના ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત ગ્રૂપ-૧માં મોખરે છે અને ભારતની આગામી મૅચ રવિવારે (સાંજે ૭.૦૦ વાગ્યાથી) મૅન્ચેસ્ટરમાં સાઉથ આફ્રિકા સામે રમાશે, પરંતુ ભારતીય ટીમના ચાહકો માટે એક બૅડ ન્યૂઝ છે કે ઑફ સ્પિનર શ્રેયંકા પાટીલ પગની ઘૂંટીની ઈજાને કારણે આ ટૂર્નામેન્ટની બહાર થઈ ગઈ છે અને તેના સ્થાને નવોદિત લેગ સ્પિનર પ્રેમા રાવતને સ્ક્વૉડમાં સમાવવામાં આવી છે. શ્રેયંકાને પાકિસ્તાન અને નેધરલૅન્ડ્સ સામેની મૅચમાં એક પણ વિકેટ નહોતી મળી. ■

# યુવરાજ સિંહ દિલ્હી કૅપિટલ્સનો બૅટિંગ-કોચ બનશે

નવી દિલ્હીઃ ૨૦૨૭ની ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) પહેલાં દિલ્હી કૅપિટલ્સ (ડીસી)નું ફ્રૅન્ચાઇઝી પોતાની ટીમમાં મોટો ફેરફાર કરવા વિચારે છે અને એના ભાગરૂપે ભૂતપૂર્વ સ્ટાર ઑલરાઉન્ડર યુવરાજ સિંહને આ ફ્રૅન્ચાઇઝીએ પોતાની ટીમનો બૅટિંગ-કોચ બનાવવા તેનો સંપર્ક કર્યો હોવાનું જાણવા મળ્યું છે. એ સાથે, આઇપીએલમાં યુવી પહેલી જ વખત કોચ તરીકેની જવાબદારી સંભાળશે.



આ ટીમ છેલ્લાં થોડાં વર્ષોથી ખૂબ સંઘર્ષ કરતી જોવા મળી રહી છે, પણ હવે એ સંઘર્ષ ઘટી શકે એમ છે. યુવરાજ સિંહ આઇપીએલમાં કુલ છ ટીમ વતી રમ્યો હતો જેમાં દિલ્હી કૅપિટલ્સનો પણ સમાવેશ હતો. તેણે ૧૧ વર્ષની આઇપીએલની કારકિર્દીમાં ૧૨૬ ઇનિંગ્સમાં ૨,૭૫૦ રન બનાવ્યા હતા અને બોલર તરીકે ૭૩ ઇનિંગ્સમાં ૩૬ વિકેટ લીધી હતી. જોકે આંતરરાષ્ટ્રીય ફલક પર તેનો પર્ફોર્મન્સ વધુ સારો હતો.

૨૦૨૭ની આઇપીએલ મોટા ભાગે માર્ચના બીજા અઠવાડિયામાં શરૂ થશે અને મે મહિનાની મધ્ય સુધી ચાલશે. એ ટૂર્નામેન્ટમાં ડીસીની ટીમના સપોર્ટ સ્ટાફમાં યુવરાજ સામેલ થવાથી ટીમ અત્યારથી જ મજબૂત થઈ રહી છે. અક્ષર પટેલ આ ટીમનો સુકાની છે. ૪૪ વર્ષીય યુવી યુવાન ખેલાડીઓમાં ખૂબ લોકપ્રિય છે. તેણે અભિષેક શર્મા, શુભમન ગિલ અને પ્રભસિમરન સિંહને કોઈને કોઈ રીતે કોચિંગ આપ્યું છે અને આ ખેલાડીઓ નવી ઊંચાઈ સર કરી રહ્યા છે. આ કારણસર જ ડીસીનું ફ્રૅન્ચાઇઝી યુવીને પોતાની ટીમ સાથે જોડવા માગે છે. યુવી યુવા ખેલાડીઓને તાલીમ આપતો હોય ત્યારે માત્ર ફોનથી કે વર્ચ્યુઅલ મીટિંગથી જ તાલીમને સીમિત નથી રાખતો. તે કલાકો સુધી મેદાન પર તેમની સાથે રહે છે અને તેનો આ અભિગમ ઘણા યુવાન ખેલાડીઓને ફાયદારૂપ બન્યો છે. ■

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000' ભાડેથી/વેચાણથી. મયુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

**વિક્રોલી (વેસ્ટ)**
ભાડેથી. L.B.S રોડ, એવરેસ્ટ મસાલાની બાજુમાં, ઓફિસ - 1000', ૧લે માળે, રોડ સાઈડ હસમુખભાઈ - 9819004896. (૧૧૬૬-જી)

**ક્લાઉડ કિચન**
જોઈએ 500'-700' જગ્યા ઇલેક્ટ્રિક કુકિંગ માટે - ફાઉન્ટેન - ભાયખલા - ગામદેવી - લોઅરપરેલ - કાંદિવલી ઈસ્ટ - ભાડા પર. 9819569698. (૧૧૭૨-જી)

■ અંધેરી વેસ્ટ સ્ટેશન નજીક એસ વી રોડ પાનેરી શોરૂમની ઉપર 2જે માળે, લીફ્ટ સાથે તથા પાર્કિંગ લિવ લાયસન્સથી કમર્શિયલ જગ્યા 780 કાર્પેટ. ભાડું 95000/-, ડિપોઝિટ 4,00,000/- તુરંત કબજો: જીતેશ ભાઈ : 9821122362. (૧૧૭૧-સી)

**મલાડ (વેસ્ટ)**
**BJ પટેલ રોડ ગ્રાઉન્ડ ફ્લોર 1200' + 680' લોફ્ટ + 680' બેઝમેન્ટ ટોટલ 2560' કાર્પેટ દુકાન વેચવાની છે. - 9820054730, 9920041841. (એસડીબી-૩૩૭૦)**

**અનાજની રનીંગ દુકાન**
**વોર્ડન રોડ, ૨૨૫ ફૂટ દુકાન જામેલી ઘરાકી, માલ, ફર્નીચર સાથે ભાડેથી આપવાની. હિતેશ મારૂ - ૯૮૨૦૧૫૩૨૦૮. (૧૧૭૪-એ)**

**દુકાન જોઈએ**
**મુંબઈમાં ગ્રાઉન્ડ ફ્લોર ૨૦૦થી ૧૨૦૦ ફુટ વેચાણથી/ભાડેથી જોઈએ. (દલાલ માફ) હિતેશ મારૂ 9820153208. (૧૧૭૪-બી)**

**20000 ભાડેથી**
200 કાર્પેટ દુકાન બાથરૂમ સાથે કાંદિવલી વેસ્ટમાં દરેક ધંધા, ઓફિસ, ગોદામ લાયક 9082825482. (૧૧૭૬-એ)

■ મુંબઈમાં બેંકને ભાડા પર આપેલી 5 જગ્યા વેચવાની છે. રિટર્ન 6 ટકા સંપર્ક- 7588730585. (એસડીબી-૩૩૬૮)

**ઓફિસ પ્રિમાઈસીસ**
મેટ્રો સિનેમા પાસે, ફુલ્લી ફર્નીશ્ડ, એરીયા ૬૮૬, હાયર ફ્લોર, ફુલ્લી ફર્નિશ્ડ, પેન્ટ્રી, ઓનરશીપ, ૫૦,૦૦૦/= પર સ્કવેર ફીટ. 9757242607. (બી-૧૭૭૫૩)

**COMMERCIAL PREMISES**
Borivali to Malad. Buy, Sell, Rent in Prime Locations. "Hardik" 9819381681. (JP/ 4560-B)

READY POSSESSION
PRE-LEASE 5400 SQ. FT.
COMMERCIAL PREMISES
ON 1ST FLOOR FOR OUTRIGHT SALE




YASHWANT HEIGHTS
OPP RAILWAY STATION TICKET WINDOW
DAHISAR (WEST)
5400' sq ft, With Separate Entrance Staircase & Lift
Contact Site : 9930573939 9930669211 9152138831
(B-17628)

**CHEMBUR'S GRAND NEW BUSINESS**
**Destination Modern Commercial Office Spaces. Strategic Location. Excellent Investments Potential. Never Before Opportunity. Visit Today for Exclusive Launch Offers. 9702396969 & 9769609660. (1139-A)**

**MULUND WEST**
LBS Road 465 sqft to 11000 sqft Office Premises available on Sale / Rent 9869070123 / 9167723483. (1172-A)

**GHATKOPAR EAST**
Offices available for Doctor, Dentist, Lawyers, CA, Architects, MNC, IT, Freelancer, Co Working, Professional Consultation Firm, Banks, Mutual Fund, Share Market, New Start Up in Newly Under Construction 16 Storied Tower, Possession Soon. M. G. Road. 9757252097 / 9769345176. (1177-C)

**CHURCHGATE**
One Offices for Sale Carpet 230. Rate 1.23 Cr. Final Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines WhatsApp 70218 31500. (B-17740)

## ૨૧. હોટલ

THE KINARA VILLAGE
LONAVALA



DELICIOUS FOOD | HERITAGE AMBIENCE
HERITAGE ROOMS AVAILABLE
Add. : Old Mumbai - Pune Highway, Vaksai Naka, Varsoli, Lonavala - 410401
Call : 9859639639
www.thekinaravillage.com
(B-17699)

## ૨૩. મનોરંજન

**પ્રાર્થના - બજેટ મુજબ**
દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયા:- 9820889938. (૧૧૬૨-સી)

**બજેટથી પ્રાર્થનાસભા, લગ્નગીત**
**સંગીત સંધ્યા, સાંજી, ભજન, Anniversary મનસુખભાઈ - 9326801860, 8169552801. (૧૧૭૦-એ)**

## ૨૭. ઔષધ ઉપચાર

■ કીડની સ્ટોન (પથરી)ની અકસીર દવા મળશે. મની બેક ગેરંટી. પૂરા ભારતમાં કુરીઅરથી મોકલવામાં આવશે. ફોન 7021 045 499 મનસુખભાઈ. (બી-૧૭૭૪૬)

## ૩૧. નાણાંકીય

**ફાઈનાન્સ**
ધંધાના વિકાસ માટે ફાઈનાન્સ જોઈએ. સેઈફ ઈન્વેસ્ટમેન્ટ. સંપર્ક: 8169659550. (૧૧૮૦-સી)

**''શેર સંબંધી''**
તમારાં ખોવાઈ ગયેલાં 'શેર' અમે 'ફ્રીમાં' ગોતી આપશું.. (IEPF, ડુપ્લીકેટ, ટ્રાન્સમીશનની સર્વિસ આપશું..) "Investment House" 9619315362, 8291225710. (બી-૧૭૭૬૦)

## ૩૨. જમીન-મિલકત

**પ્લોટ વેચાણથી**
**પંચગીની મહાબળેશ્વર રોડ, ગામ ભોસેમાં, વિંડસર પાર્ક, ગાર્ડનની સામે 5550 ફૂટનો NA PLOT (ભરણી - દિવાલ બાંધેલી) વેચાણથી આપવાનો. 9322828272. (૧૧૬૪-બી)**

**EXCLUSIVE PRE-LEASED**
પ્રભાદેવીમાં સિદ્ધિવિનાયક મંદિર પાસે OC મળેલ સંપૂર્ણ બિલ્ડિંગ (135 Crores), Return on Investment - 6%, ભાડું - 60 લાખ ચાલુ છે:- 8007342828. (૧૧૭૭-એ)

**જુનાગઢની આજુબાજુ**
**ગામ પાદરીયા (ડુંગરપુર) નાના/મોટા / ખુલ્લા પ્લોટ / મકાન / જમીન લેવા / વેચવા: ૯૦૮૨૪૧૧૮૨૨ / ૯૯૩૦૭૩૦૭૫૫. (૧૧૭૯-બી)**

**વડોદરા**
**ઈલોરા પાર્ક પાસે ઓપન પ્લોટ વેચવાનો છે. 2000 ચોરસ ફૂટ (ઓનર) 09820069644. (૧૧૮૦-ઈ)**

**REQUIRED**
Land for Redevelopment 5000 / 10000 sq. mts Plot Society / Joint Venture / Outright Sale in South Mumbai for BSE Listed A Grade Developers. 9821036552. (1172-C)

## ૩૩. ધંધાદારી

**ગુડવીલ**
રનીંગ બિઝનસ ગુડવીલ સાથે આપવાનો છે. દુકાન ભાડાની. 8169659550. (૧૧૮૦-ડી)

ડીમ કન્વેયન્સ
પ્રોપટીકાર્ડ ટ્રાન્સફર
સ્ટ્રકચર ઓડિટ
મેન્ટેનન્સ રીકવરી
પોઈંટ એડવાઈઝરી
9029077715
(બી-૧૭૭૦૪)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**ગુરુ**
કર્ક રાશિમાં ઉચ્ચનો ઓક્ટોબર સુધી આપનું ફળાદેશ જાણવા યંત્ર મેળવવા જ્યોતિષ શીખવા નીલા જેમ્સ ૯૮૬૯૪૧૬૪૮૧. (બી-૧૭૭૧૮)

**સચોટ જ્યોતિષ**
**જન્મતારીખ સમય વોટ્સએપ કરો. લગ્નયોગ ક્યારે ભાગ્યોદય ક્યારે ફી લેવામાં આવતી જ નથી, વાતો ન કરો. રિઝલ્ટ માગો. 7304586200. (૧૧૩૬-એ)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' : ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૧૪૨-સી)

## ૫૦. વેચવાનું છે

AT VADODARA, GUJARAT For Sale 56 yrs. Old Branded Construction Machineries Manufacturing Company in Running Condition. What's App: 9825040995. (B-17748)

## ૫૨. કુરીઅર્સ

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

## ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૬૬૧)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

# બે સાંસદ તૈયાર નહોતા, પણ છેલ્લી ઘડીએ ગેમ ફરી ગઈ

મુંબઈ: ઉદ્ધવ ઠાકરેના પક્ષમાં વિભાજનની તૈયારીઓ ૨૦૨૪માં શરૂ થઈ હતી. મહિલા અનામત અને મતવિસ્તાર સીમાંકન બિલ પર પીછેહઠ કર્યા પછી નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને સાંસદ ડો. શ્રીકાંત શિંદેએ ઉદ્ધવ સેનાના સાંસદોને તેમના પક્ષમાં લાવવાની ભાજપને ખાતરી આપી હતી જેથી સંસદમાં એનડીએની સ્થિતિ મજબૂત થાય.

સૂત્રોના જણાવ્યા અનુસાર શરૂઆતમાં ઉદ્ધવ ઠાકરે જૂથના ચાર સાંસદો નાગેશ પાટિલ અષ્ટિકર, સંજય જાધવ, સંજય દેશમુખ અને ભાઉસાહેબ વાક્ચૌરે તરફથી અનુકૂળ પ્રતિસાદ મળતાં શિંદેની આગેવાની હેઠળની શિવસેનાએ તેની રણનીતિ ઘડવાનું શરૂ કર્યું હતું.

જોકે, 'ઓપરેશન ટાઇગર' સફળ થઈ શક્યું નહીં, કારણ કે પક્ષપલટા વિરોધી કાયદો વચ્ચે આવ્યો. બે તૃતીયાંશ બહુમતીના 'જાદુઈ આંકડા' સુધી પહોંચવા માટે બે વધુ પ્રભાવશાળી સાંસદોને પાર્ટીમાં લાવવા જરૂરી હતા. શિંદેના નેતૃત્વ હેઠળના જૂથે ધારાશિવના સાંસદ ઓમરાજે નિમ્બાળકર અને મુંબઈના સંજય દિના પાટિલને સંદેશો મોકલ્યો. પરંતુ બંનેને જીતવા એ એક મોટો પડકાર હતો.

એ વાત જગજાહેર છે કે સાંસદ ઓમરાજે નિમ્બાળકરના પિતાની રાજકીય દુશ્મનાવટને કારણે હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં અંતિમ ચુકાદો હજુ આવવાનો બાકી છે. સાંસદ સંજય રાઉત દ્વારા કરવામાં આવેલા દાવા મુજબ નિમ્બાળકરની હત્યા કેસમાં ચુકાદો ઓમરાજેના પક્ષમાં આવશે તેવી ખાતરી આપવામાં આવી છે; આ જ કારણ છે કે તેઓ પાર્ટીની બેઠકમાં હાજર રહ્યા નહોતા. સૂત્રોના જણાવ્યા અનુસાર મુંબઈ ઉત્તર-પૂર્વ મતવિસ્તારના સાંસદ સંજય દિના પાટિલ શરૂઆતમાં પાર્ટી છોડવા તૈયાર નહોતા. જોકે, તેમની પત્ની પલ્લવીનો અકસ્માત થયો ત્યારે ઉદ્ધવ ઠાકરે સેનાના કોઈએ તેમની મુલાકાત લીધી નહીં કે તેમના ખબરઅંતર પણ ન પૂછ્યા. તેના બદલે, એકનાથ શિંદે તરત જ બંનેને મળ્યા અને તેમની તબિયતના ખબરઅંતર પૂછ્યા. તેઓ લાગણી અને વિશ્વાસ પર આધારિત બંધન બનાવવામાં સફળ થયા. ■

### ઉદ્ધવનું ઠીક, આદિત્યએ તો...: નિંબાળકર

ઓમરાજે નિમ્બાળકરે બળવા પછી પોતાની પહેલી પ્રતિક્રિયા આપતા કહ્યું કે, રાજકીય અસ્તિત્વનું સંકટ સામે હતું. આ સિવાય વિકાસ ભંડોળનો અભાવ જેવા કારણો તો છે જ. હું મોટા ધર્મસંકટમાં છું. નિર્ણય ભાવનાત્મક રીતે ખોટો પણ રાજકીય રીતે યોગ્ય છે. જો ભાવનાત્મક રીતે વિચાર કરીએ તો ખોટું લાગે છે, પણ રાજકીય દૃષ્ટિએ જોઈએ તો તે જ યોગ્ય લાગે છે. મારી પાસે નિષ્ઠા છે તો સામેવાળા પાસે સત્તા છે. સત્તા અને ભંડોળ ન હોવાને કારણે લોકોના કામો થઈ શકતા નહોતા. પક્ષપલટા માટે પૈસા લીધા હોવાની કે વાય પ્લસ સુરક્ષા આપવામાં આવી હોવાની ચર્ચાઓ તદ્દન ખોટી છે. આ નિર્ણય માત્ર મતદારોના વિકાસ માટે જ લીધો છે. ઉદ્ધવ ઠાકરે સ્વાસ્થ્યના કારણોસર માટે ફરી શકતાં નહોતા, પણ આદિત્ય ઠાકરેએ બહાર નીકળવું જોઇતું હતું તેવું પણ ઓમરાજે નિમ્બાળકરે જણાવ્યું હતું.

### પાંચ સાંસદને નોટિસ, છઠ્ઠા કોણ?

શિવસેના ઠાકરે જૂથના સંસદીય પક્ષ વતી પક્ષના આદેશનો અનાદર કરનારા માત્ર પાંચ સાંસદોને 'કારણ દર્શાવો' નોટિસ ફટકારવામાં આવી છે. દિલ્હીથી આ નોટિસ જાહેર કરવાની કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે. જોકે આમાં એક નવો ટ્વિસ્ટ સામે આવ્યો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ માત્ર ૫ સાંસદોને જ નોટિસ ફટકારવામાં આવી છે. આ કારણે ઠાકરેના મનમાં નક્કી શું ચાલી રહ્યું છે, એ અંગે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. છમાંથી પાંચ સાંસદોને નોટિસ મોકલવામાં આવી હોય, ત્યારે નોટિસ ન મોકલાયેલા આ છઠ્ઠા સાંસદ કોણ છે, એવી ચર્ચાઓ જોર પકડી રહી છે.

### છ નહીં સાત સાંસદ હતા, પણ...

શિવસેના (શિંદે જૂથ)ના નેતા રામદાસ કદમે રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ મચાવી દેનારો એક મોટો ખુલાસો કર્યો હતો. ઉદ્ધવ ઠાકરેની સાથે રહેલા સાંસદોમાંથી સાત સાંસદો શિંદે જૂથમાં આવવા ઉત્સુક હતા અને તે તમામની વાતચીત અંતિમ તબક્કામાં પહોંચી ગઈ હતી. તે સાતમા સાંસદે પક્ષપલટાના સત્તાવાર પત્ર પર સહી પણ કરી દીધી હતી. જો કે, કેટલીક વ્યક્તિગત કે રાજકીય શરતો પર સહમતિ ન સધાતાં તેમણે પોતાનો નિર્ણય બદલી નાખ્યો હતો.

રામદાસ કદમે સંબંધિત સાંસદનું નામ જાહેર ન કર્યું હોવાથી રાજકીય વર્તુળોમાં અટકળો તેજ થઈ ગઈ છે. મુંબઈ મહાનગરપાલિકા પર વર્ચસ્વ જાળવી રાખવા માટે દરેક પક્ષ પોતાની પૂરી તાકાત લગાવી રહ્યો છે, ત્યારે જ ઠાકરે જૂથના ૨૦ થી ૨૫ કોર્પોરેટરો અને કેટલાક ધારાસભ્યો શિંદે જૂથમાં જોડાવાની તૈયારીમાં હોવાનો દાવો પણ કદમે કર્યો હતો. ■

# હવે શરદ પવાર જૂથમાં પણ બળવાના એંધાણ, તારીખ પણ નક્કી!!

મુંબઈ: ઉદ્ધવ ઠાકરેના પક્ષના ભાગલા પડ્યા છે, જેમાં છ જેટલા સંસદસભ્યો શિવસેનાના શિંદે જૂથમાં જોડાયા છે. એવી ચર્ચા છે કે ઠાકરે જૂથના આ છ સાંસદો શિવસેનાના શિંદે જૂથમાં જોડાશે. શિંદેનું 'ઓપરેશન ટાઇગર' સફળ થયું છે. આ દરમિયાન, શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) એલર્ટ મોડમાં આવી ગઈ છે. એવો દાવો કરવામાં આવ્યો છે કે એનસીપી (એસપી) જૂથમાં પણ બળવો થવાની તૈયારીમાં છે, જેના કારણે ખળભળાટ મચી ગયો છે.

એનસીપીના અજિત પવાર જૂથના નેતા ધર્મરાવ બાબા આત્રામે દાવો કર્યો હતો કે એનસીપી (એસપી) ના પાંચ જેટલા સંસદસભ્યો તેમના જૂથમાં જોડાઈ શકે છે. તેમણે જણાવ્યું હતું કે શરદ પવાર જૂથના આ પાંચ સાંસદો ૧૨ ડિસેમ્બર સુધીમાં તેમના પક્ષમાં જોડાઈ શકે છે. તેમણે ઉમેર્યું હતું કે માત્ર સાંસદો જ નહીં પરંતુ વિધાનસભ્યો પણ તેમની સાથે જોડાઈ શકે છે.

આગળ બોલતા તેમણે જણાવ્યું કે તેઓ કોઈ 'ઓપરેશન' જાતે નહીં કરે; 'તુતારી' જૂથ તે જાતે કરશે. આ દરમિયાન સુનેત્રા પવારે અમિત શાહ સાથે પણ મુલાકાત કરી હતી. તેથી હવે શરદ પવારનો પક્ષ વિભાજીત થવાનો છે કે કેમ તે અંગે અટકળો શરૂ થઈ ગઈ છે. ■

# ચુનાભટ્ટીમાં ટેરેસની દીવાલનો હિસ્સો તૂટી પડતાં એકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચુનાભટ્ટીમાં ગ્રાઉન્ડ પ્લસ ૧૭ માળની બિલ્ડિંગની ટેરેસની દીવાલનો કૉંક્રીટનો હિસ્સો તૂટીને નીચેથી પસાર થનારી વ્યક્તિ પર તૂટી પડતાં તેનું મૃત્યુ થયું હોવાની ઘટના બની હતી.

ફાયરબ્રિગેડના જણાવ્યાં મુજબ ચુનાભટ્ટીનાં ઉમરવાડી વિસ્તારમાં કુરેશી નગરમાં ૧૭ માળનું ગેલેક્સી અપાર્ટમેન્ટ આવેલું છે. શુક્રવારે મોડી રાતના લગભગ ૧૨.૩૦ વાગ્યાની આસપાસ આ દુર્ઘટના બની હતી, જેમાં પંચાવન વર્ષના અબ્દુલ વહાબ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ગેલેક્સી અપાર્ટમેન્ટની ટેરેસની પેરાપેટ વોલનો પ્લાસ્ટરનો હિસ્સો તૂટીને નીચે તેમના પર પડ્યો હતો. ઉપરથી નીચે માથા પર પ્લાસ્ટર પડવાને કારણે અબ્દુલ વહાબ જખમી થતા તેમને તરત પાલિકા સંચાલિત સાયન હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા પણ સારવાર મળે તે પહેલા જ તેમનું મૃત્યુ થયું હોવાનું ફરજ પર હાજર રહેલા ડૉક્ટરે જણાવ્યું હતું. ■

# શાળાના કાર્યક્રમમાં પાકિસ્તાની ગીત વગાડ્યું પ્રિન્સિપાલ અને બે શિક્ષક વિરુદ્ધ ગુનો દાખલ

જાલના: જાલના જિલ્લામાં આવેલી શાળાના કાર્યક્રમ દરમિયાન પાકિસ્તાની ગીત વગાડવા બદલ પ્રિન્સિપાલ અને બે શિક્ષિક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જોકે એ પાકિસ્તાની ગીત નહોતું, પણ ટર્કિશ ટીવી સિરિયલનું સંગીત હોવાનો તેમણે દાવો કર્યો હતો.

પરતુર પોલીસ સ્ટેશનમાં ગુરુવારે પ્રિન્સિપાલ વઝીયુદ્દીન સિદ્દીકી અને બે શિક્ષક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૫૨ (ભારતની અખંડતા અને એકતાને જોખમમાં મૂકતાં કૃત્યો), ૧૯૬ (બે જૂથ વચ્ચે વેર પેદા કરવું), ૧૯૭ (રાષ્ટ્રીય અખંડતાને અસર કરતી ખોટી માહિતી ફેલાવવી) અને ૩૫૩ (જનતામાં આક્રોશ ફાટી નીકળે તે રીતે ખોટી માહિતી ફેલાવવી) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. અગાઉ અમુક સોશ્યલ મીડિયા પોસ્ટમાં આરોપ કરવામાં આવ્યો હતો કે પરતુર ખાતે કિડ્સ વર્લ્ડ ઇંગ્લિશ સ્કૂલના વિદ્યાર્થીઓએ માર્ચ, ૨૦૨૫માં વાર્ષિક મેળાવડામાં પાકિસ્તાની ગીત પર નૃત્ય કર્યું હતું અને આ નૃત્ય દરમિયાન પાકિસ્તાની ઉગ્રવાદી 'મુમતાઝ કાદરી'ની તસવીર પ્રદર્શિત કરવામાં આવી હતી.

ભાજપના સ્થાનિક વિધાનસભ્ય બબનરાવ લોણીકરે શાળાની માન્યતા રદ કરવા ઉપરાંત શાળાના વ્યવસ્થાપન સામે પગલાં લેવાની માગણી કરી હતી. જોકે શાળા પ્રશાસને આરોપો નકારી કાઢ્યા હતા. પ્રિન્સિપાલે જણાવ્યું હતું કે એ સંગીત લોકપ્રિય ટર્કિશ ટીવી સિરિયલ 'એર્ટુગ્રુલ ગાઝી'માંથી લેવાયું હતું અને તે પાકિસ્તાની ગીત નહોતું. કાર્યક્રમ દરમિયાન દર્શાવવામાં આવેલી છબિ એર્ટુગ્રુલ ગાઝીના કલાકારોની હતી. અમુક લોકોએ વિઝ્યુઅલ સાથે ચેડાં કર્યા અને ગેરમાર્ગે દોરતી કન્ટેન્ટ સોશ્યલ મીડિયા પર સર્ક્યુલેટ કરી હતી. પોલીસ હવે આ કેસની ઊંડાણથી તપાસ કરી રહી છે. (પીટીઆઇ)■

# પોક્સો આરોપીને નીટની પરીક્ષા આપવા માટે વચગાળાના જામીન મંજૂર

મુંબઈ: મુંબઈની એક વિશેષ પોક્સો કોર્ટે બળાત્કારના આરોપમાં જેલમાં બંધ ૧૮ વર્ષીય યુવકને ૨૧ જૂને યોજાનારી નીટ ની ફેરપરીક્ષામાં હાજર રહેવા માટે ચાર દિવસના વચગાળાના જામીન મંજૂર કર્યા હતા.

આરોપીએ બળાત્કાર પીડિતાને જામીન પર હોય ત્યારે તેના પરિવારને બદનામ નહીં કરવાની કે ધમકી નહીં આપવાની ખાતરી આપ્યા બાદ ખાસ ન્યાયાધીશ એસ.આર. શર્માએ ગુરુવારે નવી મુંબઈની તલોજા સેન્ટ્રલ જેલમાં બંધ આરોપીને રાહત આપી. કોર્ટે ટિપ્પણી કરી કે આરોપીને વચગાળાના જામીન પર મુક્ત કરવા માટે સ્પષ્ટ માન્ય આધારો છે. કોર્ટે ૧૮ જૂનથી ૨૧ જૂન સુધી ૫૦,૦૦૦ રૂપિયાના બોન્ડ અને એટલી જ રકમની જામીન પર કામચલાઉ જામીન મંજૂર કર્યા હતા. કોર્ટે તેને પુનઃપરીક્ષાના એક દિવસ પછી બાવીસ જૂનના રોજ બપોરે બે વાગ્યા પહેલાં અધિકારીઓ સમક્ષ હાજર થવાનો નિર્દેશ આપ્યો હતો.

૧૮ વર્ષીય યુવક પર ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) હેઠળ બળાત્કાર તેમજ જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ (પોક્સો) અધિનિયમ, ૨૦૧૨ ની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

ખાસ સરકારી વકીલ ચૈત્રાલી પાનશીકરે કિશોર સામેના આરોપોની ગંભીરતાનો ઉલ્લેખ કરીને કામચલાઉ જામીન અરજીનો વિરોધ કર્યો. ફરિયાદ પક્ષે સૂચવ્યું કે આરોપીને ફક્ત એક જ દિવસ માટે પોલીસ એસ્કોર્ટ હેઠળ પરીક્ષામાં હાજર રહેવાની મંજૂરી આપવી જોઈએ. ■

# અંધેરીની ફૂટપાથ અતિક્રમણ મુક્ત: નવ દુકાનો પર હથોડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈની ફૂટપાથ પર મોટા પ્રમાણમાં ગેરકાયદે રીતે અતિક્રમણ થઈ જવાને કારણે રાહદારીઓને રસ્તા પર ચાલવું પડે છે. તેથી મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ફૂટપાથ પરના અતિક્રમણને તોડી પાડવાની કામગીરી સતત હાથ ધરાતી હોય છે. તાજેતરમાં અંધેરી વિસ્તારમાં ફૂટપાથ પરની નવ અનધિકૃત દુકાનોને પાલિકા દ્વારા કાર્યવાહી કરીને તોડી પાડવામાં આવી હતી.

અંધેરી પશ્ચિમમાં ફૂટપાથ પર દુકાનો અને શેડ ઉભા કરીને રાહદારીઓની અવરજવરમાં અવરોધ ઉભો કરતી નવ અનધિકૃત દુકાનો સામે ગુરુવાર, ૧૮ જૂન, ૨૦૨૬ ના પાલિકાના 'કે-પશ્ચિમ' વોર્ડ દ્વારા હટાવવામાં આવ્યા હતા. આ કાર્યવાહી ઝોન ચારના ડેપ્યુટી કમિશનરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

આ અંતર્ગત અંધેરીના ફન રિપબ્લિક રોડ પરની એક દુકાન ખાલી કરાવવામાં આવી હતી. તો એક ગેરકાયદે દુકાન પર જપ્તીની કાર્યવાહી કરવામાં આવી હતી. અંધેરી પશ્ચિમમાં વીરા દેસાઈ રોડ પર કરવામાં આવેલી કાર્યવાહીમાં આઠ ગેરકાયદે દુકાનો હટાવવામાં આવી હતી. એ ઉપરાંત ગેરકાયદેસર રીતે ઉભા કરાયેલા શેડ અને પગથિયા પણ તોડી પાડવામાં આવ્યા હતા. આ કાર્યવાહીને કારણે આ વિસ્તારમાં આવેલી ફૂટપાથ અતિક્રમણ મુક્ત થઈ ગઈ હતી અને હવે રાહદારીઓ માટે અવરજવર કરવી સરળ બની ગઈ છે. આ કાર્યવાહી દરમ્યાન અંબોલી પોલીસ સ્ટેશન દ્વારા પૂરતી સુરક્ષા પૂરી પાડવામાં આવી હતી. ■

# ઠાકરે જૂથમાં વિધાનસભ્યોમાં પણ અસંતોષ હોવાનો દાવો

મુંબઈ: હાલમાં જ શિવસેના (ઠાકરે જૂથ) ને મોટો ફટકો પડ્યો છે, જેમાં છ જેટલા સાંસદોએ નોખો ચીલો ચાતર્યો છે. હવે, એક સનસનાટીભર્યો દાવો કરવામાં આવ્યો છે કે સાંસદોને પગલે, વિધાનસભ્યો પણ બળવો કરવા માટે તૈયાર છે. રાજ્યમાં ફરી એક રાજકીય ભૂકંપ આવવાની શક્યતા છે. રાજ્યના પ્રવાસન પ્રધાન શંભુરાજ દેસાઈએ એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. આનાથી રાજ્યના રાજકારણમાં ફરી એક મોટી ઉથલપાથલ થઈ શકે છે. શંભુરાજ દેસાઈએ જણાવ્યું હતું કે હાલમાં ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે જૂથમાં ભારે બેચેની અને અસંતોષ છે. સાંસદસભ્યોની જેમ હવે વિધાનસભ્યોમાં પણ અસંતોષ જોવા મળી રહ્યો છે. તેમણે દાવો કર્યો છે કે પાર્ટી નેતૃત્વ તરફથી સમર્થનના અભાવે 'યુબીટી' જૂથના વિધાનસભ્યો ટૂંક સમયમાં અલગ વલણ અપનાવી શકે છે.

શંભુરાજ દેસાઈએ જણાવ્યું હતું કે પક્ષનું નેતૃત્વ તેમને તેમના મતવિસ્તારમાં બાકી રહેલા વિકાસ પ્રોજેક્ટ્સ પર આગળ વધવામાં કોઈ મદદ કરતું નથી. આ ધારાસભ્યો જનતાને શું જવાબ આપવો તે વિષે મુંઝવણ અનુભવી રહ્યા છે. શંભુરાજ દેસાઈએ સ્પષ્ટપણે સંકેત આપ્યો છે કે સાંસદો સાથે જે બન્યું, તે જ રીતે વિધાનસભ્યોમાં પણ બળવો થવાની શક્યતા નકારી શકાય નહીં. ■

# ખાડાની ફરિયાદનું ૨૪ કલાકમાં નિરાકરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની હદમાં આવતા તમામ રસ્તા પર ચોમાસા દરમ્યાન નિર્માણ થનારા ખાડાની સમસ્યાનું અસરકારક રીતે વ્યવસ્થાપન કરવા માટે રોડ ડિપાર્ટમેન્ટના એન્જિનિયરોએ સતર્ક રીતે ખાડા બાબતે પ્રાપ્ત થનારી તમામ ફરિયાદનું ૨૪ કલાકમાં નિરાકરણ લાવવાનો નિર્દેશ પાલિકા પ્રશાસને આપ્યો છે.

દર વર્ષે મુંબઈમાં પહેલા વરસાદની સાથે જ રસ્તા પર ઠેર ઠેર ખાડા પડી જતા હોય છે અને તેને કારણે વાહનચાલકોને નાકે દમ આવી જાય છે. વાહનચાલકોની સાથે જ રાહદારીઓને પણ ખાડાને કારણે રસ્તે ચાલવામાં તકલીફ થતી હોય છે. તેથી દર વર્ષની માફક આ વર્ષે પણ પાલિકા પ્રશાસને રસ્તા પરના ખાડા ભરવા માટે કરોડો રૂપિયાનું ભંડોળ ફાળવ્યું છે. એ સાથે જ પ્રશાસને રોડ ડિપાર્ટમેન્ટના તમામ એન્જિનિયરોને ખાડાને લઈને સતર્ક રહેવાનો અને ૨૪ કલાકની અંદર ખાડા પૂરી દેવાનો નિર્દેશ આપ્યો છે.

ચોમાસા પહેલાના કામની પ્રગતિ, તૈયારી અને આવશ્યક ઉપાયયોજનાનો સવિસ્તર અહેવાલ લેવા માટે શુક્રવારે પાલિકાના મુખ્યાયલમાં એક બેઠક યોજાઈ હતી. એ દરમ્યાન પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે કહ્યું હતું કે ખરાબ થયેલા રસ્તાના ભાગનું તાત્કાલિક સમારકામ કરાવવાનું રહેશે અને ઝોન પ્રમાણે નિમવામાં આવેલા કૉન્ટ્રેક્ટો પાસેથી રસ્તા પરના ખાડા ઉચ્ચ ગુણવત્તાના ધોરણ અનુસાર ભરાવી લેવાના રહેશે. તેમ જ નિર્ધારીત ટેક્નિકલ સ્પષ્ટીકરણ અને વૈજ્ઞાનિક કાર્યપદ્ધતિનું પાલન કરવામાં આવે એની જવાબદારી એન્જિનિયરોની રહેશે. રોડ એન્જિનિયર સહિત પાલિકાના કુલ ૨૨૭ બીટ માટે (પ્રત્યેક વોર્ડ માટે)એક એમ કુલ ૨૨૭ જુનિયર એન્જિનિયરની નિમણૂક કરવામાં આવી છે. આ જૂનિયર એન્જિનિયરે તેને સોંપવામાં આવેલા રસ્તાની દરરોજ પ્રત્યક્ષ રીતે ટૂ વ્હીલર પર ફરીને ઈન્સ્પેક્શન કરવાનું રહેશે અને ખાડા સમયસર પૂરવામાં આવે તેનું ધ્યાન રાખવાનું રહેશે. ફરિયાદની રાહ નહીં જોતા ખાડાની નોંધ લઈને જાતે ખાડા ભરાવી લેવાના રહેશે.

વધુમાં એડિશનલ કમિશનર બાંગરે કહ્યું હતું કે માસ્ટિકનો ઉપયોગ કરીને એક વખત ભરેલા ખાડાઓ ફરી ઉખડતા નથી, તેની લાઇબિલિટી હોવાથી તે અનુસાર રસ્તાની દેખરેખ કરવા માટે પાલિકાએ ઝોન પ્રમાણે કૉન્ટ્રેક્ટર નીમ્યા છે, તેમના મનુષ્યબળ, મશીનરી અને મટિરિયલ, ખાડા ભરવા માટેનું ટાઈમટેબલ વગેરે પાલિકાના એન્જિયરોએ વખતોવખત ચેકિંગ કરતા રહેવાનો નિર્દેશ આપ્યો છે.

### ચોમાસા બાદ કૉંક્રીટીકરણ

રસ્તા પરની ખાડાની સમસ્યાનો ઉકેલ લાવવા માટે ખાડા મુક્ત રસ્તા કરવા કૉંક્રીટીકરણ ચાલી રહ્યું છે, જે અંતર્ગત લગભગ ૧,૭૦૦ કિલોમીટર લંબાઈના રસ્તાનું કૉંક્રીટીકરણ પૂર્ણ થયું છે. બાકીના રસ્તાનું કૉંક્રીટીકરણ ચોમાસા બાદ હાથ ધરવામાં આવવવાનું છે. તેથી ભવિષ્યમાં રસ્તા પર ખાડા પડવાનું પ્રમાણ ઘટી જશે.

### રસ્તા પરના ખાડાની ફરિયાદ નોંધવા ઍપ

નાગરિકોની ફરિયાદનું તાત્કાલિક નિરાકરણ લાવવાના ઉદેશ્યથી પાલિકા આ વર્ષે "MyBMC MARG" ઍપ ચાલુ કરી છે. આ સિસ્ટમ દ્વારા નાગરિકોને રસ્તા પરના ખાડની ફરિયાદ નોંધાવાની સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવી છે.■

# પશ્ચિમ એશિયાનો ભૂરાજકીય તણાવ સપાટી પર આવવાની સાથે એસેન્ચરના નબળા ગાઈડન્સે આઈટી શૅરો ગબડ્યા

## પાંચ સત્રની તેજીને પંક્ચર પડતા સેન્સેક્સ ૬૦૭ પૉઈન્ટ અને નિફ્ટી ૧૫૪ પૉઈન્ટ તૂટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આઈટી ક્ષેત્રની વૈશ્વિક અગ્રણી કંપની એસેન્ચરે ગઈકાલે જાહેર કરેલાં પરિણામ બજારની અપેક્ષા કરતાં નબળા આવ્યા હતા તેમ જ સંપૂર્ણ વર્ષની રેવેન્યૂનું ગાઈડન્સ પણ નબળું આપ્યું હોવાથી આજે વિશ્વ બજાર પાછળ આઈટી શૅરોમાં વ્યાપક વેચવાલીનું દબાણ અને અમેરિકા-ઈરાન વચ્ચેની શાંતિ ડીલ અંગે આજે સ્વિટ્ઝર્લેન્ડ ખાતે વાટાઘાટ થવાની હતી તે મુલતવી રાખવામાં આવી હોવાના અહેવાલો સાથે વૈશ્વિક બજારોમાં ભૂરાજકીય તણાવ ફરી સપાટી પર આવ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પાંચ સત્રની તેજીને પંક્ચર પડ્યું હતું, જેમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ સત્ર દરમિયાન ૯૪૦.૨૬ પૉઈન્ટ ઘટ્યા બાદ અંતે ૬૦૭.૦૮ પૉઈન્ટના ઘટાડા સાથે અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી સત્ર દરમિયાન ૨૬૬.૧૦ પૉઈન્ટ ઘટ્યા બાદ અંતે ૧૫૪.૯૦ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે છેલ્લાં પાંચ સત્રમાં સેન્સેક્સમાં ૩૫૭૭.૪૩ પૉઈન્ટની અને નિફ્ટીમાં ૧૦૦૬.૪ પૉઈન્ટની તેજી જોવા મળી હતી.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૭,૪૦૯.૯૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૭૬,૮૫૨.૮૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૬,૪૬૯.૭૨ અને ઉપરમાં ૭૬,૯૦૧.૬૫ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે ૦.૭૮ ટકા અથવા તો ૬૦૭.૦૮ પૉઈન્ટ ઘટીને ૭૬,૮૦૨.૯૦ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે નિફ્ટી ગઈકાલના ૨૪,૧૬૮ના બંધ સામે ૨૩,૯૯૧.૨૦ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૩,૯૦૧.૯૦થી ૨૪,૦૪૭.૨૦ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે ૦.૬૪ ટકા અથવા તો ૧૫૪.૯૦ પૉઈન્ટ ઘટીને ૨૪,૦૧૩.૧૦ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે ઘટાડાના માહોલમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૩૧,૪૪૨.૮૭ કરોડની ખરીદી સામે રૂ. ૨૬,૫૮૩.૮૦ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૪૮૫૯.૦૭ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી, જ્યારે તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૮,૦૨૦.૪૯ કરોડની ખરીદી સામે રૂ. ૧૯,૧૮૦.૧૩ કરોડની વેચવાલી રહેતાં રૂ. ૧૧૫૯.૬૪ કરોડની ચોખ્ખી વેચવાલી જોવા મળી હતી.

એકંદરે વૈશ્વિક સ્તરે અમેરિકા અને ઈરાન વચ્ચેના શાંતિ કરાર અંગે આજે થનારી વાટાઘાટો મુલતવી રાખવામાં આવી હોવાના નિર્દેશો સાથે ભૂરાજકીય તણાવ સપાટી પર આવતા પાંચ સત્રની તેજી બાદ નફારૂપી વેચવાલીનું દબાણ ઉપરાંત ગઈકાલે એસેન્ચરે તેનાં સંપૂર્ણ વર્ષ માટેના રેવેન્યૂ ગાઈડન્સમાં સાવચેતીનો અભિગમ વ્યક્ત કર્યો હોવાથી આજે આઈટી શૅરોમાં વેચવાલીનું દબાણ વધ્યું હોવાથી બૅન્ચમાર્ક વધુ દબાણ હેઠળ આવ્યા હોવાનું ઓનલાઈન ટ્રેડિંગ અને વૅલ્થ કંપની એનરીચ મીના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડીએ જણાવ્યું હતું.

આઈટી ક્ષેત્રની વૈશ્વિક અગ્રણી કંપની એસેન્ચરે ખર્ચ, વિલંબિત સોદાઓમાં રૂપાંતરણો અને ગ્રાહકોના ખર્ચની પેટર્નને ધ્યાનમાં લેતા સંપૂર્ણ વર્ષની રેવેન્યૂ અંગે સાવચેતીનું વલણ દાખવ્યું હોવાથી તેમ જ પશ્ચિમ એશિયાની ભૂરાજકીય તણાવની ચિંતા સપાટી પર આવતા બજાર પર માઠી અસર પડી હોવાનું રેલિગેર બ્રોકિંગના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અજિત મિશ્રાએ જણાવતા ઉમેર્યું હતું કે એસેન્ચરના નબળા ગાઈડન્સને ધ્યાનમાં લેતા ભારીય ટેક્નોલૉજી કંપનીઓની માગ પર માઠી અસર પડવાની શક્યતાને ધ્યાનમાં લેતા આઈટી શૅરોમાં વ્યાપક વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું અને તેમાં પાંચ સત્રની તેજી પશ્ચાત્ નફારૂપી વેચવાલીનું દબાણ પણ રહેતા ગબડતી બજારને ઢાળ મળ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આજે બીએસઈ ખાતે ૪૪૧૫ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાં ૨૧૧૦ શૅરના ભાવ વધીને, ૨૧૩૮ શૅરના ભાવ ઘટીને અને ૧૬૭ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૬૯ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૬૬ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. વધુમાં એક્સચેન્જની આંકડાકીય માહિતી અનુસાર આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૨ શૅરના ભાવ વધીને અને ૧૮ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. આજે મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૬.૬૯ ટકાનો ઘટાડો ઈન્ફોસિસમાં નોંધાયો હતો. ત્યાર બાદ અનુક્રમે ટીસીએસમાં ૩.૫૩ ટકાનો, એચસીએલ ટેક્નોલૉજીસમાં ૨.૭૪ ટકાનો, ટેક મહિન્દ્રામાં ૨.૪૭ ટકાનો, એચડીએફસી બૅન્કમાં ૨.૩૨ ટકાનો અને મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૨.૧૧ ટકાનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ઈટર્નલમાં ૨.૨૧ ટકાનો, ભારતી એરટેલમાં ૧.૮૦ ટકાનો, પાવરગ્રીડ કૉર્પોરેશનમાં ૧.૩૨ ટકાનો, એનટીપીસીમાં ૧.૦૪ ટકાનો, ટાઈટનમાં ૦.૮૪ ટકાનો અને આઈટીસીમાં ૦.૭૯ ટકાનો સુધારો આવ્યો હતો.

આજે બીએસઈ ખાતે સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૬૨ ટકા અને મિડકેપ ઈન્ડેક્સ ૦.૪૨ ટકા વધીને બંધ રહ્યા હતા. તેમ જ આજે સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં બીએસઈ આઈટી ઈન્ડેક્સમાં ૩.૫૭ ટકાનો અને ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૨.૮૧ ટકાનો કડાકો બોલાયો હતો. આ સિવાય ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સમાં ૧.૨૧ ટકાનો, એનર્જી ઈન્ડેક્સમાં એક ટકાનો, રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૦.૯૪ ટકાનો અને પીએસયુ બૅન્ક ઈન્ડેક્સમાં ૦.૬૧ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેની સામે આજે ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સમાં ૧.૫૯ ટકાનો, પાવર ઈન્ડેક્સમાં ૧.૦૨ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૦.૮૩ ટકાનો, હૅલ્થકૅર ઈન્ડેક્સમાં ૦.૭૬ ટકાનો અને યુટિલિટી ઈન્ડેક્સમાં ૦.૩૯ ટકાનો સુધારો આવ્યો હતો.

દરમિયાન આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાના કોસ્પીમાં સાધારણ ઘટાડો આવ્યો હતો અને જાપાનનો નિક્કી ૨૨૫ સુધારા સાથે બંધ રહ્યો હતો, જ્યારે શાંઘાઈ અને હૉંગકૉંગની બજાર બંધ રહી હતી. જોકે, આજે યુરોપના બજારોમાં મધ્યસત્ર દરમિયાન સાધારણ સુધારો જોવા મળ્યો હતો. ■

### જિઓ પ્લેટફૉર્મને ૨૭ કરોડનાં શૅર વેચાણની બોર્ડને મંજૂરી

મુંબઈઃ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ડિજિટલ અને ટેલિકોમ્યુનિકેશન એકમ જિઓ પ્લેટફૉર્મ લિ.ને ૨૭ કરોડ સુધીના ઈક્વિટી શૅરનાં ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ (આઈપીઓ) આજે બૉર્ડે મંજૂરી આપી હતી. અત્રે રિલાયન્સના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાણીએ ૪૯મી શેરધારકોની વાર્ષિક સભાને સંબોધતા જણાવ્યું હતું કે જિઓ પ્લેટફૉર્મનાં બૉર્ડે ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી)ને મંજૂરી આપી છે અને શુક્રવારે તેનું સિક્યોરિટીઝ ઍન્ડ એક્સચેન્જ બોર્ડમાં શુક્રવારે ફાઈલિંગ કરવામાં આવશે. પ્રસ્તાવિત આઈપીઓ અંતર્ગત મૂળ રૂ. ૧૦ની કિંમતના એક એવા ૨૭ કરોડ સુધીનાં નવાં શૅર જારી કરવામાં આવશે. તેમ જ ઈશ્યૂ ભાવની આકારણી સેબીના નિયમનો અનુસાર બૂક બિલ્ડિંગ પ્રોસેસથી કરવામાં આવશે. નોંધનીય બાબત એ છે કે જિઓ પ્લેટફૉર્મ એ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સબસિડિયરી છે જે ગ્રૂપ ઑફ ટેલિકોમ્યુનિકેશન, ડિજિટલ સર્વિસીસ અને ટેક્નોલૉજી બિઝનૅસ સાથે સંકળાયેલી છે. જોકે, કંપનીએ ઈશ્યૂની પ્રાઈસ બૅન્ડ અથવા તો ઓફરિંગના કદ અંગે કોઈ માહિતી નહોતી આપી. જે મુખ્યત્વે અંતિમ ઈશ્યૂભાવ અને નિયમનકારી મંજૂરી પર આધીન છે. જિઓના આઈપીઓને અંબાણીએ દેશના સૌથી વધુ મહત્ત્વપૂર્ણ વૅલ્યૂ ક્રિએશન પ્રસંગ તરીકે ઓળખાવતા કહ્યું હતું કે આ લિસ્ટિંગ રિલાયન્સના શૅરધારકો માટે વૅલ્યૂ અનલોક કરશે, જ્યારે નવા રોકાણકારોને કંપનીના વિકાસમાં ભાગ લેવાની તક પૂરી પાડશે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે આ આઈપીઓની પ્રક્રિયાનું નેતૃત્વ મારા સંતાનો આકાશ, ઈશા અને અનંત લઈ રહ્યા છે અને તેઓ જ જિઓમાં વૃદ્ધિ અને મૂલ્યવર્ધનના આગલા તબક્કાની આગેવાની લેશે. જિઓનું પ્રસ્તાવિત લિસ્ટિંગ વિશ્વને દર્શાવશે કે ભારત પણ વૈશ્વિક સ્તરની ટેક્નોલૉજી કંપની ઊભી કરી શકે છે, વૈશ્વિક ક્ષમતા અને વૈશ્વિક મૂલ્ય ધરાવે છે. ■

# હાજર ખાંડમાં માગને ટેકે આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૮૫૦થી ૩૮૯૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ તેમ જ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ચારથી છનો સુધારો આગળ ધપ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ અને માલની ગુણવત્તાનુસાર મિશ્ર વલણ રહેતાં તેના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો ઘટાડો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. ાજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ મથકો પરના પ્રોત્સાહક અહેવાલે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ચારથી છના સુધારા સાથે રૂ. ૩૯૮૬થી ૪૦૬૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ રહેતાં તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ઘટાડા અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૧૦૨થી ૪૨૦૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. ■


PUBLIC NOTICE | પબ્લિક નોટીસ

**PUBLIC NOTICE**

(1) **SMT. JASODABEN B. SHAH** and (2) **SHRI NIKESH BHOGILAL SHAH** members of Abhilasha Co-operative Housing Society Ltd., owner of **Flat No. 2-B** on the 2nd floor of Abhilasha-B Building and one Car Parking Space in G-18 on the ground floor in the Abhilasha building situated at 46, August Kranti Marg, Gowalia Tank, Mumbai-400 036, holding 5 (five) shares of Rs. 50/- each bearing distinctive No.s 266 to 270 as comprised in Share Certificate No. 55, issued by the society, intend to sell the said Premises and related shares to our client.

Any person claiming any rights, title and interest in the said Premises is hereby required to inform to the undersigned having office at 301-A, Aman Chambers, Opera House, Mumbai-400 004 within 15 (fifteen) days from the publication of this notice with proof thereof failing which the sale will be completed and claims if any will be considered as waived.

For Narayan Gandhi & Co.
Chartered Accountants
Sd/-
Narayan Gandhi
Proprietor

Place: Mumbai
Date: 20/06/2026

**પશ્ચિમ રેલવે**
**રાજકોટ મંડળ**

**પ્રોજેક્ટ સુપરવિઝન સર્વિસિસ એજન્સીની નિમણૂક**

**ટેન્ડર સૂચના નં.: DyCSTE_Works_RJT_PSSA_02 તારીખ: 18.06.2026** Dy. CSTE/W/RJT, ભારતના રાષ્ટ્રપતિ વતી, ટેન્ડર નં. DyCSTE_Works_RJT_PSSA_02 માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. બિડર્સ નિર્ધારિત અંતિમ તારીખ અને સમય સુધી પોતાની મૂળ અથવા સુધારેલી બિડ ઓનલાઈન જમા કરી શકશે, આ ટેન્ડર માટે મેન્યુઅલ ઓફરો માન્ય નથી. જો કોઈ મેન્યુઅલ ઓફર પ્રાપ્ત થશે તો તેને અવગણવામાં આવશે. **ટેન્ડર નં.: DyCSTE_Works_RJT_PSSA_02 કામનું નામ અને સ્થળ:** પશ્ચિમ રેલવેના રાજકોટ મંડળમાં સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન વિભાગના વિવિધ સિગ્નલિંગ પ્રોજેક્ટ્સ માટે પ્રોજેક્ટ સુપરવિઝન સેવાઓ પૂરી પાડવા માટે પ્રોજેક્ટ સુપરવિઝન સર્વિસિસ એજન્સીની નિમણૂક. **કામની અંદાજિત કિંમત:** રૂ.78950952.00/- (સાત કરોડ નેવ્યાસી લાખ પચાસ હજાર નવસો બાવન રૂપિયા માત્ર) **અર્નેસ્ટ મની ડિપોઝિટ (E M D):** રૂ. 1579100.00/- **ટેન્ડર દસ્તાવેજની કિંમત:** 0.00 **કામ પૂર્ણ કરવાની અવધિ:** 24 મહિના **ઓફરની માન્યતા અવધિ:** 120 દિવસ **ઈ-ટેન્ડરનો પ્રકાર:** ઓપન ઈ-ટેન્ડર ઈ-ટેન્ડર દસ્તાવેજો સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય: 10/07/2026 ના રોજ 15:00 વાગ્યા સુધી ટેન્ડરની સંપૂર્ણ માહિતી જોવા માટેની વેબસાઈટ તથા સંબંધિત કાર્યાલયનું **સરનામું: http://www.ireps.gov.in** ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર/વર્ક્સ, બીજો માળ, DRM ઓફિસ કેમ્પસ, પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ – 360001 ટેન્ડર **http://www.ireps.gov.in** પોર્ટલ પર ઈ-ટેન્ડર ઓનલાઈન જોઈ શકાય છે અને ઓફર પણ એ જ પોર્ટલ પર ઓનલાઈન જ સબમિટ કરવી પડશે. મેન્યુઅલ (ઓફલાઈન) ઓફરો સ્વીકારવામાં આવશે નહીં અને આવી કોઈ ઓફર પ્રાપ્ત થશે તો તેને સીધી અવગણવામાં આવશે. **RJT 056**

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

નં. ડે.ચી.એ./O & M/eT-૧૨,૧૩/SWD તા. ૨૦.૦૬.૨૦૨૬

| ઈ-ટેન્ડર નોટીસ | |
|---|---|
| વિભાગ | ચીફ એન્જિનિયર (SWD) |
| સબ વિભાગ | ડેપ્યુટી ચીફ એન્જિનિયર (O & M) SWD |
| વિષય | ૧. **eT-૧૨** BMCની હદમાં ક્રેન, ફલેટ બેડ ટ્રક (લો બેડ ટ્રેલર) લિફ્ટિંગ માટે જોબ વર્ક ધોરણે ઓપન પ્લેટફોર્મ ટ્રક અને ટોઇંગ વેન, લોવરીંગ હેવી એક્ષ્કેવેટર મશીન, સ્વીંગ લોડર, TMx20 અને વિવિધ નાળામાં અન્ય અક્ષ્કેવેટર મશીનો તથા આઉટફોલ્સ અને સંલગ્ન સાધનો અને એક્સેસ શાફ્ટનું ઓપનિંગ અને કલોસિંગ તથા અન્ય હેવી મટેરિઅલોની સેવાઓ ભાડેથી લેવી અને સદર એક જગ્યાથી બીજી જગ્યાએ શીફટ કરવું. ટેન્ડર **ID: ૨૦૨૬_MCGM_૧૩૦૯૬૬૦_૧**<br>૨. **eT-૧૩** ડે. ચી. એ. (O & M) SWD દાદરની ઓફિસમાં હાઉસકિપિંગ સર્વિસોની જોગવાઈ. ટેન્ડર **ID:૨૦૨૬_MCGM_૧૩૦૯૬૧૪_૧** |
| ઈ-ટેન્ડર વેચાણ | તારીખઃ ૨૦.૦૬.૨૦૨૬ સમયઃ ૧૧.૦૦ ક.થી |
| પાકતી તારીખ | તારીખઃ ૨૯.૦૬.૨૦૨૬ સમયઃ ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | http://mahatender.gov.in |

સહી/-
**એક્ષિ. એન્જિ. (O & M) મિકે. SWD**

PRO/623/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# ડૉલર મજબૂત થતાં વિશ્વ બજાર પાછળ ચાંદીમાં ₹ ૮૨૧૮નો અને સોનામાં ₹ ૩૧૨૩નો ઘટાડો

## ગોલ્ડમેન સાશે વર્ષના અંત સુધીમાં સોનાના ભાવનો અંદાજ ઘટાડીને ૪૯૦૦ ડૉલર મૂક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વ લાંબા સમયગાળા સુધી તંગ નાણાનીતિ જાળવી રાખે તેવા અણસાર ઉપરાંત અમેરિકા અને ઈરાન વચ્ચે આજે થનારી ડીલ અને વાટાઘાટો અંગે અનિશ્ચિતતા પ્રવર્તી રહી હોવાથી લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં ભાવઘટાડો આગળ ધપ્યો હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૮૨૧૮નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૧૧૦થી ૩૧૨૩નો ઘટાડો આગળ ધપ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી આયાત પડતરો ઘટવાને કારણે વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત ભાવઘટાડાના માહોલમાં ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પણ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૮૨૧૮ ઘટીને રૂ. ૨,૩૧,૯૭૩ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ ઘટતી બજારે રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં વિશ્વ બજાર પાછળ વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૧૧૦ ઘટીને રૂ. ૧,૪૪,૩૯૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૧૨૩ ઘટીને રૂ. ૧,૪૪,૯૭૦ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૪૧૪૫.૦૨ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૧.૯ ટકાના ઘટાડા સાથે ૪૧૬૩.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૮ ટકા તૂટીને ઔંસદીઠ ૬૪.૬૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

તાજેતરમાં સોનાના ભાવમાં ઘટાડાતરફી વલણને ધ્યાનમાં લેતા ગોલ્ડમેન સાશે આ વર્ષના અંત સુધીમાં સોનાના ભાવનો અંદાજ જે અગાઉ ૫૪૦૦ ડૉલરનો મૂક્યો હતો તે હવે ઘટાડીને ૪૯૮૦૦ ડૉલરનો મૂક્યો હોવાનું એક નોટ્સમાં જણાવ્યું હતું.

ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વે તંગ નાણાનીતિના સંકેત આપવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું ઝેનર મેટલ્સનાં સ્ટ્રેટેજિસ્ટ પીટર ગ્રાન્ટે જણાવતાં ઉમેર્યું હતું કે ગઈકાલે ફેડરલ રિઝર્વે અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ રાખ્યા હતા, પરંતુ કુલ ૧૯ નીતિઘડવૈયાઓ પૈકી નવ ઘડવૈયાઓનું મંતવ્ય વર્ષના અંત પૂર્વે એક વખત વ્યાજદરમાં વધારો કરવાનું હોવાથી ડૉલર ઈન્ડેક્સમાં આગેકૂચ જળવાઈ રહેતાં સોનું વધુ ઘટ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું.

અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિના સુધીમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કરે તેવી ૭૦ ટકા શક્યતા બજાર વર્તુળો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર જોઈ રહ્યા હતા. સામાન્યપણે ફુગાવામાં વધારો થાય ત્યારે સોનામાં હેજરૂપી માગ ખૂલતી હોય છે, પરંતુ વધતા ફુગાવાને અંકુશમાં રાખવા વ્યાજદરમાં વધારો કરવામાં આવે તેવી શક્યતા પ્રબળ હોવાથી સોનાના ભાવ દબાણ હેઠળ આવી રહ્યા હોવાનું બજાર વર્તુળો જણાવે છે. ■

# ડૉલર સામે રૂપિયામાં સાત પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ભારત વચ્ચેના વેપાર કરારમાં પ્રગતિ થઈ રહી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે સત્ર દરમિયાન એક તબક્કે ગઈકાલના બંધ સામે ૨૦ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો, પરંતુ ત્યાર બાદ વિશ્વ બજારમાં અમેરિકા અને ઈરાન વચ્ચે આજે થનારી શાંતિ અંગેની વાટાઘાટોમાં અનિશ્ચિતતા પ્રવર્તી રહી હોવાના અહેવાલો વહેતા થતાં ડૉલર ઈન્ડેક્સમાં અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં તેજીને બ્રેક લાગવાની સાથે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૦૨૫.૨૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવતાં સત્રના અંતે રૂપિયો સાધારણ સાત પૈસાના સુધારા સાથે ૯૪.૩૩ની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે દેશના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ જણાવ્યું ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે તેનાં તેના વાટાઘાટકર્તાઓને વહેલી તકે વેપાર કરારને અંતિમ ઓપ આપવા નિર્દેશ આપ્યો હોવાનું જણાવતાં સુધારાતરફી વલણ રહ્યું હતું, પરંતુ અમેરિકી ઉપપ્રમુખ જે ડી વાન્સે તેની સ્વિટ્ઝર્લેન્ડની મુલાકાત વ્હાઈટ હાઉસ ખાતે પરિવહનની સમસ્યાને કારણે પડતી મૂકી હોવાનું જણાવતાં અમેરિકા સાથે ઈરાનની ડીલ અંગે અનિશ્ચિતતા સપાટી પર આવતા બજારનું માનસ ખરડાઈ ગયું હોવાનું ફોરેક્સટ્રેડરોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૪.૪૦ના બંધ સામે સુધારા સાથે ૯૪.૩૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૪.૫૨ અને ઉપરમાં ૯૪.૨૦ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે સાત પૈસાના સુધારા સાથે ૯૪.૩૩ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૦ પૈસાનો સુધારો આવ્યો હતો. એકંદરે વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા ઘટાડા સાથે દેશમાં મૂડીગત્ આંતરપ્રવાહને ધ્યાનમાં લેતાં એશિયન બજારમાં રૂપિયામાં નોંધપાત્ર સુધારો જોવા મળી રહ્યો હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં ૯૪.૧૦ની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને ૯૪.૯૦ની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થાય તેવી શક્યતા એચડીએફસી સિક્યોરિટીઝના વિશ્લેષક દિલીપ પરમારે વ્યક્ત કરી હતી. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૮ ટકા વધીને ૧૦૦.૭૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬૫ ટકા ઘટીને બેરલદીઠ ૭૯.૩૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૬૦૭.૦૮ પૉઈન્ટનો અને ૧૫૪.૯૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ટીનની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં પીછેહઠ

મુંબઈઃ અમેરિકા અને ઈરાન વચ્ચે આજે થનારી શાંતિ વાટાઘાટા અંગે અનિશ્ચિતતા પ્રવર્તી રહી હોવાથી બ્રેન્ટ ક્રૂડતેલ અને ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી સુધારાતરફી વલણ રહેતાં આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે લોકમાનસ ખરડાતા કોપર સહિતની અમુક ધાતુઓના ભાવમાં ઘટાડો આવ્યો હોવાના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ધાતુ બજારમાં પણ ટીન, નિકલ, કોપર અને બ્રાસમાં કિલોદીઠ રૂ. બેથી ૬૬ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે એકમાત્ર ઝિન્ક સ્લેબમાં વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. બે વધી આવ્યા હતા અને એલ્યુમિનિયમમાં ખપપૂરતી માગને ટેકે ભાવ ટકેલા રહ્યા હતા. આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૬૬ ઘટીને રૂ. ૫૧૯૦, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૭ ઘટીને રૂ. ૧૩૫૫, કોપર આર્મિચર અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને અનુક્રમે રૂ. ૧૨૮૦ અને રૂ. ૧૧૯૨, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૪ ઘટીને રૂ. ૧૭૧૩, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ ઘટીને રૂ. ૧૨૯૫ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૮૭૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૮૩૫ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૨૦૮ના મથાળે રહ્યા હતા. ■

# મલયેશિયાના પ્રોત્સાહક અહેવાલે આરબીડી પામોલિનમાં સુધારો

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૮૫ સેન્ટનો ઘટાડો આવ્યો હતો, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૭૨ રિંગિટ વધી આવ્યા હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિકમાં પણ આયાતી તેલના ભાવમાં મિશ્ર વલણ રહેતાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૧૦નો સુધારો અને સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે દેશી તેલમાં માત્ર કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો અને અન્ય તેલમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યાં હતાં.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૪૦, પતંજલિ ફૂડ્સના સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૪૬૦ અને રૂ. ૧૬૫૦ તથા ઑગસ્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦, રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૭૦ તથા જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૪૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા. ■


**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

| ઈ-ટેન્ડર નોટીસ | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ નંબર | બીડ નં.૨૦૨૬_**MCGM**_૧૩૧૦૦૧૦_૧ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | MHO ની જૂની બિલ્ડિંગમાં કોર્પોરેશન હોલમાં ઓડિયો કોન્ફરન્સ સિસ્ટમના વિસ્તરણના કામ માટે ઈ-ટેન્ડર. |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) | આઈટમ રેટ ટેન્ડર |
| બીડ સુરક્ષા ડિપોઝિટ/બારડી | રૂ. ૯૭,૪૦૦.૦૦/- |
| ટેન્ડર ફી | રૂ. ૧૫,૯૭૨/- + ૧૮% GST |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૨૦.૦૬.૨૦૨૬, ૧૧.૦૦ ક. |
| ટેન્ડરની વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય & બીડ સુરક્ષા ડિપોઝિટની પ્રાપ્તિ | ૩૦.૦૬.૨૦૨૬, ૧૧.૦૦ ક. |
| પેકેટ A, B & પેકેટ C ખૂલશે (ઓનલાઈન) | ૩૦.૦૬.૨૦૨૬, ૧૧.૦૦ ક. |
| પ્રી-બીડ મિટીંગ | લાગુ નહીં |
| પેકેટ A ખૂલશે | NA |
| પેકેટ B ખૂલશે | ૦૧.૦૭.૨૦૨૬; ૧૧.૦૦ ક. |
| પેકેટ C ખૂલશે | પાછળથી નક્કી કરવામાં આવશે. |
| સંચાર માટેનું સરનામું | એક્ષિક્યૂટિવ એન્જિનિયર (HQ)<br>મ્યુનિસિપલ હેડ ઓફિસ, જૂની બિલ્ડિંગ,<br>ગ્રાઉન્ડ ફ્લોર, મહાપાલિકા માર્ગ,<br>મુંબઈ-૪૦૦૦૦૧ની ઓફિસ. |
| બીડ ખોલવા માટેનું સ્થળ | એક્ષિક્યૂટિવ એન્જિનિયર (HQ)ની ઓફિસમાં ઓનલાઈન. |

**આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફર પાત્ર નથી.**

BMC કોઈપણ અરજી સ્વીકારવાનો અથવા ઉપરોક્ત વિષય માટે મળેલી કોઈપણ અથવા બધી અરજીને કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-
**એક્ષિક્યૂટિવ એન્જિનિયર (HQ)**

**PRO/626/ADV./2026-27**

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

અનમોલ દૃષ્ટિ


દૃષ્ટિ સંબંધિત વિવિધ પ્રકારની ક્ષતિઓ અંગે કારણથી લઈને મારણ સુધી માહિતી પ્રદાન કરતી લેખમાળા

લેખક : પ્રકાશ શાહ

# ધ ઈન્ટરનેશનલ આઈ કેર સેંટર – વિઝન વિસ્ટા આઈ ક્લિનિક ખાતે પાંપણના પલકારામાં કેટરેક્ટનું સમાધાન

**ડૉ.સાયરસ મહેતાના ક્લિનિકમાં ઇન્સ્ટોલ કરવામાં આવેલા યુનિટી 4D નામે અત્યાધુનિક મશીનને અંતર્ગત કેટરેક્ટ સર્જરી 4 ડાયમેન્શન દ્વારા કરવામાં આવે છે. એડવાન્સ્ડ સેન્સર્સ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરવાથી ખૂબ સચોટ, ત્રુટિરહિત તથા પરિણામલક્ષી સાબિત થવા સાથે સંપૂર્ણપણે બ્લેડલેસ હોવા સાથે ઝડપથી રાહત પ્રદાન થાય છે.**

સુરતનિવાસી ૫૫ વર્ષના મનિષભાઇ કમ્પ્યુટર એન્જિનિયર હોવા સાથે વિવિધ પ્રકારની વાનગી બનાવવામાં પણ માહેર હતા. દવા અને ઇન્જેકશન વગેરેથી ખૂબ ભયભીત થનારા મનિષભાઇ સ્વાસ્થ્યની સંભાળ રાખવા માટે નિયમિતપણે કસરત કરવા સાથે હંમેશાં પૌષ્ટિક ભોજન આરોગતા. પરિણામ સ્વરૂપે સમજણા થયા ત્યારથી આજપર્યંત કદી માથાના દુખાવા માટે પણ દવાની ટીકડી લેવાની આવશ્યક્તા વર્તાઇ નહોતી. પોતાના સ્વાસ્થ્ય અંગે ગુમાન ધરાવનારા મનિષભાઇને સ્વપ્ને પણ જાણ નહોતી કે હકીકતમાં દૃષ્ટીહીન કરનારી કેટરેક્ટ નામે આંખની ક્ષતિ ક્યારની પાછલા બારણેથી પ્રવેશી ચૂકી છે. ટૂંક સમયથી કમ્પ્યુટર પર કામ દરમિયાન કિ-બોર્ડ પરના લેટર પારખવા સાથે વાંચનમાં તકલીફ થતી હતી. આ ઉપરાંત નિતનવી વાનગી બનાવતી વખતે આવશ્યક લેખાતા મરી-મસાલા જોવા-પારખવામાં પણ મુશ્કેલી જણાતી. જેને ધ્યાનમાં રાખીને સ્થાનિક ઓફથેલ્મોલોજિસ્ટનો સંપર્ક સાધ્યો ત્યારે હાર્ડ-કેટરેકટના ભોગ બન્યા હોવાનું નિદાન થયું. આંખ પર કાપ મૂકીને કેટરેક્ટગ્રસ્ત લેન્સ કાઢીને તેના સ્થાને મલ્ટીફોકલ લેન્સ ઇમ્પ્લાન્ટ કરવાનો વિચારમાત્ર તેમના અંગેઅંગમાં ધ્રુજારી ફેલાવતો. જો સમયસર ઇલાજ ન કરાવે તો દૃષ્ટિહીન થવાની સંભાવનાનો ભય તેમને રાત-દિવસ જંપવા દેતો નહોતો. શારીરિક ક્ષતિને કારણે માનસિક રીતે ત્રસ્ત રહેનારા મનિષભાઇ દિવસ આખો ચિંતાતુર રહેતા અને રાત્રે ભયના કારણે પથારીમાં પડખાં ફેરવીને વિતાવતા. આ દરમિયાન મુંબઇનિવાસી બહેન સાથે વાતચીત દરમિયાન મનિષભાઇએ પોતાનો અંજપો વ્યક્ત કર્યો. માતબર વર્તમાનપત્રમાં મુંબઇમાં પ્રખ્યાત ઓફથેલ્મોલોજિસ્ટને ત્યાં આરૂઢ અત્યાધુનિક મશીન અંગેના પ્રકાશિત સમાચારથી બહેન માહિતગાર હતી. જે કારણસર ભાઇને મુંબઇ તેડાવીને તાબડતોબ સૂચિત સરનામે પહોંચ્યા. કોલાબાસ્થિત ધ ઇન્ટરનેશનલ આઇ-કેર સેંટર વિઝન વિસ્ટા આઇ ક્લિનિકના ડિરેક્ટર ડૉ. સાયરસ મહેતાની મુલાકાત તેમના માટે લાભદાયક સાબિત થઇ...... આજે મનિષભાઇ બેધડકપણે કમ્પ્યુટર પર કામ કરવા ઉપરાંત નિતનવી વાનગીઓ બનાવીને સ્વયં પણ આરોગે છે અને પરિવારજનો-મિત્રો-સંબંધીઓ વગેરેને પણ પ્રેમપૂર્વક ખવડાવે છે. સૌથી વિશેષ મનિષભાઇની સમસ્યાનું સમાધાન સાધતી વખતે તેમના ફોબિયાને ધ્યાનમાં રાખીને કેટરેક્ટ સર્જરી કરવામાં આવી હતી. જે બદલ તાજેતરમાં મુંબઇની મુલાકાતે આવ્યા ત્યારે મનિષભાઇ હાથે બનાવેલી ખાંડવી-ખાટાં ઢોકળા લાવ્યા હતા. વધુમાં ડૉ. સાયરસ મહેતાને વિદેશમાં થયેલા બહુમાન બદલ શુભેચ્છા પણ પાઠવી હતી. સૌથી વિશેષ કેટરેક્ટનું સમાધાન સાધવા બદલ ખૂબ ખૂબ આભાર માન્યો હતો.



### યુનિટી 4D સિસ્ટમની વિશિષ્ટતાઃ

- ★ યુનિટી 4D સિસ્ટમ એક જ દિશામાં કામ કરવાની જગ્યાએ ચાર ડાયમેન્શનમાં કામ કરે છે
- ★ કોર્નિયા માટે સલામત
- ★ બ્લેડ-ફ્રી, ઝડપી, પીડારહિત
- ★ પેશન્ટને ઝડપથી સતેજ, સ્પષ્ટ દૃષ્ટિ પ્રદાન કરે છે
- ★ હૃદયરોગી, હાઇબ્લડપ્રેશર તથા ડાયાબિટીસના રોગી માટે ખૂબ લાભદાયક
- ★ હાર્ડ-બ્રાઉન કેટરેક્ટને પણ સહેલાઇથી અને સરળતાપૂર્વક કાઢી શકે
- ★ આંખની અંદરના ઇન્ટ્રા-ઓક્યુલર પ્રેશરને કાબૂમાં રાખે છે
- ★ અલ્પ પ્રમાણમાં એનર્જીનો ઉપયોગ કરવામાં આવતો હોવાને કારણે આંખની અંદરના ટિશ્યૂ માટે ખૂબ સલામત-લાભદાયક સાબિત થાય છે
- ★ એડવાન્સ્ડ સેન્સર્સ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરવાથી ખૂબ સચોટ, ત્રુટિરહિત તથા પરિણામલક્ષી સાબિત થાય છે
- ★ પેશન્ટ ફ્રેન્ડલી સાબિત થાય છે

પેશન્ટના હિતને મુખ્ય ઉદ્દેશ લેખનાર ડૉ. સાયરસ મહેતાના જણાવ્યાનુસાર મનિષભાઇના હાર્ડ-કેટરેક્ટ અત્યાધુનિક યુનિટી 4D દ્વારા દૂર કરીને EDOF લેન્સનું પ્રત્યાર્પણ કર્યું હતું. મુંબઇ ઉપરાંત સમગ્ર મહારાષ્ટ્ર તથા ઉત્તર-ભારતમાં સૌપ્રથમ વાર યુનિટી 4D મશીન વસાવવાનું શ્રેય ડૉ. સાયરસ મહેતાને ફાળે જાય છે. કેટરેક્ટ દૂર કરવા માટે સમગ્ર વિશ્વમાં સર્વોત્કૃષ્ટ લેખાતા આ નવીન મશીનને પરિણામે સર્જરી સચોટ, ત્રુટિરહીત અને સફળ સાબિત થાય છે.

ફેલો ઓફ ધ અમેરિકન સોસાયટી ઓફ કેટરેક્ટ એન્ડ રિફ્રેક્ટિવ સર્જન્સ દ્વારા યંગેસ્ટ ઇન્ડિયન તરીકે સન્માનિત ડૉ. સાયરસ મહેતાના મતાનુસાર હાલને તબક્કે કેટરેક્ટની ક્ષતિ આબાલવૃદ્ધ પૈકી કોઇને પણ ભરડામાં લઇ શકે છે. સામાન્યપણે ઉંમર વધવાને લીધે લેન્સની કુદરતી રચનામાં ખામી સર્જાય છે. ઉંમર વધવાની સાથે વાળ સફેદ થવા ઉપરાંત પાંખા થતા જાય છે એ રીતે આંખના લેન્સમાં પણ સફેદી સર્જાય છે, જેને કેટરેક્ટ કહેવામાં આવે છે.

પશ્ચિમ ભારતમાં એક જ છત નીચે કેટરેક્ટ-ગ્લુકોમાનું સમાધાન સાધવા માટે યુનિટી 4D, નેનો-SLT, IOL માસ્ટર 700 વિથ TOPO જેવા અત્યાધુનિક મશીન વસાવનાર ધ ઇન્ટરનેશનલ આઇ-કેર સેંટર વિઝન વિસ્ટા આઇ ક્લિનિક સૌપ્રથમ તથા કદાચિત એકમાત્ર આઇ-ક્લિનિક છે. જેને પરિણામે કેટરેક્ટનું નામ સાંભળતા જ દેશ-વિદેશના પેશન્ટને સચોટ, સુલભ અને સફળ સમાધાન સાધવા માટે સહસા ડૉ. સાયરસ મહેતાનું નામ સ્મરી આવે છે.

તાજેતરમાં ઓલ ઇન્ડિયા ઓફથેલ્મોલોજિકલ સોસાયટી (AIOS) દ્વારા ધ ઇન્ટરનેશનલ આઇ કેર સેંટર વિઝન વિસ્ટા આઇ ક્લિનિકના ડિરેક્ટર ડૉ. સાયરસ મહેતાને ઇન્ટરનેશનલ હીરો ઓફ ઇન્ડિયન ઓફથેલ્મોલોજીનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ગર્વજનક બાબત એ છે કે સતત છેલ્લાં પાંચ વર્ષથી ડૉ. સાયરસ મહેતાને આ એવોર્ડથી નવાજવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં ઓફથેલ્મોલોજીના ક્ષેત્રમાં ભારતનું નામ રાષ્ટ્રીય- આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન કરનાર તબીબને આ એવોર્ડ પ્રદાન કરવામાં આવે છે. જયપુર ખાતે આયોજિત કાર્યક્રમમાં વીસ દેશમાંથી આશરે ૨૩,૦૦૦ ઓફથેલ્મોલોજિસ્ટ ઉપસ્થિત રહ્યાં હતા. ડિસેમ્બર ૨૦૨૫માં ડૉ. સાયરસ મહેતાનું સ્ટ્રેમ્પલી એવોર્ડથી બહુમાન કરવામાં આવ્યું હતું. ઇટાલિયન ઓફથેલ્મોલોજિસ્ટ સોસાયટી દ્વારા આ એવોર્ડ પ્રદાન કરવામાં આવે છે.

'ધ સાઇટ ગાઇડ' તથા 'સાયરસઃ એજયુકેશન ઓફ એન ઓફથેલ્મોલોજિસ્ટ' નામે પુસ્તકના લેખક ડૉ. સાયરસ મહેતા વિસ્તૃતમાં માહિતી આપતાં જણાવે છે કે હાલપર્યંત કેટરેક્ટ સર્જરી દરમિયાન અલ્ટ્રા-સાઉન્ડ ટિપનો ઉપયોગ કરવામાં આવતો હતો. જે એક જ દિશામાં વાઇબ્રેટ થઇને કેટરેક્ટને ચૂરચૂર કરતી હતી. તેમાં પણ હાર્ડ કે કોમ્પ્લિકેટેડ કેટરેક્ટ દૂર કરતી વખતે પુષ્કળ પ્રમાણમાં એનર્જીનો ઉપયોગ કરવો પડતો હતો. જે દરમિયાન આંખમાં તીવ્ર હિટ ઉત્પન્ન થતી. ફળસ્વરૂપે રાહત પ્રદાન થવામાં લાંબો સમયગાળો લાગતો. તેની સરખામણીમાં નવીન-અત્યાધુનિક યુનિટી 4D સિસ્ટમ એક જ દિશામાં કામ કરવાની જગ્યાએ ચાર ડાયમેન્શનમાં કામ કરે છે. તે બ્લેડ-ફ્રી, ઝડપી, પીડારહિત હોવા ઉપરાંત સલામત છે. કેટરેક્ટ દૂર કરવા માટે અગાઉની સર્જરીની સરખામણીમાં ફક્ત પાંચમા ભાગ જેટલી એનર્જીનો ઉપયોગ થાય છે. જે આંખની અંદરના ટિશ્યૂ માટે ખૂબ લાભદાયક સાબિત થાય છે. એડવાન્સ્ડ સેન્સર્સ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરીને સર્જરીના તમામ તબક્કાને ચીવટતાપૂર્વક પ્લાન કરીને અમલમાં મૂકવામાં આવે છે. સૌથી મોટો ફાયદો તથા સલામતી એ છે કે સર્જરી દરમિયાન અંદર રહેલી થર્મલ મોનિટરિંગ સિસ્ટમ આંખની અંદર હિટ ઉત્પન્ન થવા દેતી નથી. અગાઉની કેટરેક્ટની સર્જરીમાં આ લાભ કે સલામતી પ્રદાન થતી નહોતી. જેને પરિણામે હાર્ડ-કેટરેક્ટ ધરાવનારને પણ ઝડપથી રાહત પ્રદાન થાય છે. ટ્રાયફોકલ કે EDOF વગેરે લેન્સનું પણ સહેલાઇથી, સરળતાપૂર્વક યથાસ્થાને પ્રત્યારોપણ કરી શકાય છે. આ ઉપરાંત કેટરેક્ટની સર્જરી કરતી વખતે અગાઉની નજીક કે દૂરનું અંતર જોવામાં તકલીફ થવી, અસ્ટીગમેટિઝમ, ચશ્માં વગર વાંચનામાં મુશ્કેલી જેવી વિવિધ ક્ષતિનું પણ સમાધાન સાધવામાં આવે છે. જેને પરિણામે સર્જરી પછી ઉછીની આંખ અર્થાત્ ચશ્માં પહેરવાની આવશ્યક્તા રહેતી નથી. સમગ્ર મુંબઇ સહિત મહારાષ્ટ્ર અને ઉત્તર ભારતમાં કેટરેક્ટનું સમાધાન સાધવા માટે યુનિટી 4D સિસ્ટમ વસાવનાર ધ ઇન્ટરનેશનલ આઇ કેર સેંટર-વિઝન વિસ્ટા આઇ ક્લિનિક સૌપ્રથમ આઇ ક્લિનિક બન્યું છે. નવીન મશીન ઇન્સ્ટોલ કર્યાના ટૂંક સમયગાળામાં જ ડૉ. સાયરસ મહેતા યુનિટી 4D દ્વારા આશરે હજારેક કેટરેક્ટગ્રસ્તની સફળ શસ્ત્રક્રિયા કરી ચૂક્યા છે. જેમાં ત્રણ વર્ષના બાળકથી લઇને ૯૫ વર્ષના વયોવૃદ્ધનો સમાવેશ થાય છે.

રોમ ખાતે SOI કૉંગ્રેસમાં માતબર લેખાતા સ્ટ્રેમ્પલી મેડલના વિજેતા ડૉ. સાયરસ મહેતાના ક્લિનિકમાં આંખમાં ઇમ્પ્લાન્ટ કરવામાં આવનારા લેન્સના પાવર માપવા માટે IOL માસ્ટર 700 વિથ TOPO મશીન છે. મુંબઇમાં સૌપ્રથમ આ મશીન આણવાનું શ્રેય ડૉ. સાયરસ મહેતાના ક્લિનિકને ફાળે જાય છે. ઇમ્પ્લાન્ટ કરવામાં આવનારા લેન્સના પાવર માપવા માટે આ મશીન વિશ્વમાં સર્વોત્કૃષ્ટ છે. જેને પરિણામે જટિલ સર્જરી પણ સહેલાઇથી, સરળતાપૂર્વક અને સફળતાથી કરી શકાય છે. તબીબના જણાવ્યા મુજબ મનિષભાઇની આંખમાં લેટેસ્ટ EDOF લેન્સનું પ્રત્યાર્પણ કરવામાં આવ્યું હતું. વ્યક્તિ નજીક, દૂર કે મધ્યમ અંતરે રહેલી ચીજ-વસ્તુ સહેલાઇથી, સરળતાથી અને સાતત્યતાપૂર્વક જોઇ, પારખી અને વાંચી શકે છે. રાત્રે પણ દૃષ્ટિમાં ધૂંધળાશ કે ઝળહળાટની પ્રતીતિ થતી નથી. EDOF લેન્સ રિંગરહિત હોવાને કારણે દૃષ્ટિમાં કોઇ પણ અંતરાય દૃષ્ટિભૂત થતો નથી.

કાબેલ, નિપુણ તથા અનુભવી ઓફથેલ્મોલોજિસ્ટ દ્વારા અત્યાધુનિક બ્લેડ-ફ્રી મશીન દ્વારા પાંપણના પલકારામાં કેટરેક્ટ કાઢીને લેટેસ્ટ લેન્સ ઇમ્પ્લાન્ટ કરવાનું આદર્શ સરનામુઃ

**ધ ઈન્ટરનેશનલ આઈ કેર સેંટર**
**વિઝન વિસ્ટા આઈ ક્લિનિક.**

Know Yr. Dr.



નામઃ ડૉ. સાયરસ મહેતા

માનદપદવીઃ પ્રખ્યાત ઓફ્થેલ્મોલોજિસ્ટ

એડ્રેસઃ વિઝન વિસ્ટા આઈ ક્લિનિક
ધ ઈન્ટરનેશનલ આઈ કેર સેંટર

રામનિમી બિલ્ડિંગ, બીજે માળે, તાજમહાલ હોટેલની પાછળ, કોલાબા પોલીસ સ્ટેશનની સામે

કોન્ટેક્ટ નંબરઃ 98198 50971 / 81049 59459 / 81049 76013

Email: cyresmehta@yahoo.com

# ત્રણ દાયકા પછીય ભાજપમાં ન ભળ્યા તો કૉંગ્રેસમાં શું કામ જઈએ?: ઉદ્ધવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિવસેનાને કૉંગ્રેસમાં વિલીન થવાની હોવાનો અહેવાલને નકારી કાઢતા શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ પક્ષના ૬૦માં વર્ધાપન દિવસે કહ્યું હતું કે ૩૦ વર્ષ સુધી ભાજપમાં રહીને તેમની સાથે વિલીન થયા નહીં તો કૉંગ્રેસમાં કેવી રીતે અમે વિલીન થવાના હતા? શિવસેનાનો જન્મ અન્ય પક્ષમાં વિલીન થવા માટે થયો ન હોવાનો હુંકાર ભણતા કહ્યું હતું કે હું ભાગી જનારા લોકોમાનો નથી, જયાં સુધી શિવસૈનિકોનો મારા પર વિશ્વાસ છે શિવસેનાને કોઈ ખતમ કરી શકશે નહીં એવું કહીને બળવાખોરોને કપાળ પરનો ગદ્દારીનો ટીકો કેવી રીતે મીટાવશો? એવો સવાલ પણ તેમણે કર્યો હતો.

શિવસેનાના ૬૦માં સ્થાપના દિવસની ઊજવણી સાયનમાં આવેલા ષણ્મુખાનંદ સભાગૃહ કરવામાં આવી હતી એ દરમ્યાન ભાજપ, એકનાથ શિંદે સહિત બળવાખોરોને આડે હાથ લેતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે હું કોઈને મળતો નથી. કામ કરવા માટે ભંડોળ મળતું નથી એવા આરોપ કરનારા મારી તો ટીકા કરે છે પણ આદિત્ય પર પણ ખોટા આરોપ કરે છે. હું કોઈને મળતો નથી એવા આરોપ કરો છો તે તમે ચૂંટાઈને આવ્યા કેવી રીતે? એનો જવાબ મતદારોને આપો. પોતાના છ સાંસદોને ફોડનારા એકનાથ શિંદે પર કટાક્ષ કરતા ઉદ્ધવે કહ્યું હતું કે આ લોકોને બીજાના બાપને ચોરવા પડે છે. આ લોકોની ફોડાફોડીને કારણે લોકોનો વિશ્વાસ તૂટી ગયો છે.

છ સાંસદોને બળવાથી પક્ષને પડેલા મોટા ફટકા બાદ ઉદ્ધવ પોતાના ભાષણમાં કહ્યું હતું કે ખેડૂતોને તેમના પાકનો ભાવ મળતો નથી પણ સાંસદો અને વિધાનસભ્યોને ખોખા ભરીને તેમની કિંમત મળે છે. આવા લોકોને જીતાડવા બદલ મતદારોની જાહેરમાં માફી માગુ છું કહીને ઉદ્ધવે શિવસૈનિકોને અપીલ કરી હતી કે આ લોકોને જીતાડવામાં મહેનત કરી હતી તો હવે આ ગદ્દારો પાસે જઈને તેમની ગદ્દારી માટે જવાબ માગો.

ઉદ્ધવ પોતાના ભાષણમાં ભાજપની આકરી ટીકા કરતા કહ્યું હતું કે ૬૦ વર્ષમાં અનેક વખત શિવસેનાના ભાગલા પડયા છે પણ શિવસેનાને કોઈ ખતમ કરી શકી નથી. આ લોકો દેશના તમામ વિરોધપક્ષને ફોડવાનું જ કામ કરવા માગે છે. ભાજપે દગો આપ્યો એટલે જ મને મુખ્ય પ્રધાન બનવું પડ્યું હોવાનું બોલતા ઉદ્ધવે કહ્યું હતું કે મોદીની લહેર હોવા છતાં લોકોએ મારા પર વિશ્વાસ રાખ્યો હતો અને મને જીતાડયો હતો.

પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીને હરાવવા માટે ભાજપે ભારતના સુરક્ષા બળનો ઉપયોગ કર્યો. આ લોકો વન પાર્ટી નો ઈલેકશનની પોલિસીને માને છે. એટલે જે વિરોધપક્ષને અરજી ભરવા દેવામાં આવતી નથી. ઈલેકશન કમિશન સહિત સુપ્રિમ કોર્ટના જજ સુદ્ધા તેમની સામે ઝુકી ગઈ છે. આ લોકોથી લોકશાહીને જોખમ છે એવો દાવો પણ ઉદ્ધવે પોતાના

(જુઓ પાનું ૪) ▶▶

## 'ટાઇગર અકેલા શિકાર કરતા હૈ'

### શિવસેનાના ૬૦મા સ્થાપના દિવસે એકનાથ શિંદેની ગર્જના

મુંબઈ: 'કુત્તે ઝુંડમે આકે ભોંકતે હૈ, ટાઇગર અકેલા શિકાર કરતા હૈ. શ્વાનો ભસે છે, પણ ટાઇગર ગર્જના કરે છે. આ વાસ્તવિક શિવસેના છે. આજે આપણે જોઇ રહ્યા છીએ કે પૂજ્ય બાળાસાહેબ ઠાકરે અને ધર્મવીરોના વિચારો સાથે આપણે આગળ વધી રહ્યા છીએ, એમ શિવસેનાના ૬૦મા સ્થાપના દિને રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ગોરેગામના નેસ્કો સેન્ટરમાં ભાષણ આપતી વખતે જણાવ્યું હતું.

શિવસેનાનો જન્મ મરાઠી લોકોના સ્વાભિમાન માટે થયો છે. દેશદ્રોહીઓ પર હુમલો, પ્રિય બહેનોનું સ્વાભિમાન, ખેડૂતોનો તારણહાર તેમ જ વારકરીઓનો જયજયકાર એટલે શિવસેના, આવું કહીને તેમણે ઉપસ્થિત લોકોમાં સ્ફૂર્તિ લાવી દીધી હતી.

શિંદએ કહ્યું હતું કે શિવસેના જમીનનો ટુકડો નથી, પણ કાળજાનો ટુકડો છે. મહારાષ્ટ્રમાં ભગવાનાં વાદળો છપાયાં છે. રાજ્યમાં બધે જ ભગવો લહેરાઇ રહ્યો છે, જેનો મને ગર્વ છે. આપણી મહાયુતિ મજબૂત છે અને અમે ટીમ તરીકે કામ કરી રહ્યા છીએ. અમારો પગ એક્સિલરેટર પર છે અને ગાડી વિકાસ તરફ પૂરપાટ વેગે ભાગી રહી છે.

મેં ગરીબી જોઇ છે. આથી રાજ્યમાં લાડકી બહિણ યોજના શરૂ કરવાનો નિર્ણય લીધો. જોકે અનેક લોકોએ તેનો વિરોધ કર્યો હતો, પણ કોઇ માઇનો લાલ નથી બન્યો, જે આ યોજનાને બંધ કરી

(જુઓ પાનું ૪) ▶▶

## રેલીમાં કાળા રંગ પર પ્રતિબંધ

રાજકીય રેલીઓમાં કાળા રંગ પર પ્રતિબંધ મૂકવા પાછળનું સૌથી મુખ્ય કારણ વિરોધ કે આંદોલન અટકાવવાનું છે. લોકશાહીમાં કાળો રંગ એ વિરોધનું પ્રતિક માનવામાં આવે છે. વિરોધીઓ અથવા નારાજ જૂથ સંમેલનમાં ઘૂસીને કાળા કપડાં લહેરાવીને સૂત્રોચ્ચાર કરે અથવા મુખ્ય નેતાઓનું ભાષણ શરૂ હોય ત્યારે કાળો રૂમાલ બતાવીને હોબાળો મચાવે તેવી શક્યતા રહેલી હોય છે. આ સંભવિત હોબાળો અને પક્ષની થતી બદનામી ટાળવા માટે સુરક્ષા તંત્ર અને આયોજકો દ્વારા અગાઉથી જ સાવચેતી રાખવામાં આવી રહી છે. આથી સભાગૃહની બહાર ચેકિંગ કરતી વખતે જ કાળા કપડાં પહેરીને આવનારા લોકોને અટકાવવામાં આવે છે. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

